પ્રિયદર્શી સમ્રાટ અશોક

ધૂમકેતુ

ગુપ્તયુગ નવલકથાવલિ: [૮]

પ્રિયદર્શી સમ્રાટ અશોક

['પ્રિયદર્શી અશોક'થી આગળ વધતી નવલકથા]

ધૂમકેતુ

ધૂમકેતુ
જન્મ સવાશતાબ્દી
અભિવંદના
[1892 – 1965]

પ્રાપ્તિસ્થાન

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન: 079-22144663, 22149660
e-mail: goorjar@yahoo.com web: gurjarbooksonline.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટી સેન્ટર પાસે, સીમા હૉલ સામે
100 ફૂટ રોડ, પ્રહ્‌લાદનગર અમદાવાદ-380015
ફોન: 26934340, 98252 68759 ▫ gurjarprakashan@gmail.com

SOMERSET COUNTY LIBRARY

કિંમત : ₹ 250

સવાશતાબ્દી આવૃત્તિ : 2017
પહેલી આવૃત્તિ : માર્ચ, 1958
પુનર્મુદ્રણ : 1963, 1977, 1991, 2003, 2011

PRIYADARSHI SAMRAT ASHOK :
a historical novel in Gujarati by Dhoomketu,
Published by Gurjar Granth Ratna Karyalaya,
Opp. Ratanpolnaka, Gandhi Road, Ahmedabad-380001. India

© ધૂમકેતુ

પૃષ્ઠ : 12+252
ISBN : 978-93-5162-289-5
નકલ : 1000

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380 001
ફોન : 22144663 ■ e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, 'તિલકરાજ', પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ,
અમદાવાદ – 380 006 : ફોન : 26564279

મુદ્રક : ભગવતી ઑફસેટ
સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ – 380 004

પ્રસ્તાવના

મૌર્યવંશની છેલ્લી ટોચ મહારાજ અશોકના વખતમાં આવી ગઈ અને એનો ઉતાર પણ એમનાં જ છેલ્લાં વર્ષોમાં શરૂ થયો એમ કહેવાય.

મહારાજ અશોકનું સ્વપ્ન હતું વિશ્વશાંતિનું. એ માટે એમણે ભગવાન તથાગતના પંથમાં અનેક શક્યતાઓ નિહાળી. એઓ પોતે એ પંથે પળ્યા. એમનાં શાસનો જ એ વાત કહે છે. રાજકુટુંબ પણ એ પંથે પળ્યું. પુત્રો, ભાઈઓ, પુત્રીઓ, પૌત્રો, ભત્રીજાઓ, દૌહિત્રો – એ બધાં જ એ પંથે પળ્યાં. કેટલાંક તો ભિખ્ખુ પણ થઈ ગયાં. એક સમય તો એવો આવી ગયો કે મહાલય ભવ્ય, પણ વારસ કોઈ નહિ!

શાંતિની ઉપાસના કરનારાઓને પણ છેવટે શસ્ત્રો લેવાં જ પડે છે, એ ઇતિહાસસિદ્ધ હકીકત છે, કારણ કે ગમે તેટલી શાંતિ, ધીરજ, સમજાવટ, સમજણ હોય, પણ રાજરીતિએ જે પ્રજાને રક્ષણ આપવું જોઈએ, એ પ્રજા તરફ પણ ફરજ બજાવવાની રહે છે અને જે ન જ સમજે તેને શું કરો? અને છેવટે એનો અંત ક્યાં?

મહાન પુરુષોના પ્રેમઉદધિને કદાચ એ પણ અશક્ય નહિ હોય, પણ શાસનકારોને તો ઘણી મર્યાદાઓ હોય છે. આપણો વર્તમાન ઇતિહાસ જ આની મોટામાં મોટી વાતો આપી જતો નથી?

એ ગમે તેમ હો – મહારાજ અશોક પછી માત્ર ચાર જ વર્ષે આંધ્ર સ્વતંત્ર થયું. કાશ્મીરમાં જાલૌકે અભિનવ રાજ સ્થાપ્યું. કલિંગે પોતાનો જુદો ધજાગરો ફરકાવ્યો – ભારતવર્ષની એકતા, જે મૌર્યોએ વર્ષોના પ્રયત્ને સ્થાપી હતી અને જેને ભગવાન કૌટિલ્યે દૃઢ બનાવી હતી, તે એકતા ખંડિત થઈ ગઈ.

એનો લાભ તરત જ તક્ષશિલા, ગાંધાર, યોન, કાશ્મીર એમણે લીધો.

મહારાજ અશોકનાં છેલ્લાં વર્ષો જ આ નવલકથામાં અંકાયાં છે. એમનું જે સ્વપ્ન હતું – વિશ્વશાંતિનું, એ બીજી રીતે સિદ્ધ થયું. એમણે ત્રીજી બૌદ્ધ સંઘપરિષદ પછી હિમવંત પાર મોકલેલા સાધુઓએ એશિયાભરમાં શાંતિસંદેશો સંભળાવ્યો. ચીન અને ભારતનો સાંસ્કૃતિક સંબંધ ત્યારે વધારે દૃઢ બન્યો. મહારાજ અશોકની

એ મહાન સિદ્ધિ હતી અને ભારતવર્ષની ગૌરવગાથામાં એ રીતે એઓ હંમેશાં મેરુ રહ્યા છે, કદાચ વિશ્વના નૃપતિઓમાં પણ જ એઓ મેરુ હોય.

પણ તે છતાં એમણે જે એક 'અતિ' કર્યું, એ અતિ ભારતવર્ષને તો વર્ષો સુધી ખંડિત કરતું ગયું, એમ ઘણા ઇતિહાસકારો માને છે. ઘણા રાજદ્વારીઓ જેમ યુદ્ધ ક્યારે અનિવાર્ય કહેવાય તે સમજતા નથી ને પોપટપઢી શાંતિની વાતો કરતા હોય છે, તેમ ઘણા એવા પણ હોય છે, જેઓ ક્યારે યુદ્ધ ન હોય એની મર્યાદા સમજતા નથી. આજે તો શસ્ત્રોની ભયંકરતાએ જ વધુમાં વધુ શાંતિ રાખવાની જરૂરિયાત સમજાવી છે. છતાં એ ભયંકર શસ્ત્રો છતાં શાંતિની ક્રૂર મશ્કરી કરનારા નીકળે જ છે. એમના સામે શું કરવું? નાકલીટી ? અને તો તે ક્યાંસુધી? એની રેખા ક્યાં?

આ દેશમાં ને આખા વિશ્વમાં એ પ્રશ્ન આ રૂપે જ છે ને એનો જવાબ કોઈ પાસે નથી. મહારાજ અશોકે એ પ્રત્યુત્તર આપવા યત્ન કર્યો ને ઇતિહાસે પુનરાવર્તન કરીને બતાવ્યું કે એ પ્રયત્ન પણ અપૂર્ણ હતો.

જે રાજનીતિજ્ઞ આતતાયી શબ્દને સમજતો નથી તે પોતે તો આપઘાતી છે જ, પણ પ્રજાને પણ આપઘાતના પંથે દોરનારો છે.

આના પછી આવી રહેલી નવલકથા – 'રાજ્યક્રાંતિ' બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્રનો એટલે છેલ્લા મગધરાજનો સમય આપી જાય છે. તે પછી ગુપ્તોનો સુવર્ણયુગ અંકિત કરવાની આકાંક્ષા છે. ફળે તો ભલે – ન ફળે તો હરીચ્છા.

– ધૂમકેતુ

૨૩, કર્ણાવતી નિવાસ,
સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

પુનઃ શ્ર

[ધૂમકેતુના જન્મની સવાશતાબ્દી પ્રસંગે]

ગુજરાતી સાહિત્યના અવિચળ ધૂમકેતુની જન્મશતાબ્દી પ્રસંગે, ૧૯૯૧-૯૨માં લખેલી આ પ્રકાશકીય પ્રસ્તાવનાને પચીસ-પચીસ વર્ષોનાં વહાણાં વાઈ ગયાં, છતાં એ સમયે લખેલા શબ્દો અમારા માનસમાં ગુંજે છે. આજે પણ એ મૂર્ધન્ય વાર્તાકાર – નવલકથાકારની યાદ તાજી છે. આજે પણ વાચકોના ચિત્તમાં એમને માટેનો આદરભાવ અકબંધ છે. સૌથી વિશેષ તો એ છે કે, લગભગ સો ઉપરાંત વર્ષ અગાઉથી એમણે જે કૃતિઓ લખવા માંડેલી એમની સાહિત્યસુવાસ આજે પણ એટલી જ તાજી છે.

પ્રકાશક તરીકે અમે ગૌરવપૂર્વક કહી શકીએ છીએ કે એમના સાહિત્યની ડિમાન્ડ આજે પણ પૂર્વવત્ છે. સંપાદિત વાર્તાઓના સંગ્રહોનું પ્રકાશન થાય ત્યારે લગભગ કોઈ જ સંપાદકો ધૂમકેતુને ઉવેખી શકતા નથી. શાળાઓ માટેનાં પાઠ્યપુસ્તકો બને ત્યારે ધૂમકેતુની વાર્તાઓ અવશ્ય સમાવેશ પામે છે. વાર્તાકળા વિશે કોઈ અભ્યાસીઓ નિબંધ-મહાનિબંધ લખે ત્યારે ગુજરાતી વાર્તાના આ આદિ પુરુષનું સ્મરણ અનિવાર્ય બની જાય છે. ટીવી પર જ્યારે ઉત્તમ ગુજરાતી વાર્તાઓની વાચનરૂપે કે રૂપકરૂપે પ્રસ્તુતિ થાય ત્યારે ધૂમકેતુની વાર્તાનો સમાવેશ થાય જ છે. વિદ્વાનો ક્યાંક પ્રવચનો કરે ત્યારે 'પોસ્ટ ઑફિસ', 'વિનિપાત', 'જુમો ભિસ્તી', 'રજપૂતાણી' કે 'સ્વર્ગ અને નરક' કે એવી-એવી ધૂમકેતુ-કથાઓના ઉલ્લેખ કર્યા વગર ચાલતું નથી.

કોઈ પણ સાહિત્યકાર માટે આ મોટામાં મોટો પુરસ્કાર છે. ધૂમકેતુ-સાહિત્ય સમસ્ત જનતાનો વારસો બની ચૂક્યું છે. અમારો, ગૂર્જર પરિવારનો અપ્રતિમ આનંદ એ કે ૧૯૨૮માં એમની 'ગોવિંદનું ખેતર અને બીજી વાતો' ગૂર્જરે પ્રગટ કરી ત્યારથી એ અમારા સ્વજન હતા – અમારા વડીલ, અમારા રાહબર, અમારા સલાહદાતા, અમારું ગૌરવ. શારદા મુદ્રણાલયમાં 'ચા-ઘર' નિમિત્તે લેખકમંડળી મળી એના વણચૂંટ્યા પ્રમુખ હતા ધૂમકેતુ, જેમને ત્યારે અમે જ નહિ, સૌ કોઈ 'ધૂમકેતુ સાહેબ' કહેતા. લેખક-પ્રકાશકના સર્વથા સંતોષપ્રદ સંબંધોના ઉદાહરણરૂપ હતા અમારા સંબંધ. વડીલ જેમ પોતાના

દીકરા માટે કન્યા શોધી લાવે તેમ, એ ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ લેખકોને ગૂર્જર પરિવાર સાથે જોડાવા લઈ આવતા. ઝવેરચંદ મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, ધીરજલાલ ધનજીભાઈ, દુલા ભાયા કાગ, મનુભાઈ જોધાણી... જેવા અનેક ઉત્તમ લેખકો સાથે ગૂર્જરનો સંબંધ જોડવામાં એ નિમિત્ત હતા. મેઘાણીને છેક પ્રારંભમાં એમણે લખેલું કે "મારો પ્રકાશક અઘરાં પગથિયાંવાળા મેડા પર છે અને જલદી ઊતરે એમ નથી, કારણ કે એ પ્રામાણિક છે. અપ્રામાણિક માર્ગે કમાઈને એ મોટા માર્ગ પર આવવા માગતો નથી !"

ધૂમકેતુ સાહેબ ૧૯૬૫માં અવસાન પામ્યા, તે પછી એમના પુત્રો અશ્વિનભાઈ, દક્ષિણભાઈ તથા ઘનશ્યામભાઈ, પુત્રી ઉષાબહેન અને ત્રીજી પેઢીનાં દીકરીઓ ડૉ. વૈશાલીબહેન, કલ્યાણીબહેન તથા મમતાબહેન એ સૌની સાથે ગૂર્જરના સ્નેહ-છલોછલ સંબંધ રહ્યા, હજુ રહેશે.

એમના જન્મની સવા શતાબ્દી નિમિત્તે એમના મૂલ્યવાન સાહિત્યમાંથી ખાસ પસંદગી કરીને કેટલુંક સાહિત્ય પુનઃ પ્રગટ કરીને તેમને ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

૧૧-૩-૨૦૧૭ – **પ્રકાશક**

નવલકથાકાર ધૂમકેતુ

[જન્મશતાબ્દી પ્રસંગે]

ગુજરાતી સાહિત્યના આકાશમાં અવિચળ એક 'ધૂમકેતુ' થઈ ગયા, એ હતા ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (૧૨-૧૨-૧૮૯૨ – ૧૧-૩-૧૯૬૫). જેમણે 'ધૂમકેતુ'ના ઉપનામથી ગુજરાતી ભાષામાં એમણે મબલક અને મૂલ્યવાન સાહિત્યસર્જન કર્યું. લગભગ અર્ધી સદીનો એમનો સર્જનકાળ. એ દરમિયાન એમણે નવલિકા, નવલકથા, જીવનચરિત્ર, નાટક, હાસ્યસાહિત્ય, બાળસાહિત્ય અને આત્મકથા જેવા સાહિત્યપ્રકારો ખેડ્યા. ગુજરાતી નવલિકાના તેઓ સર્વશ્રેષ્ઠ સર્જક છે.

નવલિકાક્ષેત્રે ધૂમકેતુના અનન્ય પ્રદાનને કારણે, ક્યારેક એમની ગણના માત્ર નવલિકાકાર તરીકે જ થાય છે. હકીકતમાં, નવલકથાકાર તરીકેનું એમનું પાસું પણ એટલું જ મહત્ત્વનું છે. ધૂમકેતુએ ઐતિહાસિક યુગોની જે નવલકથાવલિઓ (શ્રેણીઓ) આપી એટલી લાંબી શ્રેણીઓ અન્ય કોઈ જ લેખકે આપી નથી ! એમણે ગુજરાતના સુવર્ણયુગ સમા ચૌલુક્યયુગને નિરૂપતી સોળ નવલકથાઓ આપી છે અને સુવર્ણયુગ ગણાતા ગુપ્તયુગને કેન્દ્રમાં રાખીને તેર નવલકથાઓ આપી છે. અન્ય કેટલાક લેખકોએ દેશના કે ગુજરાતના ઇતિહાસને અનુલક્ષીને નવલકથાશ્રેણીઓ જરૂર લખી છે, પરંતુ આટલું વિપુલ અને સ્થિરચિત્ત (સસ્ટેન્ડ) કામ અન્ય કોઈનું જણાતું નથી.

આ નવલકથાશ્રેણીઓ માત્ર કદથી જ નહિ, ગુણવત્તાથી પણ ધ્યાન ખેંચી રહે છે.

ધૂમકેતુએ શું-શું નિરૂપ્યું છે આ શ્રેણીઓમાં ? ચૌલુક્યયુગ નવલકથાવલિ ગુજરાતના ઇતિહાસના ગૌરવયુગને પુનઃ જીવંત બનાવે છે. શ્રેણીના પ્રથમ પુસ્તક 'પરાધીન ગુજરાત'માં લેખકે ચાવડા વંશના ઉદયની, ગુજરાત પર રાષ્ટ્રકૂટોના આક્રમણની, પંચાસરના રાજા જયશિખરીના બહાદુર પણ નિષ્ફળ મુકાબલાની અને એના પુત્ર વનરાજના ઉછેર, વિકાસ તથા જીવનની કહાણી નિરૂપી છે. ચાવડાઓ પછી ગુજરાતમાં ચૌલુક્યો અથવા સોલંકીઓનું રાજ્ય થયું. એના આદિ પુરુષની

કથા 'ગૂર્જરપતિ મૂળરાજદેવ'ના બે ભાગોમાં ધૂમકેતુએ આલેખી છે. મૂળરાજે પૂર્વજીવનમાં રાજ્યને દઢમૂળ બનાવવા કેટલાંક ક્રૂર પગલાં ભર્યાં અને ઉત્તરજીવનમાં સંન્યાસ લઈને અંતે પોતાનો દેહ અગ્નિને અર્પણ કરીને પૂર્વનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યું. મૂળરાજ પછી પરાક્રમી સોલંકીઓ પાક્યા : ભીમદેવ, જયસિંહ સિદ્ધરાજ અને કુમારપાળ. એમાં પણ સૌથી પ્રસિદ્ધ પુરુષ જયસિંહ છે. કર્ણદેવ અને મીનળદેવીના આ પુત્રે માળવા, લાટ અને સોરઠ સહિત અનેક વિજયો મેળવ્યા. એના સમયમાં ગુજરાતની સમૃદ્ધિ, સંસ્કાર અને સામર્થ્ય ટોચે પહોંચ્યાં. ધૂમકેતુએ તેની યશસ્વી કારકિર્દીને ત્રણ નવલકથાઓમાં વહેંચી છે.

ચૌલુક્યયુગની વિશેષતા એ છે કે એણે કેટલાંય નારીરત્નોને જન્મ આપ્યો છે. મૂળરાજ પછી વળી ડોલવા લાગેલા રાજ્યાસનને સ્થિરતા બક્ષનાર વાચિનીદેવી, ગુજરાતની નર્તકી – રાજ્ઞી ચૌલાદેવી, જયસિંહને ઘડનાર માતા મીનળદેવી, પૃથ્વીરાજ ચૌહાણને ખતમ કરનાર શહાબુદ્દીન ઘોરીના આક્રમણને પાછું ઠેલનારી નાયિકાદેવી વગેરે નારીઓને આ ઐતિહાસિક નવલકથાઓમાં અગ્રપદે સ્થાપીને ધૂમકેતુએ સર્જનધર્મનો નવો માર્ગ સિદ્ધ કર્યો છે.

ચૌલુક્યયુગ નવલકથાવલિ એકંદરે એક મહાન યુગને પુનઃ સજીવ કરતી મહાનવલ છે.

આઝાદીની આસપાસના સમયમાં ભારત દેશ લોકનેતા પંડિત નહેરુની આગેવાની હેઠળ પુનઃ ગૌરવ હાંસલ કરવાનાં સપનાં જોવા લાગ્યો હતો ત્યારે ધૂમકેતુએ ગુપ્તયુગને પુનઃ જીવંત કરીને એક આદર્શ, એક ઉન્મેષ પેશ કરવાનો ઉદ્યમ કર્યો. ચૌલુક્યયુગની કથા જેમ એમણે વનરાજ ચાવડાથી શરૂ કરેલ તેમ ગુપ્તયુગની મહાકથા વૈશાલીના ગણરાજ્ય અને લિચ્છવીઓની નગરવધૂ આમ્રપાલીથી શરૂ કરી છે. તે પછી અજાતશત્રુ વગેરેના સમયને સ્પર્શીને તેઓ મૌર્યવંશ પર આવે છે. અહીં એમને ભગવાન ચાણક્ય, ચંદ્રગુપ્ત મૌર્ય, સમ્રાટ અશોક જેવાં પાત્રો મળે છે. એ પછી મગધના શુંગ, કણ્વ અને નંદ વંશોને આલેખતા તેઓ ભારતના ઇતિહાસના પ્રથમ સુવર્ણયુગ સુધી પહોંચે છે, અને એ યુગની મહાન વિભૂતિઓને પુનર્જીવિત કરે છે. એ યુગ એટલે ગુપ્તયુગ. આથી આ શ્રેણીનું નામ ગુપ્તયુગ નવલકથાવલિ રખાયું છે. આ નવલકથાઓમાં મુખ્યત્વે ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત, લિચ્છવીની યુવતીમાંથી મહારાજ્ઞી બનેલી કુમારદેવી, ભારત સમ્રાટ સમુદ્રગુપ્ત, રાણી ધ્રુવદેવી જેવાં પાત્રો અને આનુષંગિક મહાન વિભૂતિઓનું એમાં નિરૂપણ છે.

આમાંથી છેલ્લી (૧૩મી) નવલકથા 'ધ્રુવદેવી' સાથે ગુજરાતી સાહિત્યના ઇતિહાસની પણ એક ઘટના સંકળાયેલી છે. સ્વ. ધૂમકેતુ આ નવલકથા પૂરી કરી

શક્યા નહોતા. એમની અધૂરી કથા પૂરી કરવા વિખ્યાત નવલકથાકાર ગુણવંતરાય આચાર્યે હાથ ધરી. એમણે બે–ત્રણ પ્રકરણ લખ્યાં અને એમનોય દેહાંત થયો. આખરે એ કથા જેટલી લખાઈ હતી, એટલી જ પ્રકાશિત કરવામાં આવી.

આ બે મોટી નવલકથાવલિઓ ઉપરાંત ધૂમકેતુએ સાત અન્ય નવલકથાઓ લખી છે. એમણે સૌપ્રથમ નવલકથા 'રાજમુગટ' અખબાર 'સૌરાષ્ટ્ર' પત્ર માટે ધારાવાહી સ્વરૂપે લખી હતી. એ જ સમયગાળામાં 'નવચેતન' માટે ધારાવાહી 'અજિતા' લખી. છેલ્લે, ૧૯૬૩-૬૪માં દૈનિક 'જનસત્તા' માટે 'મંજિલ, નહિ કિનારા' લખી. આ ત્રણ અને અન્ય ચાર મળીને કુલ સાત નવલકથાઓ એમણે સામાજિક સંદર્ભવાળી લખી છે. એમની નવલકથા 'રુદ્રશરણ' તો યોગ, હિપ્નોટિઝમ, તાંત્રિક વિદ્યા, અભેદમાર્ગ જેવા ગૂઢ વિષયોને સાંકળીને અગમ્ય દુનિયાનો સ્પર્શ કરાવતી નવલકથા છે.

ધૂમકેતુ અત્યંત સુસજ્જ સર્જક હતા. ઐતિહાસિક નવલકથામાં અધિકૃત ઇતિહાસ આપવાનો એમનો આગ્રહ રહેતો. કલ્પનાવિલાસમાં તેઓ રાચતા નહિ. આથી તેમની ઐતિહાસિક નવલકથાઓમાં રોમૅન્ટિસિઝમ અને ફેન્ટસી (કલ્પનાતરંગ) નથી. પાત્રો, ઘટનાઓ, અર્થઘટનો, બધું ઇતિહાસના તથ્યને વફાદાર રહે એવી એમની સતત કોશિશ રહી છે. અલબત્ત, આથી એમની કૃતિઓની કલાત્મકતા નંદવાતી નથી. તેમની 'ચૌલાદેવી' વગેરે નવલકથાઓ યુનિવર્સિટી કક્ષાએ પાઠ્યપુસ્તકો તરીકે પસંદ થઈ છે.

આ નવલકથાઓની રસદાયકતા અને પ્રેરકતા દીર્ઘ કાળ સુધી રહેશે – ટકશે. આજે પણ કહી શકાય કે જે વાચકો ધૂમકેતુની નવલકથાઓ વાંચશે તેમને મહાન બનવાનું સ્વપ્ન લાધશે.

૧૨-૧૨-૧૯૯૧ – **પ્રકાશક**

ધૂમકેતુનાં પુસ્તકો

ઐતિહાસિક નવલકથાઓ

ચૌલુક્યયુગ નવલકથાવલિ

- પરાધીન ગુજરાત
- ગુર્જરપતિ મૂલરાજદેવ - 1, 2
- વાચિનીદેવી
- અજિત ભીમદેવ
- ચૌલાદેવી
- રાજસંન્યાસી
- કર્ણાવતી
- રાજકન્યા
- બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ
- ત્રિભુવનગંડ જયસિંહ સિદ્ધરાજ
- અવંતીનાથ જયસિંહ સિદ્ધરાજ
- ગુર્જરેશ્વર કુમારપાલ
- રાજર્ષિ કુમારપાલ
- નાયિકાદેવી
- રાય કરણ 'ઘેલો

ગુપ્તયુગ નવલકથાવલિ

- આમ્રપાલી
- નગરી વૈશાલી
- મગધપતિ
- મહાઅમાત્ય ચાણક્ય
- ચંદ્રગુપ્ત મૌર્ય
- સમ્રાટ ચંદ્રગુપ્ત
- પ્રિયદર્શી અશોક
- પ્રિયદર્શી સમ્રાટ અશોક
- મગધ સેનાપતિ પુષ્યમિત્ર
- મહારાજ્ઞી કુમારદેવી
- ભારતસમ્રાટ સમુદ્રગુપ્ત - 1, 2
- ધ્રુવદેવી

સામાજિક નવલકથાઓ

- મંઝિલ; – નહિ, કિનારા
- રુદ્રશરણ
- જીવનનાં ખંડેર
- રાજમુગટ
- પૃથ્વીશ
- અજિતા
- પરાજય

નવલિકાઓ

ધૂમકેતુની વાર્તાઓ ભાગ ૧થી ૧૧

ભાગ ૧ અવશેષ - પ્રદીપ - મલ્લિકા
ભાગ ૨ ત્રિભેટો - આકાશદીપ - પરિશેષ
ભાગ ૩ અનામિકા - વનછાયા
ભાગ ૪ પ્રતિબિંબ - વનરેખા - જલદીપ
ભાગ ૫ વનકુંજ - વનવેણુ
ભાગ ૬ મંગલદીપ - ચંદ્રરેખા - નિકુંજ
ભાગ ૭ સાંધ્યરંગ - સાંધ્યતેજ - વસંતકુંજ
ભાગ ૮ તણખા-૧ - તણખા-૨
ભાગ ૯ તણખા-૩ તણખા-૪
ભાગ ૧૦ ટૂંકી ટૂંકી તથા રૂપાંતરિત વાર્તાઓ
ભાગ ૧૧પ્રસંગકથાઓ

[આમાં 'તણખા'નાં ચાર મંડળો સહિત, ધૂમકેતુકૃત તમામ નવલિકાઓનો સમાવેશ થઈ જાય છે.]

અનુક્રમ

પ્રવેશ ૩

૧. પાટલિપુત્રનો નવો પ્રવાસી ૭

૨. કાશ્મીરનો પ્રાદેશિક ૧૧

૩. જાલૌક કોણ ? ૧૭

૪. 'જાલૌક ! તું જ મગધપતિ છે !' ૨૪

૫. રાધાગુપ્તનો નિર્ણય ૩૧

૬. કુમાર ! તમારું દિલ કેવુંક છે ? ૩૫

૭. એક વિકટ કોયડો ૩૮

૮. મહારાજ અશોકની વાણી ૪૩

૯. મહારાણી તિષ્યરક્ષિતા ૫૬

૧૦. રાધાગુપ્તનો વિષાદ ૬૪

૧૧. ખલ્લાટકને ત્યાં ૭૧

૧૨. પહેલું પગલું ૮૪

૧૩. કાંચનમાલા ૯૦

૧૪. તિષ્યરક્ષિતાનું દિલ ૯૭

૧૫. સૌન્દર્યસ્વામિની ૧૦૬

૧૬. મહામાયા ૧૧૩

૧૭. તિષ્યરક્ષિતાનું સૌન્દર્યભવન ૧૧૯

૧૮. સાધુ ઉપગુપ્ત ૧૨૯

૧૯. દંતમુદ્રા ૧૩૬

૨૦. ચંદ્રગુપ્તસભા ૧૪૫

૨૧. જ્યારે સૌન્દર્ય હારે છે ! ૧૫૫

૨૨. તિષ્યરક્ષિતાનો નિર્ણય ૧૬૫

૨૩. બે રત્ન-આંખો ! ૧૭૧

૨૪. મહારાજ અશોકનાં આંસુ ! ૧૭૮

૨૫. મહારાજનો સંદેશો ૧૮૫

૨૬. કુણાલકુમારની પિતૃભક્તિ ૧૯૦

૨૭. કોઈને ખબર પડતી નથી ! ૧૯૬

૨૮. મહાલય ભવ્ય, વારસ કોઈ નહિ ! ૨૦૦

૨૯. અંધ બંસીવાળો ૨૦૮

૩૦. પિતા અને પુત્ર ૨૧૩

૩૧. અસિયષ્ટિ ફરીને તજી ૨૧૫

૩૨. વૈરની રાખ ૨૨૩

૩૩. સર્વનાશ ૨૨૮

૩૪. કુણાલકુમાર અંધ નથી ૨૩૨

૩૫. પ્રેમનાં આંસુ ! ૨૩૭

૩૬. કુમાર ઉપરાજ ૨૪૨

૩૭. શતકોટિનું અર્ધ આમલક ૨૪૮

પ્રિયદર્શી સમ્રાટ અશોક

❖

ધૂમકેતુ

પ્રવેશ

કલિંગના વિજય પછીના મહારાજ અશોક એ જાણે જુદા જ આદમી બની ગયા હતા. એમને રણભૂમિનો વિજય ક્ષુલ્લક લાગવા માંડ્યો. પ્રદેશો જીતવાની નહિ, માનવને જીતવાની એમણે શોધ માંડી.

એ શોધના અંતે એમને સમજાયું કે માનવને જીતે છે કેવળ માનવતા, બીજું કોઈ જ નહિ. શસ્ત્ર અસ્ત્ર, સત્તા, વૈભવ, ચતુરંગી સેના – કોઈ જ માનવને જીતી શકે નહિ.

ઈશ્વર જેવો ઈશ્વર પણ માનવને પ્રેમથી જીતી શકે છે, તો મુગટધારી રાજાઓ બીજી કઈ રીતે માનવને જીતવાના હતા? મહારાજે આત્મમંથન કર્યું. એમને વાત દીવા જેવી સ્પષ્ટ સમજાઈ ગઈ. પોતે કલિંગ જીત્યા હતા એ ખરું, પણ કલિંગનો માનવ? એ તો અજેય હતો.

આવતી કાલે જ એ પાછો પડકાર દેતો ઊભો થવાનો હતો અને એની એ યુદ્ધપરંપરા ચાલવાની હતી. નિત્યની સ્થિર શાંતિનો આ માર્ગ ન હતો. માનવને જીત્યા વિનાની પ્રદેશની જીત નકામી હતી.

મહારાજને સમજાઈ ગયું કે માનવને જીતવાનો એક જ રસ્તો છે. આંહીં આ વિશ્વમાં બધું જ અજેય છે. માનવ પણ અજેય છે. કેવળ પ્રેમધારા વડે જ એ મળે. એ વડે જ માનવ જિતાય. હૃદયની પ્રેમધારા વિના ન દેશ જિતાય, ન માનવ જિતાય.

એમની એ પ્રતીતિનો પડઘો એમના જીવનકાર્યમાં પડ્યો. જેમને ત્યાં ભોજનશાળામાં સાઠ સાઠ હજાર બ્રાહ્મણોને નિત્ય ભોજન અપાતાં, એ જ ભોજનશાળામાં મહારાજે જીભ સ્વાદ માટે વપરાતા માંસાહારને તિલાંજલિ આપી દીધી. જ્યાં પહેલાં સેંકડો પશુઓ હોમાતાં ત્યાં આજે માંસાહારનું નામનિશાન પણ ન હતું.

મહારાજના જીવન ઉપર મથુરાપ્રદેશના સાધુ ઉપગુપ્તે ભારે અસર પાડી હતી. એણે કહ્યું, વિશ્વશાંતિ ત્યારે આવે, જ્યારે માણસ વિશ્વને પોતાનું સમજે. જ્યારે માણસ માનવને માનવ ગણે, માનવપ્રતિષ્ઠા થાય. શાંતિ ત્યારે આવે.

ભગવાન તથાગતે એ ધર્મ ભાખ્યો છે.

મહારાજ અશોક ભિખ્ખુગતિક પંથે વળ્યા. ભિખ્ખુ ન બન્યા, પણ ભિખ્ખુ જેવા થઈ ગયા. ભિખ્ખુને જેમ વિશ્વમાં કોઈ વહાલું નથી, કોઈ દવલું નથી, બધાં સ્વજન છે, મિત્ર છે, હરપળે પ્રેમભીખ માટે તલસતા માનવ છે, તેમ મહારાજ અશોકને મન પણ કોઈ અરિ ન રહ્યો. શત્રુ ન રહ્યો, પ્રેમથી ન જિતાય એવો કઠણ કોઈ પ્રદેશ ન રહ્યો.

આટવિકો ને જંગલીઓ, જેઓ હરપળે વિદ્રોહ માટે ઉત્સુક હતા ને લૂંટફાટ એ જેમનો ધંધો જ હતો, મહારાજ અશોકે ત્યાં પણ પ્રેમસંદેશો મોકલ્યો.

અને એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું. આટવિકો પણ મહારાજની આ ભાષાને સમજ્યા લાગ્યા. મહારાજની ચતુરંગી સેનાની ભાષા જ્યાં નિષ્ફળ ગઈ હતી, ત્યાં એમની પ્રેમની ભાષા વિજય મેળવી લાવી.

અને એ વિજય પણ જેવો તેવો નહિ.

માનવમાનવની વચ્ચેના નિત્યના પ્રેમસંબંધનો એ વિજય હતો.

મહારાજે પોતાનો આ વિશ્વપ્રેમનો સંદેશો પછી તો બધે જ ફેલાવવા માંડ્યો.

ભગવાન તથાગતની પ્રેમવાણીનો સંદેશો એમણે હિમવંતપાર અને સમુદ્રની પાર પણ મોકલવાનો દઢ સંકલ્પ કર્યો.

એમનું આધ્યાત્મિક સામ્રાજ્ય વધતું જ ચાલ્યું.

એ માટે મહારાજે પોતાનાં પુત્ર, પુત્રી, ભાઈ, ભત્રીજા, ભાણેજ – બધાને જ ધર્મના સંદેશવાહક બનાવ્યા. બનાવ્યા એમ પણ નહિ. રાજમહાલયમાં હવા જ એવી ફેલાઈ ગઈ.

મહેન્દ્ર તામ્રપર્ણી ગયો. સંઘમિત્રા પણ ત્યાં ગઈ. તિષ્યકુમાર ભિખ્ખુ બન્યો. એમના ભાઈ સુમનનો પુત્ર પણ સાધુ થયો.

રાજમહાલયમાં, નગરમાં, નગરજનોમાં, સમાજમાં, પ્રદેશોમાં અને વિશ્વનાં દૂરદૂરનાં સ્થળોમાં પણ પ્રેમસંદેશો લઈ જનારા અનેક નીકળી પડ્યા. ભેરીઘોષ બંધ પડ્યો. ધર્મઘોષ શરૂ થયો. મૃગયાવિહારને બદલે મહારાજે સમાજને સમજણ આપવા ધર્મયાત્રાઓ શરૂ કરી. પોતે જાતે બધે ફરવા માંડ્યા.

મહારાજે પોતાનો આ પ્રેમસંદેશો ભારતવર્ષમાં ઠેરઠેર સ્થાયી રૂપમાં પ્રગટાવ્યો. ભગવાન તથાગતના વિશ્વપ્રેમના સંદેશામાં મહારાજને ચિરશાંતિની ઉપાસના જોવા મળી, એટલે ભગવાન તથાગત સાથે સંબંધ ધરાવતા દરેક સ્થળમાં પોતે જાતે ગયા અને ત્યાં કોઈ ને કોઈ અમર સંદેશો મૂક્યો.

'જેટલા માણસો કલિંગવિજયમાં હણાયા એનો એક સહસ્રાંશ પણ હવે જો ક્યાં ય હણાય, કેવળ માનવને કે પ્રદેશને જીતવા માટે હણાય, તો દેવતાઓના પ્રિય રાજા પ્રિયદર્શીને નિઃસીમ દુઃખ થાય.' મહારાજના આ શબ્દોના પડઘા આખા

ભારતવર્ષમાં ઠેરઠેર પડ્યા.

હિંસાથી વિજય મળતો નથી. હિંસાથી કોઈ કોઈને જીતી શકતું નથી. હિંસા કેવળ વૈર આપે છે અને વૈરની જ્વાલા યુગોનાં યુગો સુધી માનવદિલમાં ટકે છે. માટે દેવતાઓને પ્રિય રાજા પ્રિયદર્શી બધાને બધા અભય આપે, એમ પ્રાર્થે છે.

મહારાજ અશોકે જાતે દરવર્ષે પોતાના પ્રદેશમાં ધર્મયાત્રા શરૂ કરી. પ્રજાને પોતે પ્રેમ અને વિશ્વાસ આપીને જીતવાનો મહાપ્રયત્ન આદર્યો. દેશભરમાં એનો જબરદસ્ત પડઘો પડ્યો.

ભારતવર્ષ સ્વર્ગ સમું બની ગયું. રાજમાર્ગો પર લોકને માટે શીતળ છાયાઓ આવી ગઈ. ઔષધાલયો ઊભાં થયાં. પશુઓ માટે પણ ચિકિત્સાલયો સ્થપાયાં. ઠેરઠેર સમાજના નિરર્થક વિલાસી ઉત્સાહને બદલે માનવસેવાનાં દશ્યો નજરે પડવા માંડ્યાં.

મહારાજના ધર્મમહામાત્રો ઠેકાણેઠેકાણે જવા માંડ્યા. કોઈ દુઃખી હોય, આપત્તિમાં પડેલો હોય, મહા સંકટમાં હોય, પછી એ ભારતવર્ષના ગમે તે સ્થળે હોય, ખબર મળતાં જ, મહારાજનો ધર્મમહામાત્ર તેને આશ્વાસન આપવા પહોંચી ગયો હોય!

રાજા રામના રામરાજને જાણે ફરી પ્રગટાવવા માગતા હોય તેમ, અશોક મહારાજ, માનવનું મહામૂલ્ય આંકવા માંડ્યા. માનવને સમજો. એને સમજાવો. એના દિલને જગાડો. એને દિલ આપો – એ હવા જ બધે ઘેરઘેર ફેલાઈ ગઈ. માનવથી વધારે મહાન કોઈ નહિ.

પાડોશી રાજ સ્વતંત્ર હોય, મિત્ર હોય કે અમિત્ર હોય, મહારાજ અશોકે ત્યાં પણ ચિકિત્સાધામો સ્થાપ્યાં. માનવદુઃખની સંભાળ લેનાર માટે કોઈ વિદેશ પ્રદેશ વિદેશ ન હતો.

એમને માટે કેવળ એક જ રાજ રહ્યું – માનવરાજ. પરંતુ આવો અથાગ પ્રયત્ન છતાં માનવસુલભ નબળાઈઓ દેખાતી જ રહી. ક્યાં ક વિદ્રોહ થયો. ક્યાં ક અપ્રેમ જાગ્યો. ક્યાં ક તકની પ્રતીક્ષા થવા માંડી. ગાંધાર યોન જેવા સીમાના પ્રદેશોમાં તો, મગધનું સૈન્ય નિર્માલ્ય છે, આપણે સૈન્ય જમાવો, એવી વાતો પણ પ્રચલિત થઈ.

પણ મહારાજ અશોક પોતાના ધર્મથી ન ડગ્યા તે ન જ ડગ્યા.

એમના કાશ્મીરપ્રદેશમાં તો મહાન વિદ્રોહની સંભાવના ઊભી થઈ હતી. એ જ કાશ્મીરમાં મહારાજે પાંચસો તો સંઘારામ બંધાવ્યા હતા. શ્રીનગર જેવું સુંદર નગર વસાવ્યું હતું. પોતાના સામ્રાજ્યની બહાર પણ છસો-છસો જોજન સુધી એમણે પ્રેમસંદેશો મોકલ્યો હતો, છતાં કાશ્મીર ગાંધાર તક્ષશિલા – બધે જ સ્થળે પૂરેપૂરી શાંતિ ન હતી. ત્યાંનો પ્રદેશપતિ જાલૌક મહાપ્રચંડ સેનાપતિ

હતો. ભગવાન શંકરના ત્રિશૂલને એ વરેલો હતો. એટલે જ એ પ્રદેશ અત્યારે ટકી રહ્યો હતો.

બાકી વિદેશીઓને તો સિકંદરનું સ્વપ્ન ફરીફરીને આકર્ષતું રહેતું હતું.

પણ એટલું છતાં મહારાજ અશોકના પ્રેમસંદેશાવાહકો તો ત્યાં પણ પહોંચી જતા અને વિશ્વશાંતિનો મહાન ઉપદેશ આપતા રહેતા.

એકએક સ્તમ્ભ લગભગ ૨૫૦૦ મણનો થાય, એવા અનેક સ્તમ્ભો મહારાજે બધે જ ઊભા કરાવ્યા હતા અને એમાં આ શાંતિની પ્રેમવાણી લખાવી હતી, જેથી માણસો એ નિત્ય વાંચે, નિત્ય, વિચારે, નિત્ય આચરે.

મહારાજને મોટામાં મોટું પ્રેમ-આશ્વાસન હતું. મહારાજ અશોકના આ ધર્મજીવનપંથને એમનાં બધાં જ સ્વજનો પણ ઉત્તેજી રહ્યાં હતાં. પણ એટલામાં મહારાજ્ઞી અસંધિમિત્રા વિદેશ થઈ, ને મહારાજ ઘડીભર કેવળ નિઃસહાય થઈ ગયા. પણ એની જ દાસી પેલી નર્તિકા તિષ્યરક્ષિતાએ એ વખતે તો પ્રેમથી, એટલી એવી સુંદર મૃદુતાથી, સૌમ્ય વાણીથી મહારાજના નિત્યજીવનના કાર્યક્રમને સંગાથ આપ્યો કે એના એ પ્રેમવર્તન વડે જ જાણે મહારાજ અશોકનો રાજમહાલય, બધાંને માટે પ્રેમમહાલય સમો આશ્વાસન આપતો ઊભો રહ્યો હોય તેમ લાગ્યું. તિષ્યરક્ષિતાની અપાર અને નિઃસીમ સેવા જ મહારાજને ઊભા રાખી રહી હતી. તિષ્યરક્ષિતા મહાલયને સંભાળી રહી હતી.

પણ મહારાજ અશોકના સમાજ માટેના આ પ્રયત્નો છતાં, માનવને મળેલા દિલમાં જે નબળાઈઓ છે તે પણ હજી એટલી જ દઢમૂળ હતી.

એટલે આ પરિસ્થિતિમાં એક તરફ શાંતિનો મહાન પ્રેમસંદેશ ફેલાતો જતો હતો, બીજી તરફ એનો લાભ ઉઠાવવાવાળા પણ ઉદ્યુક્ત થતા હતા.

કાશ્મીરમાં હવા વિદ્રોહની હતી. ગાંધારમાં હવા વિદ્રોહની હતી. તક્ષશિલામાં અસ્વસ્થતા હતી. બધે પ્રેમ, મૃદુતા, દયા, દાન, સમાધાન પહોંચી ગયાં હતાં ને અત્યારે ત્યાં બધે શાંતિ જણાતી હતી.

પણ એ શાંતિ ઉપરટપકેની હતી.

પ્રાદેશિક જાલૌક મહારાજના આ પ્રેમસંદેશા કરતાં શસ્ત્રસંદેશાનો વધુ ઉપાસક હતો.

મહારાજ અશોકના જીવનનાં આ જાણે છેલ્લાં વર્ષો જણાતાં હતાં. મહારાજ એવા અસ્વસ્થ રહેતા.

એટલે એ પ્રદેશપતિ પાસેથી ત્યાંની સાચી વાત જાણવા માટે રાધાગુપ્તે એને ગુપ્ત રીતે બોલાવ્યો હતો.

આ નવલકથા ત્યાંથી શરૂ થાય છે.

૧

પાટલિપુત્રનો નવો પ્રવાસી

મગધમહારાજ્યની મહાન નગરીમાં સેંકડો અને સહસ્રોના હિસાબે હંમેશાં પ્રવાસીઓ આવતા રહેતા. અંગમાંથી, બંગમાંથી, કલિંગમાંથી, સુરાષ્ટ્રમાંથી પ્રવાસીઓ આવતા : તેમ તામ્રલિપ્તિ, વિદિશા, અવંતી એવી મુખ્ય નગરીઓમાંથી પણ સેંકડો મુસાફરો આવતા. કોઈ રાજકામે આવતા, કોઈ શિલ્પના કામે આવતા, કોઈને નગરી જોવાનો શોખ થતો અને આવતા. કેટલાકને મન પાટલિપુત્ર દુનિયાના એક આશ્ચર્ય સમું ભાસતું માટે આવતા. પણ રાત ને દિવસ ચારે દિશાઓના રાજમાર્ગેથી પાટલિપુત્ર તરફ પ્રવાસીઓનો એક સતત ધોધ વહેતો રહેતો.

વ્યાપાર અર્થે આવતા સેંકડો સાર્થવાહો તો આ ઉપરાંત હતા.

એઓ તો નિત્યના ચાલુ આવનારા હતા.

પ્રવાસીઓને આવવાના ભૂમિમાર્ગ ઉપરાંત સિંધુ, ગંગા, યમુના, હિરણ્યવતી અચિરવતી, એ નદીઓના નીરમાં મોટો જલવ્યવહાર ચાલતો હતો. ઉત્તરાપથના ઘણાખરા પ્રવાસીઓ તો આ જલમાર્ગે આવતા. પ્રભાતમાં તો પાટલિપુત્રના મુખ્યદ્વાર પાસે એક મોટો માનવમેળો થઈ જતો. રાત્રે મોડા આવેલા બધા પ્રવેશ મેળવવા વહેલી સવારથી જ ત્યાં દેખાતા. પાટલિપુત્ર તરફ ચાલી રહેલો એક સતત માનવપ્રવાહ દિવસરાત નજરે પડતો.

કારણ કે હિમવંત પારની દુનિયાને મન તો પાટલિપુત્ર એ જ ભારત-વર્ષ હતું.

અને આખા ભારતવર્ષનું તો એ એક મહાન કેન્દ્ર સમું ક્યારનું સ્થપાઈ ચૂક્યું હતું.

એનું સ્થાન અનોખું હતું. હિમવંતપારથી આવનારા દરેકના મનમાં પાટલિપુત્ર એક ભવ્ય સ્વપ્ન સમું જણાતું. એનો દુર્ગ, એની પણ્યવીથિકા, એના પ્રાસાદો અદ્‌ભુત હતાં. મહારાજ અશોકના રાજમહાલયમાં જે શિલ્પાકૃતિઓ હતી, તે કોઈ માનવથી બને એમ કોઈ માનતું જ નહિ.

બધા આક્રમણકારો પણ જાણતા કે અજિત પાટલિપુત્ર એટલે અજિત

ભારતવર્ષ. પાટલિપુત્રને જીત્યા વિના દેશના ભાગમાં ઘૂસી જનારાને વહેલેમોડે ભાગતાં ભોંય ભારે પડવાની. એ પાછો ભાગતાં મરુકાંતારના રણમાં જ અટવાઈને રખડી મરવાનો. એટલે આક્રમણકારોને માટે પણ પહેલું આકર્ષણ તો પાટલિપુત્રનું જ હતું.

પાટલિપુત્ર તરફના નૌકાઓના જલમાર્ગો સ્થળેસ્થળે સુરક્ષિત હતા. નૌકાઓ ઉપર નૌકાપતિઓની હંમેશાં નજર રહેતી. વ્યાપાર અર્થે આવતી નૌકાઓની સ્થળેસ્થળે તપાસ પણ થતી એટલું જ નહિ, પાટલિપુત્ર તરફ આવતા હિમવંતપારના વિદેશીઓની તો સલામતી માટે પણ ઠેકાણેઠેકાણે એકબીજા અધિકારીઓ પૃચ્છા કરતા રહેતા. વિદેશી આવનારો એ આ દેશનો અતિથિ મનાતો. એને જરા પણ મુશ્કેલી ન પડે, એ જોનારા ખાસ અધિકારીઓ રહેતા. એમાંથી એક બીજી વાત પણ કુદરતી રીતે રાજનીતિના હિતની થતી રહેતી. બહારનું એક ચકલું પણ નજર બહાર પાટલિપુત્રમાં પ્રવેશે એ વાત અસંભવિત બની જતી. ભૂમિમાર્ગ અને જલમાર્ગ બંને માર્ગમાંથી ગમે તે માર્ગે કોઈ પણ આવે, એ પાટલિપુત્ર પહોંચે ત્યાં એની સ્થળેસ્થળે નોંધ થઈ ગઈ હોય અને રાજાના હરતા-ફરતા પ્રતિવેદકોએ તો તરત એ વાત પાટલિપુત્રમાં પહોંચાડી પણ દીધી હોય. આ પ્રતિવેદકોને તો રાજા પાસે ગમે તે સમયે જવા- આવવાની છૂટ હતી. અરધી રાતે પણ એઓ રાજાને ઉઠાડી શકતા. સ્નાનાગારમાં ને શયનગૃહમાં પણ મળવા જઈ શકતા. મહારાજ અશોકે પોતે જ આ ઘોષણા કરાવી હતી.

ભગવાન કૌટિલ્યના જમાનાથી ચાલતી આવેલી આ વ્યવસ્થા અત્યારે પણ એ જ સંપૂર્ણતા દાખવતી હતી.

પાટલિપુત્ર તરફ આવનારો ઉત્તરાખંડનો જલમાર્ગ એ જેવો તેવો માર્ગ ન હતો. પુરુષપુર, તક્ષશિલા, કપિશા, કાશ્મીર, ગાંધાર, કામ્બોજ, યોન, પારસ અને છેક મિસ્ર દેશ સુધીના પ્રવાસીઓનો આ એક મહાન રાજપથ હતો.

આ જલમાર્ગે લૂંટાવાનો ભય ઘણો ઓછો થઈ જતો. તાપ પણ ઓછો લાગતો. સ્થળેસ્થળે નૌકાઓ માટે વિરામસ્થાનો હતાં, એમાં પરિશ્રમ પણ ઓછો પડતો.

એટલે આ જલમાર્ગ દ્વારા સેંકડો નૌકાઓનો પ્રવાહ પાટલિપુત્ર તરફ જનારી નદીઓમાં જઈ રહેલો હંમેશાં નજરે પડતો.

આવી એક પ્રવાસીનૌકા એક દિવસ પાટલિપુત્ર જઈ રહી. હતી. પણ એ નૌકા સામાન્ય નૌકા જણાતી ન હતી. વ્યાપાર નૌકાઓથી એ તદ્દન જુદી પડી જતી હતી અને માનવનૌકાઓ માટે એ ઘણી નાની જણાતી હતી. એમાં બેસનારા પણ ભાગ્યે જ બે-ચાર હતા. એ નૌકાની અડોઅડ જ બીજી નૌકામાં પાછળ

આવતા એમના અશ્વો જ કહી આપતા હતા કે નૌકા કોઈ પ્રાદેશિકની હોય કે પછી કોઈ અંતપાલ કે કુમાર મહાઅમાત્ય એમાં આવી રહ્યો હોય.

નૌકા ઉપર મગધનો મયૂરધ્વજ ફરકતો હતો એ પણ એ વાતની જ સાક્ષી પૂરતો હતો.

પણ નદીઓમાં ચાલી રહેલી આસપાસની ને આગળ પાછળની નૌકાઓમાં એક મોટું કુતૂહલ એણે જગાડ્યું હતું. કેટલાક નૌકાઓમાં ઊભા થઈથઈને પણ આ નૌકાની શોભા જોઈ રહ્યા હતા.

નૌકાપતિઓની વારંવારની રોકટોક અને જલભયને લીધે લોકમાં ઘડીમાં વ્યવસ્થા તો સ્થપાઈ જતી હતી, પણ લોકનાં મનમાં આવેલું કુતૂહલ ફરીફરીને આરામસ્થળ આવતાં જાગી ઊઠતું. ને કોઈ આરામસ્થળ આવે કે હજારો આંખો આ નૌકા ઉપર મંડાતી.

પણ કોઈ આરામ સ્થળે એની રોકટોક ન હોય તેમ એ રાજવંશી નૌકા તો સડસડાટ આગળ વધતી જતી હતી, એટલે ધીમેધીમે એ બધાથી જુદી પડી ગઈ.

પવન અનુકૂળ હતો. સઢો બધા ખુલ્લા હતા. ઝપાટાબંધ એ નૌકા પાટલિપુત્ર તરફ જવા માટે પાણી કાપી રહી હતી.

એમ જણાતું હતું કે નૌકાપતિ ગમે તેમ કરીને પણ અંધારું થયા પહેલાં જ નૌકાને પાટલિપુત્ર પહોંચાડી દેવા માગતો હોવો જોઈએ.

એટલા માટે એ તનતોડ મહેનત કરી રહ્યો હતો. પણ સંધ્યા ઢળવા માંડી હતી અને હજી કાપવાનો માર્ગ ઘણો હતો.

આઘેઆઘે નગરીના સપ્તભૂમિપ્રાસાદો દેખાવા માંડ્યા. તેમની શિખરાવલિઓ પરના સોનેરી મયૂરો સંધ્યાકિરણમાં ચળકી રહ્યા. એ અનુપમ દૃશ્ય હતું. બે ઘડી નગરીનો વૈભવ જોઈને મન ભરાઈ જાય તેવું હતું, પણ એટલામાં ક્ષિતિજપારથી ઝાંખી અંધારપગલીઓ પણ આવવા માંડી હતી. સોનેરી મયૂરોનાં રત્નો ઝાંખાં થતાંથતાં છેવટે અંધારામાં અદૃશ્ય થતાં જતાં હતાં.

નૌકાના પાછળના ભાગમાં એક સુખાસન ઉપર એક જુવાન બેઠો હતો. તે હવે આગળ આવ્યો. તેના મોં ઉપર અધીરતા હતી.

તેને અંધારા પહેલાં પાટલિપુત્રમાં પહોંચી જવું હતું. તૂતકના આગળના ભાગમાં આવીને લાંબે સુધી દૃષ્ટિ કરતો એ ઊભો રહ્યો. પાટલિપુત્રનગરી હજી દેખાતી હતી, પણ હરપળે હવે એ વધારે ને વધારે ગાઢ અંધારામાં વીંટાતી જતી હતી. ક્ષિતિજમાંથી દોડતી આવતી અંધારપગલીઓને જુવાન સચિંત નિહાળી રહ્યો.

'વિચિત્ર !' તેણે નૌકાપતિ તરફ જોઈને કહ્યું, 'એક યામ રાત્રિ વીત્યા પહેલાં

પહોંચાશે? યામરાત્રિ વીતી જાય તો પછી દુર્ગદ્વાર બંધ થઈ ગયાં હોય, પછી પહોંચો-ન-પહોંચો એ બધું સરખું. રાતભર બહાર રહેવું પડશે. દ્વાર કોઈ ખોલી આપશે નહિ.'

'પહોંચી જવાશે, પ્રભુ!' વિચિત્ર અને તેનો સાથી વધુ કાંઈ પણ બોલ્યા વિના જોરથી હલેસાં મારવા લાગ્યા. પણ હવે પવન મંદ થઈ ગયો હતો અને સઢો કામ આપતા બંધ થયા હતા.

વિચિત્ર અને તેનો સાથી વધુ જોરથી હલેસા મારવા લાગ્યા.

૨

કાશ્મીરનો પ્રાદેશિક

વિચિત્રની મહેનત છેવટે લેખે લાગી હોય તેમ જણાતું હતું. પાટલિપુત્રના મુખ્ય દ્વારને બંધ થવાને માંડ પળ-બે-પળ હતી, કાષ્ઠસેતુ ઉપાડી લેવાની સંજ્ઞા અપાતી હતી, બરાબર એ વખતે જ, ઉતાવળો- ઉતાવળો એક અશ્વારોહી આવીને. ત્યાં ઊભો રહી ગયો.

દેખાતી રીતે એ અત્યારે જ પ્રવેશ મેળવવા માગતો હતો. તેણે દ્વારપાલ સામે જોયું. પોતે કેડેથી કાંઈ શોધી રહ્યો હતો. મોટેથી એણે કહ્યું: 'દ્વારાપાલ ! બે પળ થોભો, મારી પાસે ઓળખમુદ્રા છે.'

દ્વારપાલ પળભર અટકી ગયો. પણ દ્વારપાલને નવાઈ લાગી. આવનારનો રાજવંશી દેખાવ, આજ્ઞાવાહી સ્વરથી વાત કરવાની એની રીત, એનો ઊંચો ખમીરવંતો અસલી વનાયુ અશ્વ – એ બધાં એને કોઈ મહાન અધિકારી તરીકે જણાવતાં હતાં, તો એવો કોઈ અધિકારી આવવાની ખબર એને કોઈએ આપી ન હતી, એટલે એ સાશંક થઈ ગયો. તે વિચારમાં પડી ગયો. એને થયું કે આ કોણ હશે ?

છેક છેવટની પળે આવેલા આવા આગંતુકને પ્રવેશની ના પાડવામાં વધુ સલામતી રહી હતી એ એ સમજતો હતો. કેવળ દેખાવથી ધાપ મારી ગયો હોય, એવી વાતોનો એણે અનુભવ કર્યો હતો. છતાં કોણ જાણે કેમ, આને એકદમ ના પાડતાં એ અચકાયો અને ત્યાં તો પેલા આગંતુક સવારે પોતાની ઓળખમુદ્રા તેની સામે ધરી.

દ્વારપાલે દીપિકાના પ્રકાશમાં એ જોઈ અને એ આશ્ચર્યચકિત થઈ ગયો. પ્રવાસી છેક કાશ્મીરપારથી આવી રહ્યો હતો અને તે કોઈ સાધારણ માણસ ન હતો, ત્યાંનો પ્રાદેશિક હતો. એના તત્કાલ પ્રવેશ માટેની મહાઅમાત્યની વિશિષ્ટ મુદ્રા એની પાસે હતી.

દ્વારપાલે ત્યાંના પ્રાદેશિકનું નામ તો સાંભળ્યું હતું, પણ એ પ્રાદેશિકને આ તરફ આવેલો કોઈ દિવસ એણે નજરોનજર જોયો ન હતો, એટલે એ એને ઓળખતો ન હતો. તક્ષશિલાની પણ પાર, છેક કાશ્મીરમાં, અને કાશ્મીરની પણ પાર અન્તિયોકના પ્રદેશની નજીકમાં મહારાજ અશોકની રાજસત્તાનો એ પ્રતિનિધિ હતો. પણ એ આવવાનો છે એવી કોઈ જાણ એને કોઈએ કરી ન હતી તેમ એણે એને કોઈ દિવસ જોયો ન હતો. એ એકલો હતો એનું પણ એને આશ્ચર્ય થતું હતું, એટલે એને પ્રવેશ આપવો કે ન આપવો – કોઈ સેનાનાયકને પૂછવા જવું – એ દ્વિધામાં એ પડી ગયો. ત્યાં એને સાંભર્યું કે છેલ્લાછેલ્લા સમયમાં મહારાજ અશોકના પ્રતિવેદકો કાશ્મીરપારના એક પ્રદેશપતિની અનેક વાતો આંહીં લાવ્યા હતા. મહારાજના શાંતિસંદેશની એ ઉપેક્ષા કરી રહ્યો હતો, એટલે એ તરફ યુવરાજ કુણાલને પોતાને મહારાજ મોકલવા માગતા હતા. એણે વિચાર્યું કે આ એ પ્રદેશપતિ હોવો જોઈએ.

તેની વાતો સાંભળીને આંહીં પાટલિપુત્રમાં એની સામે એક મોટો વિરોધ જાગ્યો હતો. દ્વારપાલના કાને આ વાત તો આવી હતી. એ વિરોધ એવા પ્રકારનો હતો કે મહારાજ અશોકે આખા ભારતવર્ષમાં શાંતિની સ્થાપના ઉપાડી હતી. ધર્મઘોષણા કરાવી હતી. માનવજાતને એક નવી જ વિચારધારા આપી હતી.

લડાઈથી લડાઈ પતતી નથી એ સત્ય એમણે ઘેરઘેર ફેલાવ્યું હતું. એનું પાલન માત્ર પ્રાદેશિકો, ઉપરાજાઓ કે પડખેના સ્વતંત્ર સાર્વભૌમો જ નહિ, પણ જંગલી આટવિકો પણ કરતા હતા. મહારાજની આ ધર્મઘોષણાથી બધા પ્રભાવિત થયા હતા. યુદ્ધને તિલાંજલિ આપી સમાધાનના પંથને બધા સ્વીકારી રહ્યા હતા, ત્યારે આ પ્રદેશપતિ એ વાતમાં હજી શંકા લાવતો હતો ને હંમેશાં વિદેશીઓ તરફ સાશંક દૃષ્ટિથી જોતો હતો.

આંહીં મહારાજે તો ઘરઘરનાં ઘર્ષણ પણ મૃદુ વાણીથી અને માનવતાની હવાથી શમાવવાનું સ્તંભોના લેખોમાં કોતરાવ્યું હતું. મહારાજ અશોક પોતે એ માટે અસ્વસ્થ છતાં જાતે ફરતા હતા.

અવિરત શ્રમ કરીને સ્થળેસ્થળે પોતે જાતે જતા. આ ધર્મઘોષણાઓ વર્ષોથી રાજમાં વારંવાર થતી હતી. તેનું ફળ હવે સ્પષ્ટ દેખાવા માંડ્યું હતું. યુદ્ધને બધા પશુતા ગણતા થઈ ગયા હતા. એનો વીરત્વનો અંચળો ફેંકાઈ ગયો હતો.

લોકોમાં એક હવા જ પ્રગટી હતી કે ઘર્ષણમાં કેવળ દાનવતા વસી રહી છે. દૈવત્વ મૃદુતામાં રહે છે. મૃદુ વાણીનો વ્યવહાર કુદરતી લાગવા માંડ્યો હતો. મહારાજ અશોકે તો આગળ વધીને પશુસૃષ્ટિ માટે અને વનસ્પતિસૃષ્ટિ માટે પણ અભય સ્થાપ્યું હતું. પશુઓને હણવામાં નિર્દયતા છે એ વાતની ઘણાને સ્પષ્ટ

અસર થઈ ગઈ હતી. વનસ્પતિ વિનાની ધરતી માનવને ખાવા દોડતી હોય તેમ લાગવા માંડ્યું હતું. એટલે વૃક્ષોનો પણ સ્વજનોની જેમ ઉછેર થઈ રહ્યો હતો.

ઘેરઘેર પશુઓ માટે દવાખાનાં સ્થપાયાં હતાં. વૃક્ષોની સૃષ્ટિ રાજમાર્ગની બંને બાજુ ઝૂકી રહી હતી.

પુરુષપુરથી નીકળેલો પ્રવાસી તામ્રલિપ્તિ પહોંચે ત્યાં સુધીના સેંકડો જોજનમાં એને ઠેરઠેર આરામગૃહો મળે, ઔષધાલયો મળે, શીતળ વનકુંજો દેખાય, જલભંડાર જોઈને તો એ છક થઈ જાય. એને લાગે કે જાણે એ પોતાના ઘરના ફળીમાં જ આંટા મારી રહ્યો છે.

મહારાજ અશોકે આવી અદ્વિતીય માનવસેવા આદરી હતી, તે વખતે કાશ્મીરના પ્રદેશપતિનો આ વિસંવાદ કર્કશ જણાતો હતો.

એટલે એમ કહેવાતું કે કાશ્મીરનો પ્રાદેશિક માથાભારે થઈ ગયો છે. એ ધર્મઘોષણાના સ્થાને વારંવાર યુદ્ધઘોષણા કરતો રહે છે.

એ વાત સાચી હતી કે એની બહાદુરી વડે અને એની નિત્યજાગૃતિ વડે જ એ યવનોના વિદેશી આક્રમણકારોને વારંવાર ખાળી શકતો હતો[1] અને એક ચાર તસુની ચીંદરડી પણ મહારાજ અશોકના મહાન સામ્રાજ્યમાંથી એની એ રણભેરીના પ્રતાપે હજી સુધી તો ઓછી થઈ ન હતી. પરંતુ એમાંથી જ મહારાજની રાજનીતિને અસર કરનારી વાતો ઊભી થતી. ગાંધાર કમ્બોજ ને આસપાસના પ્રદેશમાં તેમજ સમુદ્રપાર ને હિમાદ્રિકંદરાઓની પણ પેલી બાજુ મહારાજ અશોકની ધર્મભેરીનો જે પ્રભાવ સ્થાપિત થવા માંડ્યો હતો, અને ધીમેધીમે બધાને લાગવા માંડ્યું હતું કે મહારાજ અશોકની ધર્મઘોષણાનો અભિનવ પ્રયોગ જ સાચો પ્રયોગ છે, એ માન્યતામાં આ પ્રાદેશિકનું વર્તન સોનાની થાળીમાં લોહકિલ સમું દેખાતું હતું, એક આડખીલી જેવું બની જતું હતું.

યોનપ્રદેશમાં અને મિસ્રમાં અને મકદુનિયાની ગ્રીક પ્રજામાં એવી વિરોધવાત પણ ચાલતી હતી કે મહારાજ અશોક પોતાના જ પ્રદેશમાં આ ધર્મઘોષણાનો સફળ પ્રયોગ કરી શકતા નથી ને આપણે ત્યાં એના ધર્મમહારથીઓ વાતો કરતાં થાકતા નથી.

એ લોકાપવાદને નિર્મૂળ કરવા માટે આ પ્રાદેશિકને અમાત્ય રાધાગુપ્તે પોતે જ બોલાવ્યો હતો. એને ગુપચુપ આવી જવાનું એણે કહેવરાવ્યું હતું. એ ગુપચુપ પાછો ફરી જવાનો હતો, જેથી કાશ્મીર-પ્રદેશમાં કોઈ વિદ્રોહ એની ગેરહાજરીમાં જાગી ન ઊઠે. તક્ષશિલા વિદ્યાધામમાં જઈ આવવા માટેનું કામ કાઢીને એ ત્યાંથી નીકળ્યો હતો અને આંહીં આવી ગયો હતો. એટલે એના આવવાની કોઈને જાણ

૧. સ્મિથ, મુકેરજી; બારુઆ.

કરવામાં આવી નહોતી.

મહાઅમાત્ય રાધાગુપ્તે એને ખાસ બોલાવ્યો, એમાં, રાધાગુપ્તને ઊંડેઊંડે એક બીજી ચિંતા કોતરી ખાતી હતી, એ પણ કારણ હતું. વર્ષો સુધી મહારાજ અશોકની ધર્મઘોષણાનો અદ્ભુત પ્રભાવ એણે ફેલાતો જોયો. એણે પોતાની રાજનીતિ એક બાજુ મૂકી દીધી. એ રાજનીતિને ગૌણ બનાવી દીધી, લગભગ નિષ્ક્રિય કરી નાખી.

ઘડીભર લાગ્યું કે ધર્મપ્રભાવ વડે પ્રજા-પ્રજા વચ્ચેનાં ઘર્ષણ શમી જશે.

મહારાજ અશોકનો ધર્મપ્રભાવ બધે જ વિજયી બનીને વિસ્તરવા માંડ્યો.

પણ આજ હવે એ જોઈ રહ્યો હતો કે આ એક તરફનું 'અતિ' પણ હાનિકારક હતું. પ્રજામાં જે સત્ત્વ જોઈએ તેના વિના પ્રજા પ્રજા તરીકે કોઈ દિવસ રહી જ ન શકે, એનો આમાં હ્રાસ થતો હતો. આક્રમણકારો ભાગ્યે જ પોતાની વાતને છોડવા માગતા હતા અને આક્રમણકારોને જ્યારે આ વાત ન સ્પર્શે, ત્યારે માત્ર બે જ રસ્તા રહેતા હતા – આક્રમણકારોને નમવા-ભજવાનો અથવા વર્ષો સુધીની આક્રમણકારોની ધૂંસરી ઉપાડવાનો. રાધાગુપ્તના દિલમાં આ વાતની ભારે ચિંતા હતી. મહારાજનો પ્રભાવ અલૌકિક હતો. એમણે તો મૃદુતાથી, દાનથી, પ્રેમથી, પોતાની અદ્ભુત વાણીથી, સામાજિક કાર્યોની પરંપરાથી, બધાને જીત્યા હતા એમ કહી શકાય. મહારાજ અશોકનો વિપુલ ધનભંડાર માનવકલ્યાણ માટે એટલો વપરાયો હતો કે માનવજાતમાં મહારાજનું નામ અચળ થઈ ગયું હતું. છેલ્લેછેલ્લે મહારાજના દિલમાં એ જ ધર્મ મહેચ્છા પણ જાગી હતી. એમને શતકોટી દ્રવ્ય વાપરવું હતું. તમામ દાનેશ્વરીઓમાં શ્રેષ્ઠ થવાનું એમનું સ્વપ્ન હતું.

આ મહેચ્છામાં એમણે લક્ષ મોંએ કાર્ષાપણ વાપરવા માંડ્યા હતા – બૌદ્ધ ધર્મના સંઘો બોલાવવામાં, એમના પરિચયમાં, એમના આતિથ્યમાં, એમના ધર્મ-ઇતિહાસની સ્મૃતિઓ જાળવવામાં.

મહારાજ જ જાણે બૌદ્ધ ધર્મના સંઘપતિ સમા બની ગયા હતા.

રાધાગુપ્ત સ્તબ્ધ બનીને આ જોઈ રહ્યો.

એના મનમાં ઊંડેઊંડે એક ચિંતા હતી. આનું પરિણામ છેવટે શું હશે? મહારાજનો પ્રભાવ નહિ હોય ત્યારે શું થશે? આક્રમણકારોનો સામનો કોણ કરશે? રાજ શી રીતે ટકશે? આ વસ્તુ અટકશે ક્યાં જઈને? અનેક પ્રશ્નો એને સતાવતા હતા.

અને છતાં ખૂબી આ હતી. મહારાજ અશોકના સાન્નિધ્યમાં બેસતાં તો એને પોતાને પણ લાગતું કે પોતે પણ સાધુ હોય ને ધર્મમહામાત્ર થઈને સર્વત્ર શાંતિની હવા પ્રગટાવવા માટે ફરતો હોય! સાચું જીવન એ હતું, પણ.... છેવટે

એને થતું કે એ મગધનો મહાઅમાત્ય હતો.

મહારાજ અશોકે તો પળેપળે માનવમાનવની વચ્ચે શાંતિ સ્થાપવાનો જ વિચાર કર્યો હતો.

એને પરિણામે મહારાજના સાન્નિધ્યમાં બેસનારો કોઈ પણ એમના પ્રભાવથી પ્રભાવિત થયા વિના ન રહે એ સ્વાભાવિક હતું. છતાં બીજો કોઈ આક્રમણકાર આંહીં યુદ્ધ નહિ લાવે એ વાત હજી ઘણી દૂરદૂરની હતી.

રાધાગુપ્તે આ પ્રાદેશિકને બોલાવ્યો હતો, એમાં એક હેતુ એ પણ હતો. મહારાજના સાન્નિધ્યની શાંતિહવામાં એને પળ-બે-પળ બેસારીને ધર્મઘોષણાની વાત સમજાવવી અને એ રીતે આક્રમણકારોને વશ રાખવાની નવી વાત એને કહેવી. અને તે છતાં એ પ્રદેશમાં આક્રમણ આવે જ તો શું થઈ શકે – આંહીંથી શું થવું જોઈએ એ પણ એની પાસેથી બરાબર જાણી લેવું. અત્યારે તો અન્તિયોક, સેલ્યુકસનો પૌત્ર, શાંત હતો, મિત્ર હતો, પણ એ છતાં મગધ ઊંઘમાં સપડાયું એમ કહેવાવું ન જોઈએ. આ પ્રદેશપતિ અન્તિયોકની નિકટમાં હતો.

પણ આ બધી વાતો કરતાં ખરી રીતે વધુ ચિંતા જન્માવનારી વાત તો તદ્દન જુદી જ હતી. એ તદ્દન ગુપ્તમાં ગુપ્ત વાત એને કાને હમણાં છેલ્લાછેલ્લા સમયમાં બે ત્રણ વખત આવી ગઈ. ભયંકર ચિંતાજનક તો એ વાત હતી.

આ પ્રાદેશિક પોતાને મગધમહારાજ્યનો વારસ માનતો હતો. શા માટે એ એમ માનતો હતો તે કોઈ કહેતું નહિ. પણ એ વાત જો એમ ને એમ ફેલાવા દેવામાં આવે, તો ભવિષ્યમાં કોઈ દિવસ એ મગધ-મહારાજ્યને જ ઉખેડી નાખનારી બને. એના કરતાં પણ એની રાણી ઈશાનદેવીની મહત્ત્વાકાંક્ષા વધતી હતી. એટલે ફરીને મહારાજ અશોકના રાજ્યાભિષેક-સમયની ચંડતા પ્રગટે. એનો પ્રદેશ વિદેશી આક્રમણકારોના સાન્નિધ્યમાં હતો. એ વાત પણ આમાં ઘણી મહત્ત્વની હતી.

રાધાગુપ્તે એટલા માટે એને આંહીં બોલાવ્યો હતો.

દ્વારપાલે જુવાનની મુદ્રિકા જોઈ. એને ખાતરી થઈ ગઈ કે આ એ પ્રાદેશિક જ છે અને તરત એ બે હાથ જોડીને એક તરફ ઊભો રહી ગયો.

અશ્વારોહી આગળ વધ્યો.

દુર્ગમાં પ્રવેશ કરીને એ થોડી વાર થોભ્યો. એને આ બધું અદ્‌ભુત લાગતું હતું. આવી ભવ્યતા એણે ત્યાં ડુંગરી પ્રદેશમાં કોઈ દિવસ જોઈ ન હતી. એ આ તરફ પહેલી વખત આવતો હતો.

તે દ્વારપાલને કાંઈક પૂછવા ઊભો રહ્યો.

'મહાઅમાત્ય રાધાગુપ્ત.....એમનો આવાસ.....'

'પ્રભુ ! પશ્ચિમ દિશાના રસ્તે, ત્રીજો મહાન આવાસ.....ત્યાંનો શિખરદીપક

તો આંહીંથી દેખાય.....જુઓ.'

જુવાન થોડી વાર એ દિશામાં જોઈ રહ્યો. સોનેરી મયૂરની કલગીમાં એક દીપશિખા શોભી રહી હતી. ચારે તરફની નગરીની શોભા જોતો એ થોડી વાર થોભ્યો.

'અદ્ભુત !' એનાથી એક ઉદ્ગાર નીકળી ગયો.

પછી એણે મહાઅમાત્યના આવાસ તરફ અશ્વને જવા દીધો.

૩

જાલૌક કોણ?

કાશ્મીરનો પ્રાદેશિક જાલૌક મહાઅમાત્ય રાધાગુપ્તના મહાલય પાસે આવીને થોભ્યો. તે અશ્વ ઉપરથી નીચે ઊતર્યો. એક પણ શબ્દ બોલ્યા વિના તેણે દ્વારપાલના હાથમાં પોતાની રાજમુદ્રિકા આપી. 'હમણાં જ મળવાનું છે.' એણે કહ્યું: 'મહાઅમાત્યને આ મુદ્રિકા દેખાડો. મારું કામ અત્યંત અગત્યનું છે. હું છેક કાશ્મીરથી આવું છું!'

આશ્ચર્ય પામતો દ્વારપાલ અંદર ગયો. મુદ્રિકા જોઈને રાધાગુપ્ત પહેલાં તો નવાઈ પામી ગયો. પ્રદેશપતિ આટલી ત્વરાથી આવી પહોંચશે એમ એણે ધાર્યું ન હતું.

એની આજ્ઞા મળતાં તરત જ જો એ કાશ્મીરમાંથી નીકળ્યો હોય – એક પળના પણ વિલંબ વિના – તો જ આટલી ત્વરાથી આંહીં આવી પહોંચ્યો હોય.

અને રાધાગુપ્તને લાગ્યું કે આ વાત ઘણી સૂચક હતી. જાલૌક વિષે અનેક વાતો આંહીં આવતી હતી. એક વાત એવી પણ આવી હતી કે એ તો પોતાને જ મગધપતિ માને છે.

રાધાગુપ્તે આ વાતને ઊગતી જ દાબી દેવા માટે તો એને ત્વરાથી આંહીં બોલાવ્યો હતો.

પણ એના મનમાં વર્ષો પહેલાંની એક ઘટના અત્યારે રમતી હતી. એની મુદ્રિકા જોતાં સુરેખ યાદી આવી ગઈ.

મહારાજ અશોક તે વખતે મહારાજ ન હતા.

તેઓ પ્રચંડ અશોક હતા, પણ તેમની પ્રચંડતાને એક મૃદુ સ્ત્રી પોતાની મૃદુતાથી વશ રાખી રહી હતી. એ ગુપ્ત પ્રેમની કથા સાથે એક જાલૌકનું નામ સંકળાયેલું હતું.

એ મૃદુ નારી તો ગઈ. પણ એણે પોતાના શિશુના હિત માટે છોડેલું એક

માદળિયું ગુપ્તલિપિમાં આ જાલૌકનું નામ જાળવી રહ્યું હતું અને એને અશોકના કુમાર તરીક દર્શાવી રહ્યું હતું.

એ વિધિલેખ અત્યારે રાધાગુપ્ત પાસે જ હતો.

એના મનમાં અનેક વિચાર ઘોળાતા હતા. એ જ શિશુ આ જાલૌક? કે પછી આ બીજો કોઈ જાલૌક હશે? પણ એ ગમે તે હોય, એણે આ વાત અત્યારે ભોંમાં ભંડારી રાખવાની હતી. એણે એ વાત મનમાંથી અત્યારે કાઢી જ નાખી. કાશ્મીરનો પ્રદેશપતિ પોતાને મળવા આવ્યો છે, એ જ વાત મુખ્ય માની. અને મહારાજની ધર્મઘોષણા પ્રમાણે જ ત્યાંની રાજનીતિ પણ ઘડાતી રહે એટલું એને અત્યારે જોવાનું હતું.

એણે દ્વારપાલને તરત પ્રવેશની અનુજ્ઞા તો આપી દીધી, પણ એ પોતે વિચારમાં પડી ગયો હતો. ત્યાં મંત્રણાખંડમાં એના આવવાની પ્રતીક્ષા કરતો એ શાંત બેઠો. એના વિષે એણે બીજું પણ ઘણું સાંભળ્યું હતું. પ્રતિવેદકોએ પણ એને ઘણુંઘણું કહ્યું હતું. પણ પ્રત્યક્ષ તો આજ પહેલી જ વાર એ એને મળવાનો હતો.

પણ એના વિષે રાજકીયદષ્ટિએ મહત્ત્વનું આ હતું. એ પોતાને રાજકુમાર તરીકે ક્યાં ક પ્રગટ કરી ન બેસે, મહારાજ પાસે એ જ વાત કરી ન બેસે. રાધાગુપ્ત એ વિચારમાં પડી ગયો હતો. જે ત્વરાથી એની આજ્ઞા એણે ઉપાડી લીધી હતી અને આંહીં તત્કાલ આવી પહોંચ્યો હતો એ વસ્તુ રાધાગુપ્તને ઘણી સૂચક લાગી હતી.

એના મનમાં અનેક વિચારો આવી ગયા. એને પ્રદેશપતિ એક કોયડા સમાન જણાયો. એના વિષે પ્રતિવેદકોએ બીજી પણ ઘણી વાતો કહી હતી. એટલે આ એની ત્વરા એ રાજઆજ્ઞાને સત્વર અનુસરવાની એની તત્પરતા હતી? કે ત્યાંની કોઈ પરિસ્થિતિએ એને તત્કાલ આ તરફ દોડાવ્યો હતો? કે પછી એ પોતાનો જ પ્રશ્ન લઈને દોડતો આવ્યો હતો? કે પ્રદેશપતિ તરીકે આજ્ઞાધીન હતો? સાચું શું હતું?

એની વાત બરાબર ખીલે ન બંધાય, તો એ સામ્રાજ્ય માટે આજે નહિ પણ તો આવતી કાલે એક મહા ભયંકર પ્રશ્ન જેવો થઈ પડે.

એની વાતમાં જરા જેટલો પણ તથ્યાંશ હોય, તો પરિસ્થિતિ સ્ફોટક બની જતી હતી. જો એ જાણતો હોય કે એનું પણ રાજવારસામાં નામ છે, તો એ શેનો શાંત રહે – અને તે પણ જ્યારે મગધનું મહાબળવાન સૈન્ય એની પાસે છે ત્યારે?

રાધાગુપ્તને આ વાતનો મનમાં ઉદ્વેગ હતો.

જ્યારે એના પોતાના મનમાં પણ ઊંડેઊંડે શંકા જાગી ગઈ હતી કે હવે આ સામ્રાજ્યને ટકાવશે કોણ? એ વાતનો પ્રત્યુત્તર કદાચ આ પ્રદેશપતિ આપે,

દૂરદૂરની એવી એક આશા, એના મનમાં થોડીઘણી પણ આવી ગઈ.

એને શી રીતે બરાબર માપી જોવો, એ એક કૂટપ્રશ્ન હતો. એના વિષે ઘણાં દષ્ટિબિંદુથી વિચારવું પડે એટલી વાતો ભેગી થઈ હતી.

પહેલી વાત તો એ હતી કે સામ્રાજ્યનું શ્રેષ્ઠ ગણાય તેવું સૈન્ય અત્યારે એની પાસે હતું. સેલ્યુકસના પૌત્ર અન્તિયોકના પ્રદેશની એ ઘણો નજીક હતો. એનો સાખપાડોશી ગણાય. એ ધારે તો એને મેળવી પણ લઈ શકે.

તક્ષશિલા ગાંધાર – એ બધાંની સહાય લઈને એ દિશાનું એક અનોખું રાજ્ય એ સ્થાપી શકે. આ બધી શક્યતા એને માટે હતી, જો એના મનમાં પાટલિપુત્રનો દ્રોહ હોય તો. એ પોતે જે દાવો કરતો, તે આ રીતે જ એ પાર પાડે. એટલે એને પ્રદેશપતિ ગણવો, રાજકુમાર માનવો, અટપટો સેનાપતિ ગણવો, મગધની એકતાનો અરિ માનવો કે ભવિષ્યની આશાનો સ્તંભ માનવો કે કેવળ સૈન્યબળ ઉપર નિર્ભર એવો બળવાખોર ગણવો – એમાંથી એનું કયું સ્વરૂપ સાચું માનવું એ જાણવું અત્યારે ઘણું મુશ્કેલ હતું. જે ત્વરાથી એણે આંહીંનો પ્રવાસ કર્યો, તેથી તો વાત વધુ ગૂંચવણભરી થતી હતી. પ્રતિવેદકોએ તો વારંવાર કહ્યું હતું કે એને શ્રદ્ધા પોતાના બળ ઉપર છે. એને મહારાજની રાજનીતિ પણ ખપતી નથી. એ ખુલ્લંખુલ્લા બોલતો નથી એ ખરું, પણ જો પાટલિપુત્રમાં નબળાઈ દેખાય, તો કઈ દિશામાં એ ઢળે એ કહેવાય નહિ.

એ ભગવાન શંકરની ઉપાસના કરતો હતો. પોતાને મનમાં કાશ્મીરપતિ માનતો. મગધ સામ્રાજ્યનો પોતે જ ખરો વારસ છે એ વાત થોડાક સ્વજનોમાં જ અવારનવાર પ્રગટ પણ કરતો રહેતો. એની રાણી ઈશાનદેવી[૨], જે આ જાલૌકની પ્રેરણામૂર્તિ હતી, તે બળવાન, તેજસ્વી, પાતળી ઊંચી, પડછંદ, વજ્રરેખા સમી નારી એકચક્રી સ્વતંત્ર રાજનું સ્વપ્ન સેવી રહી હતી. એ ઘોડેસવારી કરતી સૈન્ય દોરતી, સમશેર ચલાવતી, અરિદળને ડારતી શક્તિદેવીની મહાન ઉપાસિકા હતી. એણે શક્તિદેવીનું મંદિર બાંધ્યું હતું. ત્યાં એ ઘણો સમય બળ મેળવવાની પ્રાર્થના કરતી દેખાતી.

એ માનતી કે ભવિષ્યના મહાન મગધ સામ્રાજ્યને જાળવવા માટે હવે એક જ રાજવંશી વારસ રહ્યો હતો – અને તે આ જાલૌક. આ એની દૃઢ માન્યતા હતી. એણે જ જાલૌકને પ્રેર્યો હતો.

જ્યારે આંહીં યુવરાજ કુમાર મહેન્દ્ર બૌદ્ધ સંઘનો સંદેશવાહક સાધુ બન્યો હતો. રાજકુમાર કુણાલ પોતાની બંસીમાં પોતે લીન હતો. તિષ્યકુમાર સાધુ થયો હતો. સુમનનો કુમાર પણ ભિખ્ખુ થયો હતો. સંઘમિત્રા ભિખ્ખુણી હતી. એનો પતિ

---

૨. રાજતરંગિણી પ્રમાણે.

અગ્નિકુમાર પણ ભિખ્ખુ જેવો હતો. એનો પુત્ર પણ એ જ વૃત્તિ ધરાવતો હતો. આખું રાજકુટુંબ ભિખ્ખુપંથે વળ્યું હતું. બીજું કોઈ હતું નહિ. રાજકુમાર જાલૌક એક જ મગધપતિ થવા માટે યોગ્ય હતો. એટલે ઈશાનદેવીનું આ સ્વપ્ન હતું, મગધમહારાણી થવાનું, નહિતર છેવટે કાશ્મીર-ગંધાર-તક્ષશિલાની મહારાણી થવાનું.

પણ હજી એટલું સારું હતું કે ઈશાનદેવીએ પોતાનું આ સ્વપ્ન પોતાના મંત્રણાખંડની દીવાલોમાં જ પૂરી રાખ્યું હતું, પણ એ એનું સ્વપ્ન હતું એ ચોક્કસ. એટલે ખરી રીતે તો અત્યારે જ રાધાગુપ્તને માથે એક મોટી જવાબદારી હતી.

આ જાલૌક એકલો આંહીં આવ્યો હતો – તો એ આંહીં જ રહી જાય એમ કર્યું હોય તો? એ વધારે ઠીક નહિ? એવી વાત પણ રાધાગુપ્તના મનમાં આવી ગઈ. એમ થાય તો ભવિષ્યનું ઘર્ષણ ન રહે. પણ એ કોઈ નિશ્ચય કરી શકતો ન હતો. એણે જાલૌકને મળવા માટે આંહીં બોલાવ્યો અને જે ત્વરાથી એ આવ્યો, એથી સ્પષ્ટ થતું હતું કે એના મનમાં કોઈ પણ રાજઆજ્ઞાના ઉલ્લંઘનની વાત તો હજી સુધી આવી ન હતી. એવી વાત હોય તો એ આમ આટલી ત્વરાથી એકલો દાડતો ન આવે.

રાધાગુપ્ત એના આવવાની પ્રતીક્ષા કરતો ત્યાં શાંત બેઠો. એને કોઈ દિવસ એ પ્રત્યક્ષ મળ્યો ન હતો. એને જોવા-જાણવાનું કુતૂહલ પણ એના મનમાં હતું.

થોડી વારમાં જ એણે ત્યાં દ્વારમાં એક પ્રચંડ, શક્તિશાળી, પડછંદ તેજસ્વી યુવાનને આવતો જોયો. નખશિખ તે શસ્ત્રસજ્જિત હતો. અને શસ્ત્રો એને શોભતાં હતાં. એની આંખમાં એક દુર્ઘર્ષ પ્રતાપનો અગ્નિ હતો. રાધાગુપ્ત એને જોતાં પહેલાં તો નવાઈ જ પામી ગયો. એને થયું કે આ જાલૌક? તો-તો એની વાત રુચે કે ન રુચે, પણ માણસ ખરેખર પ્રતાપી હતો. એના પ્રતાપની સ્પષ્ટ છાપ એની મુખમુદ્રામાં બેઠી હતી. તે શાંત પગલે આગળ આવી રહ્યો હતો.

રાધાગુપ્તે એને વધારે તીક્ષ્ણદૃષ્ટિથી જોવા મંડ્યો. એને ખાતરી થઈ કે એ દેખાય છે એનાથી પણ વધુ શક્તિશાળી છે.

તે રંગે ગોરો, મુખમુદ્રામાં પ્રતાપી, તેજસ્વી, શક્તિશાળી, અણનમ રણયોદ્ધા સમો, શૌર્યમૂર્તિ જણાતો હતો. એના સાનિધ્યમાં ઊભનાર ગમે તે હોય પણ એક ઘડીભર તો પોતે લઘુ છે એમ અનુભવ્યા વિના ન રહે. સામાને પોતાની લઘુતાનું ભાન થયા વિના રહે નહિ એવી એની સુંદર, ઉન્નત, પ્રતાપી દેહયષ્ટિ હતી. તે ઊંચો હતો, છતાં ઊંચો લાગતો ન હતો. કેવળ પ્રતાપી જણાતો હતો. વજ્જર-યોદ્ધાની અડગતાથી એ આગળ આવ્યો. મહાઅમાત્ય ઉપર દૃષ્ટિ પડતાં જ તે ત્યાં થોભી ગયો. તેણે અત્યંત વિનમ્રતાથી બે હાથ જોડ્યા. માથું નમાવ્યું. રાધાગુપ્તને બહુમાન આપતો હોય તેમ તે થોડો નીચો નમ્યો. રાધાગુપ્ત આ બધું

બરાબર અવલોકી રહ્યો હતો. તેનું આશ્ચર્ય વધતું હતું. તેણે ત્વરાથી કહ્યું:'આવો આવો, પ્રદેશપતિ! આવો. હું તમારી જ રાહ જોતો બેઠો છું. મહારાજનો પ્રતિવેદક થોડા વખત પહેલાં જ આવી ગયો. મહારાજને તક્ષશિલાના છેલ્લાછેલ્લા સમાચાર મેળવવા છે. પોતે ત્યાં હતા, એટલે ઘણાને તો નામથી ઓળખે નાં? તેથી જાણવા માટે વધારે આતુર રહે છે. બોલો, શા છે તક્ષશિલાના સમાચાર? પહેલું એ કહો. પછી બીજી વાત. વિદ્રોહની કાંઈક હવા છે એ સાચું? સમજાતું નથી કે ત્યાં ખરેખરો શો વાંધો છે? પ્રતિવેદકો અધિકારીઓનો દોષ કાઢે છે; અધિકારીઓ લોકનો દોષ કાઢે છે. સાચી વાત શી છે એ જાણવા માટે મેં તમને બોલાવ્યા છે. સામે પેલા ચંદન-આસન ઉપર બેસો.... તમે તો આંહીંથી સમાચાર મળતાં તરત નીકળ્યા લાગો છો?'

'હા, પ્રભુ! તરત.'

જાલૌક ત્યાં ચંદન-બાજોઠ ઉપર બેઠો. તે રાધાગુપ્તની સામે જોઈ રહ્યો. એણે આસપાસ દૃષ્ટિ કરી. ચારે તરફનાં દ્વારોની જવનિકાની પાછળ સશસ્ત્ર યવનીઓને ઊભેલી એણે દીઠી. એને મહાઅમાત્ય ઘણો વિચક્ષણ લાગ્યો. એક પળ પણ એ એકલો રહેતો નહિ હોય, તેમ એ કોઈનો વિશ્વાસ પણ કરતો નહિ હોય. બોલ્યા વિના જ થોડી વાર એ શાંત બેઠો રહ્યો.

'તમે બરાબર સમયસર આવી ગયા ન હોત – તો તમારે દુર્ગની બહાર જ થોભવું પડત. મને એ ચિંતા હતી. મેં કોઈ દુર્ગરક્ષકને કહેવરાવ્યું ન હતું. કહેવરાવવા જેવું લાગ્યું હતું – પણ વળી થયું કે કોઈ ન જાણે, એ જ ઠીક છે. એક માત્ર મહારાજ તમારા આવવા વિષેના સમાચાર જાણે છે. બીજા કોઈને આંહીં ખબર નથી. બહુ વાત ફેલાવવામાં સાર નહિ. મહારાજ આતુર છે કે ત્યાં – એ પ્રદેશમાં, – જો મહારાજની ધર્મઘોષણા સ્થપાઈ જાય ને શાંતિનો પંથ બધા સ્વીકારતા થાય, તો એ ઘોષણાનો પડઘો છેક રોમ સુધી પડે! અને મહારાજની આ શાંતિની વાત એ વિશ્વવાત બની જાય! મહારાજ આ માટે ઘણા જ આતુર છે.'

જાલૌક કાંઈ બોલ્યો નહિ. તે શાંતિથી સાંભળી રહ્યો.

'કેમ કાંઈ બોલ્યા નહિ?'

'શું બોલું?' જાલૌક કાંઈક ન સમજતો હોય તેમ બોલ્યો:'મને અસત્ય ફાવતું નથી ને સત્ય કહેવાતું નથી.'

'કેમ એમ બોલ્યા?'

'પ્રભુ! આટવિકોને મહારાજ ધર્મઘોષણાથી મેળવી શક્યા. મહારાજે એમના કલ્યાણ માટે કૈં-કૈં પ્રયત્નો કર્યા છે. એ વાત ત્યાં પણ આવી છે. પણ આ દિશા જુદી છે, દેવ! મારો વર્ષોનો અનુભવ કહે છે કે આપણો સંદેશો તો ત્યાં

પહોંચવાનો છે – મહારાજની આજ્ઞા પ્રમાણે ઠેર ઠેર ધર્મઘોષણા કરતા સ્તમ્ભો મેં ઊભા પણ કરાવી દીધા છે – પણ પ્રભુ! મને શંકા રહે છે. આપણો સંદેશો ત્યાં પહોંચવાનો નથી, ત્યાં કાંઈ કરવાનો નથી!'

'કેમ એમ નિરાશા બતાવો છો, પ્રદેશપતિ? મહારાજના સાન્નિધ્યમાં હું તમને લઈ જઈશ અને તમને ખાતરી થશે કે મહારાજ વિશ્વશાંતિ સ્થાપવા માટે કૃતનિશ્ચય છે, ભગીરથ પ્રયત્ન કરે છે. અને આંહીં ભારતવર્ષમાં તો એમણે ચમત્કાર સર્જ્યો છે. ચોલ, પાંડ્ય – બધા જ મહારાજના શબ્દોને પ્રેમથી અનુસરતા થયા છે! પોતાના સામ્રાજ્યમાં અંતર્ગત ન હોય એવા પ્રદેશમાં પણ મહારાજે ઔષધાલયો ઊભાં કરી દીધાં છે. ઔષધો મોકલ્યાં છે. વનસ્પતિઓ વવરાવી છે. તમામની માનવસેવા આદરી છે. એનો પડઘો બધે ઊઠ્યો છે. તમારે ત્યાં પણ એ ઊઠવાનો. વખત જશે, પણ પડઘો પડશે.'

જાલૌકે બોલ્યા વિના માથું ધુણાવ્યું:'પ્રભુ! મારી બુદ્ધિ હજી કુંઠિત છે. ચિત્ત વિમલ નથી. પણ મહાભારત ઊભું કરનાર, શકુનીના પ્રદેશને, હું માનું છું કે હું વધારે ઓળખું છું. મહારાજની આજ્ઞાનો શબ્દે શબ્દ અમે અનુસરીએ છીએ..... પણ.... પણ હમણાં જવા દઈએ એ વાત.' જાલૌકે વાત ટૂંકાવતો હોય તેમ કહ્યું:'મ્હારું ચિત્ત આસવોથી ભરેલું છે. એમાં રાગ છે. દ્વેષ છે, વૈર છે, કટુતા છે.... બધું છે, પણ પ્રભુ! એમાં બે બીજી વસ્તુ પણ છે!'

રાધાગુપ્તને પ્રદેશપતિની વાત સમજવા જેવી લાગી. પોતે મનમાં જે ઊંડેઊંડે વિચારી રહ્યો હતો, તેનો જ એ ખરી રીતે પડઘો પાડતો હતો.

ક્યાંકથી વાત જાણીને કે કળીને, કેવળ પોતાને ખુશ કરવા માટે આવી વાત કરતો ન હોય, તો જુવાન દીર્ઘદૃષ્ટિવાળો હતો, એમ રાધાગુપ્તને લાગ્યું. એના મનમાં પણ ઊંડેઊંડે આ જ વાત હતી. એને એની વાતમાં રસ પડ્યો. તેણે તેની સામે જોયું:'કઈ બે વસ્તુ?'

'એક તો જાણે, દેવ! દેશપ્રેમ..... હું ભારતવર્ષને અનન્ય માનું છું. એનાં પર્વતો ને નદીઓ અનન્ય છે એમ નહિ, એનો શીલસંસ્કાર અનન્ય છે. એ જાળવવા જેવો છે. કોઈક દિવસ વિદેશીઓને પણ એ જીતે – પોતાના સંસ્કારથી. એ હું માનું છું.'

'બરાબર.... અને બીજી?.....'

'અને બીજી – પણ મને લાગે છે, હમણાં હું તમને એ ન કહું. સમય આવ્યે પ્રગટ કરીશ. મારે કોઈનાથી કાંઈ છુપાવવાનું નથી. છુપાવવામાં હું માનતો નથી. પણ હું મારી જાતને ખોટી રીતે તમારી પાસે મૂકવા માગતો નથી. હું ભગવાન તથાગતને પૂજ્ય ગણું છું, અલૌકિક ગણું છું. એમનો શાંતિસંદેશ આખા વિશ્વ

માટે છે, એ માનું છું. મારા પ્રદેશ માટે પણ છે, બધા માટે છે, છતાં....

અતિશય શાંતિને કાયરતા ગણનારા પણ દુનિયામાં હોય જ છે..... અને હોવાના જ..... એવા માટે થઈને મેં એક જીવનધર્મ સ્વીકાર્યો છે – અને તે આ.....' જાલૌકે પોતાની લાંબી તલવાર ઉપર હાથ મૂક્યો.

'હું ભગવાન ત્રિશૂળધારી શંકરનો ઉપાસક છું. એ મારા ઉપાસ્ય દેવ છે. ભગવાન તથાગત પૂજ્ય ને આરાધ્ય છે..... હું મારી વાત છુપાવતો નથી.'

રાધાગુપ્તને પ્રદેશપતિની વાત વધુ જાણવા જેવી લાગી. તેણે ઉત્સાહભર્યા અવાજે કહ્યું:'એ તો મહારાજ પણ ઇચ્છે છે. સૌ પોતપોતાનો જીવનધર્મ પાળે. એ જીવનધર્મને વિશ્વધર્મ સાથે મેળમાં રાખે.... વિશ્વધર્મ વિશ્વશાંતિનો ધર્મ છે. એ મહાન છે. જીવનધર્મ વ્યક્તિની શાંતિનો ધર્મ છે. એ પણ મહાન છે. હા, પણ તમે તમારી બીજી વાત કહી નહિ. તમારી દિલની એક વસ્તુ દેશપ્રેમની છે અને બીજી? બીજી કઈ છે?'

'પ્રભુ! એ ન કહું તો?'

'મારામાં વિશ્વાસ ન હોય તો ભલે, ન કહો.'

'ત્યારે બીજી વાત....' જાલૌક બોલવા જતો હતો તે અટકી ગયો. તેણે કોઈને આવતો જોયો.

'બીજી વાત શી છે?' રાધાગુપ્તે મહારાજના પ્રતિવેદકને આવતો જોયો, એટલે ઉતાવળે પૂછ્યું, 'બીજી વાત કઈ છે? આ મહારાજનો પ્રતિવેદક આર્ય આવતો લાગે છે.....'

'બીજી વાત, મારી પોતાની જાત વિષે છે, પ્રભુ!'

'તમારી જાત વિષે?'

પ્રતિવેદક ત્યાં દ્વારમાં દેખાયો.

'હવે ક્યારેક યોગ્ય સમયે કહીશ.....' જાલૌક બોલતો બંધ થઈ ગયો.

પણ રાધાગુપ્ત એના એ એક શબ્દથી ઊંડા વિચારમાં પડી ગયો. બીજી વાત જાત વિષે છે એમ એણે કહ્યું એનો શો અર્થ? આને પોતાના ખરા સ્થાન વિષેની બરાબર માહિતી મળી ગઈ હશે કે શું હશે? અને જો એમ હોય તો-તો આને સાચવવો પડે. અને અત્યારે મહારાજે જો એને બોલાવ્યો હોય, તો-તો ભારે થાય. એ ક્યાંક ત્યાં વાત બાફી મારે. મહારાજે બોલાવ્યો હોય તો પણ અત્યારે તો એને ન જ લઈ જવો. પરિશ્રમનું બહાનું આપવું. એણે જાત વિષે શું છે તે જાણવાની ફરી ઇચ્છા પણ કરી. પણ પ્રતિવેદકને આવતો જોઈને એણે મોટેથી વધુ કાંઈ પૂછ્યું નહિ.

૪

'જાલૌક! તું જ મગધપતિ છે!'

મહારાજ અશોકે આખા દેશમાં એક ઘોષણા કરાવી હતી[૩]: 'હું ભોજન કરતો હોઉં, રથમાં હોઉં, ઉદ્યાનમાં હોઉં અને અંતઃપુરમાં રાણીવાસમાં હોઉં તોપણ જે સમાચાર મને ત્વરાથી આપવાના હોય, જેમાં લોકો માટે તત્કાલ કામ કરવું પડે એવા સમાચાર હોય, તો પ્રતિવેદકોએ એ મને તરત આપવા, પછી હું ભલે ગમે ત્યાં હોઉં – આવી આજ્ઞા મેં કરી છે. હું પળેપળે રાજકામ કરવા માગું છું. લોકહિતનું કોઈ કામ ટલ્લે ચડે એ મને ગમતું નથી. લોકહિતના કામથી વધારે સુંદર એવું કોઈ કામ નથી. એટલે મેં એમ ઠરાવ્યું છે કે હું ગમે ત્યાં હોઉં, ગમે તે કામમાં હોઉં, પ્રતિવેદકો મને તરત સમાચાર પહોંચાડે ! નિદ્રામાં હોઉં તો જગાડે, અંતઃપુરમાં હોઉં તો ઉઠાડે, રથમાં હોઉં તો રથ થોભાવે, પણ મને લોકકાર્યના સમાચાર તો તરત પહોંચાડતા રહે.'

મહારાજની આ ઘોષણા થયા પછી પ્રતિવેદકોનું મહત્ત્વ ઘણું વધ્યું હતું. એમને ગમે તે સમયે ને ગમે ત્યાં મહારાજ પાસે જવાની છૂટ રહેતી.

અત્યારે બે ત્રણ યામ રાત્રિ તો વીતી ગઈ હતી. થોડી વારમાં મહારાજનો નિદ્રાનો સમય થવાનો. પણ મહારાજનો પ્રતિવેદક અત્યારે આવીને મહાઅમાત્યને ત્યાં ઊભો રહ્યો. રાધાગુપ્તને નવાઈ લાગી. પણ મહારાજની ગમે તે પળે કાર્ય કરવાની રીતથી એ ટેવાયેલો હતો.

એને જોતાં જ રાધાગુપ્તે કહ્યું : 'કેમ આર્ય ! શું છે ? મહારાજ ક્યાં છે ?'

'મહારાજે મને મોકલ્યો છે, પ્રભુ !' આર્યે બે હાથ જોડ્યા. 'મહારાજ તમને યાદ કરે છે !'

'અત્યારે ?'

'હા, મને આજ્ઞા છે : જરૂરી લોકકલ્યાણનું કામ છે. મહાઅમાત્ય ત્વરાથી આવે.'

---

૩. અશોકના શિલાલેખો પ્રમાણે.

'પણ બીજા કોઈને સાથે લાવવાનું કહ્યું છે?' રાધાગુપ્તે ત્વરાથી પૂછ્યું.

આર્યે કાશ્મીરના પ્રદેશપતિ જાલૌક તરફ જોયું. એ એને ઓળખતો હતો. એના પ્રદેશના વિદ્રોહ વિષે એણે જ મહારાજને પ્રતિવેદન કર્યું હતું. અત્યારે મહારાજ એટલા માટે તો કદાચ રાધાગુપ્તને બોલાવતા હોવા જોઈએ. તેણે જાલૌકને તરત હાથ જોડ્યા, માથું નમાવ્યું. મહાઅમાત્યને પ્રત્યુત્તર વાળ્યો:'ના, બીજા કોઈને લાવવાનું કહ્યું નથી!'

રાધાગુપ્તને છુટકારાનો દમ ખેંચ્યો, મોટેથી કહ્યું :

'કદાચ મહારાજને ખબર નહિ હોય કે કાશ્મીરથી પ્રદેશપતિ આવી ગયા છે!'

પ્રતિવેદક આર્ય કંઈ બોલ્યો નહિ. તેણે માત્ર એક અર્થભરી દૃષ્ટિ મહાઅમાત્ય પર નાખી. મહારાજને આવા અગત્યના ખબર હજી મળ્યા ન હોય, એટલા બધા પ્રતિવેદકોને અસાવધ સમજનાર પ્રત્યે એણે કેવળ મૌનથી જ ને બે હાથ જોડીને માથું નમાવતાં, જે ઉત્તર આપવાનો હતો તે આપી દીધો.

રાધાગુપ્ત તરત બેઠો થયો. તેણે બે હાથે એક તાળી પાડી. એક સશસ્ત્ર યવની ત્યાં દેખાઈ.

'વૃદ્ધા મહામાયા ક્યાં છે? એને કહે, આ આપણા અતિથિ છે. એમને માટે અતિથિગૃહમાં આરામથી રહી શકાય તેવી તત્કાલ ગોઠવણ કરે. જાલૌક પ્રદેશપતિ! તમે ત્યાં અતિથિગૃહમાં જરા આરામ કરો, ત્યાં હું આ આવ્યો. કદાચ મહારાજ તમને અત્યારે જ બોલાવે – એટલે કહી રાખું છું, તૈયાર રહેજો....'

રાધાગુપ્ત જતો હતો ત્યાં જ મહામાયા વૃદ્ધા દેખાણી. મહાઅમાત્યના ઘરની બધી ગોઠવણ એ કરતી લાગી. વૃદ્ધ શરીર છતાં તે ચપળ દેખાતી હતી. રાધાગુપ્ત પ્રતિવેદક સાથે બહાર નીકળ્યો કે તરત જાલૌક મહામાયા સાથે અતિથિગૃહમાં જવા ઊપડ્યો.

રાધાગુપ્તે જતાંજતાં ફરીને કહ્યું:'પ્રદેશપતિ! તમે પરવારીને તૈયાર તો રહેજો. તમને પરિશ્રમ ઘણો લાગ્યો છે. પણ મહારાજ પળેપળનો હિસાબ રાખે છે. વખત છે.....'

જાલૌક મહામાયા સાથે અતિથિગૃહમાં ગયો. મહાઅમાત્યના વિશાળ મહાલયને ચારે તરફ વનકુંજોની ઘટા ઘેરી રહી હતી. એમાં એક તરફ એક નાનું પણ સુંદર અતિથિગૃહ હતું. જાલૌક એ તરફ ગયો.

અતિથિગૃહમાં જાલૌક બેઠો અને થોડી વારમાં જ પરિચારકો અને દાસો એને ઘેરી વળ્યા. એણે ત્વરાથી પોતાનું કામ ઉકેલવા માંડ્યું. એટલામાં મહામાયા ફરીને દેખાઈ. તે અતિથિને ભોજનઘરમાં લઈ જવા માટે આવી હતી.

જાલૌકને રાધાગુપ્તના શબ્દો સાંભરતા હતા, એટલે એ ત્વરાથી આ બધું

આટોપી લેવા માગતો હતો.

જ્યારે મંત્રણાખંડમાં આવીને બેઠો, ત્યારે એના મનમાં અનેક વિચાર ઘોળાઈ રહ્યા હતા. પહેલો વિચાર તો એને એ આવ્યો કે મહારાજ અશોક એને બોલાવે તો શું કહેવું?

કાશ્મીર, તક્ષશિલા, ગાંધાર એ બધા પ્રદેશમાં મહારાજ, ધર્મઘોષણા પ્રમાણે મૃદુ શાસનનો આગ્રહ ધરાવતા હતા. રાધાગુપ્તે એને બોલાવ્યો હતો જ એટલા માટે. પણ એ બધો વિદ્રોહથી સળગતો પ્રદેશ હતો. વિદેશીઓની મહત્ત્વાકાંક્ષા ત્યાં હરપળે વધતી હતી. મહારાજને શો પ્રત્યુત્તર આપવો? કેમ ઉત્તર વાળવો? પોતાની જાત પ્રગટ કરવી કે ન કરવી? પ્રગટ કરે તો પ્રતીતિ માટે એની પાસે શું? કાંઈ જ નહિ. એની એવી વાત કોણ માને? તે મનમાં સમસમી ગયો.

એ પોતાના વિચારમાં મશગૂલ હતો, પ્રતિક્ષણે મહારાજના પ્રતિવેદકની રાહ જોતો હતો. એટલામાં વૃદ્ધા મહામાયાને એણે પોતાની સામે આવેલી દીઠી.

એને આમ બોલાવ્યા વિના આવેલી જોઈને એને નવાઈ લાગી. પણ મહાઅમાત્યની ઘરની એ ઘણી જૂની મુખ્ય દાસી હોવાથી કાંઈક વિશેષ માનની અધિકારી હશે, એમ માનીને એ શાંત રહ્યો.

મહામાયા ત્યાં ઊભી હતી, પણ તેની જીભ બોલુંબોલું થતી હતી. તે વાતોની રસિયણ હતી અને આંહીં અતિથિગૃહમાં જે કોઈ આવે, તેને નવાજૂની વાતો કહીને રીઝવવાની પોતાની કલા માટે એને અપૂર્વ માન હતું. બીજાને હતું કે નહિ એ સવાલ જુદો છે. પણ મહામાયા માનતી કે એ વાતવાતમાં આવનારા અતિથિને પ્રસન્ન કરી દેતી. મહાઅમાત્યે એટલા માટે જ એને ઘરનો કારભાર સોંપ્યો હતો.

પણ પોતાની જાત વિષે આવો ઊંચો ખ્યાલ હોવાથી, મહામાયા ક્યારની વાતો કરવાની તક જોતી ત્યાં બહાર ઊભી હતી અને અતિથિ જરાક સ્વસ્થ બેઠા છે એવું જોતાં જ અંદર આવી ગઈ હતી. તે એટલી વાતરસિયણ હતી કે એની જીભ બોલે તે પહેલાં એની આંખોમાંથી જાણે વાચા પ્રગટતી હતી અને મુખમુદ્રામાંથી શબ્દો નીકળતા દેખાતા.

'તમે તો આ તરફ પહેલા જ આવતા લાગો છો, પ્રભુ! હું વર્ષોથી આંહીં છું – મહાઅમાત્યનો અતિથિભાર બધો મારા ઉપર જ છે – પણ તમને તો પહેલા જ જોઉં છું!'

જાલૌકે નવાઈ પામતાં નિરુત્સાહી અવાજમાં ટૂંકો જવાબ વાળ્યો:'હા, હું પહેલી જ વખત આવ્યો છું.'

પણ એમ અતિથિના નિરુત્સાહથી નિરુત્સાહી બને એવી કાચી માટીની મહામાયા ન હતી. તે તો વધારે ઉત્સાહથી બોલી :

'હં, ત્યારે બરાબર. તમને કેવું લાગ્યું નગર?'

'હજી તો મેં પૂરું જોયું નથી.'

'પણ રસ્તે આવ્યા ત્યારે એક વસ્તુ તો તમે જોઈ હશે નાં? આંહીં કોઈનું ગૃહદ્વાર બંધ રહેતું નથી. રાત દિવસ ખુલ્લું. આંહીં કોઈ સ્તેન મળે નહિ. જોતો હોય તો બહારથી લાવવો પડે!' તે બોલીને હસી પડી.

મહામાયાના વાતોડિયા સ્વભાવને જાલૌક જેમ તેમ નભાવી લેતો હતો, પણ એની આ છૂટથી પણ સ્વામી સામે હસીને બોલે એ છૂટથી – એના નાકમાં દમ આવ્યો.

તે આસન ઉપર જરાક ટટ્ટાર બેઠો. ગૌરવભરેલા ચહેરે આસપાસ જોવા મંડ્યો. એના દેખાવમાં પણ એને રાજસત્તાનો પ્રભાવ બતાવવા જરાક કૃત્રિમ ગંભીરતા ધારી.

પણ મહામાયા તો આ બધાથી પર હતી. એ સમજતી કે છાશ માગવા જવી ને દોણી સંતાડવી શા કામની? વાતો એટલે વાતો વળી. મોટેથી, અવાજથી, નિખાલસતાથી, આડીઅવળી, ઊભી, ગમે તેમ દીધે રાખવાની. સામાને ન ગમે તો એ ન સાંભળે, પણ આપણને ગમે તો, આપણે કરવી. મહામાયાની વાતો વિષેની આ ફિલસૂફીનો કાશ્મીરના પ્રદેશપતિ જાલૌકને કાંઈ ખ્યાલ નહિ, એટલે એને એમ કે પોતે બરાબર પ્રત્યુત્તર નહિ વાળે, તો એ હમણાં બંધ થઈ જશે. પણ ત્યાં તો મહામાયાએ આખો ખંડ પડઘો પાડે એવા મોટા અવાજે, વાત આગળ ચલાવી :

'સ્તેન'[૪] અદશ્ય થઈ ગયા, મહારાજ ચંદ્રગુપ્તના વખતમાં, ને આ મહારાજના વખતમાં અદશ્ય થઈ ગયા અસત્યવાદીઓ – કર્કશ બોલનારાઓ, ગર્વિષ્ઠો ને હિંસકો. આંહીં તમે જોજો, બધા મૃદુતાથી એકબીજા સાથે વાતો કરશે, જાણે કુટુંબીજનો એકબીજાને સમજવાનો પ્રયત્ન કરતા હોય એમ. હું મોટો સત્તાધીશ ને આ નાનો દાસ, એવી વાત આંહીં મળે જ નહિ. મહારાજ અશોકે આ સિદ્ધ કર્યું. અને કેમ ન કરે? સત્યની ખાતર મહારાજ પોતે જેવો તેવો ભોગ આપવા તૈયાર હોય છે? તમે સાંભળ્યું હશે નાં?'

જાલૌકને કુતૂહલથી પણ કહેવું પડ્યું, 'શું?'

'પોતાના સગા પુત્ર યુવરાજ કુણાલને બે ઘડી બાજુએ મૂકીને મહારાજે તો પોતાનો મોટો ભાઈ સુમન, જેમને એમણે જ રાજશાસનની શરૂઆત વખતે હણ્યો હતો, એ સુમનનો પુત્ર તિષ્યકુમાર મળી આવ્યો, તો મહારાજે, એને યુવરાજ ઠરાવવા પ્રસ્તાવ મૂક્યો – મંત્રીસભામાં પોતે પ્રસ્તાવ મૂક્યો.....'

જાલૌકનું કુતૂહલ વધ્યું, 'હા, પછી – પછી શું થયું?'

---

૪. સ્તેન = ચોર. ચંદ્રગુપ્તના વખતમાં ચોર ન હતા એવો ઉલ્લેખ મેઘાસ્થિનીસનો છે.

'શું થાય? મંત્રીઓ એકમતે કબૂલ થતા હતા. મહારાજને તો સત્યની ફરી સ્થાપના કરવી હતી – એના બાપનું રાજ હતું, એને જ મળવું જોઈએ – કુણાલકુમાર પણ વિરોધમાં ન હતો – પણ વિરોધ કોણે બતાવ્યો એ જાણશો તો તમે છક થઈ જશો.....'

'કોણે બતાવ્યો?'

'તિષ્યકુમારે પોતે! એ કહે હું સાધુ થવા જન્મ્યો છું, રાજા થવા નહિ. મારો એ અધિકાર નથી. મારે કોઈનું રાજ જોઈતું નથી.....'

'ધન્ય! ધન્ય!' જાલૌકને વાતનો હવે રસ લાગ્યો. તેણે વિચાર કરતાં પૂછ્યું :

'ત્યારે તો હવે કુણાલકુમાર......'

'યુવરાજ છે..... પણ.....'

'પણ..... શું?.......'

'કોઈને કહેવા જેવું નથી..... મેં કોઈને કહ્યું નથી. કોઈને ખબર પણ નથી.'

જાલૌક હવે ખરેખર નવાઈ પામી ગયો. તેને મહામાયાની વાર્તામાં રસ પડ્યો. તેણે તેને ઉત્તેજન આપવા કુતૂહલથી તેની સામે જોયું. વાતરસિયણ મહામાયાને તો બીજો જ રસ હતો. કોઈ અતિથિને પોતે વાતોમાં રસ લેતો બનાવી દીધો, એ વાતનું જ એને મન તો મહામૂલ્ય હતું. એ તો કલાની ખાતર કલામાં માનનાર હતી. પોતાની વાર્તાકલાનો એ વિજય હતો એટલે તેણે તો વધુ કુતૂહલ પ્રેરે તેવા શબ્દો કહ્યા :

'આ વાત હું એક જ જાણું છું. પણ મહારાજને કાને જો સત્ય આવે, તો મહારાજ સત્યની સ્થાપના કર્યા વિના ન રહે.....'

'શાની વાત છે?'

'એમ તો વાત છે પાછી નાખી દીધા જેવી, દટાઈ ગઈ છે, પણ વાત છે સાચી..... ને મહારાજના કાને આવે તો-તો એ સત્યની સ્થાપના કર્યે જ રહે. તમે જાણતા તો હશો નાં કે મહારાજ અશોક જેવા આજ છે, તેવા ગઈ કાલે ન હતા. ગઈ કાલના અશોક મહારાજ જુદી માટીના હતા. પાંચસો માણસોને અસિયષ્ટિથી હણી નાખવા એ એમને મન રમતવાત હતી. તે વખતની એમની પ્રચંડતા જોનારા તો આજ પણ એ સંભારતાં ધ્રૂજે છે. મેં જ એ જોયેલી. પણ તે વખતે એ પ્રચંડતાને પણ વશ રાખનારી એક નારી હતી.'

'કોણ?'

વાતરસિયણ મહામાયા જાણે મૂંગી થઈ ગઈ. તે જાલૌક સામે ટગરટગર જોઈ રહી, પણ તેણે કાંઈ પ્રત્યુત્તર વાળ્યો નહિ. જાલૌકનું કુતૂહલ વધ્યું.

'એવી કોણ હતી?'

'તેનું નામ પદ્મિની!'

'હા..... એ ક્યાં ની હતી?'

'ક્યાંની હતી એ કોઈ જાણતું નથી. એ હતી કે નહિ, એ પણ હવે કોઈ જાણતું નથી. એ તો વહેલી ગઈ – ઘણી વહેલી, રાજશાસનનાં પહેલાં જ વર્ષોમાં.... એ બિચારી રવડી-રખડીને મરી ગઈ. એને રાજમહાલયમાં કોઈએ પેસવા જ દીધી નહિ ને! અને પેસવા કોણ દે? એનું રૂપ પાર વિનાનું હતું. એનું રૂપ જ એનું દુશ્મન બન્યું. એક રાતે..... આ જ ઉદ્યાનમાં...... પેલો રૂખડો આંહીંથી દેખાય...... એ રૂખડાના વૃક્ષ નીચે.....'

જાલૌક જાણે કોઈ નવી નવાઈનો અનુભવ કરતો હોય તેમ મહામાયાએ બતાવ્યું, તે રૂખડાની સામે જોઈ રહ્યો. મહામાયા આગળ વધી.

'એ રૂખડાના ઝાડ નીચે એણે, એક મેઘલી રાતે એક શિશુને જન્મ આપ્યો ને એ બિચારી પોતે તો પછી તરત ચાલી નીકળી.'

'ચાલી નીકળી? ક્યાં ?'

'ઈશ્વરના ધામમાં.....' મહામાયાએ જવાબ વાળ્યો. 'પોતાનો કે પોતાનાંનો ન્યાય માગવા. પેલું ફૂલ બિચારું રહી ગયું. મેં જોયું હતું. પણ એ શિશુ થોડા દિવસનું થયું, ને કોણ જાણે શું થયું, કોઈક ઉપાડી ગયું. કોઈ કહે છે, જંગલી જાનવર ઉપાડી ગયું. કોઈ કહે છે, એ કામ કોઈ માણસનું. કોઈ આમ કહે ને કોઈ તેમ કહે. સાચું એક ભગવાન જાણે. કેવળ એ પદ્મિનીએ એ શિશુને હાથે બાંધવા તૈયાર કરેલું એક માદળિયું મેં સાચવ્યું હતું. એ શિશુ જો ક્યાં ય હોય– હોય તો નહિ જ, ક્યાં થી હોય? પણ ભોગજોગે પણ જો હોય, તો મહારાજ અશોકના રાજનો ખરો વારસ એ છે.'

જાલૌક હવે ખરેખર સ્તબ્ધ બની ગયો. એક નવો જ રોમાંચકારી અનુભવ એને થયો. અત્યાર સુધી પોતે જે વાત કેવળ તર્કથી કે કોઈ અગમ્ય અનુભૂતિથી કે કિંવદંતીના આધારે કરતો હતો, તે જ વાત આ મહામાયા કરી રહી હતી. હવે તો ચોક્કસ પોતે એ જ શિશુ કેમ ન હોય? તેણે ઉતાવળે ઉતાવળે પૂછ્યું :

'એ માદળિયું ક્યાં છે? તમારી પાસે છે?'

'હતું!.....'

જાલૌકને પોતાની સમક્ષ એક અંધકારભરી ખીણ ઊઘડતી લાગી. તેણે ત્વરાથી પૂછ્યું :

'પછી ક્યાં ગયું? અત્યારે ક્યાં હશે? કોની પાસે હશે?'

'મહા અમા....' પણ મહામાયાનો 'મહાઅમાત્ય' શબ્દ અધૂરો રહી ગયો. ત્યાં દ્વારમાં રાધાગુપ્ત પોતે ઊભો હતો!

જાલૌક પણ એને જોતાં સ્તબ્ધ બની ગયો. ચૂપ જ થઈ ગયો. પણ એના મનમાં એક મોટો પ્રશ્ન આવી ચડ્યો : 'ત્યારે તો, જાલૌક ! તું જ મગધપતિ હશે – હશે શું ? છે !' પોતાના મનમાં મોટેથી ને દઢતાથી તેણે વિશ્વાસવાણી ઉચ્ચારી. 'પણ એ વાતને.... અત્યારે' એનો વિચારદોર તૂટી ગયો.

રાધાગુપ્ત આગળ આવી રહ્યો હતો, એની પાસે.

૫

રાધાગુપ્તનો નિર્ણય

એક પળભર તો રાધાગુપ્ત પણ આશ્ચર્યમાં સ્તબ્ધ થઈ ગયો હતો. વૃદ્ધા મહામાયાના વાતોડિયા સ્વભાવને એ જાણતો હતો. પણ આવી મૂર્ખાઈ એ વાતરસમાં ને વાતરસમાં કરી બેસશે એ એની કલ્પનામાં પણ આવે તેવું ન હતું, એવી વિશ્વાસુ એ હતી. એણે જાલૌક તરફ સાશંકદૃષ્ટિ કરી. પણ એ સાવધ થઈ ગયો. જે સાંભળ્યું તેની કાંઈ જ અસર ત્યાં એના ચહેરા ઉપર દેખાઈ નહિ. પણ બાણ ભાથામાંથી નીકળી ગયું હતું. એણે પોતાનું કામ કરી નાખ્યું હતું. રાધાગુપ્તે છેલ્લા શબ્દો કાનોકાન સાંભળ્યા હતા. આ જાલૌક એ જ પેલા માદળિયાવાળો અશોકકુમાર જાલૌક હોવો જોઈએ, એની પ્રતીતિ એને પોતાને તો હવે સ્પષ્ટ જણાતી હતી. પણ એ આ વાતને જાણે જાણતો જ ન હોય તેમ અત્યારે તો ભંડારી દેવા માગતો હતો; જ્યારે વૃદ્ધાના શબ્દોએ તો જાલૌકના દિલમાં નવી મહત્ત્વાકાંક્ષાનાં બીજ રોપી દીધાં હતાં, એને સભાન કરી દીધો હતો. વાત આખી ફરી જતી હતી.

હવે એ જુવાન રાજકુમાર પોતાની મહત્તા વિષે પૂરેપૂરો સભાન થઈ જવાનો અને એનો અર્થ તો સ્પષ્ટ હતો : ભયંકર આંતર ઘર્ષણ. જાલૌકના દિલમાં યુવરાજપદની અભિલાષા જાગવાની. આંહીં કુણાલકુમાર એક જ હતો. રાજકુલના બીજા બધા તો સાધુપંથે વળી ગયા હતા. એટલે જાલૌક, પ્રચંડ અશોકની જેમ જ, આંતરવિગ્રહ જગાડી બેસે એ તદ્દન શક્ય હતું અને તો મગધનું શું થાય? આવડું મોટું સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ જાય. એની એકતા તૂટી પડે. મહારાજ અસ્વસ્થ હતા.

એને એક પળભર તો એમ વિચાર આવી ગયો કે જે થવું હોય તે ભલે થાય, પણ આને હવે આંહીં જ તળ રાખી દેવો, જવા જ ન દેવો.

પણ એ વાતનો ઊહાપોહ ન થાય એ કેમ બને? અને તો-તો એ હાથે

કરીને નવું ઘર્ષણ ઊભું કરે.

પણ રાધાગુપ્તને કોઈક નિર્ણય હવે લેવાનો હતો – અને તે તત્કાલ.

મહારાજ અશોક પોતે જ એને એનો વારસો – સાચો વારસો આપવા આગળ આવે એવી એમની અત્યારે મનોદશા હતી. રાજવંશી વારસો મેળવવામાં જાલૌકની આડે કેવળ એક જ રાજકુમાર હતો – કુણાલ. એ યુવરાજપદે હતો. મહારાજને તક્ષશિલા ગાંધાર એ બધાં સ્થળે જવાની અને પોતાની ધર્મઘોષણા જાતે કરવાની લગની લાગી હતી. એ કૃણાલને બદલે પોતે જ જવા માગતા હતા.

અત્યારે મહારાજે એને બોલાવીને એ જ વાત કહી હતી.

મહારાજ પોતે જ ત્યાં જવા માગતા હતા. એમનું શરીર વૃદ્ધ હતું, હજી અશક્ત હતું, પણ તે છતાં પોતે જાતે ત્યાં શાંતિનો સંદેશ લઈ જવા માગતા હતા. એમની પળેપળ હવે એ લોકસંપર્કમાં જ રહેવા માગતા હતા. એમને ત્યાં માણસામાં ફરવું હતું, સંદેશો આપવો હતો, શાંતિ સ્થાપવી હતી, ધર્મવાત કહેવી હતી.

રાધાગુપ્ત અત્યારે તો મહારાજની ઇચ્છા માથે ચડાવીને આવ્યો હતો, પણ એ વાત એને રુચતી ન હતી અને હવે તો એ ભયંકર હતી, ઘર્ષણ જગાડનારી હતી. યુવરાજ કુણાલકુમાર ત્યાં જાય, રાજ્યમાં ફરે, શાસન ઉપાડી લ્યે, સૈન્યોને દોરે, દેશયાત્રા કરે. જરૂરી એ હતું.

પણ મહારાજના સાન્નિધ્યમાં પ્રભાતે જાલૌકને જવાનું હતું. મહારાજે એને બોલાવ્યો હતો. તે પહેલાં રાધાગુપ્તે ચોક્કસ નિર્ણય લઈ લેવાનો હતો.

જાલૌકના દિલમાં મહાત્ત્વાકાંક્ષા જાગી છે, તેનું હવે શું કરવું?

મહારાજે તો એને બોલાવ્યો હતો, પોતાની શાંતિની વાત કહેવા માટે, પણ વખત છે... એ પોતાનો વારસો ત્યાં મહારાજ પાસે માગી બેસે તો?

તો-તો એક પળમાં પાટલિપુત્ર નગરીમાં એક મોટું ઘર્ષણ જ ઊભું થઈ જાય.

મહારાણી તિષ્યરક્ષિતા કુણાલ માટે જીવન આપી દે તેમ હતી.

એટલો નિઃસીમ પ્રેમ એ બતાવી રહી હતી. રાધાગુપ્તને માટે હજી મહારાણી કોયડા સમાન હતી. પણ આ વાત પ્રગટ થાય, તો એ શું ન કરી બેસે, એ કહેવાય નહિ.

આવી કોઈ વાત પ્રગટ થતાં જ, પહેલાં તો મોટું ઘર્ષણ જ ઊભું થઈ જાય. કાં તો જાલૌકને આંહીં જ એ અદશ્ય કરી દે, બંધનમાં મૂકી દે અને મહારાજ એ વખતે, સત્યને સ્થાપવા આકાશપાતાળ એક કરે.

કુણાલ મહારાજનો અક્ષરેઅક્ષર માથે ચડાવે. પાટલિપુત્રમાં મોટી ધમાલ મચી જાય. રાજકુટુંબના રહ્યાસહ્યા માણસો વિભક્ત થઈ જાય.

તો બીજી બાજુ તક્ષશિલામાં ઈશાનદેવી પોતે યુદ્ધની દેવી હતી. એ પણ

શું ન કરી બેસે? એને આ વાતની ગંધ આવતાં જ એ વિદ્રોહનો ધ્વજ ફરકાવે. ત્યાંના સૈન્યના બળ ઉપર મોટો ઉલ્કાપાત મચાવી દે.

મગધ છિન્નભિન્ન થવાના ગણેશ તરત મંડાઈ જાય. વાત આટલી નાની હતી, પણ આવી ભયંકર હતી.

એક અતિ ડાહીલી વૃદ્ધાને બે પળનું એકાંત મળ્યું, ત્યાં તો એણે મૂર્ખાઈની હદ કરી નાખી હતી. છોકરું ઘાસમાં દેવતા નાખી આવે એવું થયું હતું.

પણ હવે તો રાધાગુપ્તે એમાંથી રસ્તો કાઢવાનો હતો અને તે પણ પ્રભાત પહેલાં જ એટલે કે અત્યારે જ. કાં હમણાં, કાં કદી નહિ – એવો તાલ હતો. ભવિષ્યની આશાનો એક તંતુ ઊભો કરવાનો એક જ રસ્તો એને માટે હતો.

રાધાગુપ્ત આગળ વધીને બે ઘડી થોભ્યો. કાંઈક વિચારમાં પડી ગયો. પણ બીજી જ ક્ષણે એણે તત્કાલ નિર્ણય લઈ લીધો. આ જુવાનને આશાનો દોર આપી દેવો જોઈએ. એ એક જ રસ્તો અત્યારે હતો.

એ દઢતાથી આગળ વધ્યો. તેણે જાલૌકના ખભા ઉપર હાથ મૂક્યો. દઢ, શાંત, આજ્ઞાવાહી અવાજે કહ્યું: 'જાલૌક! પ્રદેશપતિ! મારી પાછળ તમે આવો. તમારા માટે ઘણી અગત્યની વાત છે. આપણે અત્યારે જ કરી લેવી જોઈએ.'

જાલૌક નવાઈ પામી ગયો, શંકામાં પણ પડ્યો. એના દિલમાં અવિશ્વાસ પણ જાગી ગયો. કદાચ આ મહાઅમાત્ય છેલ્લા શબ્દો સાંભળીને એને આ કહી રહ્યો છે, એટલે એમાં કાંઈ ભયંકર વિશ્વાસઘાત તો નહિ હોય?

પોતે તક્ષશિલાથી સેંકડો જોજન દૂર હતો. સૈન્ય ત્યાં હતું. પોતે આંહીં હતો. એકલો હતો. અત્યારે એને ભોંમાં ભંડારી દે તો કોણ ભોજિયો મદદે દોડવાનો હતો?

પણ પોતે ના પાડે છે, તો પણ સ્થિતિમાં કાંઈ ફેર પડતો નથી.

તેણે પોતાના ભાવ મનમાં દાબી દીધા. તે તરત ચપળતાથી ઊભો થઈ ગયો: 'ચાલો, દેવ! ક્યાં જવું છે?'

રાધાગુપ્તે તેની સામે જોયું. તેણે દઢતાથી કહ્યું: 'પહેલાં એક વાત સમજી લ્યો, પ્રદેશપતિ! તમારી વાતને એક માણસ અંતરમાં અભિનંદે છે, એની અનિવાર્યતા સમજે છે, એ જ માણસ તમને તમારી વાત કહેવા અને પોતાની વાત આપવા એકાંતમાં આમંત્રે છે. દિલમાં લેશ પણ શંકા હોય તો આંહીંથી એક પગલું પણ ન ભરાતા. તમારા ઉપર કોઈની આજ્ઞા નથી, કોઈનો આગ્રહ નથી. મગધનો વર્ષોનો અનુભવ મને છે. એ અનુભવમાંથી કાંઈ લેવાની તત્પરતા હોય તો જ આગળ ચાલો.....'

જાલૌકે વિશ્વાસથી કહ્યું: 'હું તૈયાર છું દેવ! મને કાંઈક નવો જ અનુભવ

મળવાનો હોય તો!'

રાધાગુપ્ત આગળ ને જાલૌક પાછળ ચાલ્યા.

થોડે સુધી તો એ ખંડમાં જ એઓ ચાલ્યા. પછી કાંઈક અંધકારવાળો સાંકડો રસ્તો આવ્યો. સામે મોટું મેદાન દેખાતું હતું. મેદાનની બીજી બાજુ એક ખંડ નજરે પડ્યો.

આખો ખંડ દીપકોના પ્રકાશમાં નાહી રહ્યો હતો.

જાલૌકે ત્યાં દૃષ્ટિ કરી અને તે ચમકી ગયો.

સેંકડો સશસ્ત્ર યવનીઓ ત્યાં ઊભી હતી.

તેનું મન મનમાં બેસી ગયું. પણ હવે પાછું ફરાય તેમ ન હતું. પોતાની હિંમત જ પોતાને બચાવે તેમ હતું. તેણે પોતાની અસિ સંભાળી.

પણ એટલામાં જ રાધાગુપ્તનો એક શબ્દ એના કાને પડ્યો અને એ ચમકી ગયો.

મહાઅમાત્ય આગળ ચાલતાં અત્યંત ધીમેથી બોલી રહ્યો હતો :

'કુમાર! હું તમને તમારું સ્થાન અપાવવા જઈ રહ્યો છું. પણ એ સ્થાન તમને તો જ મળશે.... જો તમારા દિલમાં ધીરજ હશે તો.....'

જાલૌક આશ્ચર્યમાં ડૂબી ગયો.

તેને કાંઈ સમજ પડી નહિ. પણ મહાઅમાત્યનું સંબોધન 'કુમાર!' એના દિલમાં આશા પ્રેરતું હતું ને ભય પણ પ્રેરતું હતું.

તે મૂંગોમૂંગો આગળ વધ્યો.

૬

કુમાર! તમારું દિલ કેવુંક છે?

રાધાગુપ્ત ને જાલૌક ખંડમાં આવ્યા. ખંડ આખો ખાલી હતો. ત્યાં કોઈ દેખાતું ન હતું. સુગંધી તેલદીપના પ્રકાશમાં ત્યાંની અનુપમ શોભા ઝળાંહળાં થઈ રહી હતી.

જાલૌક નવાઈ પામ્યો. આ રાજમહાલય જેવા ખંડમાં હતું નહિ કોઈ અને છતાં જાણે હમણાં જ એમાંથી કોઈ ઊઠીને ચાલ્યું ગયું હોય તેવું જણાતું હતું.

એણે બહાર દૃષ્ટિ કરી, તો ત્યાં અનેક સશસ્ત્ર યવનીઓ આમથી તેમ ફરી રહી હતી.

આ રાજમહાલય જેવો ખંડ કોનો હશે? અને પોતાને આંહીં લાવવામાં મહાઅમાત્યનો શો હેતુ હશે? એને બંધનમાં તો મૂકવાનો નહિ હોય?

પણ હવે એ ભય અસ્થાને હતો. એણે જે માથે પડે તે ઝીલી લેવાનો દૃઢ નિર્ણય કર્યો.

રાધાગુપ્ત તેની તરફ ફર્યો:'આ ખંડમાં કોઈ-કોઈ વખત મહારાણી તિષ્યરક્ષિતા આવે છે. જ્યારે મહારાજની અતિશય ધર્મઘોષણાથી અકળાય ત્યારે એઓ આંહીં આવે છે – બે ઘડી મન મોકળું કરવા અને મગધ મહારાજ્યના ભાવિની ચિંતા કરવા..... પણ તે સિવાય આ ખંડનો ઉપયોગ રાજ્યની મંત્રણા માટે પણ થાય છે. આંહીં આસપાસ વાત સંભળાય તેમ કોઈ દાસ, દાસી, શસ્ત્રધારી કે યવની ઊભાં નહિ હોય. આંહીં આપણે મોકળે મને વાતો કરી શકીશું. હું તમને એ કહેતો હતો.... રાજકુમાર!.....પણ બેસોને ત્યાં ઊભા છો કેમ? આવો આપણે આંહીં બેસીએ. આવો આંહીં.....' રાધાગુપ્તે સુવર્ણજડિત હાથીદાંતનું એક આસન બતાવ્યું. 'આંહીં આવો. મારી પાસે જ આવો.....'

જાલૌક નવાઈ પામતો એ તરફ ગયો. અતિશય માન અપમાન માટે તો નહિ હોય? એના મનમાં શંકા ઊઠી.

પણ એનું સમાધાન રાધાગુપ્તના એક શાંત વાક્યથી તરત એને મળી ગયું.

'તમે તમારા દિલમાં, રાજકુમાર! શંકાને કે ભયને હવે સ્થાન ન આપતા. મારો એક જ પ્રશ્ન છે, કુમાર! તમારું દિલ કેવુંક છે?'

જાલૌકને પોતે ઊંડા પાણીમાં ખેંચાતો હોય તેવું લાગ્યું.

એણે રણક્ષેત્રો જોયાં હતાં અને ગજદળોનો પાર લીધો હતો. પણ આંહીં તો એક તદ્દન નિઃશસ્ત્ર સાદો બ્રાહ્મણ માત્ર બેઠો હતો. પણ એણે મહાઅમાત્ય ચાણક્ય વિષે જે કિંવદંતીઓ તક્ષશિલામાં સાંભળી હતી, તેનો સાક્ષાત્કાર આ બ્રાહ્મણ એને કરાવી રહ્યો હતો. એનો પ્રશ્ન સાદો જ હતો: 'કુમાર! તમારું દિલ કેવુંક છે?' પણ એ પ્રશ્નમાં ન તો મૂળ કે ન તો ટોચ, કાંઈ સમજાતું હતું.

દિલ કેવુંક છે એટલે શું?

સારું છે એમ કહેવું? આમાં કાં વધુ અર્થ હોઈ શકે માટે થોભવું કે પ્રત્યુત્તર જ ન આપવો કે સામો પ્રશ્ન કરવો?

પણ પોતે ગમે તે કરે, મહાઅમાત્યના પ્રશ્નને બરાબર ન સમજી શકવાની અશક્તિ તો એમાં આવી જતી હતી. મહાઅમાત્યની સામાનું માપ કાઢવાની આ એક રીત પણ હોઈ શકે.

જાલૌક પળ-બે-પળ કાંઈ બોલ્યો નહિ. પછી તેણે ધીમેથી પૂછ્યું: 'મહાઅમાત્યજી! તમે મને જે સંબોધન હમણાં કર્યું, તેના વિશેષ અનુસંધાનમાં તમારી આ વાત છે? એ સંબોધન વિષે મારે વધુ જાણવું હોય, તો પહેલો આનો પ્રત્યુત્તર આપવાનો રહે છે?'

'હા, કાંઈક એમ જ છે.' મહાઅમાત્યે ટૂંકો જવાબ વાળ્યો.

'તો-તો મારું દિલ સમજે છે કે જે મહાન વારસો તમે જાળવી રહ્યા છો, એ એમ જળવાવો જોઈએ.'

રાધાગુપ્ત મનમાં આનંદી ઊઠ્યો. આ રાજકુમાર બુદ્ધિશાળી હતો. વાળ્યો વળે તેમ હતો. તે વિશ્વાસથી આગળ વધ્યો. એકદમ મૂળ વાત ઉપર આવી ગયો.

'ત્યારે આજે તમે તમારા વારસા વિષે જે જાણ્યું તે મેં કાનોકાન સાંભળ્યું છે, કુમાર! મારે પણ તમને એ જ કહેવાનું હતું. ખરી રીતે મેં કહ્યું હોત, તો એમાં ગૌરવ હતું. પણ રહો..... હું આ આવ્યો.'

રાધાગુપ્ત ઊભો થયો. તે અંદરના ખંડમાં ગયો. જાલૌકે હવે ચારે તરફ દૃષ્ટિ કરી. ખંડની શોભા અનુપમ હતી. એમાં ચારે તરફ મૂકેલી વસ્તુઓ એટલી તો આકર્ષક ને સુંદર હતી કે ઘડીભર માણસને લાગે કે પોતે પૃથ્વી ઉપર નહિ, પણ સ્વર્ગમાં છે.

પણ તેના મનમાં અત્યારે તો ગડભાંગ ચાલી રહી હતી. તેને આ અનુપમ

દશ્ય જોવા માટે જાણે મન જ રહ્યું ન હતું.

રાધાગુપ્તે, વૃદ્ધા મહામાયાના શબ્દો વિષે ઉલ્લેખ કર્યો હતો અને એણે એ કાંઈ ન હોય તેમ સ્વીકારી લીધો હતો.

પણ પ્રશ્નનો પ્રશ્ન તો હવે ખડો થતો હતો.

પોતે જે વારસો પોતાનો હોવાનું માનતો હતો, તેમાં આ મહાવિચક્ષણ મહાઅમાત્ય કેટલી સહાય કરશે?

કે પછી એ એને કોઈ ઊંડા ગર્તમાં ધકેલી દેશે?

ખરી કસોટી હવે જ આવી રહી હતી.

એટલામાં તેની નજર એક અનુપમ સુંદરીના ચિત્ર ઉપર પડી. દૂરથી પણ દીપકના પ્રકાશમાં એની મુખરેખા અત્યંત અત્યંત મોહક જણાતી હતી. એ કોણ હશે? એના મનમાં પ્રશ્ન આવ્યો. મહારાણી તિષ્યરક્ષિતા કહે છે તે? જાણે કોઈ આંતર વેગથી ધકેલાયો હોય તેમ એ બેઠો થયો. એની તરફ જવા માટે એણે પગ ઉપાડ્યો. પણ એ જ વખતે એણે રાધાગુપ્તને આવતો જોયો.

તે સફાળો પાછો આસન ઉપર બેસી ગયો.

૭

એક વિકટ કોયડો

'કુમાર ! મેં તમને પૂછ્યું હતું, "તમારું દિલ કેવુંક છે ?" તે આટલા માટે....જ. ઘણાં દિલ એવાં હોય છે, પોતાની મહત્તા જાણતાં, બિચારાં અપંગ બની જાય છે. અધીરતા-ઉતાવળ એ એક પ્રકારની અપંગતા જ છે નાં ? પોતાની મહત્તા વિષે સભાન થવું, એ પહેલી વખત સભાન બનવું, એ માણસ માટે જેવીતેવી કસોટી નથી, ઘણાખરા અધીરતામાં મૂળ વસ્તુ જ ખોઈ બેસે છે.'

રાધાગુપ્ત પાછો આવી રહ્યો હતો – બોલતોબોલતો જ.

પણ રાધાગુપ્તના શબ્દો વિષે જાલૌક કાંઈ વિચાર કરે, તે પહેલાં જ રાધાગુપ્તે પોતાની વાળી રાખેલી મુઠ્ઠી તેની સામે ઉઘાડી મૂકી. એના હાથમાં એક અનુપમ રત્નમુદ્રિકા પડી હતી – એનું ઝળાંહળાં થતું તેજ આંખને આંજી દે તેવું હતું.

જાલૌક એ જોઈ જ રહ્યો. કાંઈ સમજ્યો નહિ, પણ ચમકી ગયો.

એણે જોયું કે જે રત્નમુદ્રિકા જેવી વસ્તુ લાગતી હતી, તે ખરી રીતે એક માદળિયું હતું. તેને વૃદ્ધા મહામાયાના શબ્દો યાદ આવ્યા. એણે એના ઉપરની બ્રાહ્મીલિપિના અક્ષરો વાંચવા યત્ન કર્યો. પોતાનું જ નામ વંચાતું હોય એવો એને ભાસ પણ થયો. પણ એ પ્રતીતિ થતાં જ એનું દિલ હવે ધડકવા લાગ્યું. પોતે ખરી રીતે આવડા મહાન મગધરાજ્યનો ખરો રાજવારસ છે એ વસ્તુની આમાંથી પ્રતીતિ જડતી હતી. એના દિલમાં એક પ્રકારનો આનંદ છવાઈ ગયો. પણ બીજી જ ક્ષણે એના દિલમાં શંકા, અવિશ્વાસ ને ભય આવી ગયાં. એને થયું : જે કાંઈ પ્રતીતિજનક વસ્તુ હોય તે અત્યારે તો આ મહાઅમાત્યની મૂઠીમાં હતી. મહાઅમાત્ય એને પ્રગટ કરે, તો જ એનું અસ્તિત્વ હતું. મહાઅમાત્ય પ્રગટ ન કરે, તો એનું નામનિશાન પણ ન હતું. એની પાસે કોઈ એવી વાત ન હતી કે જેથી એ પોતે જ રાજકુમાર જાલૌક છે, એમ નિઃશંકપણે પ્રતીતિ કરાવી શકે. એને હવે સમજાયું : શા માટે રાધાગુપ્ત એને રાજકુમાર સંબોધનથી બોલાવી રહ્યો

હતો. એની મહત્તાને એણે જાણી હતી. એણે જ એને આ વાતની સાચી પ્રતીતિ પણ આપી હતી. એ બધું ખરું, પણ એ વિચક્ષણ બ્રાહ્મણ સાચેસાચો કૌટિલ્યનો અવતાર હતો. એ એની પોતાની આંગળી ઉપર એને નચાવી શકે અને ધારે તેમ ચલાવી શકે, એટલા માટે પણ એણે આ કેમ ન કર્યું હોય? અત્યારે એની એ તાકાત હતી. જાલૌકના દિલમાં આ વાતની જેમ વધારે ને વધારે આલોચના થતી ગઈ, તેમ એને ખાતરી થતી ગઈ કે ખરેખર તો આ મહાઅમાત્ય જ ધારે તો તેને મગધપતિ બનાવી શકે એવી એક વસ્તુ સંઘરીને બેસી ગયો હતો! એની વાત ન સમજી શકાય તે હતી. એવી ધારે તે કરે.

જો કુણાલકુમાર બરાબર ન લાગે, તો આ મુદ્રિકા એની સામેનું અમોઘ શસ્ત્ર હતી.

જો પોતે બરાબર ન લાગે, તો કુણાલકુમાર, પોતાની જ સામેનું અમોઘ અસ્ત્ર હતો.

આવી એક વિકટ સમસ્યા ઊભી કરીને, અને એનો ઉકેલ પોતાના હાથમાં રાખીને બેઠેલા મહાઅમાત્ય રાધાગુપ્તથી હવે જાલૌકને ચેતવા જેવું લાગ્યું. તે સાવધ થઈ ગયો. પોતે અત્યાર સુધી જે રીતે વાત કરી હતી તે બરાબર ન હતી. એણે મન દૃઢ કર્યું. છેવટે તો જગતમાં નિર્ણય કેવળ શસ્ત્રો જ આપે છે. પછી કાલાંતરે જે થતું હોય તે ભલે થાય, પણ શસ્ત્રો જ નિર્ણય આપે છે એ વિચાર આવતાં એ વધુ દૃઢ થઈ ગયો. એટલામાં રાધાગુપ્તે કહ્યું: 'બોલો, રાજકુમાર! આ મુદ્રિકા તમારા જન્મસમયની છે. એમાં તમારું સ્પષ્ટ નામ – રાજકુમાર જાલૌક આલેખેલું છે. તમારો મગધ ઉપરનો અધિકાર કુદરત-દીધેલો છે. પણ તમે વાત સમજો. મગધની પ્રણાલિકા જાણો. મને એ અધિકાર સ્વીકારવાનો અધિકાર નથી. એ અધિકાર કેવળ રાજસભાને જ છે, મહારાજને પણ નહિ. પણ તમારા નામનો પ્રસ્તાવ મહારાજ પોતે જ મૂકે – જો એમને આ વાતની ખબર પડે તો. બોલો, તમે શું માનો છો?'

'શાનું?'

'આ પ્રસ્તાવ મૂકવા વિષેનું.'

જાલૌક સાવધ થઈ ગયો. તેણે બે હાથ જોડ્યા: 'મહાઅમાત્યજી! તમે મને અજાણ્યા જુવાન માણસને આ અધિકારની જાણ કરી, એ મહાનુભાવતા શું ઓછી છે કે હું અત્યારે ને અત્યારે ને હમણાં ને હમણાં ગાંડી ઉતાવળ કરવા માટે મૂર્ખાઈભરેલી દોટ મૂકું? હું તો એ સમય ક્યારે હોય – એ તમને પૂછું! મગધ પ્રણાલિકાના જાણકાર તમે છો, હું નહિ.'

રાધાગુપ્ત નવાઈ પામી ગયો. જે રીતે જાલૌકની અત્યાર સુધીની વાતની

ઢબ હતી, તેથી જુદી જ ઢબ એણે દર્શાવી હતી. એને એણે એક કુશળ સેનાપતિ જાણ્યો હતો. આ પ્રત્યુત્તરે ખાતરી કરાવી દીધી કે એ કુશળ રાજનીતિજ્ઞ પણ છે. અત્યારે આ વાત પ્રગટ થાય, તો ઘર્ષણ જેવું તેવું ન હોય. રાધાગુપ્ત એને સવાલ પૂછીને પણ એ જ ઇચ્છી રહ્યો હતો કે વાત પ્રગટ ન થાય. પણ એને ઉત્તર રાજકુમાર પાસેથી મેળવવો હતો. નહિતર તો મહારાજ અશોક પાસે એને એ લઈ જાય, એમાં પણ ભય હતો. મહારાજે કાલે પ્રભાતે જ એને બોલાવ્યો હતો. તેણે જાલૌકની મુખમુદ્રા ફરીને નિહાળી. એમાં એક પ્રકારની સ્વસ્થતા હતી. એ સાવધ થઈ ગયો હતો. એ ખરું, પણ મનમાં જુદી જ વાત રાખીને વાત કરતો હોય તેવું ન લાગ્યું.

'તો-તો સમજો તમારા વતી આ મુદ્રિકા હું સાચવી રહ્યો છું!' રાધાગુપ્તે કહ્યું: 'અને ખાતરી રાખજો, યથાસમયે એ તમને કામ આવશે અથવા કામ આપશે!'

જાલૌકે બે હાથ જોડ્યા. માથું નમાવ્યું. 'મને તમારામાં વિશ્વાસ છે દેવ!'

'પણ મેં આ વાત અત્યારે પ્રગટ કરવાનું તમને શા માટે ન કહ્યું, એ જાણો છો?'

'ના. એ જાણતો નથી. હવે જાણીશ.'

'મહારાજ અશોક અત્યારે અસ્વસ્થ છે. એમની દેખભાળ મહારાણી તિષ્યરક્ષિતા પોતે જ રાખે છે, કોઈ દાસ-દાસી નહિ. ભિષગ્વર પણ ઔષધ પૂરતો. પણ મહારાણીની શુશ્રૂષા અદ્ભુત છે. મહારાજ તો એના હૃદયની મૃદુ સમજણ ઉપર શી પ્રશસ્તિ કરવી તે બોલી શકતા નથી.

મહારાજને એક શબ્દ બોલવો પડતો નથી. એક જરા નિશાની પણ કરવી પડતી નથી. આંખ-દૃષ્ટિ પણ કરવી પડતી નથી. કોણ જાણે ક્યાંથી આ નારી મહારાજની અંતર-ઇચ્છાને વાંચી લે છે. મહારાજની શુશ્રૂષા એ એના અંતરનો જાણે આનંદ બની ગઈ છે.

બીજો કોઈ મહારાજની સંભાળ લે, એ પણ એનાથી સહન થઈ શકતું નથી. ને મહારાજને પોતાને પણ હવે તો એ ગમતું જ નથી. એટલે મહારાણી તિષ્યરક્ષિતાનો શબ્દ એ અત્યારે આંહીં છેલ્લો શબ્દ છે. કુણાલકુમાર ઉપર એમની નિઃસીમ પ્રીતિ છે. અત્યારે તમારો નિર્દેશ-માત્ર મગધમાં ભયંકર વાવંટોળ ઊભો કરે. એ અધીરતા શું પરિણામ લાવે તે કહેવાય નહિ. મેં તમને શો પ્રશ્ન કર્યો હતો યાદ છે?'

'હા, તમારામાં દિલ કેવુંક છે?'

'તે આ સ્થિતિ પરત્વે. અધીર માણસ પોતાને માંડમાંડ હાથ ચડેલો અધિકાર એક પળના છઠ્ઠા ભાગમાં ખોઈ બેસે.... મહારાજ અસ્વસ્થ છે. શું

થાય – શું કહેવાય ?'

જાલૌકના દિલમાં રાધાગુપ્તની વાત સાચી જણાઈ. પણ એ સાચી ન હોય તોપણ એણે તો અત્યારે મહાઅમાત્યને મેળવવાનો જ હતો. તેણે શાંતિથી કહ્યું : 'મહાઅમાત્યજી ! તમારી જ્યારે પણ આજ્ઞા આવશે, ત્યારે મારું તમામ સૈન્ય અને હું પોતે આંહીં હાજર થઈ જઈશું !'

'એ વિષે તો મને શંકા નથી રહી. મહારાજને આપણે કાલે મળીશું. તક્ષશિલા તરફની તમારી વાત હું સમજ્યો છું. પરંતુ મહારાજની ધર્મઘોષણાએ પણ અદ્‌ભુત પરિણામ આણ્યાં છે એની કોઈથી ના કહેવાય તેમ નથી. મહારાજનું નામ છેક રોમના દ્વારે સંભળાય છે.'

જાલૌકે કાંઈ જવાબ ન વાળવામાં સાર જોયો.

મહારાજની શાસન પ્રણાલિકાએ હવા ફેરવી નાખી હતી. બધા જ રાજકુમારો સાધુપંથે પળ્યા હતા. ધર્મવિજય એ ભવિષ્યનો પણ શબ્દ હતો. મહારાજે તો પોતાના પુત્ર-પૌત્રોને પણ મગધની અચળ રાજનીતિ તરીકે એ આપ્યો હતો. સ્તંભેસ્તંભે એ કોતરાવ્યો હતો. પણ..... જે શંકા રાધાગુપ્તને એ જ શંકા એણે આંહીં જાલૌકમાં જોઈ હતી. રાધાગુપ્તે કુણાલને ઉજ્જેનથી બોલાવ્યો હતો જ એ કામ માટે. પણ મગધની પરિસ્થિતિ હવે કોઈ પણ આઘાત સહન કરવા જેવી ન હતી. કુણાલકુમાર ઉપર બધાની દૃષ્ટિ હતી, એ જ મગધપતિ હતો. રાધાગુપ્ત પણ એ ઇચ્છતો હતો, પણ કુણાલ પોતે ?

કુણાલકુમાર પોતે શું ઇચ્છતો હતો ?

રાધાગુપ્તને મન એ પણ એક કોયડો બન્યો હતો. એની મૃદુતા અપાર હતી. પિતૃભક્તિ તો અનન્ય હતી. તિષ્યરક્ષિતાનો એ પડ્યો બોલ ઝીલતો. રાજસભાને એણે મોહિની લગાડી હતી. એ સેનાપતિ પણ જેવોતેવો ન હતો. મગધનું સૈન્ય એને વીર માનતું. પણ... પણ... રાધાગુપ્તે જોયું..... એ બધું છતાં..... કુણાલકુમાર પાસે પણ એક એવું દિલ હતું કે જે દિલ કયા વખતે કઈ દિવ્યવસ્તુનું દર્શન કરશે અને તમામ દિશામાંથી મોં મચકોડી લેશે એ કહી શકાય તેમ ન હતું.

એ સમર્થ શાસક હતો, પણ મૃદુતા એના રોમરોમમાં હતી. કોઈ વખત એ બંને વચ્ચે અનિવાર્ય નિર્ણયાત્મક પગલું લેવાનું જરૂરી હોય, ત્યારે પણ નિર્ણયાત્મક પગલું ભરવા કરતાં આમતેમ અસ્થિર મનોદશામાં એ ડોલન કરતો દેખાતો. ત્યારે તો એ પોતે જ કરુણમૂર્તિ બની રહેતો. એની મુખમુદ્રામાં એ કરુણતા અંકાઈ રહેતી.

રાધાગુપ્ત એ વખતે એને જોતાં જ આંખો આડે હાથ દઈને મનમાં જ ગણગણતો : 'ઓહ ! મગધ મહારાજનો આ વારસો જોવાતો પણ નથી, સહેવાતો

પણ નથી અને ભુલાતો પણ નથી! અપાર મૃદુતા. અપાર કરુણતા. અપાર ઉદારતા. સામે કોઈ મહાઆતતાયી હશે ત્યારે શું થશે?'

રાધાગુપ્તને મન આ કુમાર એક કોયડો હતો.

એટલે જ એણે જાલૌકને આશાતંતુનો દોર આપ્યો એમાં આ કારણ હતું અને એ અત્યારે આપવો જ પડે એવી જરૂરિયાત પણ હતી.

મગધની મહાત એકચક્રી સત્તાશાસનની ભગવાન કૌટિલ્યે સ્થાપેલી પ્રણાલિકાને જાળવનાર આજે પાટલિપુત્રમાં હવે કોણ હતું?

કોઈ જ નહિ. એક જ હતો આ કુણાલકુમાર.

પણ એ કોયડો પણ હતો.

તે વખતે જાલૌક[૫] ઉપર જ, મગધ શાસનની ધૂંસરી મૂકી શકાય. બીજું કોઈ ન હતું!

રાધાગુપ્તે જાલૌકને થોડી વાર પછી અતિથિગૃહ તરફ જવા માટે વિદાય આપી. પોતે કેટલીયે વાર સુધી ત્યાં ફરતો રહ્યો.

એના મનમાંથી છેવટે એ જ વિષાદ ભરેલો શબ્દ આવ્યો: 'કોઈ જ નથી. મહાન ભવ્ય વારસો છે, પણ વારસો સંભાળનાર કોઈ જ નથી!'

---

૫. 'રાજતરંગિણી', પ્રમાણે આ જાલૌકે પાછળથી મગધથી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું અને એનો રાજ્યવિસ્તાર કાશ્મીરથી કનોજ સુધી ફેલાયો છે. મહાન કનિષ્ક એના વંશમાં જ એના પછી ત્રીજો છે. જાલૌક, દામોદર, હવિષ્ક, કનિષ્ક.

૮

મહારાજ અશોકની વાણી

મહાઅમાત્ય રાધાગુપ્તનું નામ સામાન્ય માણસોમાં જેમ મહાન આશાને પ્રેરનારું હતું, તેમ મહાન ભય અને મહાન શંકાને પણ જન્મ દેનારું બન્યું હતું.

મહારાજ અશોકની ધર્મઘોષણા છતાં સેંકડો-હજારોનાં દિલમાં તો વિદેશી આક્રમણકારો સામે હજી સૈન્યબળ જ અભય આપનારું રહ્યું હતું. રાધાગુપ્તના મહાઅમાત્યપદને લઈને મહાન મગધ સામ્રાજ્યની અચળતા છે, એમ અંતઃકરણથી માનનારાની સંખ્યા, જેવી તેવી ન હતી.

તો બીજી બાજુ મહારાજનું પોતાનું વ્યક્તિત્વ અદ્‌ભુત હતું. એમની પળેપળ લોકકલ્યાણ માટે વપરાતી હતી. લોકો મહારાજનો એ પરિશ્રમ આશ્ચર્યથી જોઈ રહ્યા હતા. એમને એ વાત અદ્‌ભુત જણાતી હતી. એમની વાણીમાં જે મૃદુતા આવી હતી, જે માનવપ્રેમ પ્રગટતો હતો, ધર્મનો સાચો રણકો ઊભો થતો હતો તેણે એક વખત તો લોકોમાં મહારાજ માટે એક નવી જ હવા ઊભી કરી દીધી હતી.

એ માત્ર મહારાજ જ ન રહ્યા, ધર્મરાજ જ બની ગયા.

એમના સાન્નિધ્યમાં આવનાર ગમે તેવા હઠીલા અને દુરાગ્રહી અરિનાં પણ શસ્ત્ર તેઓ ઊતરાવે. કિંવદંતીઓ એવી ચાલી.

મહારાજના આ વ્યક્તિત્વને લાખોનો જનસમુદાય અંતઃકરણથી નમી રહેતો હતો.

મહારાજે એ પ્રમાણે અનેકોને વશ પણ કર્યા હતા. આટવિકો જેવાને જીત્યા હતા. ઘરઘરની હવા એમણે ફેરવી દીધી હતી. પોતે યુદ્ધયાત્રાને બદલે ધર્મયાત્રાએ જ નીકળતા અને ત્યારે જનસમૂહમાં ભળી જઈને એમને પ્રેમથી પોતાની વાત સમજાવતા.

પરિણામ એ આવ્યું હતું કે આખા મગધ મહારાજ્યમાં મહારાજ પ્રત્યે એક પ્રકારની પૂજ્યભાવના ફેલાઈ ગઈ હતી. એમની વાત કરતાં એમના વ્યક્તિત્વને

લીધે, એમને અનુસરનારા સેંકડો, હજારો ને લાખોને હિસાબે નીકળતા.

મહાઅમાત્ય રાધાગુપ્ત મહારાજની આ અદ્ભુત લોકપ્રિયતાનો જાણકાર હતો. એટલે એણે જે હેતુથી કુણાલકુમારને ઉજ્જૈનથી આંહીં બોલાવ્યો હતો, મગધની એકચક્રી રાજનીતિની પરંપરા અબાધિત રીતે ચલાવવા માટે, એ વાત હજી સુધી તો હવામાં લટકતી રહી હતી.

રાધાગુપ્ત ઇચ્છતો હતો કે મહારાજ એમની ધર્મયાત્રાઓ ભલે કરે, મહારાજ્યમાં ઠેરઠેર લોકસંસ્કાર માટે ઊભા થતા શિલાલેખો ભલે કોતરાવે, ભલે સમાજ કરે, ભલે અધિકારીઓ અને પ્રદેશપતિઓ અને રાજ્જુકો મહારાજની આ ધર્મઘોષણાને અવારનવાર જનસમૂહને સમજાવે, ભલે ધર્મમહામાત્રો મહારાજનો શાંતિનો સંદેશો લઈને હિમવંત કાશ્મીરથી છેક તામ્રલિપ્તિ ને તામ્રપર્ણી સુધી પ્રવાસો કરે, ભલે રાજરાણીઓ, રાજકુમારો, રાજના આપ્તજનો દાનના માર્ગે સેંકડો, સહસ્રો ને લક્ષો મોઢે કાર્ષાપણો ખરચે, ભલે એ બધું ચાલતું રહે, પણ કોઈક તો એવો રાજવારસ હવે જાગવો જ જોઈએ, જે મગધમહારાજ્યનો તંતુ આગળ ચલાવે નહિતર મહારાજ ન હોય ત્યારે રાજનું શું? રાજ કોનું – આક્રમણકારોનું? અવ્યવસ્થાનું? પ્રદેશપતિઓનું? એ એક અટપટો પ્રશ્ન હતો. રાધાગુપ્તે કુણાલકુમારને બોલાવ્યો હતો જ એટલા માટે, રાજતંતુ સંભાળી લેવા માટે.

પણ એણે જોયું કે કુમારના દિલમાં પણ એક વસ્તુ અચળ બનીને બેસી ગઈ છે. બીજી બધી વસ્તુઓ એની પાસે ગૌણ થઈ જાય છે.

રાજધર્મ હોય, યુદ્ધધર્મ હોય, માનવધર્મ હોય, ગમે તે ધર્મ હોય, રાજકુમાર કુણાલના દિલમાં એક વાત હિમાચળ સમી અડગ હતી.

પિતાનો શબ્દ પહેલો, બીજું બધું પછી. એમના મોંમાંથી જે શબ્દ નીકળ્યો તે એને માટે આજ્ઞા બની ગયો.

કુણાલકુમારના દિલમાં બેઠેલી આ વાત એ જ એની મહાન શક્તિ હતી. એ જ એની મહાન અશક્તિ પણ હતી, પિતાની આજ્ઞા મળે કે 'કૃણાલ! તક્ષશિલાને યુદ્ધથી વશ કરી લાવ –' તો ઘડીના છઠ્ઠા ભાગમાં વીરોનો વીર કુણાલ એ કરી લાવે. એવી એની વીરતા હતી. વીરોના વીરને પણ શરમાવે એવું વીરત્વ એની પાસે હતું. પણ મહારાજની આજ્ઞા એ એને માટે સર્વોપરી હતી. ઘડીના છઠ્ઠા ભાગમાં મહારાજ રામચંદ્રે જેમ પિતાના શબ્દે રાજ તજી દીધું, એ હવા આ કુમારના દિલની હતી. એને રાજકુમારના દિલની વાત કહો, એનો કુદરતી સ્વભાવ ગણો, એની નિર્બળતા માનો, એની મનોદશા સમજો, જે સમજવું હોય તે સમજો, પણ કુણાલકુમાર માટે મહારાજનો શબ્દ એ છેલ્લો શબ્દ હતો. મહારાજનું વચન એ જીવન હતું. મહારાજની ઇચ્છા એ ધર્મ હતો. એ નબળાઈ

ગણાતી હોય તો નબળાઈ, નિર્માલ્યતા ગણાતી હોય તો નિર્માલ્યતા પણ કુણાલ માટે એ જીવનધર્મ બન્યો હતો.

એટલે જ્યાં સુધી મહારાજ પોતે કુણાલને એમ ન કહે કે તું હવે મગધરાજ્યના સંચાલન માટે મારી રાજનીતિ નહિ, તારી પોતાની રાજનીતિ ઘડી લે, ત્યાં સુધી કુણાલકુમાર માટે તો મહારાજે પોતાના સ્તમ્ભોમાં અવારનવાર પોતાના પુત્ર પૌત્રો માટે દર્શાવેલો મૃદુતાથી ને પ્રેમથી બધાને જીતવાનો શાંતિધર્મ એ જ છેલ્લો શબ્દ બની રહેતો હતો.

એટલે રાજકુમાર કુણાલ પણ રાધાગુપ્ત માટે એક કોયડા સમાન હતો.

એને આશા એક જ હતી. મહારાજની શુશ્રૂષામાં જેણે દિવસ-રાત ગણ્યાં જ ન હતાં તે મહારાણી તિષ્યરક્ષિતા એની વાતો સમજતી હતી.

એ મહારાજની હરેક ઇચ્છાને વશવર્તી હતી. એની શુશ્રૂષા તો એની જ હતી, છતાં એ સમજતી કે મગધમહારાજ્યને ટકાવવા માટેનો મહાઅમાત્યનો જે વ્યવહારુ પંથ છે, એ પંથે જ મગધની અચળતા વસે છે.

એટલે એ રીતે એ રાધાગુપ્તને સહાયક હતી.

પણ રાધાગુપ્તને હવે એક શંકા જન્મી હતી. કાશ્મીરની ઈશાનદેવીની વાત આંહીં ફેલાઈ હોય ને એણે એ પ્રતિવેદકો પાસેથી જાણી પણ હોય.

તો-તો એના દિલમાં પણ હવે મગધની એકચક્રી મહારાજ્ઞી થવાનું, મગધેશ્વરી બનવાનું સ્વપ્ન કેમ ન જાગે?

રાધાગુપ્તને એની નૃત્યસમયની જૂના વખતની વાત પણ યાદ આવી ગઈ.[૬]

એટલે એણે પોતાના મનથી એક નિશ્ચય કર્યો.

વૃદ્ધા મહામાયા પોતાની વિશ્વાસુ હતી એ વાત બધે જાણીતી હતી. એણે જે મૂર્ખાઈથી જાલૌક પાસે વાત પ્રગટ કરી, તે પછી એને હવે પોતાને ત્યાં રાખવી એનો અર્થ એ કે જાલૌક કોઈક દિવસ પણ એને મળી શકે કે કોઈક મારફત પણ કાંઈ જાણી શકે એવી શક્યતા રહેવા દેવી એ કોઈક દિવસ ભારે પડી જાય.

એટલે રાધાગુપ્તે પ્રભાત થતાં પહેલાં જ એને મહારાણી તિષ્યરક્ષિતાના સાન્નિધ્યમાં મોકલી દીધી.

આગલા દિવસે જ મહારાણી મળવા આવ્યાં ત્યારે એક ઉરુધન્યા[૭] માટે એમણે માગણી કરી હતી. પોતે મહારાજ પાસેથી પળ-બે-પળ આઘીપાછી તો થતી ન હતી, પણ થાય તો તે વખતે મહારાજ પાસે રહે, જે બીજી રીતે મહારાજ પાસે થતી દરેક વાતને મનમાં નોંધી પણ શકે એવી ચપળ છતાં વિશ્વાસુ ને શંકાથી

---

૬. પ્રિયદર્શી અશોક, પહેલું પુસ્તક.

૭. ઉત્તમ સેવિકા.

પર એવી કોઈ યવની માટે મહારાણીએ ઇચ્છા પ્રદર્શિત કરી હતી. રાધાગુપ્તે મહામાયાને જ મહારાણી પાસે મોકલી દીધી. એને કહેવાની કેટલીક વાતો પણ કહી. પ્રભાતે જ્યારે એ જાલૌકને લઈને મહારાજ પાસે ગયો, ત્યારે તો મહામાયા ત્યાં પહોંચી ગઈ હતી.

જાલૌકને લઈને રાધાગુપ્ત મહારાજના સાન્નિધ્યમાં આવ્યો. મહારાજ આજે કાંઈક સ્વસ્થ હતા. તેઓ સ્વસ્થતાથી રાજસિંહાસન ઉપર બેઠા હતા. અત્યારમાં પણ એમના સાન્નિધ્યમાં એક બે પ્રતિવેદકો ઊભા હતા. મહારાણી તિષ્યરક્ષિતા એક તરફ દૂર, કોઈની નજર એના ઉપર ન પડે પણ એ બધાને નજરમાં લઈ શકે તેમ શાંત બેઠી હતી. આસપાસ ચારે તરફ બહારના ભાગમાં યવનીઓ ફરતી જણાતી હતી.

રાધાગુપ્ત ત્યાં આવ્યો. મહારાજને તેણે નમન કર્યું. જાલૌકને આગળ કર્યો: 'મહારાજ! આ પ્રદેશપતિ જાલૌક આવેલ છે.'

જાલૌક આગળ આવીને મહારાજને બે હાથ જોડીને પ્રણામ કરી રહ્યો. પણ પળેપળ મહારાજ લોકકલ્યાણ માટે ગાળે છે એટલે શું, એનો અનુભવ એને તરત થયો.

મહારાજ કોઈ પ્રતિવેદકને કહી રહ્યા હતા, 'અને ત્યાં કોણ છે અટવીપાલ?'

'નિર્ભય છે, મહારાજ!'

'અરે! ત્યારે પ્રતિવેદક! તું અત્યારે ને અત્યારે ત્યાં જા. લે આ.....' મહારાજે પોતાની રાજમુદ્રિકા તેની સામે ધરી: 'એક પળના વિલંબ વિના જા. મારા તરફથી એને કહે કે રાજા પ્રિયદર્શી આ કહેવરાવે છે કે કેટલીક જાતો અનાવૃત્તિથી[૮] ને આલસ્યથી કાંઈક દોષ કરે; તો એ લોકોને નીતિના માર્ગે લઈ જવાનો આપણો ધર્મ છે. આટવિકો પણ માણસ છે. તેઓ પણ અનુદ્વિગ્ન થાય એમ હું ઇચ્છું છું. તમારે તે લોકોને આશ્વાસન આપવાનું છે, માત્ર આજ્ઞા નહિ. એઓ આજ્ઞા પાળતા નથી, એ વાત પણ ઉતાવળે કરેલી આજ્ઞાની છે. પહેલાં આજ્ઞા એકચિત્તે એમને સમજાવવી જોઈએ – એમની ભાષામાં, એઓ સમજે તેમ સમજાવવી જોઈએ. તમે એમને કહો કે રાજા તમને પોતાના સંતાન માને છે ને સંતાન વિદ્રોહ કરે તો પણ પિતા પિતાપણું ન છોડે. હું પોતે મંત્રીઓને મદદ કરીશ કે એ તમને સમજે. તમે એમને સમજો. અંત્યો[૯] પણ મગધરાજના મૂલ્યવાન માણસો છે. ક્ષણે-ક્ષણે તમે એમને આપણી વાત સંભળાવો અને સમજાવો. કાર્તિક માસમાં, ફાગણ માસમાં, આષાઢમાં, યજ્ઞની વેળાએ, સમાજ વખતે, ઉત્સવે-ઉત્સવે, નક્ષત્રમહોત્સવ સમયે

૮. અભ્યાસની ખામીથી.

૯. જંગલીઓ, આદિવાસીઓ.

વારંવાર આ વાત ફરીફરીને એમને સમજાવો. તમે સમજાવતાં થાકશો નહિ, તો એક વખત આટવીકોને તમે શ્રેષ્ઠ મનુષ્યો જોશો. શસ્ત્ર – અસ્ત્રની વાત એકદમ કરવા દોડવું એ રાજા પ્રિયદર્શીને હવે ગમતું નથી. જા પ્રતિવેદક! તું ઉતાવળે જા ને આ સંદેશો એકદમ પહોંચાડી દે. કોઈ પણ અકાર્ય થાય તે પહેલાં તું આ લઈને પહોંચી જા.

આપણે એમની વાત સમજતા નથી, એઓ આપણી વાત સમજતા નથી. માટે એઓ આપણને સમજે તેવા શબ્દો શોધી કાઢે; તો તમને ખાતરી થશે કે એ શબ્દો બંનેનાં દિલને પ્રેમથી એક કરશે. શબ્દો માનવનાં હૃદય-હૃદયને મેળવવા માટે છે, વિભક્ત કરવા માટે નહિ. અધિકારીઓ આ વાત સમજીને પોતાના શબ્દોને મૃદુ બનાવે, સાચા બનાવે, સમજે તેવા બનાવે, પ્રેમભર્યા બનાવે. એમને ખાતરી થશે કે આટવિકો પણ શાંતિને ઝંખે છે.'

જાલૌક તો મહારાજની આ વાણી સાંભળી જ રહ્યો. તેને રાધાગુપ્તની વાત યાદ આવી ગઈ. મહારાજના સાન્નિધ્યમાં ઊભા રહેતાં જ એને લાગ્યું કે મહારાજ એ તો મહારાજ છે. એમની વાણીમાં ભારોભાર માનવપ્રેમ ભર્યો છે. એ પ્રેમ બીજાને સ્પર્શ્યા વિના રહેતો નથી.

એટલામાં મહારાજે તેની સામે જોયું. 'રાધાગુપ્ત! પ્રદેશપતિ ક્યારે આવ્યા છે કાલે? તેં એમને પૃચ્છા કરી તક્ષશિલાને જોઈ કે મગધની કઈ વાત પસંદ નથી? વિદ્રોહ શા માટે છે? પ્રદેશપતિ! અધિકારીઓ મૃદુ નથી કે કુશળ નથી?'

જાલૌકે બે હાથ જોડ્યા: 'મહારાજ! એ પ્રદેશ જ જુદો છે.'

'એટલે?'

'કેટલાક એવા માનવ થાય છે. જેઓ જિતાતા નથી.'

'પ્રેમથી પણ?' મહારાજે આશ્ચર્ય બતાવ્યું. 'શું કહે છે તું, જાલૌક? પ્રેમથી તો પશુ જિતાય, પંખી જિતાય, વૃક્ષો વનસ્પતિ જિતાય અને માનવ ન જિતાય એવું કાંઈ હોય? તો-તો માનવ ધૂની પણ હોય! તને ખબર છે, આપણે દેશ જીતવા નીકળ્યા નથી, માનવ જીતવા નીકળ્યા છીએ. શું ત્યાં કોઈ દુ:ખી, દીન અને આતુર નથી? શું ત્યાં માનવો માનવોની પ્રેમહવા માટે ઝંખતા નથી? શું ત્યાં માનવ-માનવ વૃક્ષઘટા નીચે બેસીને ગ્રામગોષ્ઠિ કરતા નથી? ત્યાં દુ:ખી હશે, દીન હશે, આતુર હશે, રોગી હશે, અશક્ત હશે, અકિંચન હશે. જ્યાં-જ્યાં માનવ, ત્યાં ત્યાં આ હશે – અને એમને મળવા માટે તો આપણે નીકળ્યા છીએ.'

'માનવ પ્રેમ વડે પણ ન જિતાય એવું તો આજે જ આંહીં મેં તારી પાસેથી સાંભળ્યું.'

તો-તો પ્રેમ વડે ન જિતાય એવા માનવોને જોવા માટે હું પોતે જ તારી સાથે આવું. હું જરા અશક્ત છું. પણ મારે તો પળપળ હવે માનવને દિલ આપવામાં ને એનું દિલ લેવામાં ગાળવી છે.'

આપણે આજ દિવસ સુધી માનવને જીતવા શસ્ત્રો વાપર્યાં.'

વાપરવાનાં હતાં ઔષધો. શબ્દો. જ્ઞાનવાતો. પ્રેમવાતો. જાલૌક ! તું ક્યારે જવાનો છે? મને લાગે છે હું તારી સાથે આવું. મારે એ બળવાન મનુષ્યોને જોવા છે. શું સુંદર એ પ્રદેશ છે! ત્યાં માણસો અસુંદર હોય એ હું કેમ માનું ?'

આપણે સાધુ ઉપગુપ્તને – અરે ભૂલ્યો, ભદંત મોગલીપુત્ત[૧૦] તિષ્યગુપ્તને – કાલે પ્રેમની મર્યાદા વિષે પૂછીશું. તેઓ તને કહેશે કે પ્રેમની કોઈ મર્યાદા નથી. જે માનવદિલમાંથી પ્રેમ પ્રગટે છે, તેની મર્યાદા હોઈ શકે. આપણે વિહારયાત્રાને બદલે ધર્મયાત્રા શરૂ કરી છે તે આટલા માટે જ. રાધાગુપ્ત તને કહેશે, આપણું સૂત્ર છે: ધમ્મા[૧૧] રાન્ના ચકવત્તીરસ રાજા.

જાલૌક મહારાજની વાણી સાંભળી રહ્યો. એ વાણી એટલી મૃદુ હતી, એટલી શાંત હતી, એવી પ્રેમભરી હતી કે જાણે કોઈ એના દિલને ધીમા હાથે ઔષધ લગાડી રહ્યું હોય તેવું લાગે !

એને પોતાને પણ થયું કે મહારાજની હૃદયવાણીનો પ્રત્યુત્તર એમની હૃદયવાણી જ આપી શકે.

બીજા કોઈના શબ્દો એમને પ્રત્યુત્તર ન આપી શકે. એ વાણી ઉત્તર-પ્રત્યુત્તર માટે હતી જ નહિ.

તેણે બે હાથ જોડ્યા: 'મહારાજ! હું મારો અનુભવ બોલી રહ્યો હતો. અગાધ પ્રેમ ને અગાધ જળ એ શબ્દાતીત અનુભવ માગે છે. મારું હૃદય એટલું વિમલ નથી, એટલું હજી દોષમુક્ત પણ નથી. પણ મહારાજ! ધર્મઘોષણાઓ તો અમે ત્યાં વારંવાર કરી છે!'

'કરી છે? એ બહુ સારું કર્યું. ઉત્સવેઉત્સવે એ કરાવો. જલને નીચે જવું સહેલું છે, તેમ માનવને માટે પણ એકદમ ઉન્નતપંથે જવું શક્ય નથી. પણ આપણે શનૈઃ એ પંથ એને આપવો રહ્યો. વળી મેં પણ, જાલૌક! આ એકદમ ક્યાં સાધ્ય કર્યું છે?

'હું પણ અર્ધત્રિનાં[૧૨] વર્ષો કરતાં વધારે વર્ષો સુધી ઉપાસક હતો. એક સંવત્સર કે એથી પણ વધુ તે પછી ગયું ને હું કાંઈક આગળ વધ્યો. મન ઉન્નત

૧૦. સાધુ ઉપગુપ્ત, એ જ મોગલીપુત્ત તિષ્ય છે, – કેમ્બ્રીજ ઇતિ. ૫૦૬.
૧૧. ધર્મ એ ચક્રવર્તીઓનો પણ ચક્રવર્તી છે.
૧૨. અઢી

થયું. લાગ્યું કે જીવનનું આ ફળ છે. પણ, જાલૌક! મોટા લોકો આ કરી શકે ને નાના ન કરી શકે એવું કાંઈ નથી. આ પરાક્રમ કરી શકે તે જ મોટા. નાના લોક હિંમતથી આ કરી શકે. તું પણ કરી શકે!'

રાધાગુપ્તને ભય લાગ્યો. રાજાએ પોતાનાં સ્વજનોને તો સાધુપંથે વાળ્યાં હતાં. સંઘમિત્રાનો પુત્ર સુમન પણ એ પંથે ગયો હતો. એટલે રાજકુટુંબમાં કુણાલ સિવાય કોઈ જ ન હતું. કુણાલને પણ મહારાજે તો નામ આપ્યું હતું – ધર્મવિવર્ધન. એની માતા કાંચનમાલા, તિષ્યરક્ષિતા – એ બધાંને લીધે એ પોતાના રાજકાર્યમાં ટકી રહ્યો હતો. એમાં આ જાલૌક પણ જાય, તો-તો મગધ માથે આપત્તિ ઊતરે. તેણે ઉતાવળે કહ્યું: 'મહારાજ! પ્રદેશપતિઓ માટે મહારાજે જે આજ્ઞા કરી છે, તે જ ધર્મઘોષણા સમાન છે. જાલૌકને મેં એ કહી બતાવી છે. મહારાજની ઇચ્છા એવી છે, જાલૌક! કે પ્રદેશપતિ દંભી ન જોઈએ, અધાર્મિક ન જોઈએ. મહારાજે ફરીફરીને કહ્યું છે, વ્યવહારની સમતા અને દંડની સમતા રહેવી જોઈએ.[૧૩]

'અને ભલે જેને પ્રતિવધનો[૧૪] દંડ હોય તેને પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ તૈયારીના આપવા. કોઈપણ માણસ પશુની પેઠે હણાવો ન જોઈએ, રાજુકો માટે, જાલૌક! મહારાજની આ આજ્ઞા છે. તમારે ત્યાં પણ એ જ સર્વોપરી છે નાં?'

'હા, મહાઅમાત્યજી! અમે તો ત્યાં મહારાજની ધર્મઘોષણા ઠેરઠેર પ્રગટાવી છે!'

'રાધાગુપ્ત!' મહારાજે કહ્યું: 'આપણે છસો જોજન દેશમાં – આપણા પોતાના સામ્રાજ્યની બહારના છસો જોજન પ્રદેશમાં ધર્મવિજય પ્રવર્ત્તાવ્યો છે, છતાં હજી તને લાગે છે કે દંડનીતિ રહેવી જોઈએ?

આપણે હવે કદી પણ ફરીને કલિંગ સરજવું નથી!

'આપણે નહિ સરજીએ તો, દેવ! બીજા સરજશે. એના કરતાં એમ કહો કે કલિંગ સરજવાની આપણે કોઈ દિવસ કોઈને તક આપવી નથી. એ એક જ શાંતિનો પંથ છે. જે મૃદુ હોય, ઉદાર હોય, સમજણવાળા હોય તે સમર્થ હોય, શસ્ત્રની રીતે પણ સમર્થ હોય, તો જ શાંતિ આવે. એ શાંતિ ટકે, રહે, નભે. રાવણ માટે રામચંદ્ર અનિવાર્ય છે અને રાવણો આંહીં રહેવાના જ છે, આવવાના પણ છે.'

રાધાગુપ્તને હવે એક વાત મનમાં ચોક્કસ અત્યારે જ આવી ગઈ. એણે જેમ જાલૌક વિષે તત્કાલ નિર્ણય લીધો હતો, તેમજ કુણાલ વિષે લેવો રહ્યો. કુણાલકુમાર મગધ મહારાજ્યનો વારસો ઉપાડી લે તો જ મગધ ટકે. કોઈકે

૧૩. ચોથું શાસન, રાજુકોની ફરજ.
૧૪. વધસ્તમ્ભે લઈ જવાનો.

તો મગધપતિનો વારસો લેવા માટે હવે અચળતાથી ને દૃઢ નિશ્ચયથી આગળ આવવું જ ઘટે છે. નહિતર તો મગધમાં એક દિવસ અવ્યવસ્થા હોય, અનિયંત્રણ હોય, અનવસ્થા હોય. તો તો પોતે જ ભગવાન કૌટિલ્યનો દ્રોહ કર્યો કહેવાય. કોઈક સેનાપતિ, કુણાલકુમાર, કોઈક આગળ આવે, મહારાજનો કોઈ સ્વજન આગળ આવે. રાધાગુપ્તને સેનાપતિ યશ યાદ આવી ગયો. એ એક જ સમર્થ હતો. પણ સુમનકુમારનો પુત્ર જ્યારથી ભિખ્ખુપંથે વળી ગયો ત્યારથી, કોણ જાણે શું હતું – આ સેનાપતિનો પણ જાણે યુદ્ધજીવનનો રસ જ ઊડી ગયો હતો ! એ હવે ભાગ્યે જ યુદ્ધભૂમિમાં સૈનિકોને નિહાળવા માટે પણ આવતો. હવે યુદ્ધ તો ક્યાં ય રહ્યું ન હતું એ ખરું, પણ એ સેનાપતિ હતો. સુમનકુમારના વારસાનો પ્રશ્ન તો એ કુમારે પોતે જ ઉડાડી મૂક્યો. મહારાજે તો પ્રસ્તાવ મૂકવાની તૈયારી બતાવી હતી. રાજપરિષદે પણ તૈયારી બતાવી હતી. કુણાલ પણ તૈયાર હતો. પણ મહારાજના મોટાભાઈ સુમનનો કુમાર પોતે જ બે હાથ જોડીને એ પદ માટે પોતે અનધિકારી છે એમ કહી રહ્યો હતો. એના એ વાક્યે ઘણાને ડોલાવી દીધા કેટલાયને વિચાર કરતા કરી મૂક્યા. એ પ્રતાપ હતો સાધુ ઉપ્ગુપ્તનો, મોગલિપુત્ત તિષ્યનો, જેણે મહારાજના આખા ચિત્તતંત્રને ફેરવી નાખ્યું હતું.

સેનાપતિ યશની આશાના એ સાંભળીને ભુક્કા થઈ ગયા. ખલ્લાટક મંત્રી જેવા પણ શાંત પડી ગયા.

અને બીજું થાય શું ?

પણ રાધાગુપ્તે એ જ ભય હવે કુણાલકુમાર માટે જોઈ લીધો.

મોગલિપુત્ત તિષ્યે જ મહેન્દ્રને સાધુપંથે દોર્યો ન હતો ?

એણે જ મહારાજના બંધુ તિષ્યકુમારને પણ એ જ પંથે દોર્યો ન હતો ? બીજા અનેકને પણ એણે જ ભિખ્ખુપંથે દોર્યા ન હતા ?

આ કુણાલને માટે પણ એ જ પંથ હતો.

જો એ આંહીં રહે, તો એ પણ એ જ પંથે જવાનો.

આ વિચાર આવી જતાં જ રાધાગુપ્તે તત્કાલ એક નિર્ણય લીધો. એણે નિશ્ચય કર્યો : એ ભલે મહારાજના સાન્નિધ્યમાં જાલૌકને લાવ્યો હતો, મહારાજની ધર્મઘોષણા એને સમજાવવા માટે, પણ સાથેસાથે જ આ વાત હવે કરી નાખવી જોઈએ. કુણાલકુમાર તક્ષશિલા જાય. મહારાજ નહિ. મહારાજના સાન્નિધ્યમાં એ દૃઢ નિર્ણય એણે કરી લીધો. ગમે તે થાય, કુણાલકુમારે તક્ષશિલા જવું જ જોઈએ.

મહારાજને આ વાત કહેવી જોઈએ. કુણાલે તૈયારી બતાવવી જોઈએ. તક્ષશિલા જવા માટે યશ ધર્મમહામાત્રાને પણ તૈયાર કરવો જોઈએ. કોને ખબર છે, જો મહારાણી તિષ્યરક્ષિતાની મહત્ત્વાકાંક્ષા જાગી હોય, તો એ જ આંહીં સર્વોપરી

થવા મથે. તે વખતે યશ પણ આંહીં હોય તે ઠીક નહિ. ઈશાનદેવીનાં નામ ને કામ તિષ્યરક્ષિતાએ સાંભળ્યા જ હોવાં જોઈએ. એના દિલમાં મહત્ત્વાકાંક્ષા જાગે, એ તદ્દન સ્વાભાવિક હતું. એટલે તત્કાળ પાળ બાંધવાની હતી, અને તે પણ અત્યારે જ, આ જાલૌક આંહીં છે ત્યાં જ. મહારાજ અશોકના ઉપર રાજસભા અમુક નિયંત્રણ મૂકે એ પણ હવે જરૂરી હતું. મહારાજ અસ્વસ્થ હતા, એટલે આ વાત કહેવામાં એને અત્યાર સુધી સંકોચ થતો હતો. પણ ખરી રીતે તો એ બધી વાત હવે ઘણી ઘણી મોડી પડતી હતી. તક્ષશિલા જવા માટે હવે તો યુવરાજ કુણાલકુમાર જ યોગ્ય ગણાય, કારણ કે છેવટે એ મગધનો વારસ હતો. રાધાગુપ્ત માટે એ એક કોયડા સમાન રહ્યો હતો એ ખરું, પણ એટલે જ આ નિર્ણય, વધુ જરૂરી હતો, કારણ કે એક ક્ષણે કુણાલકુમાર વીર જણાતો હતો, બીજી ક્ષણે, સાધુ. એક પળે એ મગધનો મહાન ગૌરવશાળી વારસ લાગતો હતો, બીજી પળે પિતૃભક્ત પુત્ર, બીજું કાંઈ જ નહિ. એક પળે એ મગધની મહત્તા જાળવશે એમ સ્પષ્ટ થતું હતું, બીજી જ પળે લાગતું હતું કે એ મહારાજના ધર્મવિજયનો ઘોષ કરવા માટે, ગમે તે વખતે, સાધુ થઈ જશે!

એ પોતાની દ્વિધામાંથી ભાગ્યે જ પોતે મુક્ત હતો. 'આ કે આ?' એ પ્રશ્ન એના દિલનો હંમેશનો પ્રશ્ન હતો. કેવળ કાંચનમાલાને લીધે જ લાગતું હતું કે એ રાજકુમાર છે ને રાજવંશી વારસો જાળવશે. મહારાણી તિષ્યરક્ષિતા એને ટકાવી રહી હતી. એ શા માટે એમ ટકાવી રહી હતી, એ હજી રાધાગુપ્તને સ્પષ્ટ સમજાયું ન હતું. મહારાણી તિષ્યરક્ષિતા પણ કોયડા સમાન હતી. એ પણ કયા વખતે કેમ વર્તશે એ અકળ હતું.

ખરી રીતે કુણાલ પોતે શું છે, એ પોતે જ જાણતો ન હતો. એના એ કોયડાએ રાધાગુપ્તને[૧૫] પણ હવે ખરેખર મૂંઝવ્યો હતો. એને થતું હતું કે કદાચ મગધ અચાનક જ એવી પરિસ્થિતિમાં મુકાઈ જશે કે જે વખતે એમાં કોઈ જ રાજવારસ નહિ હોય! મગધમાં અવ્યવસ્થા હશે, આક્રમણકારો આવતા હશે ને પોતે સૈન્યવિહોણો ને સેનાપતિવિહોણો હશે. યશ ક્યાં સેનાપતિ રહ્યો હતો?

એને લાગ્યું કે હવે પળેપળ કીમતી છે. મહારાજની ધર્મઘોષણાઓએ દેશભરમાં શાંતિ સ્થાપી હતી એ ખરું હતું. કોઈ પાડોશી રાજ્ય હવે મગધ પ્રત્યે દુશ્મનાવટ રાખતું ન હતું. સર્વત્ર મહારાજ અશોકનો શાંતિધ્વજ હવામાં લહેરાતો હતો. મહારાજ અશોકે માનવમાં રહેલા બળવાન સિંહોને સંસારસમસ્તના પાયાના

---

૧૫. રાધાગુપ્ત ને સેનાપતિ યશ બંને ઐતિહાસિક પાત્રો છે. એમનાં નામ 'અનુક્રમ અશોક અવદાન'માં, ને અશ્વઘોષના 'સૂત્રાલંકાર'માં છે. – કેમ્બ્રીજ હિસ્ટ્રી – પૃ. ૫૦૭. અવદાન = વાર્તા.

મહાન સ્તમ્ભો બનાવી દીધા હતા. માનવમાનવ વચ્ચેના વ્યવહારમાં એક પ્રકારનું ગૌરવ એમણે સ્થાપ્યું હતું. તુચ્છતા, લઘુતા, ક્ષુદ્રતા, ક્ષુલ્લકતા વ્યવહારમાંથી વિદાય લઈ રહી હતી. પણ એ પ્રભાવ મહારાજના વ્યક્તિત્વનો હતો, સમષ્ટિની ઊંડી સમજણનો નહિ.

અને છેવટે – છેવટે – તો જાલૌકે જે કહી હતી, તે જ વાત સાચી ઠરતી હતી.

સિંહો કોઈ દિવસ જાગવાના જ હતા.

જેમને આક્રમણોમાં રસ છે, જે લોભવિજયી છે ને અસુરવિજયી છે, તે દેશને રોળવા માટે આક્રમણો લાવવાના જ છે. ભારત વ્યાપાર માટે મિસ્રના ટોલેમી જેવાએ તો મહાન સાહસ ઉપાડ્યું હતું. એક જળનહેર એવી બનાવવી. ભારતનો માલ સીધો મિસ્રમાં આવે. પણ[૧૬] ભારતનો ત્યાં સુધીનો વ્યાપાર સુરક્ષિત ચાલે, કોઈ આક્રમણ ન કરે એ વ્યવસ્થા પાછળ પીઠબળ કોનું? એ પીઠબળ કોણ આપે?

મગધ સૈન્યને એવા સમયે કોણ દોરશે? સેનાપતિ યશ જેવા પણ યુદ્ધનો રસ ખોઈ બેઠા છે. પછી તો દેશની વ્યવસ્થાનું શું થશે?

રાધાગુપ્તના દિલમાં આ બધા જ પ્રશ્નો મહાન બનીને પ્રત્યુત્તર માગતા આઠે પહોર ને ચોવીશે ઘડી ઊભા જ હતા. અત્યારે હવે એ પૂરેપૂરા જાગી ગયા. એને લાગ્યું કે જો કુણાલકુમાર આંહીં જ રહેશે, તો એ ઉપગુપ્તના ભિખ્ખુપંથમાં જ ભળી જશે. યુવરાજ મહેન્દ્રનું શું થયું? એટલે એણે હવે તક્ષશિલા જવું જ જોઈએ, બહાર નીકળવું જોઈએ, સૈન્યો દોરવાં જોઈએ, પ્રદેશ સાચવવો જોઈએ. મહારાજે ત્યાં જવું જરૂરી નથી.

એટલે ખરી રીતે જે કહેવાનો વિચાર એને અત્યારે ન હતો એ જ તથ્ય એણે મહારાજને કહી નાખ્યું. મગધના ભાવિ પ્રત્યે મહારાજનું ધ્યાન ખેંચ્યું, પણ મહારાજનો પ્રત્યુત્તર સાંભળીને તો એ છક થઈ ગયો. એણે જે કલ્પ્યું ન હતું એવું મહારાજે કહ્યું :

'રાધાગુપ્ત!' મહારાજે અત્યંત શાંત વાણીમાં કહ્યું:'તારી વાત સાચી છે. તને મગધની પરંપરા પ્રિય છે એ હું જાણું છું. પણ મારે તો મારા પુત્રોને અને પૌત્રોને અને ભાવિ મગધપતિઓને પણ આ જ કહેવાનું છે:ધર્મવિજય કરો. આ દુનિયાનો નહિ – પર દુનિયાનો પણ ખ્યાલ રાખો. મારે વારસો પણ એ જ આપવાનો છે. એને જ હું માનવશક્તિ માનું છું. જે શક્તિ આ દુનિયાપારની કોઈ દુનિયાનો અનુભવ કરી શકે, એને જોઈ શકે, એ માનવ- શક્તિ, એવી માનવશક્તિ આવે, ત્યારે જ, માત્ર મગધમાં નહિ – ક્યાં ય પણ, યુદ્ધ ન હોય. વિશ્વશાંતિ ત્યારે થાય. વિશ્વશાંતિ વિના મગધમાં શાંતિ ન હોય. ને હોય તો કેટલા દી ની?

૧૬. ભવિષ્યમાં સુએઝની નહેર થઈ, એની પાસે મિસ્રના ટોલેમિએ એ પ્રયત્ન કરેલો.

યુદ્ધ શા માટે થાય છે, રાધાગુપ્ત?

પ્રદેશ માટે. દિગ્વિજય માટે. કીર્તિ માટે. દ્રવ્ય માટે. મોટાઈ માટે. પણ જે એક દુનિયા આ દુનિયાની પાર વસી રહી છે, તેનો એક કોટ્યંશ વૈભવ પણ માનવ આંહીં જોવા પામતો નથી. એટલે જ એ ઝાંઝવાનાં જળ પછવાડે દોડે છે. અલિકસુંદરે શું મેળવ્યું, તું કહે? એણે ઘોડા કર્યા. અસંતોષ મેળવ્યો. જીવન જેવું જીવન ખોયું. પણ જો એને પ્રતીતિ થઈ હોત કોઈ પણ રીતે એના માનસમાં આટલું પરિવર્તન આવ્યું હોત કે એક દુનિયા આ દુનિયાની પારની પણ છે, તો તરત જ એ પલટાઈ ગયો હોત. એટલા માટે મેં તો મારા પુત્રોને, પૌત્રોને, પ્રપૌત્રોને ને તે પછીના રાજવારસોને પણ કહ્યું છે, હજી કહું છું ને હવે પછી પણ કહેવાનો છું કે મગધની અચળ રાજનીતિનો આ સંદેશો તમે બધે વિસ્તારો, ધર્મવિજય કરો. ધર્મઘોષણા કરો. ધર્મયાત્રા કરો. ધર્મ મહામાત્રો બધે મોકલો. પરદુનિયાને જાણવા માટે પહેલાં આ દુનિયાને સમજો. એને શાંતિ આપો. તમને કાંઈક અલૌકિક દિવ્ય વસ્તુ પ્રાપ્ત થશે..... મારો તો આ અચળ સંદેશો છે રાધાગુપ્ત! તેમાં એક અક્ષર પણ હવે ફરે તેમ નથી. પછી ભલે તમે એ બ્રાહ્મીલિપિમાં લખો કે ખરોષ્ઠીલિપિમાં લખો. જમણી બાજુથી લખો કે ડાબી બાજુથી લખો. વસ્તુ એક જ છે. તારે પણ આ સંદેશો જાળવવાનો છે અને જાલૌક માટે પણ એ જ સંદેશો છે. કુણાલને માટે પણ એ જ સંદેશો છે ને કુણાલના નાનકડા દશરથ માટે પણ એ જ સંદેશો છે. હું જીવું છું ત્યાં સુધી વિશ્વશાંતિ એ મારો પ્રાણ છે, શ્વાસોચ્છ્વાસ છે. સમજણ, મૃદુતા, પ્રેમ, એ મારું જીવન છે. આક્રમણકારો જે કરવું હોય તે ભલે કરે – ભલે કરી લે, જે રીતે કરવું હોય તે રીતે ભલે કરી લે, એક વખતે ભલે એઓ મેદાન મારી જાય, પણ મગધમાંથી ભારતવર્ષમાંથી મૃદુતાને અને શાંતિને એઓ કદાપિ પણ નિર્મૂળ કરી શકવાના નથી.

અને ત્યાં સુધી વિશ્વાશાંતિનાં બીજ પણ નિર્મૂળ થવાનાં નથી. વિશ્વશાંતિ આવશે જ આવશે, રાધાગુપ્ત! એક દિવસ આવશે. ને ત્યારે ભારતવર્ષ જ એ લાવશે. એ શક્તિ ભારતની છે. મારી શ્રદ્ધા હું ગુમાવવા માગતો નથી.

માનવજાત જ શાંતિનો પંથ છોડી શકવાની નથી. માનવજાત એ છોડે પછી તો આંહીં દુનિયા જ રહેતી નથી, તો રાજ્ય ક્યાં રહેવાનાં છે?

'હિંસક પશુઓએ કોઈ પ્રદેશ વિકસાવ્યો સાંભળ્યો છે ખરો? યુદ્ધમાં યુદ્ધની ખાતર રાચનારા માણસો જો હિંસક પશુ નથી, તો તું જ કહે, બીજું શું છે? રાધાગુપ્ત! ભગવાન કૌટિલ્યે ભલે ગમે તે કહ્યું હોય, એમની પરંપરા ભલે ગમે તે હોય, મારું આ અચળ રાજસૂત્ર છે. જીવ વડે જીવ જીવે નહિ. જીવેન જીવન નો પસિતવિયે. તમારું કામ એને વ્યાપકમાં વ્યાપક, નવાનવા વ્યવહારુ અર્થોમાં પણ,

ફેલાવવાનું છે. એક કઠોર શબ્દ માણસ બોલે, દાસ સાથે બોલે, પણ એને હું તો જીવથી જીવ જીવ્યો, એમ ગણું. તમે આવા વિશાળ ને વ્યાપક અર્થમાં આ નીતિ સ્થાપો. અને માનવપરિવર્તનનો એક અદ્‌ભુત ચમત્કાર તમે અનુભવશો, મારો આ અનુભવ છે. મારી રાજનીતિ અચળ છે અને એ જ રહેવાની છે, રાધાગુપ્ત !'

રાધાગુપ્તને મહારાજની આ વાણીમાં રહેલો રણકો હવે વધારે ધ્રુજાવી ગયો. એને હરપળે લાગતું જ હતું કે એ એકલો છે. અત્યારે એની એ એકલતા એને વધારે લાગી આવી. તેણે એક વધુ પ્રયાસ કરી જોયો : 'મહારાજ !' તે કાંઈક દૃઢતાથી બોલ્યો : 'આ મગધરાજને સ્થાપ્યું છે ભગવાન કૌટિલ્યે. એને વિકસાવ્યું છે પણ, ભગવાન કૌટિલ્યે. એને અચળ બનાવ્યું છે એમણે જ. એમની રાજનીતિ વડે એને મહાન સર્જ્યું છે એ પણ, એમણે જ. એમનું એક સૂત્ર છે : મગધ મહાન હશે ત્યાં સુધી જ મગધપતિ મહાન રહેશે અને મહાન ન હોય એવું મગધ તો, આંહીં ભલે ન જ હોય. ન હોવું એ ક્ષુદ્ર હોવા કરતાં વધારે ઉત્તમ છે. મગધ જીવે, તો, મહાન તરીકે જીવે અને નહિતર એ ન જ હોય એ સારું. ત્રીજો કોઈ જ માર્ગ મગધ માટે નથી. ભવ્યતાઓ સરજવી સહેલી છે એમનું પતન રોકવું મુશ્કેલ છે. હું હોઈશ ત્યાં સુધી મગધને પડવા નહિ દઉં, પછી ભલે ગમે તેવો ભોગ લેવો પડે. હું કહું છું તે સમજો, પ્રભુ ! હું કહું છું કે તમારો ધર્મવિજય ભલે સંસારમાં અચળ હો, પણ ભગવાન કૌટિલ્યનો ધર્મવિજય રાજનીતિમાં અચળ હો !'

'એટલે ? એમનો ધર્મવિજય વળી કાંઈ જુદો છે રાધાગુપ્ત ?'

'હા દેવ ! એટલે ત્રણ વિજયી માન્યા છે : ધર્મવિજયી, લોભવિજયી, અસુરવિજયી. લોભવિજયી એટલે કાર્ષાપણોને લૂંટવા માટે જ યવ્યાતવ્યા બોલીને યુદ્ધ આમંત્રણનારા. લૂંટારા. અસુરવિજયી એટલે દેશ જનોને હરી જનારા, સ્ત્રીઓને હરી જનારા, શિશુઓને પણ હરી જનારા, સીમાભંગ કરીને, કારણ વિના પણ યુદ્ધને નોતરનારા. આ અસુરવિજયી છે. આ બંને જાતના વિજયી સામે જે ધર્મવિજય કરતો નથી, એટલે કે પ્રદેશ વિસ્તારીને સ્વદેશને સ્થિર કરતો નથી, તે રાજા કુ રાજા છે. લોભવિજયી સામે, અસુરવિજયી સામે, ધર્મવિજય કરવો જ રહ્યો. આપણા માટે તક્ષશિલા, ગાંધાર, યોન, પાર્શ્વદેશ, ગ્રીક, યવનો, એ બધા આક્રમણકારો છે. એમને ખાતરી આપવી જ રહી ને વારંવાર આપવી રહી કે મગધ મહાન છે. અત્યારે યુવરાજકુમાર કુણાલ પોતે તક્ષશિલા જાય, મહારાજ ! જરૂરી, એ છે. આપણે કાશ્મીરમાં ક્યાં પાંચશો અશોકારામ[૧૭] સ્થાપ્યા નથી ! આ જાલૌક કહેશે, મહારાજની ધર્મઘોષણાનો અક્ષરે અક્ષર એ લોકમાં ફેલાવતો રહ્યો છે. એ જરૂરી છે ને આ પણ જરૂરી છે.....'

---

૧૭. કૌટિલ્ય, અર્થશાસ્ત્ર. બારુઆ.

'તું આમ માને છે રાધાગુપ્ત?'

'હા, દેવ!'

'ત્યારે તને આપણી ધર્મઘોષણામાં વિશ્વાસ નથી?'

'મને જ નહિ, માનવજાતને પણ મહારાજની ધર્મઘોષણામાં વિશ્વાસ છે. નહિ હોય તો જન્મશે. અચળ શાંતિનો એ પંથ છે. પણ જેમને એ પંથમાં વિશ્વાસ નથી, એવા માનવો પણ હોવાના.....'

'ખરેખર તું એમ માને છે? પ્રેમને પણ સીમા છે, એમ તું માને છે?'

'પ્રેમને સીમા નથી, દેવ! માનવજ્ઞાનને સીમા છે. જ્ઞાન કેટલાક લે છે, કેટલાક નથી લેતા. નથી લેતા, તેમને એ આપવાનું છે!'

'એ જ કામ, ધર્મઘોષણાનું છે!'

'પણ, દેવ! જ્યાં સુધી દુનિયા છે, ત્યાં સુધી એમાં કોઈ ને કોઈ એવા જ રહેવાના છે કે જેઓ જ્ઞાન મેળવવા માટે અનધિકારી હોવાના. એમને માટે દંડ એ એક જ રાજનીતિ છે. દંડને જરૂર કરતાં વધારે હાથમાં પણ ન રાખવો, વાપરવો તો નહિ, પણ હાથમાં ન રાખવો એ અદંડ છે. આપણે આ દંડ અને અદંડ બંને રાખવા છે. એટલે, મહારાજ! કુણાલકુમાર તક્ષશિલા જાય. સાથે બળવાન સૈન્ય હશે. ધર્મમહામાત્ર યશ પણ હશે. એ ત્યાં શાંતિ સ્થાપશે..... ત્યાં રહેશે. ત્યાં આ જાલૌક હશે. ત્યાં કુણાલકુમાર પણ હશે. પછી એ દિશા સ્થિર થઈ જશે. મહારાજને પોતાને એટલા માટે જવાની જરૂર નથી.'

'મહાઅમાત્ય રાધાગુપ્ત!' અચાનક જ મહારાણી તિષ્યરક્ષિતાનો તેજસ્વી અવાજ કાને પડ્યો અને એ ચમકી ગયો. મહારાણી પોતાના સ્થાનેથી ઊભી થઈ ગઈ હતી. તે મહારાજના ખંડના પ્રદેશ દ્વાર પાસે જ બે પળ થંભી ગઈ. તેના તેજસ્વી શબ્દો રાધાગુપ્તને સંભળાયા: 'મહારાજની સ્વસ્થતાનો ભાર મારા ઉપર મેં લઈ લીધો છે, મહાઅમાત્યજી! મારે પણ આ વિષે કાંઈક કહેવાનું છે. એ સાંભળ્યા પહેલાં નિર્ણય ન લેતા....'

મહારાણીના આવા શબ્દો સાંભળતાં જ રાધાગુપ્ત વધુ ચમકી ગયો. એમાં એણે જુદી જ હવા જોઈ. જાલૌક પણ એ અવાજથી ચમકી ગયો લાગ્યો.

૯

મહારાણી તિષ્યરક્ષિતા

જાલૌક ત્યાં મહારાણી તરફ જોઈ રહ્યો. તેજસ્વી, રૂપરૂપભરી, દઢ, બળવાન, રોમરોમમાં તેજથી લખલખતી એક અત્યંત સુંદર નારી એણે ત્યાં ઊભેલી જોઈએ. એ એને પહેલી જ વખત જોતો હતો. એના મનમાં પહેલી વિચારલહરી તો એ આવી ગઈ: 'આટલું બધું રૂપ! આ સાચું હશે કે ભ્રમ?'

એણે તિષ્યરક્ષિતાનું જેવું રૂપ જોયું તેવું રૂપ એણે બીજે ક્યાંય જોયું ન હતું.

તક્ષશિલામાં, ગાંધારમાં પાર્શવ દેશમાં, કાશ્મીરમાં – ક્યાંય આ રૂપ ન હતું અને છતાં એને લાગ્યું કે એ રૂપ-આકર્ષણમાં જ કાંઈક, કાંઈક શું, એ તો એ કળી શક્યો નહિ, પણ કાંઈક જાણે અમાનવ જેવું લાગતું હતું. આ રૂપ જોયા પછી થોડી વારમાં માણસ બેચેન બની જાય. પછી તો એની પોતાની ઇચ્છાશક્તિ જ કામ ન કરે. રૂપ સર્વોપરી બને, સર્વસ્વ બને. રૂપ વિનાનો સંસાર અ – સંસાર થઈ રહે. એને જોતાં જ પહેલાં તો ગમે તેવો માનવ એના તરફ આકર્ષાય તેવું જ હતું. એની આંખમાં એવી ગજબની મોહિની હતી. પણ પછી બીજી જ પળે એ આકર્ષણ ભયમાં ફેરવાઈ જતું જણાય.

જાલૌકને પણ એ જ અનુભવ થયો. એણે આજે એક દિવસમાં એટલા બધા અનુભવો લીધા હતા કે એનું મગજ વિચાર કરતું બંધ થઈ ગયું હતું. એ રણયોદ્ધો હતો પણ સિવાયનો બીજો અનુભવ એને અકળાવી દે તેમ હતો. એના મનમાંથી એક વાત ત્વરિત પસાર થઈ ગઈ. આ નારી આંહીં હતી, એ પોતાને મગધેશ્વરી માનતી હોવી જોઈએ. પોતાનો રસ્તો ખરેખર વિકટ હતો, એટલું જ એ અત્યારે સમજ્યો.

એટલામાં મહારાણી આગળ વધી. રાધાગુપ્તે મહારાણીને મહારાજના ખંડમાં પ્રવેશ કરતી જોઈ. એની દઢ ચાલ એ જોઈ રહ્યો. એ ચાલમાં પણ એનું મનોબળ અત્યારે સ્પષ્ટ થતું હતું. જે મૃદુતાભરી પ્રેમહવાથી એણે મહારાજને વશ કરી

લીધા હતા, લગભગ પરવશ બનાવી દીધા હતા, તે મૃદુતાનો એક અંશ પણ એના તેજસ્વી રણટંકાર સમા શબ્દમાં અત્યારે એને સંભળાયો ન હતો. રાધાગુપ્ત ચમકી ગયો તે આટલા માટે કે આ મહારાણી વળી કોઈ નવો પ્રશ્ન ઊભો કરશે કે શું હશે ?

હમણાં તો મહારાજની ધર્મઘોષણાની વાત ઉપાડી લેવા માટે અત્યારે એ જાલૌકને આંહીં લાવ્યો હતો, પણ વસ્તુ આખી નવા વળાંકે વળી ગઈ હતી. એને થયું કે હવે જે વળાંકે એ છે એ વળાંકે જ ભલે એ આગળ વધતી રહે.

કુણાલકુમારને તક્ષશિલા મોકલવાની મહારાજ અનુમતિ આપે, તો અત્યાર પૂરતી એક રીતે વાત ખીલે બંધાતી હતી.

મગધનો યુવરાજ તક્ષશિલાનો પ્રદેશપતિ બનતો. એ પ્રણાલિકા હતી. એટલે કુમાર અમાત્યની પ્રણાલિકા જળવાઈ જતી હતી.

અને જાલૌક માથે પણ એક રીતે અંકુશ આવતો હતો. તેમ જ જાલૌક પોતાને વધારે વશવર્તી થઈ રહે એમ પણ એમાંથી થતું હતું.

મહારાજ અશોક પણ આંહીં હવે રાજશાસનનો દોર થોડોથોડો છોડતા રહે એવી વાત પણ આમાંથી જ ઊભી થઈ જતી હતી.

એટલે રાધાગુપ્તને મનમાં હતું કે આ વાત પૂરી થતી હતી. જાલૌકને હવે આંહીંથી ત્વરિત વિદાય આપી દેવી. એના મનમાં રોપેલી આશાને વિદાય વખતે ઉત્તેજવી. એ આંહીં પાટલિપુત્ર ઉપર પોતાનો છેલ્લો મદાર બાંધતો રહે, એ વાતના આશા અંકુર ઉચ્છેદવા નહિ.

વખત છે ને કુણાલકુમાર બીજે જ પંથે વળી જાય, તો મગધ નિર્બળ ન પડે, એવી રાજનીતિનાં બીજ અત્યારે એમાં રોપી રાખવાં.

રાધાગુપ્તનું મન જ્યારે આ વાતને આમ લઈ રહ્યું હતું, તે જ વખતે, મહારાણી તિષ્યરક્ષિતાનો આ પ્રવેશ એને નવા ભયના ઉદ્‌ગમ સમો લાગ્યો. પણ તે તરત જ સ્વસ્થ થઈ ગયો.

મહારાણી વધુ આગળ આવી. એની ચાલમાં દૃઢતા હતી. આંખમાં નિશ્ચળતા હતી. સ્પષ્ટ જણાતું હતું કે કોઈક વાત એના મનમાં રમી રહી હતી અને એ વાત વિષેનો છેલ્લો નિર્ણયાત્મક શબ્દ, જાણે કે, એ પોતાના મનમાં દૃઢતાથી સ્થાપી રહી હતી.

તે છેક મહારાજના આસન પાસે આવી. તેણે સ્વસ્થતાથી મહારાજના આસન ઉપર જ, એમની પાસે, પોતાની જગ્યા લીધી. થોડી વાર પ્રેમથી મહારાજની સામે તે જોઈ રહી. તેણે અત્યંત-અત્યંત ધીમેથી, મૃદુતાભરેલી હવા જ જાણે સ્પર્શ કરતી હોય એવા સ્પર્શથી, મહારાજના ખભા ઉપર ધીમેથી હાથ મૂક્યો. તે ધીમા

શાંત પ્રેમ ભરેલા શબ્દોથી બોલી: 'મહારાજ! મહાઅમાત્યને ક્યાં ખબર નથી કે આ જ ખભાએ લાખોની સેનાને ધ્રુજાવી દે એવા રણટંકારી ધનુષને વહ્યું છે ને આજે એ જ ખભો જલકુંભ લઈને ભગવાન તથાગતનાં ચરણ પાસે જઈને બેસે છે – મહાઅમાત્યથી આ ક્યાં અજાણ્યું છે?'

રાધાગુપ્ત પહેલાં ચમકી ગયો હતો, તેના કરતાં પણ વધુ તો હવે ચમકી ગયો. તિષ્યરક્ષિતાના આ શબ્દો પણ કોણ જાણે ક્યાંથી આવતા હતા! એટલા એ મૃદુ હતા, પ્રેમભીના હતા, અંગઅંગને જાણે સ્પર્શ કરવાની શક્તિ ધરાવતા હતા. માણસને એના હાથના સ્પર્શ કરતાં પણ આ શબ્દનો સ્પર્શ વધુ પરવશ બનાવી દે એવી તાકાતવાળા એ હતા.

રાધાગુપ્ત તો નવાઈ જ પામી ગયો. એને આજે પહેલી વખત લાગ્યું કે એણે તિષ્યરક્ષિતાને જોઈ છે, જોઈ છે અને જોઈ નથી, તો જાણી તો શી રીતે હોય?

આ તિષ્યરક્ષિતા તો માણસને એનાં ચરણનો દાસ બનાવી દે.

માણસને થાય કે આની પાસે તો હવે હું બધું જ ધરી દઉં.

માણસ એના ખોળામાં માથું મૂકીને સૂઈ જાય ને એ વખતે એને ખબર પણ હોય કે એની નિદ્રા એનું મૃત્યુ છે છતાં એ જાગવાનું મન જ ન કરે, એ આ નારી હતી. એવી અજબ મોહિની અત્યારે એની આ વાણીમાં હતી.

રાધાગુપ્ત હવે ખરેખર સચિંત થઈ ગયો. એને લાગ્યું કે એણે મગધનું મહાઅમાત્યપદ કાં હવે છોડી દેવું રહ્યું, કાં ભગવાન કૌટિલ્યની પરંપરા છોડવી રહી.

આ નારી કોઈક નવી જ ભયંકર વાત લાવવાની હતી એ ચોક્કસ. આ તો એનો પ્રસ્તાવ હતો.

અને ત્યાં તો તિષ્યરક્ષિતાએ કહ્યું: 'મહાઅમાત્યજી! મહારાજ કે મહારાજ્ય – તમને શું વધારે પ્રિય છે?'

રાધાગુપ્તે આહ્‌વાન ઉપાડી લેવામાં જ હવે તો સાર્થકતા જોઈ. તેણે પોતાની પાસે બેઠેલા જાલૌક ઉપર એક જરા-જેટલી દૃષ્ટિ કરી, શાંત પણ દૃઢ અવાજે કહ્યું: 'મગધની પ્રણાલિકા છે, દેવી! મહારાજ્ય હોઈને, મહારાજ. મહારાજ મને પ્રિય છે. પણ મહારાજ્ય તો મારું સ્વપ્ન છે.'

તિષ્યરક્ષિતા બોલી: 'તમે મહાઅમાત્ય છો. તમારી વાત એ જ હોઈ શકે. હું મહારાજ્ઞી છું. મહારાજ્ઞી કરતાં પણ વધુ હું નારી છું. નારી કરતાં પણ વધુ તો મહારાજની દાસી છું. હું દાસી આ બોલું છું – મહારાજ્ઞી નહિ. અત્યારે આંહીંથી, મહારાજની આ અવસ્થામાં, કુણાલકુમાર તક્ષશિલા જઈ નહિ શકે – ક્યાંય જઈ નહિ શકે.'

'જઈ નહિ શકે?' રાધાગુપ્તનો અવાજ કાંઈક તીક્ષ્ણ બની ગયો.

'મહાઅમાત્યજી! બોલનાર મહારાજની દાસી છે, રાજ્ઞી નહિ એટલું લક્ષમાં લેજો. ના, નહિ જઈ શકે.'

'એટલે?'

'એટલે શું તે તમે જે સમજો તે, પણ હું તો મારી જાતને મહારાજની પરિચારિકા માનું છું. મારા ઉપર મહારાજની સ્વસ્થતાનો ભાર છે. મહારાજના મનને લેશ પણ ક્લેશ થાય એવું કોઈ કામ અત્યારે આ ખંડમાં હું કરવા દઉં નહિ, આ ખંડ પૂરતી હું મહારાજની દાસી, દેવી, રાજ્ઞી, નારી, પરિચારિકા – જે કાંઈ માનો તે છું. હું જ એમની ઔષધિ છું ને ચિકિત્સિકા પણ છું. કોઈ પણ ચિકિત્સકને પૂછો, વૃદ્ધ ભિષગ્વર આકાશગોત્રને પૂછો, રણક્ષેત્ર એ જેમ સેનાની માટે છે, રાજનીતિ મંત્રીઓ માટે છે, તેમ આ ચિકિત્સા મારે માટે છે. મહારાજ આડે ઘા ઝીલવા ઊભા રહેવાનો મારો ધર્મ છે. કુણાલકુમાર અત્યારે પાટલિપુત્ર છોડી ન શકે. મહારાજનું મન એ વાત સહન ન કરે!'

'તો શું તક્ષશિલાનો પ્રવાસ મહારાજ પોતે આ અવસ્થાએ કરશે?'

'ના. તક્ષશિલાના પ્રવાસ મગધના મહાઅમાત્ય કરશે!'

રાધાગુપ્ત સમજી ગયો: મહારાજ્ઞી મનમાં કોઈક મહત્ત્વાકાંક્ષા સેવી રહી હતી.

રાધાગુપ્તે વાત અત્યારે હસીને રોળી ટોળી નાખવામાં સાર જોયો. તિષ્યરક્ષિતાના દિલમાં ખરેખર શું છે એ એ કળી શક્યો નહિ. એની કોઈ મહત્ત્વાકાંક્ષા એને આમ બોલવા પ્રેરી રહી હતી કે પછી મહારાજની પરવશતાનો કેવળ લાભ ઉઠાવવામાં એના અહંમે એ પોષતી હતી? કે પછી એ ખરેખર પ્રેમમૂર્તિ હતી? કે કુણાલને નામે એક રાજસત્તા હાથ કરવાનો દાવ ખેલતી હતી? કે કોઈ ન કળી શકાય તેવો હેતુ આની પાછળ હતો? કે હતું શું?

એણે તિષ્યરક્ષિતા સામે જોયું, પણ એના ચહેરામાં મહારાજ પ્રત્યેની વિનમ્ર પ્રેમભરી મૃદુતા માત્ર લહેરાતી તેણે ત્યાં જોઈ.

તે સમજી ગયો: આ નારીના દિલમાં હજારો વાત હતી ને હજારો વેશ હતા. દરેક વેશ એ ભજવી શકતી હતી.

એણે વાતનો અત્યારે બંધ જ વાળી દીધો.

તે બે હાથ જોડીને નમી રહ્યો. 'મહારાજ્ય મહાન છે, એ મગધ-પ્રણાલિકાનું અચળ સૂત્ર છે એ ખરું છે, દેવી! પણ જો અત્યારે મહારાજની અસ્વસ્થતા કુણાલકુમારના જવાથી વધતી હોય, તો આપણો અત્યારે જ એ વાતનો આગ્રહ ન હોઈ શકે, પછીથી જોઈ લેવાય.

અને, દેવી! મહાઅમાત્ય ત્યાં જાય – એમાં કાંઈ માલ નહિ. એ સ્થાન

જ યુવરાજનું છે, યુવરાજ માટે છે. ભવિષ્યનો મગધપતિ ત્યાં હોય એ વાત જ શોભે. એ પ્રણાલિકા છે. શોભતું હોય તેમ બધું શોભે, દેવી!' રાધાગુપ્ત કાંઈક વિનોદમાં પડી ગયો: 'મને તમે મહાન કરવા ધાર્યો, એ તો તમારી ઉદારતા છે, પણ મારે મારો વિચાર કરવો રહ્યો નાં? એમ તો ત્યાં આ જાલૌક ક્યાં નથી? સેનાપતિ હિમવંતને એની સાથે હમણાં મોકલાય. મહારાજની આજ્ઞા જોઈએ.....'

મહારાજ અશોક તિષ્યરક્ષિતાની વાણી સાંભળી રહ્યા હતા. એ અવાજ, એ રણકો, એ પ્રેમભીની હવા એમને અદ્ભુત ઔષધ સમાં જણાતાં હતાં.

મહારાજે કહ્યું: 'રાધાગુપ્ત! તો-તો હમણાં ભલે એમ કરીએ: હું સ્વસ્થ બનું, પછી હું ને કુણાલકુમાર બંને જઈએ. આપણે તો ધર્મઘોષણાને ત્યાં ઘેરઘેર પ્રગટાવવી છે. હું તો એને ક્યારનો કહી રહ્યો છું, રાધાગુપ્ત!.....' મહારાજ અશોકે તિષ્યરક્ષિતા તરફ જોયું. તિષ્યરક્ષિતાના ચહેરામાં એક છાનું સ્મિત રેલાઈ રહ્યું હતું. રાધાગુપ્તે એ જોયું ને એ વધુ ચમક્યો: 'હું આને કેટલા વખતથી કહી રહ્યો છું, રાધાગુપ્ત! કે તું જો તારી આ મૃદુ પ્રેમભરી વાણીમાં આ સંદેશો દેવા નીકળે ને આ રૂપમાં નીકળે, તો-તો હવા જ પલટાઈ જાય. પણ એ માને તેમ નથી. એને મારા દેહની પડી છે, જે ક્ષણભંગુર છે.'

'પણ હજી તો, દેવ! મારા દિલને હું તમારા પ્રેમને માટે લાયક બનાવી રહું છું. એ પૂરેપૂરું લાયક થશે, ત્યારે જ હું મહારાજની પડખે શોભીશ.'

'અરે! તે વખતે તું કહીશ કે હવે મને કુણાલકુમાર સાંભરે છે!'

'એવો દેવ જેવો દીકરો કોને ન સાંભરે મહારાજ? અત્યારે મારે મહાઅમાત્યને એટલા માટે તો વારવા પડ્યા. મહારાજ પોતે પણ એના વિના ક્યાં વિહ્વળ બની જતા નથી?'

રાધાગુપ્તને માટે મહારાજ્ઞી શબ્દેશબ્દે વધારે કોયડારૂપ બનતી જતી હતી. અચાનક મહારાજે રાધાગુપ્તને પૂછ્યું: 'રાધાગુપ્ત! પ્રદેશપતિ ક્યારે જનાર છે?'

રાધાગુપ્તે જવાબ વાળ્યો: 'હવે તો એમણે તરત પ્રયાણ કરવું પડશે!'

'તો હું એ કહેવા માગતો હતો કે આપણાં તેરેતેર શાસન જેમાં લખાયાં હોય – ખરોષ્ઠી લિપિમાં – એવા કેટલાક મહાન શાસનસ્તંભો ત્યાં મોકલી આપો!'

મહારાજનું માનસ હવે પળેપળ લોકસેવામાં જ ગાળવી એવું થઈ ગયું હતું. એમણે વારંવાર રાધાગુપ્તને કહ્યું હતું 'મને મારા કામથી સંતોષ થતો નથી.....' એ વાત તદ્દન જ સાચી હતી. રાધાગુપ્તે એક વધુ નિર્ણયાત્મક પગલું મનમાં લઈ લીધું: મહારાજ રાજશાસનમાં ન હોય એવી રીતે જ હવે શાસન ચાલતું રહે એ જરૂરી હતું, તો જ એની પુરાણી વ્યવસ્થા ટકી શકે.

તેણે બે હાથ જોડ્યા: 'મહારાજ! પ્રદેશપતિએ તો હવે ત્વરિત જવું પડે.

શાસનસ્તમ્ભો પાછળથી તરત મોકલાશે. એઓ વિદ્રોહને ઊભો રાખીને આવ્યા છે.'

મહારાજે જાલૌક તરફ જોયું :

જાલૌક ! પ્રદેશપતિ !

તક્ષશિલાવાસીઓને કદાચ એમ લાગતું હોવું જોઈએ કે એઓ પાટલિપુત્રથી ઘણા દૂર પડ્યા છે. ક્યાં પાટલિપુત્ર ને ક્યાં તક્ષશિલા ! પાટલિપુત્રને આપણામાં શો રસ હોય ? પણ મારે વારંવાર દરેકે દરેક પ્રદેશમાં જવાનું રાખવું છે. લોકને મળ્યા વિના લોક વિષે કે લોકની વાતો કરવી એ માત્ર પાખંડ નથી, એ તો આત્મઘાત છે, જાલૌક ! મેં દરેક વર્ગને મળવાનું ઇચ્છ્યું છે, દરેક પ્રદેશને મળવાનું ઇચ્છ્યું છે. નહિતર તો એવું પણ બને કે પાટલિપુત્રના અધિકારીઓ સૌરાષ્ટ્રવાળાઓને શકોરું બતાવ્યા કરે ! એટલે લોકનું મનદુઃખ તો ભાંગે, જો તમે દરેક નિકાયને [વર્ગને] મળવાનું રાખો. તું એમ કરે છે ખરો, પ્રદેશપતિ ? મગધનો આધાર તાર ઉપર છે.

'છેવટે તો, પ્રદેશપતિ ! આપણે સામાન્ય માણસોનાં મનને સમજતા નથી. એ જ આવા વિદ્રોહનું કારણ હોય છે. તું શું માને છે ?'

જાલૌકે બે હાથ જોડ્યા : 'મહારાજ ! એમ જ. હું ત્યાં દરેક ઉત્સવમાં લોકને મળું છું !'

'અને એ ઉત્સવમાં જ એમને કહો કે તમે તમારા મિથ્યા અહંને પોષનારી વસ્તુઓમાં કાર્ષાપણો વાપરો, તે કરતાં પરસ્પરની મદદમાં વાપરો. દાસને પણ માન આપો. ભટ પ્રત્યે પણ માન રાખો. આમ કહેતા જ રહો, જાલૌક ! મને તો તમારા કામથી સંતોષ થતો નથી. વધારે સમય શી રીતે હું આપું – એનો પણ તોષ થતો નથી.'[૧૮]

હું સ્વસ્થ થઉં કે ત્યાં આવું જ છું, જાલૌક ! કુણાલ પણ આવવાનો છે. રાધાગુપ્ત ! આ વખતે તો તું પણ ચાલ. તને ખાતરી થશે કે ધરતીમાં બધે જ માણસો છે, પછી કોઈ આવા દેખાય કે કોઈ તેવા દેખાય – પણ એ બધા છે માણસો. પ્રદેશપતિ ક્યારે કાલે જ જવા માગે છે, રાધાગુપ્ત ?'

'હા, પ્રભુ ! કાલે જ ! એમણે જવું જ જોઈએ. દૂરનો પ્રદેશ છે. વિદ્રોહ તીવ્ર છે !'

'તો આપણે સ્તમ્ભો પણ રવાના કરો.... જાલૌક ! તું સ્થળેસ્થળે એ ઊભા કરી દેજે, ઘોષણાપૂર્વક વાંચી સંભળાવજે !'

'હા, દેવ !' જાલૌકે બે હાથ જોડ્યા. થોડી વાર પછી રાધાગુપ્ત વિદાય લઈને બહાર નીકળ્યો. જાલૌક સાથે હતો. બંને પોતપોતાના વિચારોમાં લીન

૧૮. આ ભાવાર્થના શબ્દો અશોકના છઠ્ઠા શાસનમાં છે.

જણાતા હતા. શિબિકાઓ પણ એમની પાછળ આવી રહી હતી. એ તો બોલ્યા વિના મૂંગામૂંગા પગપાળા ચાલી રહ્યા હતા.

રાધાગુપ્તના આવાસનો પેલો રત્નશૃંગી મયૂર દેખાયો. જાણે જાલૌક પોતાના વિચારમાંથી જાગ્યો. તેણે બે હાથ જોડ્યા :

'પ્રભુ! હું આજે – હમણાં જ હવે તો ઊપડું. મહારાજની આજ્ઞા પ્રમાણે ધર્મઘોષણા થાય જ છે – અને હવે તો વધુ થશે. મહારાજ તો મહારાજ છે, પ્રભુ! એમના સાન્નિધ્યમાં તો હરકોઈ એમના પ્રભાવથી પ્રભાવિત થાય છે. પણ છેવટે, દેવ!...... વખત છે – મારે ત્યાં મગધનાં વધુ સૈન્યનો ખપ પડે તો મારે શું કરવું? પ્રભુ મારા ઉપર વિશ્વાસ રાખે. પણ આજે મેં જોયું કે મહારાજ અસ્વસ્થ છે, મહારાણી આંહીં બળવાન છે અને યુવરાજકુમાર તો આપણને મળ્યા નથી....'

રાધાગુપ્તે તેના ખભા ઉપર હાથ મૂક્યો:'જાલૌક! મેં તારી વાત સાંભળી છે ને તે મને આંહીં કોતરાઈ ગઈ છે. તારે ખપ પડે સૈન્યનો, તો આંહીંથી આવશે જ આવશે. આજે જ સેનાપતિ હિમવંત આવત, પણ પછી કુમાર સાથે કોણ? પણ એક વાત જાણી લે – મગધપતિ જે કોઈ હશે, તેની રાજનીતિનો પાયો તો મેં બતાવ્યો છે તે હશે. મહાન મગધ, મહાન મગધપતિ, મહાન પ્રજા – આ ત્રણ સૂત્રો ઉપર મગધપતિ આંહીં નિર્ભર હોઈ શકે. જે કોઈ યોગ્ય હશે, એ જ આંહીંની પરિષદને મન મગધપતિ હશે. આ વાત અચળ છે અને તે અચળ રહેશે. પણ જો. આંહીંથી કુણાલકુમાર ત્યાં આવે તો તું એમને અંતઃકરણથી મદદ દેજે..... મગધની પ્રણાલિકા તું જાણે છે. અત્યારે તો કુણાલકુમાર નથી આવ્યા – પણ એઓ આવશે ખરા.

મહારાજના નાનાભાઈ તિષ્યકુમાર ભિખ્ખુ થયા ન હોત તો યુવરાજકુમાર આજે એ હોત. એઓ ત્યાં આવ્યા હોત. આપણી મગધની એ પ્રણાલિકા છે જાલૌક! ને તે અવિચળ રીતે પળાવાની છે. એટલે તારું સ્થાન અચળ છે. તારું કામ એ જાળવવાનું છે. જરાક જ ઉતાવળ, થોડું અંદરઅંદર ઘર્ષણ – અને વાત બદલાઈ જશે. એટલે મેં કહ્યું કે તારું સ્થાન તારે જ જાળવવાનું છે.

કુણાલકુમારને ત્યાં તું દોરજે..... વધારે તો હું કહેતો નથી. અત્યારે પણ તું આંહીંની હવા જુએ છે. મહેન્દ્રકુમાર જેવા પણ ભિખ્ખુ ગઈ ગયા છે...... એટલે આંહીં પ્રશ્નો – ઘણાબધા પ્રશ્નો છે. પણ ગમે તેટલા પ્રશ્નો હોય, તમારો વારસો, પ્રદેશપતિ!.....' રાધાગુપ્ત તેની વધુ પાસે સર્યો:'તમારો વારસો, રાજકુમાર!' તેણે આશાના તંતુના આધારે જાલૌકને લીધો. એ ફરી બેસે તો વળી એક નવી વિકટ સમસ્યા ઊભી કરે:'તમારો વારસો, રાજકુમાર! તમે જોયો છે. એ વારસો અચળ રહેવાનો છે. મારી પાસે એ આંહીં સલામત છે.....'

તે પાછો હઠી ગયો. જાણે કુમારને કહેવાનું કહી લીધું.

'તું બે-ચાર દિવસ રોકાત તો ઘણું જોવાનું મળત. પણ હવે તો કુણાલકુમાર ક્યારે નીકળે એ કહેવાય નહિ. જરાક મહારાજ સ્વસ્થ થશે ને એઓ નીકળશે.' તે તેની પાસેથી વધારે દૂર થઈ ગયો: 'પણ તું આજ રાત્રે જ એવી રીતે ઊપડી જા, પ્રદેશપ્રતિ! કે જાણે આંહીં આવ્યો નથી. કોઈને ખબર પણ ન પડે કે તું આવ્યો હતો.' તેણે ધીમેથી કહ્યું: 'એ કદાચ તારા જ હિતમાં હોય. છેલ્લે-છેલ્લે મારા આ શબ્દો છે, જાલૌક! તારો વારસો મારી પાસે છે. એ પવિત્ર છે, સલામત છે..... અને મગધરાજ્ય અચળ છે..... ભલે ગમે તેટલા દ્રોહ ગમે ત્યાં ઊઠે, એમાં જે અચળ રહેશે તે મગધપતિ.'

બસ.........

બંને પોતપોતાના સ્થાન તરફ વળી ગયા.

તે રાત્રે જ જાલૌક કાશ્મીર જવા માટે ઊપડી ગયો હતો.

૧૦

રાધાગુપ્તનો વિષાદ

જાલૌક ગયો. પણ રાધાગુપ્ત માટે એ પણ એક નવી સમસ્યા જ ઊભી કરતો ગયો. હવે એ પ્રદેશપતિ હતો એ ખરું, પણ એના ઊંડાઊંડા મનમાં એ પ્રદેશપતિ ન હતો. એનું શું? એનું ભવિષ્ય એ પોતે ઘડી શકે એટલો બળવાન હતો. એ પાટલિપુત્ર ઉપર મદાર રાખે ત્યાં સુધી તો બધું શાંત રહે. પણ જે ઘડીએ એ દિશામાં એ સ્વતંત્ર થવા ઇચ્છે તે ઘડીએ ઘર્ષણ થવાનું.

એની મહત્ત્વાકાંક્ષા જાગી ગઈ હતી. એ એને ક્યાં દોરી જાય તે કોણ કહી શકે? કુણાલકુમાર ને એની વચ્ચે ત્યાં પણ ઘર્ષણ થઈ જાય. એટલે એ પણ એક નવો કોયડો મૂકતો ગયો. મહાઅમાત્યની ચિંતાનો પાર ન હતો. એને પોતાની એકલતા હવે ખાઈ જતી હતી. એણે બધે જ દૃષ્ટિ કરી. કોઈ કહેતાં કોઈ એની પડખે ન હતું. એના સમયના તમામ સાથીઓ કાં વિદાય થઈ ગયા હતા, કાં ભિખ્ખુ બની ગયા હતા. યશ જેવો સેનાપતિ ફરી બેઠો હતો – પછી કોણ ત્યાં એની પડખે હતું? મહારાજ અશોકે ફેલાવેલી હવા અદ્ભુત હતી એની તો ના પડાય તેમ ન હતી. બધે જ જાણે સમજણ પ્રવર્તતી જણાતી હતી. શસ્ત્રો મ્યાન થયાં હતાં ને થઈ રહ્યાં હતાં. કર્કશતા વિદાય લેતી હતી. પ્રજા જાણે આ પંથે ઘડાતી જતી હતી. ખરેખર મહારાજનો વિજય અદ્ભુત હતો. પણ રાધાગુપ્ત જાણતો હતો કે એ વિજય મહારાજનો હતો, એમના વ્યક્તિત્વનો હતો. એ વ્યક્તિત્વ ન હોય તે ઘડીએ એવાં બળો ઉદ્ભવ પામી ચૂક્યાં હતાં કે જેમને વશ કરવાનો કોઈ જ ઉપાય કોઈની પાસે ન હતો. મહારાજથી લેશ પણ ઓછી પ્રતિભા – ઓછું વ્યક્તિત્વ હવે ખતરનાક હતું. પ્રદેશપતિઓ લગભગ બધા જ સ્વતંત્ર થવા ઇચ્છી રહ્યા હતા. એઓ મહારાજના શબ્દેશબ્દની ઘોષણા કરતા, પ્રજાજનોને સમજાવતા, એ બધું એઓ પોતે કરતા. પણ અંતઃકરણમાં એઓ માનતા કે મહારાજ અશોક તો દિવ્ય પુરુષ છે. એમની વાત જ જુદી છે.

બાકી આપણે આપણો પ્રદેશ નહિ સાચવીએ, તો હવે કાંઈ નહિ સચવાય. દરેક પ્રદેશપતિ પોતાને નાનકડો સમ્રાટ માનતો થઈ ગયો હતો. રાધાગુપ્ત આ બધું જ સચિંત બનીને જોઈ રહ્યો હતો. સમસ્યાઓ પાર વિનાની હતી.

જાલૌક પણ હવે એક સમસ્યારૂપ જ ગણાય. અત્યાર સુધી એ જાલૌક પોતાની મહત્તાથી જ્ઞાત હોય તોપણ અજ્ઞાતની જેમ જ એને વર્તવાનું હતું. એટલે એ એક પ્રદેશપતિ જ હતો. મહારાજની આજ્ઞાનું એ બરાબર પાલન કરે, એટલા માટે એને આંહીં બોલાવ્યો હતો. એ રીતે એ દિશામાં વિદ્રોહ ન જાગે. જાલૌક હંમેશને માટે મગધની મહત્તામાં રાચે. રાધાગુપ્તનો એ હેતુ પાર પડ્યો હતો. જાલૌકને એણે આપેલો આશાતંતુ કામ કરતો રહે તોપણ, જાલૌકના અંતરમાં મહત્ત્વાકાંક્ષા જાગી હતી. એને પાર પાડવા એ ક્યારે કેવો પંથ લે એ અકળ વાત હતી. કુણાલકુમાર ત્યાં જાય એમાં પણ હવે ઘર્ષણનો ભય હતો. ન જાય એમાં પણ ભય હતો. આંહીં રહે એમાં પણ ભય હતો. તો હવે કરવું શું?

મૂર્ખી મહામાયાએ આ એક નવો જ કોયડો ઊભો કર્યો હતો.

પણ રાધાગુપ્તને વધારે ચિંતા તો એ હતી કે બધે જ આ પ્રમાણે મહત્ત્વાકાંક્ષાઓ જાગી હતી. પ્રતિવેદકો હંમેશાં એ વાત લાવતા હતા.

એનો આનંદ ઊડી ગયો. ચારે તરફથી મહારાજ્યને છિન્નભિન્ન થતું નિહાળીને એ ધ્રૂજી ગયો. એને થયું કે એના નામ ઉપર એક કાળી ટીલી આવી જશે. એનો એના દિલમાં વિષાદ વ્યાપી ગયો: એક મહાન રાજ્યનો વિનાશ પોતાને હાથે થશે.

મહાન મગધમહારાજ્યની સીમાઓમાં, આંહીં બેઠાં એને ભારેલો અગ્નિ દેખાતો હતો. આંધ્રપ્રદેશમાં સીમુક હતો. અત્યારે તો એ વશવર્તી હતો, પણ એ રાહ જોતો હતો. જરાક જ તક મળે કે વહેલામાં વહેલી પળે એ સ્વતંત્ર પ્રદેશપતિ બનવાનો, પોતાનો ધજાગરો ઊભો કરવાનો. મગધની એ દિશા સૌથી પહેલાં સળગવાની હતી.

અને એની પાસેનું કલિંગ? એ તો ઊઠે એટલી જ વાર હતી. ચૈત્રરાજ જેવો મહાવીર ત્યાં હતો. મગધની ધૂંસરી ફેંકી દેતાં એને એક પળ પણ લાગે નહિ. અત્યારે એ ક્યાં ક અજ્ઞાત હતો; પણ એ નામનો શાંત હતો એટલું જ. કલિંગયુદ્ધ વખતે પોતે જ એની નિર્ભયતા જોઈ હતી. એની એ અભય વાણીનો રણકો તો હજી રાધાગુપ્તના કાનમાં બેઠો હતો. એણે નહોતું કહ્યું: 'ત્યારે હું પણ તમને આગાહી આપું છું, મહાઅમાત્યજી! હું મગધનો વિનિપાત ને વિનાશ બંને જોઈ રહ્યો છું. આની પછી મગધ યુદ્ધ નહિ કરી શકે. આ યુદ્ધ છેલ્લું હશે' અને ચૈત્રરાજની એ આગાહી સાચી પડી હતી. એ ચૈત્રરાજ ઊઠે એટલી જ વાર.

સૌરાષ્ટ્રનો રાજ્જુક તુષાશ્વ હતો તો રાજભક્ત. એને રાધાગુપ્તે નાણી પણ

જોયો હતો. પણ આંહીં મગધપતિ મહારાજ અશોક હોય ત્યાં સુધી જ એની એ ભક્તિ ટકવાની. એની દૃષ્ટિ કાશ્મીર, મદ્ર, પાંચાલ, તક્ષશિલા – ત્યાં હતી. એને આકર્ષણ ત્યાંનું હતું. મહાઅમાત્યને હવે એની પણ ચિંતા જન્મી. બધા જ પ્રદેશપતિઓના પંથે એ પણ પળવાનો.

સિંધુસૌવીર, પાંચાલ, મદ્ર, તક્ષશિલા, કાશ્મીર, યોન, ગાંધાર એ બધાં જ અત્યારે મગધના મહાબળવાન સૈન્યની સતત હાજરીને લીધે વશવર્તી હતાં.

જાલૌક જેવા વીરને લીધે મગધની સાથે એ હતાં. પણ જાલૌક ફરે ત્યારે એ ગયાં જેવાં જ હતાં.

બધો જ આધાર હવે કેવળ એક કુણાલકુમાર ઉપર હતો. રાધાગુપ્તનો પણ છેલ્લો આધાર એ હતો, છેલ્લું આશ્વાસન એ હતું. એનો છેલ્લો પ્રયત્ન પણ એ જ હતો: એને મગધના મહાન વારસાની ભવ્યતાનું સ્વપ્નું આપવું, એનામાંથી રાજકુમાર, અસલ રાજકુમાર, પ્રગટાવવો. પણ રાધાગુપ્તને ક્યાં ખબર હતી, માણસ પણ હવાનો જ બનેલો છે! દેશની હવા જ ક્યારેક ફરી જાય છે. જબરદસ્ત પરિવર્તનોની એ આગાહી છે. અત્યારે દેશની હવા જ ફરી ગઈ હતી.

એટલા માટે રાધાગુપ્ત એને જેમ બને તેમ જલદી આંહીંની હવામાંથી દૂર કરવા માગતો હતો. એ સૈન્યો દોરે, બધે ફરે, પ્રદેશ-પ્રદેશને નિહાળે, પ્રદેશપતિઓને સંભાળે લોકના ઉત્સવમાં ભળે. મહારાજ અશોકની ધર્મઘોષણાઓ પણ એ કરે – ભલે કરે, પણ સામ્રાજ્યનો એ એક બળવાન નેતા છે, રાજા છે, પ્રેમભરેલો છે, દયાદાનને વરેલો છે, છતાં વિદ્રોહને એક પળ પણ સહે તેમ નથી, આક્રમણને ત્વરિત રીતે ખાળે તેમ છે. મગધના મહારાજ્યની સીમાનું ઉલ્લંઘન એના દિલમાં શિર સાટે છે. એ જાતની હવા એણે આક્રમણકારો માટે તો હવે તત્કાલ પ્રગટાવવી જ જોઈએ. તો જ મહારાજ્યના સીમાડાઓ શાંત થઈ રહે. ભગવાન કૌટિલ્યે સ્થાપેલી પૌરજાનપદ જેવી સભાઓ ચાલુ રહે. દરેક ગ્રામ સ્વતંત્ર હોય, મુક્ત હોય, પણ એક તંતુમાં પરોવાયેલું હોય. તો જ એ ટકે. તો જ આક્રમણકારોથી બચે. આ વ્યવસ્થા, જે વર્ષોની પ્રણાલિકાઓ સ્થાપી હતી તે ચાલુ તો રહે. કુણાલકુમારના બહાર જવાથી જ એ બની શકે.

પણ આંહીં તો હવે રાધાગુપ્તને લાગ્યું: મહારાજ અસ્વસ્થ કરતાં પણ વધુ તો તિષ્યરક્ષિતાના પ્રેમસંબંધમાં હતા. તિષ્યરક્ષિતાનો શબ્દ એ આજ્ઞા જેવો થવા માંડ્યો હતો – થવા માંડ્યો હતો શું, હતો જ. એણે કુણાલકુમારને પણ જીત્યો હતો. રાજસભામાં પણ એ જીતવાની. મહારાજ અશોકના મહાન વ્યક્તિત્વને પૂજનારા સેંકડો હતા. એ બધા જ મહારાજના શબ્દેશબ્દને વંદના કરવાના.

રાધાગુપ્તને પોતાની એકલતા અત્યારે મૃત્યુ કરતાં પણ વધુ વસમી લાગી.

એણે જોઈ લીધું કે જ્યાં સુધી કુણાલકુમાર ન ફરે, ત્યાં સુધી કાંઈ જ ન ફરે.

મગધ જેવી ભારતવર્ષવ્યાપી એક મહાન સામ્રાજ્યશક્તિનો પોતે વારસ છે. એ વારસો જેવો તેવો નથી. જેવી તેવી એની પ્રણાલિકા નથી. જેમ તેમ એ વારસો ફૂટી નીકળ્યો નથી. વર્ષોની મહાન પુરુષોની મહાન ઉપાસના એના પાયામાં પડેલી છે. એ જાળવવાની જવાબદારી જેવી તેવી નથી – આવી કોઈ પ્રેરણાની વાત જ્યાં સુધી કુણાલકુમારમાં ન જાગે ત્યાં સુધી કોઈ જ શું કરવાનો હતો? ત્યાગને વરવો સહેલો હતો, પ્રમાણમાં સહેલો હતો, પણ સીતાને ત્યાગીને મહારાજ રામચંદ્ર બનવું, એ તો માનવીની ઉત્તમોત્તમ મન-અસ્વસ્થાનો પરિપાક હતો. કુણાલકુમારના દિલમાં આ વાત જાગે, સામ્રાજ્ય તો ટકે.

જાલૌક ગયો તે રાત્રે મહાઅમાત્ય રાધાગુપ્ત પોતાના મહાન આવાસમાં, ચંદ્રશાલામાં, આમથી તેમ આંટા મારતો મોડીરાત સુધી ફર્યા જ કર્યો. એના મનમાં અનેક શંકાઓ, અનેક આશાઓ, નિરાશાઓ, અનેક યોજનાઓ, અનેક વસ્તુઓ આવતી રહી, જતી રહી, ફરીફરીને દેખાતી રહી, પણ મગધના મહાઅમાત્યના દિલનું કાંઈ જ સમાધાન ન થયું. આ પરિસ્થિતિનો ઉકેલ એને જડ્યો નહિ.

એ ઊંડા મનોમંથનમાં પડી ગયો. એના વિષાદનો પાર ન હતો. એ મહાઅમાત્ય હતો ને મહાઅમાત્ય ન હતો. મહારાજ અશોક સમ્રાટ હતા ને સમ્રાટ ન હતા. કુણાલકુમાર પણ યુવરાજ હતો ને યુવરાજ ન હતો. મહારાણી તિષ્યરક્ષિતા પણ મહારાણી હતી ને મહારાણી ન હતી. આંહીં પાટલિપુત્રમાં અત્યારે બધું જ દ્વિધામાં હતું. ભવ્યતા પણ હતી ને ન હતી. કોઈ નહિ ને પોતે મગધ મહારાજ્યના ખંડેરનો સર્જક થશે? રાધાગુપ્તને તીવ્ર વેદના જાગી.

કોઈ મહાન ભવ્યતાના સર્જક હોવું અને પછી એ ભવ્યતાના ખંડેરમાં રખડવું, એ જાણે કે તમામ મહાનપુરુષોના છેલ્લા દિવસોનો અચળ લખાયેલો વિધિલેખ ભાસે છે.

ભગવાન કૃષ્ણે એ અનુભવ્યો. અર્જુને એ અનુભવ્યો. પરશુરામ જેવાએ અનુભવ્યો. મહાન રામચંદ્રે પણ અનુભવ્યો. ભીષ્મે અનુભવ્યો. ચંદ્રગુપ્ત મૌર્યરાજે પણ અનુભવ્યો. વૈશાલીનગરીએ અનુભવ્યો. આજ રાધાગુપ્તના જીવનમાં એ જ નિયતિનાં પગલાં સંભળાઈ રહ્યાં હતાં. એના રોમ રોમમાં ઊંડો, શબ્દાતીત, મનને ટાઢા અગ્નિથી બાળી નાખે તેવો, વિષાદ આવી ગયો હતો. અગ્નિ હોત તો સારું હતું, પણ આંહીં તો ટાઢો અગ્નિ હતો. જે ભવ્ય ઇમારતનાં પોતે સ્વપ્નાં સેવ્યાં હતાં એ ઊભી તો થઈ ગઈ પણ હવે એની કાંકરીકાંકરી ખરતી હતી અને એ એકએક કાંકરી મહાન શિલા જેવો આઘાત આપી રહી હતી. રાધાગુપ્ત ઊભોઊભો એને કેવળ ખરતી જોઈ શકે, ન થંભાવી શકે, ન ટકાવી શકે, ન અટકાવી શકે,

ન રોકી શકે. કરુણતા તો આ હતી. બાળી નાખનાર અગ્નિ કરતાં ટાઢો અગ્નિ માણસ માટે વધુ ભયંકર છે. અગ્નિ તો આક્રમણ કરે. એક ક્ષણમાં બાળી નાખે, આ તો પળે-પળે વ્યથા આપે.

પણ મહાન એમના સર્જનમાં એટલા મહાન હોતા નથી, જેટલા એમના ખંડેરોમાં એઓ હોય છે. રાધાગુપ્ત વિષાદના જટાઝુંડમાંથી પોતાનો માર્ગ અત્યારે ખોળવા મથી રહ્યો હતો. એને ક્ષણેક્ષણે શૂળો ભોંકાતી હતી. સ્મૃતિમાંથી બળતો અગ્નિ નીકળતો હતો. અત્યારે એણે જાલૌકને એક આશાતંતુ આપ્યો હતો. એ આશાતંતુના આધારે એ પાટલિપુત્રની મહત્તામાં પોતાની મહત્તા જોતો રહે. તક્ષશિલાના વિદ્રોહને એ પોતાના વીરત્વથી શમાવી દે એટલો શક્તિશાળી એ હતો. પણ તેથી શું? અત્યારે તક્ષશિલાનો પ્રશ્ન પતે, પણ એ જ શક્તિ એને જો સ્વતંત્ર પ્રદેશપતિના પંથે લઈ જાય – તો મગધમહારાજ્યની મહાન ઇમારતની કાંકરીએ કાંકરી ત્યાંથી જ ખરવા માંડે. આંધ્રમાંથી અગ્નિ પ્રગટે. તક્ષશિલામાંથી પ્રગટે. સૌરાષ્ટ્રમાંથી પ્રગટે. અવંતીમાંથી પ્રગટે. કલિંગમાંથી પ્રગટે. એના પડઘા દેશ-આખામાં ઊઠે. એ પરિસ્થિતિને પોતે જોઈ રહ્યો હતો. પણ આ પરિસ્થિતિની વાત હવે કોને કરવી? કોનો વિશ્વાસ કરવો? કોનો આધાર લેવો? ગજરાજ પડવાનો હતો અને ટેકો ક્યાં ય દેખાતો ન હતો. એને ટેકો આપે પણ કોણ? ભારત વર્ષના ચારે ખૂણામાં એણે દૃષ્ટિ કરી. પોતે એકાકી હતો, એકલો હતો. સાથીદાર કોઈ જ ન હતા.

એક વખત એને આશા હતી:સેનાપતિ યશ મગધ મહારાજ્યનો સ્તંભ બની રહેશે. પણ મહારાજનો પહેલો જ ધર્મમહામાત્ર એ બન્યો.[૧૯] એની આશા મહેન્દ્ર ઉપર હતી. એ પણ ચાલી નીકળ્યો – ભિખ્ખુ થઈ ગયો. તિષ્યકુમાર – એ પણ એ જુદા પંથે ગયો. સુમનકુમારનો નિગ્રોધ એ પણ ન રહ્યો.

કોઈ જ આંહીં ન હતું. એક આ કુણાલકુમાર હતો. બીજો જાલૌક હતો. એમની વચ્ચેનું એક અનિવાર્ય ઘર્ષણ હતું અને પોતે એકલો હવે આંહીં હતો. જૂની ચંદ્રગુપ્તસભા ક્યાં હતી? મંત્રી સુબંધુ ક્યાં હતો? અરે, જૂના વખતનો બળવાન પ્રતિસ્પર્ધી ખલ્લાટક પણ ક્યાં હતો? કોઈ જ પડખે ન હતું, એટલે કુણાલ એક તરફ રહી જાય. જાલૌક આવી જાય. જૂના સમયમાં પોતે ઘર્ષણો ટાળ્યાં હતાં. ચંદ્રગુપ્તસભાનું ગૌરવ સ્થાપ્યું હતું. એ બધું જ હવે વેરવિખેર હતું. જાલૌક અને કુણાલકુમારના ઘર્ષણ વખતે શું થાય તે કહેવાય નહિ. વખતે અવંતીમાં એ ખબર પડે, તો અવંતીનો આર્યપુત્ર જ કુણાલની મદદે દોડે. એ વખતે કલિંગનો ચૈત્રરાજ પણ એની મદદે દોડે. મહાન મહાભારત રચાઈ જાય.

---

૧૯. 'પ્રિયદર્શી અશોક', પ્રકરણ ૩૭.

જેવું પોતે જ એક વખત અશોક ને સુમનકુમાર વચ્ચે પ્રગટાવ્યું હતું, એવું જ આ ઘર્ષણ હોય.

અને અત્યારે એનું કોઈ જ નિશ્ચિત પરિણામ ન હોય. એ કેવળ વિનાશપંથની કેડી સરજે.

પરિણામ આવે તો એક જ આવે: અવ્યવસ્થા આવે. અશાસન આવે. લૂંટફાટ આવે. સર્વનાશ આવે.

રાધાગુપ્તના દિલમાં પ્રગટેલો એકાકી વિષાદ એને ભરખી જવા માંડ્યો.

રાધાગુપ્તના પોતાના છિન્નભિન્ન થયેલાં સ્વપ્નોનો ભંગાર અગ્નિકણની માફક એને પળેપળે વેદના આપી રહ્યો.

મોડી રાત સુધી એ પોતાની ચંદ્રશાળામાં આંટા મારતો રહ્યો. ચારે તરફની અંધારઘેરી હવામાં એને પાટલિપુત્રનાં રડતાં ખંડેરો દેખાતાં હતાં. સેંકડો, હજારો અને લાખોની સેના, જે રણમેદાનમાં નીકળતી હતી, તે રણમેદાનોમાં આક્રમણકારોનાં ધાડાં ફરી રહ્યાં હતાં. ગંગા – યમુનાનાં જળ એને શોણિતભીનાં વહી રહેલાં આંહીંથી દેખાતાં હતાં. તે ફાટી ભયત્રસ્ત આંખે ભારતવર્ષને જાણે કલ્પનામાં જોઈ જ રહ્યો.

એના વિષાદભરેલા આત્માને કોણ જાણે ક્યાં થી કાલાતીત સ્વપ્નાં દેખાવા મંડ્યાં.

એણે જે મગધમાં, ભારતના શ્રેષ્ઠ પુરુષોનો પરિપાક જોયો હતો. એ જ મગધમાં, એણે ભારતના જડમાં જડ માનવોનો સમુદાય ઊભો થતો જોયો. જાણે માગધી તમામ અક્કલ વિનાના ઢોર જેવા દેખાવા માંડ્યા.

રાધાગુપ્તે પોતાની આંખ આડે હાથ દઈ દીધો. એને આ કોઈ દશ્ય જોવું ન હતું. પણ એના મનની આંખ આડે એ શી રીતે હાથ દેવાનો હતો ?

એના મનમાં દશ્યોની પરંપરા ચાલતી જ રહી.

પાટલિપુત્રને એણે ખંડેર થઈ જતું જોયું. પ્રદેશોને છિન્નભિન્ન થતા જોયા. નગરોને રોળાઈ જતાં દીઠાં. એણે મગધમહાલયનાં ખંડેરોમાં ગધેડાંને ભૂંકતાં સાંભળ્યાં. એના મનમાં અનેક શૂળો ભોંકાઈ ગઈ.

એ વ્યગ્ર બની ગયો. શોકભર્યા દિલથી આમથી તેમ ઉતાવળે-ઉતાવળે ફરવા લાગ્યો. એને એના મનભૂતથી ભાગી છૂટવું હતું.

તે ઉતાવળો-ઉતાવળો ચંદ્રશાળા ઉપરથી દોડતો નીચે આવ્યો.

શું કરવું એ એને સૂઝતું ન હતું. ક્યાં જવું એ ખબર પડતી ન હતી. કઈ દિશામાં પ્રકાશ છે એ સમજાતું ન હતું.

ચારે તરફ ફેલાયેલા ઉદ્યાનના મૂંગા ઊભેલા વૃક્ષોની વચ્ચે એને જરાક

શાંતિ લાગી. ક્યાંયથી પવનની લેરખી પણ આવતી ન હતી. એક પાન હાલતું ન હતું. જાણે એના દિલનો ભીનોશોક આંહીં થંભી ગયો હોય! તે ત્યાં ફરવા માંડ્યો. એને જાણે સામેથી ભગવાન કૌટિલ્ય આવી રહ્યા હોય તેવો ભાસ થયો. તે આંખ ચોળતો ઊભો રહી ગયો.

એના ખભા ઉપર જાણે કોઈનો હાથ પડ્યો હતો. કાનમાં કાઈ પરિચિત શબ્દોનો રણકો આવી લાગતો હતો. 'રાધાગુપ્ત!' જાણે હવામાંથી પડઘા ઊઠતા હતા : 'રાધાગુપ્ત! મહાઅમાત્ય! મહાઅમાત્યોની પરંપરા, ભારતવર્ષમાં તો આ છે, અશક્યતાઓના મહાસાગરની સામે ઝઝૂમવાની, કાલનદના ઘૂઘવતા પૂરની સામે જવાની. ભલેને મહાન પ્રયત્નો પરાજયો લાવે, પણ પરાજિત તે છે, જે પ્રયત્ન છોડે છે. જાગ્રત થા, જાગ્રત થા, મહાઅમાત્ય! તારું કામ ઝઝૂમવાનું, પરિણામોની આગાહીમાં પડવાનું નહિ. ગમે તેવા મહાન પ્રયત્નના માથે પણ કુદરતે પરિણામ આ જ મૂક્યું છે. ફરીને વિલુપ્ત થવાનું ફરીને પ્રગટવાનું. તારું વિલુપ્ત થતું મગધ, જો ત્યાં પણે પ્રગટે.'

રાધાગુપ્ત ચમકી ગયો. તેણે પોતાની આંખ આડેથી હાથ લઈ લીધા. અવંતી અને વિદિશાનાં મેદાનો એની નજરે પડ્યાં. ત્યાં એણે મહાન ગજરાજોની પંક્તિઓ દીઠી.

એને અચાનક જ પેલી અવંતીની નારી પદ્માવતીના[20] શબ્દો સાંભર્યા. અવંતી એ જ ભાવિ ભારતવર્ષ છે!

અને તરત જ એને એ પણ યાદ આવ્યું : પોતે જ રાજ્જુક તુષાશ્વને મોકલીને આ કુણાલકુમારને, ભાવિ મગધપતિને સ્થાને આવવા માટે, એક દિવસ બોલાવ્યો ન હતો?

એને આંખ-માથું દુ:ખે તો એની જવાબદારી પોતે ઉપાડી હતી.

એની માને એણે આ વચન આપ્યું હતું.

તે તરત સાવધ થઈ ગયો. એ ભલે ગમે તેવું અમંગળ ભાવિ દેખતો હોય, એની ફરજ સ્પષ્ટ હતી : કુણાલકુમારને તૈયાર કરવાની.

એના દિલમાંથી વિષાદ ઊડી જતો લાગ્યો.

તે તરત આશાના રંગમાં આવી ગયો.

એણે એક તાળી પાડી. એક યવની આસપાસથી દોડતી આવી.

'શિબિકા – યવની! શિબિકા લાવ!'

અત્યારે મધરાતે મહાઅમાત્યને ક્યાં જવાનું હશે? યવની આશ્ચર્ય પામતી શિબિકા લાવવા માટે દોડી ગઈ.

૨૦. કુણાલની માતા. – પ્રિયદર્શી અશોક.

૧૧

ખલ્લાટકને ત્યાં

રાધાગુપ્તે પોતાનો વિષાદ ખંખેરી કાઢ્યો. તે નવા ઉત્સાહમાં આવી ગયો હતો. મહારાજ અશોકના સમયમાં ચંદ્રગુપ્તસભા તો હતી, પણ મહારાજના અદ્‌ભુત વ્યક્તિત્વ પાસે એ મહારાજના પ્રેમરંગથી રંગાયેલી એક નામમાત્રની પરિષદ હતી.

રાધાગુપ્તે એ ચંદ્રગુપ્તસભાને સજીવન કરવાનો નિર્ણય કર્યો. તેણે વૃદ્ધ મહાઅમાત્ય ખલ્લાટકને મળવાનો વિચાર કર્યો. ખલ્લાટકના બધા જ પ્રયત્નો અફળ ગયા. ત્યારપછી એ લગભગ એકાકી, નિષ્ક્રિય, શાંત જીવન ગાળી રહ્યો હતો. હજી એને સૌ પ્રધાનમંત્રી તરીકે જ પિછાનતા, પણ એ ભાગ્યે જ ક્યાં ય દેખાતો. ચંદ્રગુપ્ત સભા કોઈક વખત મળતી, તો એમાં પણ એ દેખાતો નહિ.

એના મનમાં પણ મહારાજ અશોકની આ રાજનીતિના અતિનો ભય આવી ગયો હતો. એ પણ માનતો કે ચંદ્રગુપ્તસભાએ પોતાનું ગૌરવ ફરીને સ્થાપવું જોઈએ, અને કોઈ પ્રકારના મહારાજના અતિને તો રોકવું જોઈએ.

પણ એ એકલો પડી ગયો હતો. સુબંધુ તો વિદેહ થયો હતો. આર્યપુત્ર અવંતીમાં હતો. રાધાગુપ્ત પણ હવે મહારાજના પ્રભાવશાળી અને અત્યંત લોકપ્રિય વ્યક્તિત્વમાં ક્યાં નો ક્યાંય પાછળ રહી ગયો હતો. ખલ્લાટકે મૌનમાં સંસાર જોયો હતો.

રાધાગુપ્ત શિબિકામાં અત્યારે એને ત્યાં જવા ઊપડ્યો.

એના મનમાં નવા ઉત્સાહની ભરતી આવી હતી. વિષાદની ભરતીની ટોચે આશાનાં જે અમૃતબિંદુ તરે છે તે એણે મેળવ્યાં હતાં.

એણે હવે તો નિશ્ચય જ કર્યો હતો: ભાવિ મગધપતિ કુણાલકુમાર, બીજું કોઈ જ નહિ. એ ચંદ્રગુપ્તસભાના ગૌરવને માન આપે – એ પ્રણાલિકા ફરીને સ્થાપી દેવાની હતી. ફરીને એ રાજનીતિ સજીવન કરવાની હતી:

તે પ્રધાનમંત્રી ખલ્લાટકના આવાસ પાસે આવ્યો – ત્યાં બધે જ નિદ્રાનું

સામ્રાજ્ય હતું. માત્ર એક દ્વારપાળ ત્યાં ઊભો હતો. તેણે કોઈકની શિબિકાને આવતી જોઈ. એને પણ નવાઈ લાગી. અત્યારે કોણ હશે?

સોનેરી કિંકિણીઓનો અવાજ સાંભળતાં એ વધારે ચમકી ગયોઃ મહારાજ, મહારાણી કે મહાઅમાત્ય? કોણ હોઈ શકે? આ સોનેરી અવાજ એ વિના તો બીજા કોઈનો ન હોય.

તે ઉતાવળે આગળ આવ્યો. દ્વાર પાસે ઊભો રહ્યો. બે હાથ જોડ્યા : 'પ્રભુ!'

'અલ્યા કોણ છે દ્વારપાલ? પ્રધાનમંત્રી જાગે છે?'

'પ્રભુ! એ તો નિદ્રામાં છે!'

'પણ છે તો સ્વસ્થ નાં?'

'હા, દેવ! છે તો સ્વસ્થ.'

'તો તું એમને કહે, મારે એમનું અગત્યનું કામ છે!'

'દેવ! અત્યારે કહું કે પ્રભાતે?'

'અત્યારે જ મારે મળવું છે, પ્રભાતે નહિ. મારું નામ દેજે. લે....' રાધાગુપ્તે પોતાની રાજમુદ્રિકા તેના હાથમાં આપી.

દ્વારપાલ આશ્ચર્ય પામતો અંદર ગયો.

થોડી વારમાં જ ત્યાં રાધાગુપ્ત અને પ્રધાનમંત્રી ખલ્લાટક મંત્રણા ખંડમાં શાંત બેઠા હતા. તેમની વચ્ચે વર્ષોની વાતો હવામાં તરતી હતી.

સુગંધી તૈલદીપોનો ઠંડો પરિમલ વહાવતો પ્રકાશ ચારે તરફ રેલાઈ રહ્યો હતો. ઉદ્યાનમાંના ફૂલછોડોમાંથી આવી રહેલી મંદ સુગંધ બંનેનાં ચિત્તતંત્રને જાણે શાંત સમાધાનનું અમૃત આપવા દોડી રહી હતી.

બંને જણા વર્ષો પછી આજે પહેલી જ વાર મળતા હતા. રાધાગુપ્તનો વિજય થયો. સુમનકુમાર અગ્નિમાં ફેંકાઈ ગયો... ગઈ કાલની જ જાણે એ ઘટના હોય તેમ બંનેનાં દિલ એ જોઈ રહ્યાં હતાં. ત્યારપછી તો પહેલી જ વખત આ પ્રમાણે એ બંને એકાંતમાં મળતા હતા. વર્ષો પહેલાં જે પ્રશ્ન હતો એ જ પ્રશ્ન આજે જાણે ફરીને પ્રગટ થયો હતો.

બંનેનાં દિલમાં એ વાત આવી ગઈ હતી – બોલ્યા વિનાની જાણે ત્યાં બેઠી હતી.

ખલ્લાટકના દિલમાં એક બીજું મનોમંથન જાગ્યું હતું. આ વિચક્ષણ અમાત્યની પેલી ભયંકર ક્રૂરતાભરેલી ચાલ એને યાદ આવી ગઈ.

એના મનમાં થતું હતુંઃઅત્યારે પણ એના આવવામાં એવો જ કોઈ હેતુ હોવો જોઈએ.

પોતે તો હવે નિવૃત્ત હતો, પણ નિવૃત્ત ન હોય તોપણ આ માણસનો

પડછાયો લેવો એ પણ એને ભયંકર લાગતું હતું. એ કયા વખતે કયા ગર્ત્તમાં ફેંકી દેશે તે કળવું મુશ્કેલ હતું.

જેણે સુમનકુમારને એક ક્ષણમાં અગ્નિકુંડમાં ધક્કેલી દીધો એ જ આ માણસ હતો. દેવાધિદેવ જેવા શિલ્પીનો પણ હીન ઉપયોગ જેણે કર્યો, એ આ માણસ હતો. એણે જ ચારુઅંગીને બાળી મૂકી ન હતી? ન્યગોધ્રને મૂંડી નાખ્યો ન હતો? સુમનકુમારનો વંશવેલો ને વારસો સાફ કરી નાખ્યા ન હતા?[૨૧] અને કલિંગનો વસ્ત્રલેખ એ પણ એની જ જાળ હતી. ખલ્લાટકે પોતાના મનમાં તમામ દ્વાર જાણે એની વાત સાંભળવા માટે બંધ કરી દીધાં. તેનો ચહેરો જરાક રુક્ષ, કડક અને શુષ્ક બની ગયો. જાણે પોતે કાંઈ જ જાણવા માગતો ન હોય.

તેણે તદ્દન સુક્કા અવાજે કહ્યું: 'મહાઅમાત્યજી! કેમ અત્યારે મને યાદ કર્યો?'

દૂરથી મધરાત વીત્યાનો યામઘોષ કાને પડ્યો.

'ઓહો! મધરાત તો થઈ પણ ગઈ ! શું કામે મને યાદ કર્યો છે, દેવ? મારું શું કામ પડ્યું અત્યારે?'

રાધાગુપ્તને તેના અવાજની શૂન્યતા ખૂંચી ગઈ. તે સાવધ થઈ ગયો. એનું કામ કઠણ હતું.

પણ એણે કોઈ રીતે એ પાર પાડવાનું જ હતું. ખલ્લાટક પ્રધાનમંત્રી હતો. એ રાજશાસનના પ્રશ્ન માટે ચંદ્રગુપ્તસભાને બોલાવે એમાં ઘણો ફેર પડે. એની એવી પ્રતિષ્ઠા હતી.

એના શબ્દનું વર્ચસ્વ હજી પણ રહે તેવું હતું.

એ પોતે પરિષદમાં બહુ આવતો નહિ, ભાગ લેતો નહિ, છતાં એના પ્રત્યે માનથી જોનારા પ્રજાજનો હતા. પણ એ મતના હતા કે સુમનકુમાર એ સુમનકુમાર હતો.

એટલે રાધાગુપ્તે મંત્રીશ્વરને તૈયાર કરવા માંડ્યો.

ખલ્લાટકના દિલમાંથી આ ભયંકર માણસની ક્રૂરતા કોઈ રીતે હજી વિલુપ્ત થઈ ન હતી. એ કૌટિલ્યનો જ સાચેસાચો વારસ હતો. અત્યારે પણ એવા જ કોઈ કામે આવ્યો એ હોવો જોઈએ.

અશોકના મોટા ભાઈ સુમનકુમારને જેમ એણે અગ્નિકુંડમાં ધક્કેલી દીધો હતો. એમ કોઈ બીજાને ધકેલવો હશે; અને એ અગ્નિકુંડ વિષે પણ તે વખતે એણે કેવા રણટંકારી શબ્દે કહ્યું હતું કે પોતે મગધને બચાવવા માટે પોતાના એકના એક પુત્રને હણવો પડે તો હણે.

તો હવે જેને હણવો હોય તેને ભલે એ હણે.

૨૧. 'પ્રિયદર્શી અશોક':પ્રકરણો ૧૮, ૨૨.

આજે હવે એ મગધ ક્યાં હતું? મગધ હતું, મગધની મહત્તા પણ હતી, પણ એની વિશાળતા તો કલ્પનાતીત બની હતી.

એ બધું હતું, તે છતાં આજે હવે મગધને કોણ ટકાવે તેમ હતું?

આજે હવે એવો જ અગ્નિકુંડ એની પોતાની સામે જ ઊભો થયો હતો. એ જુદા પ્રકારનો હતો. પેલા અગ્નિકુંડમાં એણે જ્વાલા ભરી હતી. એ જ્વાલા સુમનકુમારને ભરખી ગઈ, તો એના હાથમાં પણ શું આવ્યું?

એક પછી એક કુમારો પોતે જ વિલુપ્તિનો પંથે વળતા ન હતા?

રાજ્ય હતું. રાજા ક્યાં હતો.?

મહાન વારસો હતો. લેનાર કોણ હતું?

સાચવનાર કોણ હતું?

આ ઠંડો અગ્નિકુંડ એને આંહીં લાવ્યો હાવો જોઈએ, એ સમજતાં પ્રધાનમંત્રીને વાર ન લાગી. પણ પોતાને કાંઈ લાગતું – વળગતું ન હોય તેમ એ શૂન્યમનસ્ક થઈ ગયો.

તે રાધાગુપ્તના પ્રત્યુત્તરની રાહ જોતો, એની મુખમુદ્રા નિહાળતો ત્યાં બેઠો. તેના ચહેરામાં 'નરો વા કુંજરો વા' જેવી ઉપેક્ષા સ્પષ્ટ દેખાતી હતી.

રાધાગુપ્તે ધીમેધીમે ભૂમિકા તૈયાર કરવાની હતી.

રાધાગુપ્તે વિનમ્રતાથી બે હાથ જોડ્યા:'મંત્રીશ્વર! મારે તમારી એક ક્ષમાયાચના કરવાની છે, એક વિજ્ઞપ્તિ કરવાની છે અને એક સલાહ લેવાની છે. હું આવ્યો છું એટલા માટે......'

'હા.... ઓ હો! મહાઅમાત્યજી! હું તો હંમેશાં મગધનો છું. મગધની મહત્તામાં રાચનાર દરેકનો વણખરીદાયેલો દાસ છું. પણ ભલું આ ક્ષણે તમને આ સાંભર્યું? વાત ઘણી અગત્યની હોય અને વળી તત્કાલની હોય, તે વિના તો આ સમયે ભાગ્યે જ કોઈ આવે.

બોલો, શી વાત છે? પણ તે પહેલાં મારી એક બે વાત તમને હું કહી દઉં. હું હવે વૃદ્ધ થયો છું. અશક્ત છું. અસ્વસ્થ છું. મારે હવે કેવળ શાંતિ જોઈએ છે. આપણો રણરંગનો ઉત્સાહ એ તો ભૂતકાળ થઈ ગયો.

મને હવે તમે કોઈ આઘાતજનક કાર્ય ન સોંપો એમ હું ઇચ્છું – કાર્ય ન સોંપો એમ પણ નહિ, એવા કોઈ કાર્યની વાત પણ ન કહો. આપણે પેલા અગ્નિકુંડના કાંઠે વર્ષો પહેલાં ઊભા રહી શક્યા હતા[૨૨] – આજ હવે ઊભા ન રહી શકીએ.'

રાધાગુપ્ત પ્રધાનમંત્રીનો ઘા મનમાં ને મનમાં શમાવી ગયો. તેણે કાંઈ ન

૨૨. પ્રિયદર્શી અશોક:'પૂર્વદ્વારે શું થયું?' – એ પ્રકરણ.

હોય તેમ વધારે શાંતિથી કહ્યું: 'એ દિવસો ગયા, દેવ! એ સમય પણ ગયો. આજે એ હવા જ રહી નથી. આજે આજના પ્રશ્નો છે. આજે તો પ્રશ્ન આ છે: કોઈને કાંઈ જોઈતું નથી. ભગવાન કૌટિલ્યે વર્ષોની ઉપાસનાથી આ પરંપરા સ્થાપી. આ ભવ્ય મહાલય ઊભો કર્યો. આજ હવે એ કોઈને જોઈતો નથી. ત્યારે આ વારસો લે કોણ? ભગવાન કૌટિલ્યે વર્ષોના યત્ને જે સર્જન કર્યું, તેનું હવે.......'

'વિસર્જન કરવું, રાધાગુપ્ત! બીજું શું થાય? સર્જન પછી વિસર્જન ચાલ્યું જ આવે છે. કોણ એ કુદરતના ક્રમના આડે હાથ દેવાનું હતું?' ખલ્લાટકે ઠંડી ઉપેક્ષાથી કહ્યું.

'મંત્રીશ્વર! વાત તમારી સાચી છે. જે આવે તે જાય, ઊગે તે આથમે. પણ ઊગ્યું તે આથમવાનું છે, એ આપણે જાણીએ, તેથી કાંઈ મધ્યાહ્નના સૂર્યને એમ કહેવાય કે તું હવે આથમી જા ! મગધમહારાજ્યનો આ મધ્યાહ્નસમય છે!'

'હમણાં મધરાતનો યામઘોષ થયો, પ્રભુ! રાત વહી રહી છે. લાંબી વાત હોય, વખત લાગે તેવું હોય, તો હું પ્રભાતે દેવને ત્યાં આવું?'

ખલ્લાટકે ઘા માર્યો હતો. દેખીતા મધ્યાહ્નમાં મધ્યરાત્રિનો અંધકાર હતો. પણ રાધાગુપ્તને દરેક ઘા ફૂલની પેઠે વધાવી લેવાનો હતો. તે સમજી ગયો. ખલ્લાટકને હવે કોઈ રસ ન હોય, પણ ઘણાનાં મનમાં હજી એની પ્રતિષ્ઠા બેઠી હતી. ચંદ્રગુપ્ત – સભાને સજીવન કરવી હોય તો એને અગ્રણી કરવો જ રહ્યો. એમાં ઔચિત્ય હતું.

એટલે એનો બોલ જાણે સાંભળ્યો ન હોય તેમ રાધાગુપ્ત બોલ્યો: 'દેવ! પેલી કહેવત યાદ છે: છેવટે ગાડાં ગલઢા વાળે!'

'અરે ભૈ! અમાત્યજી! હું હવે શું ગાડું વાળવાનો હતો? પણ વાત શી છે એ કહો તો ખબર પડે. મારો શો ખપ પડ્યો?'

'ચંદ્રગુપ્તસભાને, મંત્રીશ્વર! સજીવન કરવી છે.'

'ચંદ્રગુપ્તસભાને સજીવન કરવી છે? એ તો સજીવન જ છે. ઓહો! આ જ વાત હતી? તમારે એમ કહેવાનું છે નાં કે હવે પરિષદમાં મારે આવવું? તે હું આવીશ, બસ? હું રહ્યો અસ્વસ્થ. વૃદ્ધ. અશક્ત. મને આ હવે ન ગમે – પણ તમે કહો છો, તો હું આવતો રહીશ. આવીશ. આ જ વાત હતી નાં?'

'એમ નથી, દેવ!' રાધાગુપ્તે એને જરા વધારે વિનમ્રતાથી કહ્યું: 'એને સજીવન તમારે કરવાની છે!'

'પણ એ ક્યારે મરી ગઈ છે કે હું સજીવન કરું?'

'એ આટલાં વર્ષોમાં ક્યારે સજીવન હતી કે મરે?' રાધાગુપ્તે જવાબ વાળ્યો.

'એટલે?'

'એટલે એમ કે, પ્રધાન મંત્રીશ્વર! તમારે એક કપરો ધર્મ બજાવવાનો છે. મગધમાં ખરે ટાણે કોઈ ને કોઈ એક મહાન મંત્રીશ્વર હોય જ છે, એ સિદ્ધ કરવાનું તમારે માથે આવવાનું છે.'

ખલ્લાટક વધુ સાવધ થઈ ગયો. એને લાગ્યું કે આ મહાવિચક્ષણ માણસ એને ક્યાંક ઊંડા પાણીમાં દોરી જવા માગતો હતો.

'મારે માથે? પણ વાત શી છે, એ કહો તો કાંઈક ખબર પડે. શું કોઈ યવન આક્રમણના ફરી ભણકારા વાગે છે?'

રાધાગુપ્તે બાણ ભાથામાંથી ફેંકવામાં સાર જોયો. વધારે વખત જાય, તેમ મંત્રીશ્વર વધારે સાવધાનતા રાખવા મંડે. વખતે સાહાય્યની ના જ પાડી દે. તેણે સચ્ચાઈ લાગે એવા અવાજે કહ્યું: 'દેવ! તમારા ઉપર એક કપરો ધર્મ આવી પડ્યો છે. યવનના આક્રમણની વાત હોત, તો-તો કોઈ ને કોઈ વીર સેનાપતિ નીકળી આવત. સેનાપતિ હિમવંત જ એ માટે તૈયાર થઈ જાત. પણ આ તો વાત છે દેશની અંદરના આક્રમણની. એથી પણ વધુ ગંભીર. અંદરઅંદરના આક્રમણની.'

'કેમ કોઈ પ્રદેશપતિ આડો ફાટ્યો છે?'

'પ્રદેશપતિ આડો ફાટ્યો હોત તો પણ અમે પહોંચી વળત, દેવ! પણ આ તો ખપ પડ્યો છે તમારી પ્રતિષ્ઠાનો, તમારી વર્ષોની ઉપાસનાનો, તમારી મગધપ્રીતિનો. પ્રદેશપતિ નહિ, દેશપતિની વાત છે!'

ખલ્લાટક ચમકી ગયો. દેશપતિ એટલે કોણ? એ મનમાં જ સમસમી ગયો. શું મહારાજ અશોક વિષે કોઈ વાત કહેવા માટે આ આવ્યો હશે? તો-તો એણે સરજેલા અગ્નિકુંડે એને જ રખડાવ્યો. પણ તેણે પોતે કાંઈ સ્પષ્ટ ન બોલવામાં સાર જોયો.

'દેશપતિ એટલે? કોની વાત છે, રાધાગુપ્ત?'

'મહારાજ અશોકની!'

'મહારાજ અશોકની? મહારાજ અશોકને શું છે? હમણાં કાંઈ વધારે અસ્વસ્થ છે? હું તો હવે આ ઉદ્યાન છોડતો નથી, એટલે મને કાંઈ ખબર નથી. ભિષગ્વર શું કહે છે?'

'મને એમ લાગે છે, દેવ! શરીર કરતાં મહારાજ મનથી વધારે અસ્વસ્થ છે. મન કરતાં પણ કલ્પનાથી. કલ્પના કરતાં પણ વધારે કોઈ અદ્‌ભુત સ્વપ્નસૃષ્ટિથી એ અસ્વસ્થ બનતા જણાય છે!'

'રાધાગુપ્ત! આવી નાખી દેવા જેવી વાત તમે કરો છો, એટલે હું માનું તો છું, પણ આવી વાત બીજા કોઈએ કરી હોત, તો એને હું તરત જ કાં દીવાનો માનું, કાં દુષ્ટ માનું. એનો પડછાયો તરત તજી દઉં. મહારાજ અશોકે તો આ

ધરતી ઉપર સ્વર્ગ ઉતાર્યું છે. એવી વાત સિદ્ધ કરી હતી એક વખત ભગવાન તથાગતે, બીજી વખત મહારાજ અશોકે. તમે, મહાઅમાત્યજી! વૃદ્ધ ભિષગ્વર આકાશગોત્રને મળો. એનું નિદાન એની પાસે હશે, આંહીં નથી. રાત્રિ ઘણી થઈ છે.....'

રાધાગુપ્ત ખલ્લાટકના આ શબ્દો માટે પણ મનમાં તૈયાર જ હતો. તેણે ધીમા, શાંત, પ્રિય લાગે તેવા વિજ્ઞપ્તિ કરતા અવાજે કહ્યું:'ખલ્લાટક મંત્રીશ્વર ! આપણે પ્રતિસ્પર્ધી હતા, તે વાત હું જાણું છું. આપણે સામસામે દાવ નાખ્યા હતા તે પણ હું જાણું છું, તમે માન્યું છે કે મારા દાવ ભયંકર હતા, તે પણ હું જાણું છું. પણ એ બધું છતાં તમારા દિલને પણ હું જાણું છું. એ જો જાણતો ન હોત, તો હું આંહીં આવત જ નહિ. તમે વૃદ્ધ છો, અશક્ત છો, તમને આ વાતમાં કોઈ રસ નથી – આ બધું જ હું જાણું છું. પણ સાથેસાથે હું જાણું છું કે વૃદ્ધ થયો હોય તો પણ વનકેસરી પોતાના વનપ્રદેશમાં ગૌરવની હાનિ સહી શકતો નથી. આજે પ્રશ્ન, મગધ મહારાજ્યના ગૌરવનો છે. જે પ્રાણવાન, તેજસ્વી, ભવ્ય, એકચક્રી, વ્યવસ્થિત મહારાજ્ય ભગવાન કૌટિલ્યે ઊભું કર્યું, એ જીવશે કે મરશે એનો પ્રશ્ન છે. જીવશે કે મરશે એવો પણ નથી – વર્ષો સુધી જે પ્રજા શાંતિથી, વ્યવસ્થાથી, પ્રેમથી, સુશાસનના તમામ લાભો ઉઠાવીને જીવી રહી હતી, એક જાતના વિશ્વાસભર્યા વાતાવરણમાં વિહરતી હતી, તેને માથે અચાનક જ વીજળીનો કડાકો થાય અને જે વિનાશ વેરાઈ જાય એવો આ પ્રશ્ન છે. ખંડેર પણ ન રહે, કેવળ વેરાન સરજાઈ જાય, એવી પરિસ્થિતિ છે. એક દિવસ અવ્યવસ્થા, અશાસન, અનેક ઘર્ષણોનાં ઘર્ષણ આંહીં જન્મશે. સર્વનાશના ઓળા ઊતરવાનો મહાન દેશવ્યાપી ભય આજે મગધ ઉપર તોળાઈ રહ્યો છે. એટલા માટે જેમણે જન્મથી મગધની હવા લીધી છે, જેમણે એની ધરતી સાથે પ્રીતિ બાંધી છે, એની મહત્તામાં પોતાની મહત્તા જોઈ છે, એ મગધના મહાન મંત્રીશ્વરને હું બોલાવવા આવ્યો છું. દેશ પડે છે – પડી રહ્યો છે, આપણે એનો પુનરુદ્ધાર કરીએ. મંત્રીશ્વર, આપણે ઊભાઊભા જોયા ન કરીએ !'

ખલ્લાટક મોટેથી ખોટું, શૂન્ય, ઉપેક્ષાભરેલું હાસ્ય હસી રહ્યો. 'અરે રાધાગુપ્ત !' રાધાગુપ્તને એના એ હાસ્યના પડઘા પણ રાત્રિના અંધકારમાંથી ઉપહાસ કરતા જણાયા. એ હાસ્ય ઉપેક્ષાભર્યું તો હતું, પણ એથીયે વધુ કાતિલ ધ્વનિ એમાં હતો. રાધાગુપ્ત જાણે કોઈ દીવાનો માણસ હોય, ને ગમે તેમ યવ્યાતંવ્યા બોલી ગયો હોય એ માટે ખલ્લાટકનું આ હાસ્ય હતું. સામા માણસની ઘેલછાનું એ સૂચક હતું. માણસ ઠરી જાય, બેઠોબેઠો ઠરી જાય, એટલી એમાં ઠંડી મશ્કરી ભરી હતી.

'રાધાગુપ્ત ! તેં પૂછ્યું આકાશગોત્રને ? તને કોઈ ઘેલછા તો નથી પીડી રહી

નાં?' ખલ્લાટકે ઠંડા ઉપહાસભરેલા અવાજે કહ્યું:'મહાઅમાત્ય ચાણક્યની કોઈ અદૃશ્ય આકૃતિ તને દોરતી હશે! નહિતર તું આવી નાખી દેવા જેવી વાતો ન કરે. જે માણસે ભારતભરનું વાતાવરણ ફેરવી નાખ્યું છે, જેણે તક્ષશિલા, ગાંધાર, પાર્શવ, યોનથી છેક રોમનગરી સુધી અને મિસ્ર દેશ સુધી, અને તામ્રલિપ્તિ ને તામ્રપર્ણી સુધી વિશ્વશાંતિનો મહાન સંદેશો ઘેરઘેર પહોંચાડી દીધો છે, જેણે શસ્ત્રો મ્યાન કરાવ્યાં છે, જેણે અસ્ત્રો છોડાવ્યાં છે, જેણે યુદ્ધો નામશેષ કર્યાં છે, જેણે આટવિકો જેવા આટવિકોને પણ પ્રેમથી જીત્યા છે – એ મહાન પુરુષને, રાધાગુપ્ત! આપણે શું સમજવાના હતા? ઘેર જઈને નિરાંતે શય્યામાં સૂઈ જા. મહારાજ અશોક માણસ નથી, રાજા નથી, એ તો દેવ છે. બીજા દેવ સ્વર્ગના હોય છે. એમને રસ સ્વર્ગમાં હોય છે. આ તો ધરતીના દેવ છે. ધરતીને એમણે પલટાવી નાખી છે. એમને સમજવાને તારે ન મારે હજી એક સહસ્ર જન્મ લેવા પડે. આ જ તારી વાત હતી નાં? કે બીજું કાંઈ કહેવાનું?'

રાધાગુપ્તે શાંત, મક્કમ, દૃઢ પણ વીંધી નાખે તેવા અવાજે જવાબ વાળ્યો:'મહાન મંત્રીશ્વર! હું તો એમ જાણીને તમારી પાસે આવ્યો હતો કે મગધ કોઈ દિવસ માણસવિહોણું નથી હોતું ને આજે પણ નહિ હોય. આજે હું જોઉં છું, હવા ફરી ગઈ છે. આંહીં કોઈ માણસ નથી!'

'માણસ નથી? એટલે? એમાં શો અર્થ ભર્યો છે?'

'એટલો જ કે કોઈ સમજદાર માણસ નથી.' રાધાગુપ્તે દૃઢતાથી કહ્યું:'મહારાજ અશોક દેવાધિદેવ છે એ શું મારાથી અજાણ્યું છે? કોનાથી એ અજાણ્યું છે? આજ દિવસ સુધી મેં પોતે જ શું એમનો શબ્દેશબ્દ માથે ઉપાડ્યો નથી? પણ, મહાન મંત્રીશ્વર! મહારાજ અશોકની આસપાસ દેખાય છે સિંહનાં ટોળાં, અને એ ઘેટાનાં ઘેટાં પણ નથી. હું એ પણ જોઈ રહ્યો છું. ને મારા દિલમાં રાતદિવસ શૂળો ભોંકાય છે. મહારાજ અશોક તો દેવ છે. આ પૃથ્વીમાં એવા માણસ બે વખત આવતા નથી. એક રામચંદ્ર પછી બીજા રામચંદ્ર આવ્યા? એક કૃષ્ણ પછી બીજા કૃષ્ણ આવ્યા? એક ભગવાન તથાગત પછી બીજા ભગવાન તથાગત આવ્યા? એક મહાવીર પછી બીજા મહાવીર આવ્યા?

એક મહાન પ્રિયદર્શી રાજા અશોક પછી પણ બીજા કોઈ મહારાજ આવનાર નથી. મહારાજ અશોકનું એવું અદ્‌ભુત વ્યક્તિત્વ છે. એમની વાત જ ન્યારી છે. આ શું મારાથી અજાણ્યું છે? પણ, મહાન મંત્રીશ્વર! એટલે જ, એ વાત હવે અગત્યની બને છે કે કોઈકે પણ ભગવાન કૌટિલ્યે સ્થાપેલી પ્રણાલિકા પ્રમાણે સુશાસનનો તંતુ ઉપાડી લેવો જોઈશે.

મહારાજ અશોક પછી હવે બીજા કોઈ મહારાજ અશોક નહિ આવે. બીજા

કોઈ મહારાજ અશોક માટે સ્થાન પણ નથી.

પણ તો જે શૂન્યતા ફેલાશે એ શૂન્યતા જ પ્રજાને ભરખી જશે. એટલે કોઈક, મહામંત્રીશ્વર! કોઈકે, પ્રણાલિકાને સજીવન કરવી પડશે. તમને આઘાત થશે. તમે મને દીવાનો પણ નહિ માનો, દુષ્ટ ને દીવાનો બંને માનશો. ભલે માનજો, પણ જો મગધને જિવાડવું હોય તો તમારે જ આગળ આવવું પડશે. તમે મહાન માગધી છો. તમે મગધની મહત્તામાં રાચો છો. રાધાગુપ્ત બોલે છે એ ભૂલી જાઓ. પ્રજાસમસ્તનો આ મૌન-શબ્દ છે.

તમારે આગળ આવવું પડશે – આવવું જ પડશે. તમે ન આવવાના હો તો મને કહો. મારે પણ કાલે જ સંન્યસ્ત લેવું છે. મારે પણ શું છે? હું મગધને પડતું જોવા માગતો નથી. હું પાટલિપુત્રનાં ખંડેરોમાં ભટકવા માગતો નથી. મને પણ હિમાલય બોલાવે છે. માનવું કે ન માનવું, તમારી ઇચ્છા.'

'પણ મારે કરવાનું છે શું, રાધાગુપ્ત?'

'બીજું કાંઈ જ નહિ, આપણે ચંદ્રગુપ્તસભા સજીવન કરવાની છે. આપણે ભગવાન કૌટિલ્યની પ્રણાલિકા ફરી સ્થાપવાની છે. શાસન હવે એ કરશે.'

'અને મહારાજ અશોક?'

'મહારાજ અશોક પદભ્રષ્ટ થશે, મંત્રીશ્વર! આંહીં તો મગધ મહાન છે, મગધપતિ નહિ.'

ખલ્લાટક ઊભા જેવો થઈ ગયો: 'અરે રાધાગુપ્ત! રાધાગુપ્ત! તું શું બોલે છે? તને ભાન છે તું શું બોલી રહ્યો છે? હું માનતો હતો કે તું દીવાનો છે, કાં દુષ્ટ છે, પણ તું તો બેમાંથી એકે નથી! તું તું જ નથી. મહારાજ અશોકને પદભ્રષ્ટ કરવાની વાત કોણ કરી શકે? તું? મને નવાઈ લાગે છે, તું આવી વાત કરી શકે છે ! મહારાજ અશોક પદભ્રષ્ટ થાય? શી વાત કરે છે? હિમાચળને ઉખેડવાની વાત કરે તો પણ કાંઈક અર્થવાળી વાત લાગે. આ તો નાખી દેવા જેવી પણ વાત નથી. આ તો કોઈ વાત જ નથી!'

'તે હશે. પણ મારો તો આ નિર્ણય છે!' રાધાગુપ્ત અત્યંત શાંતિથી પણ ધ્રુજાવી નાખે તેવી દઢતાથી બોલ્યો: 'અને તે અફર છે!'

'રાધાગુપ્ત! તું ગાંડો તો નથી થયો નાં?'

'હરેક એકાકી લડનારો ગાંડો હોતો નથી, ગાંડાનો પણ ગાંડો હોય છે. એ ગાંડપણની તુલનામાં ઘણી વખત તો મહાન શૂરવીરતા પણ ફિક્કી પડી જાય છે! ખરા ગાંડા દુનિયામાં છે ક્યાં ?'

ખલ્લાટક બોલ્યા વિના રાધાગુપ્તની સામે જ જોઈ રહ્યો. એના ચહેરા ઉપર ખરેખરા કોઈ એકાકી જુદ્ધે ચડેલા યોદ્ધાની દઢતા હતી. તેને આશ્ચર્ય થયું.

રાધાગુપ્તની ભયંકરતા એ જાણતો હતો. અગ્નિકુંડ એ ભૂલી શક્યો ન હતો. પણ ત્યાં શું મહારાજ અશોક જેવા માટે આ માણસ એવી કોઈ ભયંકરતાનો ઉપયોગ કરશે?....... આહા! તો-તો પાટલિપુત્ર ઉપર, યાવચ્ચંદ્રદિવાકરૌ કજ્જલકાળો ડાઘ બેસી જાય. તેણે જરાક સ્વસ્થતાથી પૂછ્યું: 'પણ, રાધાગુપ્ત! આવા નિર્ણયનું કોઈ કારણ? એવું શું બન્યું છે?'

'મહારાજના મનની એક વાત મેં વાંચી છે, મંત્રીશ્વર! મહારાજ અશોક એક શતકોટી કાર્ષાપણ વાપરવા માગે છે! ભાંડારિકને આજ્ઞા તો ક્યારની થઈ ગઈ છે.'

'એક શતકોટી કાર્ષાપણ? વાપરવા માગે છે? ક્યાં વાપરવા માગે છે? શેમાં વાપરવા માગે છે? એમાં શું થઈ ગયું, રાધાગુપ્ત? મહારાજ તો મહાન દાનેશ્વરી છે, તો વાપરે, એમાં શું?'

'પણ એક શતકોટી કાર્ષાપણ આવવાના ક્યાંથી?'

'કેમ ક્યાં થી? રાજભંડારમાંથી, બીજે ક્યાંથી?'

'પણ રાજભંડારમાં ક્યાં થી આવે?'

'પ્રજા પાસેથી. કેમ તું આમ પૂછે છે?'

'પ્રજા એટલે કોણ?'

'પ્રજા એટલે હું, તું, માણસો, આટવિકો – બધા.'

'તો એક શતકોટી કાર્ષાપણ એ કેવળ બૌદ્ધસંઘ માટે વપરાય, મહાદાનેશ્વરી થવા – તે બરાબર છે? પણ સાંભળો. મને પહેલાં સમજો. તમને જેટલું માન છે બૌદ્ધ સંઘ માટે, એના કરતાં એકહજાર-ગણું માન છે મને ભગવાન તથાગત માટે ને સંઘ માટે. પણ એનો અર્થ શું એવો છે કે દેશમાં હજારો, લાખો ને કરોડો માણસો વિપત્તિ વેઠે – અને આંહીં મહારાજ અશોક – દાનેશ્વરીના દાનેશ્વરી એક વર્ગ માટે – સાંભળો, સમજો – એક વર્ગ માટે, શતકોટી કાર્ષાપણ ખરચી નાખે? મહારાજ, દેવ છે, દાનેશ્વરી છે. એમના જેવા મહાન રાજવી બીજા આવવાના નથી. આ બધું ખરું, પણ મહાનમાં મહાન પુરુષોના 'અતિ' ઉપર પણ શાસન લાવવું જ ઘટે, ભગવાન કૌટિલ્યના એ મહાન સિદ્ધાંતને હુ શિરસા વંદું છું. મહારાજ અશોકને પદભ્રષ્ટ કરવા જ જોઈએ!'

'પદભ્રષ્ટ? રાધાગુપ્ત! મને લાગે છે, તને હવે શબ્દો બોલતાં પણ આવડતું નથી!'

'પદભ્રષ્ટ નહિ. હા, દેવ! હું ભૂલ્યો. મહારાજ અશોક જેવા શાસનથી પર હોય, એમાં જ એમનું દેવત્વ શોભે. મહારાજ અશોક હવે સામાન્ય શાસનથી પર કહેવાય...... એ એમનો વિષય નહિ. આપણા જેવા સામાન્યો એ સંભાળે. આમ વાત મુકાય તો તો વાંધો નથી નાં, દેવ? મને લાગે છે, હું બીજી કોઈ

વાત કરતો નથી, તમારા મનની જ વાત કરું છું. તમે પણ હજાર વખત આ એક તરફના "અતિ"ને અવિવેકી શાસન ગણાવતા હતા. તો હવે બોલો – સમય આજ છે. આજ શું, અત્યારે જ છે. અને કાલે એ નહિ હોય, એ પણ ચોક્કસ છે. આવતી કાલ આપણી નથી. માટે હું દોડ્યો આવ્યો છું!'

ખલ્લાટકને રાધાગુપ્તની વાત મનમાં ઊતરતી લાગી. આ એક પ્રસંગ પૂરતો તો એ કોઈ ભયંકર યોજનામાં રાચતો હોય તેમ જણાતું ન હતું.

ખલ્લાટકે પૂછ્યું : 'પણ પછી શાસનનું શું થશે, રાધાગુપ્ત ? એ કોણ ચલાવશે ?'

'તે નિર્ણય આપણે – ચંદ્રગુપ્તસભાએ લેવાનો હશે. રાજપ્રતિનિધિ તો નાનો દશરથ થાય –

'દશરથ ? કુણાલકુમારનો ? એ તો ઘણો નાનો ગણાય –'

'કારણ કે કુણાલકુમારે તો હવે દેશયાત્રા શરૂ કરવી જોઈએ. તક્ષશિલાના વિદ્રોહને શમાવવા તેઓ જાય એમાં જ શોભા........'

'ફરીને પાછા.......'

'હા, મંત્રીશ્વર ! ફરીને પાછા આપણે તક્ષશિલા ને યુવરાજ કુમારના વર્ષો જૂના પ્રશ્ન ઉપર આવ્યા. પણ મને લાગે છે, મંત્રીશ્વર ! તક્ષશિલા અને એ પ્રદેશ, અને ભારતવર્ષ, અને ભારતવર્ષનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરુષ એ પ્રદેશના શાસન માટે નિર્માય – એ જાણે કે આ દેશના ભાવિ માટેનો એક અચળ વિધિલેખ જણાય છે..... તો કહો, મંત્રીશ્વર ! ચંદ્રગુપ્તસભા બોલાવું ? રાજપ્રતિનિધિ કુમાર દશરથ હશે. પણ એની પાછળ રાજપ્રતિનિધિની માતા કાંચનમાલા હશે.... બરાબર છે ? એ રીતે જ, દેવ ! તિષ્યરક્ષિતાની અસહ્ય બનતી મહારાજ ઉપરની છાયાને પણ આપણે ટાળી શકીએ.....'

બંને મહામંત્રીઓ એકબીજાની સામે જોઈ રહ્યા. બંનેનાં દિલમાં હવે એક જ વાત હતી : મહારાજ દેવ હતા, એટલે એઓ શાસનથી પર હતા.

ખલ્લાટક વિચાર કરી રહ્યો. પોતે એકાકી હતો, રાધાગુપ્ત પણ એકાકી હતો, પણ બંનેએ મગધના મહાન રાજ્યના પાયા નખાતા જોયા હતા. આજે એ મહાન રાજ્ય ભારતવ્યાપી હતું, એકચક્રી હતું, તેજસ્વી હતું. એનો મધ્યાહ્ન હતો. મહારાજ અશોક દૈવી પુરુષ હતા. એમણે આ શક્ય બનાવ્યું હતું. ભારતથી છસો જોજન દૂર પડેલા લોકો પણ મહારાજ અશોકનો વિજય ગાતા. આ પ્રતાપ આ દેવપુરુષનો હતો. પણ દેવપુરુષના પ્રકાશમાં ઘણી વખત કાચ હીરા જેવા લાગે છે ને ઘેટાં સિંહ જેવાં ગણાય છે. દેવપુરુષની એ મર્યાદા પણ છે. દ્વારકામાં ભગવાન કૃષ્ણની આસપાસ પણ મદ્યપી હતા.

રાધાગુપ્તની વાત સાચી હતી. વાતાવરણ ફરી ગયું હતું, પણ તેથી

કાંઈ માનવસ્વભાવ ફરી જતો હતો? એને તો સુશાસન વડે જ કેળવવો રહ્યો.

એટલે મહારાજનું વ્યક્તિત્વ જે દિવસે – જે દિવસે શું, જે પળે ન હોય, તે જ પળે એકે મહાન શૂન્યતા દેશમાં ઊભી થઈ જવાની. અને તે વખતે મહારાજના જ સાન્નિધ્યના સાધુ જેવા ને ભિખ્ખુ જેવા જણાતા પુરુષો સત્તા માટે એકબીજાને પીંખી નાખવાના. તે વખતે સમજણ નેવે મૂકી દેવાના. મૃદુતા તે વખત છદ્મતા– બનવાની. ગર્વિષ્ઠ શબ્દો શાસનસૂત્રો થવાના. અવ્યવસ્થા સ્વતંત્રતા ગણવાની. અશોકના નામની જયઘોષણા સુશાસન લેખવાનું. સોંઘો ઉપદેશ અર્થશાસ્ત્ર થવાનો. શૂન્યતા ભવ્યતામાં જણાવાની. એ શૂન્યતામાં પોલાણ હશે. એમાં બડી- બડી વાતો હશે. મહારાજના નામનો જયઘોષ હશે. વિશ્વશાંતિ ઝંખતા ધર્મમહામાત્રો ત્યાં હશે. બધું જ હશે અને છતાં શૂન્યતા – ભયંકર શૂન્યતા – દરેકના દિલમાં બેઠી હશે.

રાધાગુપ્ત એટલા માટે પ્રણાલિકાને, તંતુને, તરત ગ્રહણ કરી લેનાર સુશાનની વાત કરી રહ્યો હતો. કુણાલકુમાર એક જ બાકી રહેતો હતો. એના ઉપર જ બધો આધાર હતો.

ખલ્લાટકને દિલમાં મગધની ભવ્યતા સ્પર્શી ગઈ. એને ચંદ્રગુપ્ત મૌર્ય, ભગવાન કૌટિલ્ય, નંદરાજ, મહામંત્રી રાક્ષસ એ બધા ઇતિહાસપુરુષો યાદ આવી ગયા.

આ ભૂમિને પ્રણાલિકા હતી, પરંપરા હતી, વારસાગત ગૌરવગાથા હતી. આ પરંપરાનું જ સંતાન એ પોતે હતો.

તેણે રાધાગુપ્ત સામે જોયું:'રાધાગુપ્ત! તારી વાત તો સાચી છે. પણ શું તું માને છે કે કોઈને કાંઈ આપી શકે? જે નહિ હોય તે તું ક્યાંથી આપવાનો હતો? કુણાલકુમાર પણ સાધુપંથે પળ્યો તો?'

રાધાગુપ્તની જીભ ઉપર જાલૌકનું નામ આવી ગયું. પણ તેણે તે પ્રગટ ન કર્યું:'દેવ!' તેણે વિશ્વાસથી કહ્યું:'મને એક નારીમાં વિશ્વાસ છે. એ કુણાલકુમારને સરજશે!'

'કોણ?'

'કાંચનમાલા. એના વિશ્વાસે મેં આ ઉપાડ્યું છે. તમે પહેલાં હા પાડો – પછી હું એને મળું. પછી આપણે મળીએ! એનામાં શક્તિ – છે નરમાંથી નરોત્તમો સરજવાની અને છતાં વિનમ્રતા છે, એમની છાય બની જવાની – એ કુણાલકુમારની છાયા છે. અને છતાં એનો પ્રકાશ પણ એ જ છે. એ મગધને તારશે...... મને વિશ્વાસ છે, દેવ!'

'તને વિશ્વાસ હોય તો ભલે ફતેહ કરો. મગધ મગધ નહિ રહે, તો-

તો તું પણ ક્યાં હોઈશ? ને હું પણ ક્યાં હોઈશ? કોઈકે પણ મહારાજના અત્યંત સુંદર સાધુચરિત દેવત્ત્વને આ દુનિયાની મર્યાદા આપવી જ રહી..... ભલે જા, ફતેહ કર. મારો કોલ છે: ચંદ્રગુપ્તસભામાં હું પ્રસ્તાવ મૂકીશ...... બ્રસ?"

રાધાગુપ્તે વેશ પૂરો ભજવ્યો. તે લાંબો થઈને મંત્રીશ્વરના પગમાં પડ્યો: 'મંત્રીશ્વર! તમે વૃદ્ધ છો. મારા કરતાં તમે વધારે વર્ષો જોઈ છે. તમે અનુભવી છો. તમે કહ્યું હતું, તેમ જ થયું છે. અશોક મહારાજ દેવપુરુષ નીકળ્યા – પણ એમણે જે હવા પ્રગટાવી, એણે મગધની શક્તિ પણ ફેરવી નાખી! મેં આ જોયું – હવે ઘણું મોડું થયું છે ત્યારે આ જોયું. જોયું ને તમારી પાસે હું દોડ્યો આવ્યો. તમારું વચન મને હવે બળ આપશે. તમે મારી વાત સ્વીકારી ન હોત તો મારે માટે પણ અંચળો જ હતો. પણ હું હવે વિદાય લઉં..... રાત ઘણી ગઈ છે.........'

રાધાગુપ્ત મહામંત્રીશ્વર ખલ્લાટકની વિદાય લઈને બહાર નીકળ્યો.

ખલ્લાટક એને જતો જોઈ રહ્યો. તે અદશ્ય થયો એટલે એ પણ ધીમાં પગલે શયનખંડમાં કાંઈક મનોગત બોલતોબોલતો ચાલ્યો ગયો.

૧૨

પહેલું પગલું

ખલ્લાટક જેવા વૃદ્ધ મંત્રીશ્વરને રાધાગુપ્ત પોતાની સહાયમાં લઈ શક્યો હતો એ એક અગત્યનું કામ થયું હતું. એનું મન પોતાના વિજયના આનંદમાં હતું. પણ છેવટે ખલ્લાટક તો મગધનો એક સમયનો મહામંત્રી હતો. આજે પણ નામ પૂરતો પ્રધાનમંત્રી કહેવાતો. એટલે મગધની ભવ્યતા હવે વિદાય લઈ રહી છે, એ વિચારમાત્રથી પણ એ ધ્રૂજી ઊઠે એ સ્વાભાવિક હતું. એણે પણ એક વખત આ ભવ્ય ઇમારતની પાયાની ઈંટો મૂકી હતી. એણે પણ મગધની મહત્તાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં.

એને એ વાત તરત સ્પર્શે, એ સ્વાભાવિક હતું. પણ મહારાજ અશોકના નિત્ય સાન્નિધ્યમાં રહેનારા કુણાલકુમાર જેવાને આ વાત સમજાવવી એ આકરી કસોટી હતી. મહારાજની ઇચ્છાવિરુદ્ધ એ એક ડગલું ન ભરે. એટલે રાધાગુપ્તની વાત હજી તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી અશક્ય હતી. ખરેખરું વિકટ કામ એણે હવે કરવાનું હતું: કુણાલકુમારને મેળવવાનું, એને તૈયાર કરવાનું. તે વિના તો આ બધી વાત વર વિનાની જાન જેવી થઈ જતી હતી. રાધાગુપ્તના, વિજયના આનંદમાં પણ ઊંડી ચિંતા હતી.

કુણાલકુમારને આ વાત શી રીતે સમજાવવી? મહારાજનું સાન્નિધ્ય એ કદાપિ પણ છોડે? એમાં તો એ પિતૃદ્રોહ જુએ! કેવળ મહારાજની ઇચ્છા એ દેખે, તો એ માને. તે વિના એ દિશામાં એક ડગલું પણ ન ભરે. એ પણ બીજા રાજકુમારની હવા પામી ચૂક્યો હતો. એ ભિખ્ખુ ન હતો. ભિખ્ખુગતિક પણ ન હતો, પણ પંથ એનો એ જ હતો.

એટલે ખરેખરો વિકટ પ્રશ્ન હવે જ આવીને ઊભો રહેતો હતો.

મંત્રીશ્વરને મેળવી શક્યો તેથી પ્રસન્ન થતો રાધાગુપ્ત પોતાના મહાલયે જવા નીકળ્યો. આખી નગરી નિદ્રામાં હતી. સેંકડો પ્રાસાદો ને મહાલયોના દ્વાર રસ્તા

ઉપર પસાર થતી શિબિકામાંથી એણે જોયાં. બધે જ દ્વારો ખુલ્લાં દેખાતાં હતાં. ક્યાંક તો દીપકો પણ પ્રકાશી રહ્યા હતા, અને એમના તેજમાં ઝળાંહળાં થતાં રત્નો આંખને આકર્ષતાં હતાં. શી નગરની સમૃદ્ધિ હતી! ને શી સંસ્કારિતા હતી!

રાધાગુપ્તના દિલમાં એક મહાન શલ્યા જાણે પડી ગઈ. આ નગરી, જ્યાં પ્રજા આટલી સમૃદ્ધિ સાથે ખુલ્લાં દ્વારે, આવી અંધારઘેરી રાતે પણ સૂઈ શકે છે ને એક સ્તેન ફરકતો નથી, જાણે એવો કોઈ અસ્તિત્વમાં જ ન હોય, એ જ નગરીમાં શું એક વખત ખંડેરો થઈ જશે? એને થયું કે એના મનની નબળાઈમાંથી તો આ ભ્રમ જાગતો નહિ હોય? એ મિથ્યા ભય હશે કે પરિસ્થિતિનું પોતે મેળવેલું સાચું માપ હશે? કોણ કહી શકે?

પણ એને એક વાતની પ્રતીતિ હતી, ઊંડી શ્રદ્ધા હતી. એ જે હોય તે. એનો આ ભ્રમ હોય. મિથ્યા ભય હોય. ખોટી કલ્પના હોય. અજ્ઞાનઘેરી ગેરસમજણ હોય. એનો પૂર્વગ્રહ હોય કે પછી એના દિલમાં પડેલા રૂઢિગત જડ સંસ્કારનો એ પરિપાક હોય. એ ગમે તે હોય, પણ એને સંતોષ એક જ વાતનો હતો કે પોતે પોતાની રીતે પૂરેપૂરી સચ્ચાઈથી આ વાત કરી રહ્યો હતો. મહારાજ અશોકના દેવત્વ વિષે એને લેશ પણ શંકા ન હતી. એમણે ફેલાવેલી માનવતા તો વર્ષો સુધી ઇતિહાસમાં અમર રહેશે અને ફરીફરીને માનવને આકર્ષશે. છતાં રાધાગુપ્તે જે કરતો હતો તે કરવું જ રહ્યું, કારણ કે કોઈ પણ માનવસંસ્થા, એક વસ્તુ વિના ટકી જ ન શકે – સુશાસન વિના. અને સુશાસન ટકી ન શકે આક્રમણકારોને દંડ દીધા વિના. કેવળ દંડ એ સાચી રાજનીતિ ન હતી એ ખરું; પણ રાજનીતિમાં દંડને સ્થાન હતું, ને અગત્યનું સ્થાન હતું.

વિધિ પણ કેટલીક વખત કેવી અકળ વાતો માણસ પાસે કરાવે છે! જે રાધાગુપ્તે મહારાજ અશોકને રાજશાસન ઉપર લાવવા માટે આકાશપાતાળ એક કર્યાં હતાં, અગ્નિકુંડ સર્જ્યો હતો, કુમારોને હણ્યા હતા, તે જ રાધાગુપ્તે આજે એમને પદભ્રષ્ટ કરવા, આકાશપાતાળ એક કરવાં રહ્યાં! વિધિની કેવી ક્રૂર મશ્કરી! પણ એ પદભ્રષ્ટતાની વાત તો ગુપ્ત હવામાં ને પોતાના મનમાં રાખવાની હતી. કુણાલકુમાર કોઈ દિવસ એની એવી વાતને કાન પણ દે ખરો કે? અરે, એ તો કદાચ આ ક્ષુલ્લકતાને ટાળવા માટે પોતે જ સાધુપંથે વળી જાય.

અને છતાં એની એકની જ હા કે ના ઉપર તો આખા મગધરાજનું ભાવિ અત્યારે અવલંબતું હતું.

રાધાગુપ્તને પોતાનો વિજય ખૂંચવા લાગ્યો. એની શિબિકા મહાલયમાં આવી-ન-આવી. ત્યાં તો એને ખાતરી થઈ ગઈ કે, એની વાત તો ખરી રીતે જ્યાં હતી ત્યાં જ હતી! ન એ આગળ વધ્યો હતો, ન કાંઈ પ્રગતિ એણે કરી

હતી. હવે ભરે એ જ, પહેલું પગલું હતું.

કુણાલકુમારને સાધ્યા વિના ચંદ્રગુપ્તસભા નિરર્થક હતી. ચંદ્રગુપ્ત-સભાના નિર્ણય વિના મહારાજ અશોક પાસે કોઈ વાત મૂકવી નિરર્થક હતી.

મહારાજ અશોકના શબ્દ વિના કુણાલકુમારની વાત નિરર્થક હતી. અને તિષ્યરક્ષિતાના શબ્દ વિના મહારાજ અશોક વિષેની વાત નિરર્થક હતી.

છેવટે રાધાગુપ્તને આખું ચક્ર ફરીને અટકવાનું પાછું ત્યાં જ આવ્યું – તિષ્યરક્ષિતા પાસે. મગધનું ભાવિ તિષ્યરક્ષિતાના હાથમાં હતું!

એના મનમાં એક મોટો આકરો પ્રશ્ન આવી ગયો. એણે એને અકળાવી દીધો. આ તિષ્યરક્ષિતા – એક વખતની મહારાજ્ઞી અસંધિમિત્રાની દાસી – એ આજ શાસન ચલાવે? અને જેમણે મગધમહારાજ્યના પાયા નાખ્યા હતા એવા બબ્બે મંત્રીશ્વરો એની પાસે પાણી ભરે? આ કેવો વિનિપાત હતો?

આ કેવી વિચિત્ર વાત હતી! પણ એ જ પરિસ્થિતિ હતી, તેની કોણ ના પાડી શકે?

રાધાગુપ્ત પોતાના શયનખંડમાં પેઠો, પણ તેને નિદ્રા આવી નહિ. આખી રાત એના મનમાં તિષ્યરક્ષિતાનું નામ રમી રહ્યું હતું. ખરી રીતે તો પદભ્રષ્ટ એ થવી જોઈએ. એના આકર્ષણને એ સમજી શક્યો હતો પણ માણસને લગભગ પરવશ બનાવી દે એવી એની મધુર, સુંદર, મૃદુ વાણીનો એ પાર પામી શકતો ન હતો. શી એ વાણી હતી? જાણે અંગેઅંગને પ્રેમનો સ્પર્શ કરી રહી હોય! ખરી રીતે તો એનું જે રૂપ – હતું એ રૂપ પણ, એ એક શબ્દ બોલે અમસ્તો સાદો જ શબ્દ બોલે, અને હજારગણું આકર્ષણ બની જતું હતું. એની વાણીની આ શક્તિ હતી. એ રૂપને પણ રૂપ દેતી. રાધાગુપ્તે પોતાના રૂપમાં મુગ્ધ એવી અનેક સ્ત્રીઓ જોઈ હતી. તિષ્યરક્ષિતા પણ પોતાના રૂપમાં મુગ્ધ હતી પોતાના રૂપના ગર્વમાં દુનિયાને ઠોકરે મારનાર માનુનીઓ એણે જોઈ હતી. રૂપ જેનું એટલું અસહ્ય હોય કે માનવીનું મન રૂપને શરણે જવા સિવાય બીજો વિચાર જ ન કરી શકે, એવી સુંદરીઓ પણ રાધાગુપ્તે જોઈ હતી. વિષકન્યાઓ પણ નિહાળી હતી. પણ તિષ્યરક્ષિતાની વાત આ બધાથી ન્યારી જ હતી. એનું આકર્ષણ શામાં હતું તે કહેવું મુશ્કેલ હતું. અદ્ભુત આકર્ષણ હતું, એટલું જ માણસ અનુભવે અને છતાં એ ભયંકર હતું.

રાધાગુપ્તને પણ છેવટે તો લાગ્યું કે નિયતિમાં જેઓ માનતા હોય તે માને, ન માનતા હોય તેઓ ભલે ન માને, પણ કોઈક વખત સામ્રાજ્યનાં સામ્રાજ્ય એક સ્ત્રીનાં ચરણ પાસે બેઠાં હોય છે, એની પાસેથી સર્જન લેતાં હોય છે. ને વિસર્જન પણ લેતાં હોય છે. અત્યારે મગધ માટે, એ નિયતિકાલ હતો અને આ

તિષ્યરક્ષિતા એ નિયતિ હતી એટલું જ. અને છતાં ખૂબી આ હતી કે મહારાજ અશોકના દેવત્વમાં તિષ્યરક્ષિતાને કોઈ જ સ્થાન ખરી રીતે તો ન હતું – ન હોવું જોઈએ. મહારાજ પોતે પણ એ સમજતા હતા, એ જાણતા પણ હતા. તિષ્યરક્ષિતા તો પોતાના રૂપમાં પોતે લીન એવી એક નારી હતી. જો દર્પણકન્યા પોતાનું રૂપ જોતાં કોઈ દિવસ થાકે, તો તિષ્યરક્ષિતા પોતાના રૂપથી થાકે! જે પોતાના રૂપથી ન થાકે એ કોઈ દિવસ કાષાયવસ્ત્રની સામે પણ જુએ કે? એ તો એને અગ્નિમાં નાખે. પણ માનનારો ભલે માને, ન માનનારાઓ ન માને, ભલે પુરુષાર્થીઓ જંગમાં રાજનું ભાવિ જુએ, ભલે મંત્રીઓ રાજનીતિમાં સામ્રાજ્યના ઉદય-અસ્ત દેખે, પણ ઉદય અને અસ્ત પ્રજાના, વ્યક્તિના, કુટુંબના, રાજ્યના, સામ્રાજ્યના – અરે, વિશ્વના પણ, ઘણી વખત થાય છે – એક સ્ત્રીથી. ગણતંત્રો પણ શર્કરા જ ખાય છે. એમાં રહેલા માણસો પણ છેવટે માયા પાસે પૂરી સાડાત્રણ વેંત ઊંચાઈના પણ માલૂમ પડ્યા નથી!

મોહિની – એ વાત જેણે લખી હોય – એ વિશ્વનિર્માણમાં રહેલા માયાના અપાર સામર્થ્યનો જ્ઞાતા હોવો જોઈએ. સંસારને ઘડે છે સ્ત્રી. સંસાર જે કાંઈ છે તે માત્ર સ્ત્રીનો પડછાયો છે.

રાધાગુપ્ત આ માયા અને ઈશ્વર, પ્રકૃતિ અને પુરુષ, નર અને નારી, સ્ત્રી અને સંસાર – એ બધાના વિચારમાં કોણ જાણે ક્યાંયં ખોવાઈ જાત. પણ પ્રભાતમાં એ જાગ્યો. અને એને પહેલો વિચાર જ આ આવ્યો: કાંચનમાલા પણ સ્ત્રી જ છે. જો તિષ્યરક્ષિતા નિયતિ હોઈ શકે, તો કાંચનમાલા પણ હોઈ શકે. એણે કાંચનમાલાની તેજસ્વિતા જોઈ હતી. ફક્ત ચિંતા એક જ હતી. પોતાની એ તેજસ્વિતાને પણ અ-પ્રગટ રાખવામાં જ એ પ્રીતિની પરાકાષ્ઠા ગણતી. પણ એણે કાંચનમાલાને પ્રથમ મળવું રહ્યું. ચંદ્રગુપ્તસભાની વાત ત્યાર પછી થાય. કાંચનમાલા કુણાલકુમારને પ્રેરે તો જ આ વાત બને. પણ એ શક્ય બને? જ્યાં બધા જ ભિખ્ખુપંથના ઉપાસકો હતા, ત્યાં રાધાગુપ્ત શાસનાધિકારી શોધવા નીકળ્યો હતો.

એને એ વિચાર આવતા રહ્યા, કાંચનમાલાના અને કુણાલકુમારના. એ યુગ્મ પોતે જ દેશની અનુપમ શોભા જેવું હતું.

જ્યારે-જ્યારે રાધાગુપ્ત એમને સાથે જોતો, ત્યારે એને સમજાતું ન હતું કે રૂપની દૃષ્ટિએ એ બેમાં વધારે રૂપાળું કોણ – કાંચનમાલા કે કુણાલ? રસિકતાની અવધિ જેવું એ જોડું હતું.

આ પણ નિયતિનો જ એક કોયડો હોવો જોઈએ. જ્યારે એ પુરુષ-સ્ત્રી બંનેને એટલું રૂપ આપે – કે બેમાં કોણ વધારે રૂપાળું – તે કોઈ કહી જ ન શકે. બંનેને પાસે ઊભાં રાખે તો કોણ વધુ સુંદર એ પ્રશ્નનો કોઈ જવાબ ન આપી શકે.

અને આંહીં તો જેવું એમના રૂપનું હતું. એવું જ એમના સ્વભાવનું પણ હતું. એમની વાણીમાં પણ એ જ અવિભાજ્ય ન થઈ શકે તેવી રમણીયતા હતી. એમની વાણી એવી હતી કે એ માત્ર એમની પાસેથી નીકળે તો જ જાણે શોભે. અને એકબીજાના સંવાદમાં જ એ શોભે. બીજે તો જાણે એ વાણી વાણી જ ન રહે!

એમની આ રોમરોમની એકરૂપતા પાસે રાધાગુપ્ત પોતે પણ ઘણી વખત મૌન સેવીને ઊભા રહેવામાં ગૌરવ સમજતો.

કોઈક વખત જ નિયતિ પણ ભૂલથી એકાદ સુખી દામ્પત્ય સરજી દે છે, એવું આ અનુરૂપ સુખી યુગ્મ હતું. પણ નિયતિ એ ભૂલ કરી બેસે છે, અકસ્માતથી. પછી તો એ ભૂલ સુધારવા માટે એ દામ્પત્યને એ ઠીકઠીક કસોટીએ પણ ચડાવે છે. આ દંપતી જાણે નિયતિની કોઈ અકસ્માતી ભૂલ જણાતી હતી.

કુણાલ અને કાંચનમાલા – એમને એકસાથે, પાસેપાસે બેઠેલાં જોવાં એ પણ જાણે જીવનનો એક અણમોલ લ્હાવો હતો. લાગે કે આ દંપતીને ઘડવામાં નિયતિનો હાથ નહિ હોય, કોઈ સ્વપ્નશિલ્પીને હાથે જ એ પ્રતિમાઓ સરજાઈ ગઈ હશે. રૂપે, રંગે, વર્ણે, દેખાવે, આકારે, સ્વભાવે, વાણીમાં, ચાલમાં, બોલમાં, નજરમાં એવાં એકબીજાને અનુરૂપ. એક વડે જ જાણે બીજું શોભે. પણ એટલે જ જો કુણાલકુમાર સાધુપંથે પળે, તો કાંચનમાલા એ રસ્તો જ લે. કુણાલકમારનું દિલ જરા પણ ન દુભાય એવી રીતે કામ લેવાનું હતું.

એમને કેવી રીતે વાત કહેવી? રાધાગુપ્તને પણ મનમાં એ જ મોટી ગડભાંગ હતી. કેટલાકની હાજરીમાં કોણ શું હોય છે, અમુક ધોરણથી નીચા ધોરણે માણસ જઈ જ ન શકે. અંદરનું મન જ એને રોકે. રાધાગુપ્તના દિલમાં પણ ગડમથલ આ ચાલી રહી હતી: કાંચનમાલાને શી રીતે અને કેવી રીતે આ વાત કરવી? કયા દૃષ્ટિબિંદુથી વાત ઉપાડવી?

કાંચનમાલાને ત્યાં એ પ્રભાતમાં જ ગયો. એની શિબિકા ત્યાં દ્વાર પાસે ઊભી રહી. એની મુદ્રિકા લઈને યવની અંદર ગઈ. એ પાછી પણ ફરી. અંદરના ખંડમાં જવા માટે રાધાગુપ્તે પગ પણ ઉપાડ્યો, છતાં હજી એના મનની ગડમથલનો પાર આવ્યો ન હતો.

છેવટે એણે જતાંજતાં એક નિર્ણય તો કરી લીધો.

કોઈ ક્ષુદ્ર કે ક્ષુલ્લક વાત આ નારી પાસે કરવી નહિ. કોઈ 'અતિ'ના પ્રત્યાઘાતરૂપે પોતાની આ પ્રવૃત્તિ છે એ તો એને જણાવવું જ નહિ. મગધની ભવ્યતાને વધુ ભવ્યતા અર્પવા માટે કુણાલકુમારનો ખપ પડ્યો છે, એ રીતે જ વાત કરવી.

તે કાંચનમાલાના ખંડમાં આવીને ઊભો રહ્યો. ત્યાં કોઈ હતું નહિ. દ્વાર

ઉપર એક યવની ઊભી હતી. સામેના દ્વારની પાછળ થતી હિલચાલે એને જાગ્રત કર્યો. કાંચનમાલા ત્યાં હોવી જોઈએ.

તેણે ખંડમાં ચારે તરફ એક દૃષ્ટિ કરી. એ દૃષ્ટિ ખંડની વસ્તુઓ ઉપર ફરીને પાછી ફરી. રાધાગુપ્તને એક નવી નવાઈનો અનુભવ થયો. એને લાગ્યું : એણે વસ્તુઓ નહિ – જાણે વ્યક્તિઓને નિહાળી હતી !

આંહીંની દરેકેદરેક વસ્તુ ઉપર કાંચનમાલાના વ્યક્તિત્વની એવી છાપ બેઠેલી એણે જોઈ. એને પહેલી જ વખત થયું કે કવિઓ પણ સાવ ગાંડા તો નહિ હોય ! કોઈ કોઈ વખત એમનો અનુભવ એ સાચી સૃષ્ટિ હોઈ શકે. ને સાચી સૃષ્ટિ એ કેવળ મિથ્યા ભ્રમ હોઈ શકે. રાધાગુપ્ત આંહીંના વાતાવરણમાં જાણે નાહી રહ્યો. જ્યાં જુઓ ત્યાં ભગવાન તથાગતની હવા હતી. ભગવાન તથાગતના જીવનનાં કેટલાંક દૃશ્યો શિલ્પીઓએ એવી તો મધુર વાણીમાં ત્યાં પ્રગટાવ્યાં હતાં કે જાણે પથ્થર બોલતા લાગે ને માણસ કાન ઉપર દૂરદૂરથી દૂરદૂરના શબ્દોના સતત ભણકારા આવતા જણાય !

રાધાગુપ્તે ત્યાં જોયું. જે કોમળતાથી પેલા વિદ્ધ હંસને ભગવાન તથાગત હાથમાં લઈને છાતીસરસો રાખી રહ્યા હતા, એ પ્રેમભરી કોમળતા શિલ્પીએ પથ્થરમાં એવી તો સુંદર રીતે મૂકી હતી કે પથ્થરમાં રહેલાં હંસની મૃત્યુવેદના માણસ અનુભવે ! એને પણ થઈ જાય – કે ક્યાંક આંહીં પોતે કોઈને કઠોર સ્પર્શ કરી ન બેસે !

આંહીંની બધી જ વસ્તુઓમાં કલાનો વિજયધર્મ વસી રહ્યો હતો મહારાજ અશોક જે વાણીમાં પ્રગટાવી રહ્યા હતા, તે આંહીં પથ્થરબોલ હતા.

પોતાનું ક્ષુલ્લક વ્યક્તિત્વ ખોઈને માણસ પોતાના જ એક નવા વ્યક્તિત્વની શોધમાં પડી જાય – એવી આ કલાની પરમ સિદ્ધિ રાધાગુપ્ત અનુભવી રહ્યો.

રાધાગુપ્ત અંતરમાં ઊંડો ને ઊંડો ઊતરતો ગયો. એક ક્ષણ એ આંખો મીંચી ગયો !

૧૩

કાંચનમાલા

રાધાગુપ્તે આંખો ઉઘાડી. એની દૃષ્ટિ સામેની એક શિલ્પાકૃતિ ઉપર ઠરી ગઈ. ભગવાન તથાગતને પ્રણિપાત કરતી, પ્રીતભક્તિની પરિસીમા સમી આમ્રપાલી એની દૃષ્ટિએ પડી. એની એક અનુપમ પ્રતિમા ત્યાં સામે એણે જોઈ.

એના મનમાં એક ક્ષણમાં મગધ અને વૈશાલીના પ્રાચીન દિવસો પસાર થઈ રહ્યા. પ્રાચીન મગધના મહાઅમાત્ય વર્ષકારની પરંપરા ભગવાન કૌટિલ્યે જીવંત રાખી હતી. આજે એ પોતે જીવંત રાખી શકશે કે નહિ એની દ્વિધા હતી. એ વિચારમાં પડી ગયો.

પણ એટલામાં જ એણે સામેના દ્વારમાંથી કાંચનમાલાને ખંડમાં પ્રવેશતી જોઈ. એને આવતી એ નિહાળી રહ્યો.

કેવળ જૂઈના ફૂલોમાંથી કોઈ કુશળ શિલ્પી કોઈ રીતે જો ફૂલરાણીને સરજી શકે તો એ જેવી સુંદર અને નાજુક હોય – એવી હળવી ફૂલ જેવી, હવાપરી સમી, ગગનાંગણમાં ઊડતી કોઈ નાનકડી પ્રીતપંખિણી જેવી એ જણાતી હતી. એને પોતાની તરફ જ આવતી જોઈને એ વધુ સાવધ થઈ ગયો.

એની એ નાજુક રમણીયતામાંથી પણ એક અદૃશ્ય સત્તાનો ટંકાર આવતો રાધાગુપ્તને સંભળાયો – એવો ટંકાર કે પોતાનું જ વ્યક્તિત્વ લઈને આવતો હોય.

કોઈક-કોઈકની હાજરીમાં એક ક્ષુલ્લક કે ક્ષુદ્ર શબ્દ મોટેથી બોલાઈ ન જાય, કર્કશતાથી બોલાઈ ન જાય, એની પ્રતિક્ષણે માણસ સભાનતાપૂર્વક સંભાળ રાખે છે એવી હાજરી આ નારીની રાધાગુપ્તને જણાઈ. દેવપંખિણી સમી આ નારી તેજસ્વી હતી. પાસે આવતાં જ તેણે થંભી જઈને, રાધાગુપ્તને બે હાથ જોડીને નમન કર્યું. સામેના એક સોનેરી સિંહાસન તરફ દૃષ્ટિ કરી, હાથનો અભિનય કરતાં કહ્યું: 'મહાઅમાત્યજી! તમે ત્યાં બેસો, પછી હું આંહીં બેસું!'

રાધાગુપ્તના કાનમાં સોનેરી કિંકણીઓના નાદ સમો એનો મધુર અવાજ

રમી રહ્યો. તે ત્યાં બેઠો. તેણે બે હાથ જોડ્યા: 'દેવી! તમે ત્યાં બેસો. મારે તમને થોડી વિશ્રંભકથા કહેવી છે – કહેવી નથી, માંડવી છે, જે આપણી બેની વચ્ચેની જ હોય, એવી વિશ્રંભકથા.'

બોલ્યા વિના જ કાંચનમાલાની એક દૃષ્ટિ સામેના દ્વાર ઉપર ગઈ.

એક યવની ત્યાં ઊભી હતી. એક જ પળમાં તે ત્યાંથી નમન કરતી બહાર ચાલી ગઈ. અને અદશ્ય થઈ ગઈ.

'બોલો, દેવ! એવી શી વિશ્રંભકથા છે? વિશ્રમ્ભકથા કાંઈ મને એકને તો કહેવાની નહિ હોય, એમને પણ કહેવાની હશે નાં?'

'અરે! હા, એ તો એમ જ છે. તમને એકને વિશ્રંભકથા કહું એવું કાંઈ બને? પણ ઘણી વખત એવું જરૂરી બને છે, યુવરાજ્ઞી! કે અમારા જેવાના જીવનનો વર્ષોનો અનુભવ એમના શબ્દોને પણ થોડીક કર્કશતા આપી રહે છે. એ શબ્દોને રમણીય રૂપ આપવા માટે હું તમને પહેલી વાત કરું છું એમ સમજો. બાકી વિશ્રંભકથા તો તમારી બંનેની છે, તમારા બંને માટે છે. જે જુદાં નથી એમને હું કેમ જુદાં માનું? તમે જુદાં હો, એમ હું માનતો નથી.'

'આ હા! મહાઅમાત્યજી! તમે ઘણી વખત એવું બોલો છો, જાણે માણસ સાંભળ્યા જ કરે! અને તમારી પાસે હોય છે પણ ઘણુંઘણું સાંભળવા જેવું...... વર્ષો જૂના દ્રાક્ષાસવ સમું.'

'પણ આજે, તો દેવી! ઘણુંખરું મારી પાસે એવું છે, જેને તમારે સંસ્કારવા જેવું છે. એટલે હું તમારી પાસે આવ્યો છું.'

'એમ?' કાંચનમાલાએ સ્મિત કર્યું: 'હું માનતી નથી. પણ કહો, દેવ! શી વિશ્રમ્ભકથા કહેવાની છે? યુવરાજકુમાર તો અત્યારે ત્યાં મહારાજ પાસે છે. ઘણું ખરું ત્યાં જ હોય છે.'

'યુવરાજ્ઞી! હું આવ્યો છું, તમારી પાસે મારું એક સ્વપ્ન કહેવા – અથવા કહો કે સ્વપ્ન લેવા.'

'સ્વપ્ન કહેવા? તમારી વિનમ્રતા મને ગર્વિષ્ઠ ન બનાવે તો સારું. પણ શી વાત છે, દેવ? સ્વપ્ન મહાન છે કે લઘુ?'

'દેવી! મગધમાં આજ દિવસ સુધી કોઈને લઘુ સ્વપ્ન આવ્યું જ નથી. મહારાજ અશોકનું જ આ સ્વપ્ન જુઓ ને! છે ને ધરતી ઉપર સ્વર્ગ ઉતારવાની વાત? ભગવાન કૌટિલ્યનું સ્વપ્ન જુઓ. ચંદ્રગુપ્ત મહારાજનું સ્વપ્ન જુઓ. મગધ મહારાજની આજની આ ભવ્યતા, એ પણ એક મહાન સ્વપ્ન જ છે. એણે જ મને પ્રેર્યો છે. એ ભવ્યતા મહાન નદ સમી અચળતાથી વહે એ જોવાનું કામ આજે આપણું છે. મહારાજ અશોકે હિમવંત પાર છસો-છસો જોજન સુધી એ ભવ્યતાને

પ્રગટાવી છે. ધર્મમહામાત્રો ત્યાં પણ ગયા છે. ભારતવર્ષ એટલે વિશ્વશાંતિની હવા– એ જાણે કે એક પ્રતીક બની ગયેલ છે.

એ ભવ્યતાને આંહીંથી એ જ પ્રમાણે હવે વહેતી રાખવી જોઈએ, તો જ એ અભિનવ પરંપરા ચાલતી રહે.'

મહારાજ અશોકનું વ્યક્તિત્વ અદ્‌ભુત છે. એઓ એકલા એક શાંતિસેના સમા છે.'

પણ એઓ અસ્વસ્થ છે, અશક્ત છે, વૃદ્ધ છે. ભગવાન કૌટિલ્યે સુશાસનના બંધથી બાંધેલું એકચક્રી મહાન ભારત પાટલિપુત્ર ઉપર મીટ માંડીને બેઠું છે. અને હિમવંતપારના પ્રદેશની મીટ ભારત ઉપર છે. કાશ્મીરથી તામ્રલિપ્તિ સુધી મહારાજ અશોક એકતાના મહાન પ્રતીક સમા છે. એ પ્રણાલિકા હવે યુવરાજકુમાર દ્વારા વહેતી કરવી રહી. આવડા મહાન દેશમાંની પ્રણાલિકા તૂટે, પરંપરા છિન્નભિન્ન થાય, તો એક મહાન શૂન્યતા સરજાઈ જાય. હું એટલા માટે ગયો હતો – મહારાજ પાસે. કુણાલકુમાર એમની દેશયાત્રા માટે હવે ચતુરંગી સેના લઈને નીકળે એની પૂર્વતૈયારી કરવા. પણ ત્યાં મહારાણી તિષ્યરક્ષિતા છે......'

'મહારાણી તિષ્યરક્ષિતા ત્યાં છે, એટલે? એમનું શું છે, દેવ? તમારી વાત તો મગધની ભવ્યતાને અનુરૂપ છે, બધા સ્વીકારે તેવી છે. યુવરાજકુમાર પણ એ તરત સ્વીકારશે. મહારાજ પણ એ ઇચ્છતા હશે. દેશવ્યવસ્થા પણ એ માગી રહી હશે, પછી ત્યાં મહારાણી તિષ્યરક્ષિતાનો પ્રશ્ન જ ક્યાં છે, પ્રભુ?'

'પણ, દેવી! મહારાણી માને છે, ને સાચું માને છે, કે મહારાણી ઉપર મહારાજના સ્વાસ્થ્યની મહાન જવાબદારી રહેલી છે. મહારાજ કુણાલકુમારના પ્રવાસથી એમનું મન આઘાત અનુભવે – એવા પ્રીતભર્યા પિતા માટે એ સ્વાભાવિક પણ છે. બીજો કોઈ કુમાર તો પાસે છે નહિ. મહારાજની અસ્વસ્થતા વધી જાય. મહારાણી તિષ્યરક્ષિતા, એટલે કહે છે, યુવરાજ ક્યાં ય જઈ નહિ શકે.'

'યુવરાજ જઈ નહિ શકે એમ કોણ કહે છે, મહારાણી તિષ્યરક્ષિતા?'

'હા, દેવી! મહારાણી કહે છે, મહારાજની આ સ્થિતિમાં તો નહિ જ. આ એક કોયડો છે. એક દેશ તરફ દેશ છે, દેશધર્મ છે, દેશની પરંપરા છે, અત્યારની પરિસ્થિતિ છે. બીજી તરફ મહારાણીની કલ્પના છે, જવાબદારીનું તીવ્ર ભાન છે, મહારાજની અસ્વસ્થતા છે. શું કરવું? મનમાં ગડભાંગ થાય છે કે આમાં શું કરવું? તમારી પાસે એટલા માટે આવ્યો છું!'

'કેમ શું કરવું, મહાઅમાત્યજી? યુવરાજકુમાર દેશયાત્રા માટે નીકળે. તમે શું માનો છો?'

'હું તો એમ જ માનું છું, દેવી!....' રાધાગુપ્ત ઉત્સાહમાં આવી ગયો: 'પણ

મહારાણીનું મન સચવાય – કદાચ એમની કલ્પના સાચી પણ હોય – એટલે યુવરાજ હમણાં ભલે, તક્ષશિલા સુધી જ જઈ આવે મને તો એ વ્યવસ્થા બરાબર જણાય છે. પણ મહારાણી જુદું માને છે. મહારાજનું મન તો પરવશ કહેવાય. એને કુણાલકુમાર પાસે હોય તો જ આરામજનક લાગે. શું કરવું?'

'યુવરાજકુમાર ભલે જાય, મહાઅમાત્યજી! હું મારા દશરથને મહારાજના સાન્નિધ્યમાં રાખું તો.... બસ? પછી તો કાંઈ વાંધો નથી નાં?'

'તમારી એ વાત જ હું મનમાં કલ્પી રહ્યો હતો, દેવી! મહારાજને એથી આધાર રહે. મને પણ એ જ વાત મનમાં આવી હતી. રાજપ્રતિનિધિ[૨૩] કુમાર દશરથ રહેશે. ચંદ્રગુપ્તસભા એ વાત સ્વીકારી લેશે. પણ...... દેવી.......'

'શું?'

'પ્રશ્ન આ છે: કુણાલકુમારને પોતાને આ વાત કોણ કહે? પિતૃઆજ્ઞા વિના એક ડગલું આમ કે તેમ એઓ નહિ ભરે. હું એ જાણું છું. તમે એ જાણો છો. આખું મગધ એ જાણે છે. મહારાજ રામચંદ્ર માટે જેમ દશરથનો શબ્દ હતો, તેમ કુણાલકુમાર માટે મહારાજ અશોકનો શબ્દ છે. આંહીં મગધમાં કોઈ લઘુતામાં રચતું નથી. એટલે આ વાત યુવરાજકુમારને કોણ કહે?'

'પણ શું તમે યુવરાજકુમારને આ નથી કહ્યું?'

'ના, મેં નથી કહ્યું. હું શી રીતે કહું? તમારા કાને વાત લાવ્યા વિના હું શી રીતે કહું? કુમાર દશરથ તો શિશુ છે. એ રાજપ્રતિનિધિ હોય એ તો બરાબર છે. મગધની એ પ્રણાલિકા છે. આપણે એ રીતે પ્રણાલિકાને ફરી સજીવન પણ કરીએ છીએ, પણ રાજપ્રતિનિધિનું ગૌરવ જાળવવા તમે પડખે બેઠાં હો, તો જ એ રાજપ્રતિનિધિ તરીકે શોભે. આ વાત છે. એટલે તમારી વાત જાણ્યા વિના હું યુવરાજકુમારને શી રીતે કાંઈ પણ કહું? તમે જ આમાં પ્રેરણારૂપ બનો....... કારણ કે એકલાં તમારે રહેવાનું છે. એમ તો હું છું, મંત્રીશ્વર ખલ્લાટક છે, આર્યકુમારને બોલાવીશું... બીજા પણ ઘણા હશે. સેનાપતિ હિમવંત, ચતુરંગી સેના સાથે યુવરાજકુમાર સાથે હશે – પણ તમે પ્રેરણા આપો, તો જ આ વાત બને... તમારી પાસે હું આવ્યો એટલા માટે!'

'હું પ્રેરણા આપું? હું શી પ્રેરણા આપું? હું તો યુવરાજકુમાર પાસેથી પ્રેરણા મેળવું છું.'

'તે બરાબર છે, પણ એ જુદી વાત છે, આ જુદી વાત છે. આમાં તો બીજું કોઈ જ કાંઈ કહી ન શકે.'

---

૨૩. કુણાલના બે કુમાર. દશરથ અને સંપ્રતિ. કુણાલ પછી દશરથ ગાદીએ આવેલ છે. એના સિક્કા મળ્યા છે. એનું એક નામ 'બંધુપાલિત' છે. કદાચ સંપ્રતિ વધારે સત્તાધીશ હશે.

યુવરાજ્ઞી કાંચનમાલા વિચાર કરી રહી.

તે તેજસ્વી હતી. શાસનનો તંતુ હવે જો કોઈ ન ધારે – તો ધીમે-ધીમે એ ધારણ કરનાર કોઈ જ ન હોય એવી ગેરવ્યવસ્થા ફેલાઈ જાય.

મહાઅમાત્યની વાત એ સમજી શકતી હતી. અનેક રાજકુમારો ભિખ્ખુપંથે વળી ગયા હતા એ વાત પણ એની નજરમાં હતી. પણ એના દિલમાં કુણાલકુમારની મુખમદ્રા રમતી હતી. અ મુખમુદ્રા ઉપર કોઈ દિવસ કોઈ વાતની ના ન હતી, એનું શું? બોલનારો ભૂલે. એટલે જ બોલનારે બોલતાં પહેલાં હજાર વખત વિચાર કરવો રહ્યો.

કાંચનમાલા આ વાત કહેવામાં એટલા માટે ધ્રૂજતી હતી. વખત છે, એણે કહી, તો કુણાલકુમારનો શો પ્રત્યુત્તર હશે, એ એ જાણતી હતી. એના મોંએ કોઈ વાતની ના નહિ. પણ પિતૃઆજ્ઞા વિના એ એક પણ ડગલું આમ કે તેમ ભરે પણ નહિ એ પણ એ જાણતી હતી. અને એનું એક જ અનિવાર્ય પરિણામ આવે એ પણ એ જાણીતી હતી. એનું પરિણામ આ –

કુણાલકુમારના દિલની અસહ્ય વેદના!

એ નહિ ના કહે, નહિ હા કહે, નહિ નિર્ણય કરે, નહિ બોલે, કેવળ મૂંગી વેદના પોતે સહેશે. એમના સ્વભાવમાં જ ફૂલોની સુંદરતા હતી, સુકુમારતા હતી.

કાંચનમાલા આ જાણતી હતી. એની નજર સમક્ષ કુણાલકુમારની મૃદુ, શાંત, પ્રેમભરી મુખમુદ્રા તરી રહી!

એ એ જ મુખમુદ્રા હતી, જેના ઉપર વેદનાની એક રેખા જોતાં, કાંચનમાલાનું દિલ રડી ઊઠતું – કોઈનું પણ રડી ઊઠતું!

તેણે બે હાથ જોડ્યા: 'પ્રભુ! તમે જે વાત કહી તે મને શિરસાવંદ્ય છે. હું પણ માનું છું કે આંહીંના શાસનનો તંતુ કોઈકે હવે ધારી લેવો જ જોઈએ. હવે જો કોઈ જ આગળ નહિ આવે, તો ભવ્યતાનાં ખંડેરો સરજાશે. તમે વાત કહી તે અક્ષરેઅક્ષર મારા દિલમાં આંહીં બેઠી છે. એ મને સ્પર્શી ગઈ છે. મગધ મહાન રહેશે તો આ એક જ રીતે રહેશે – એ પણ હું માનું છું. તમારી ચિંતા હું સમજું છું. ભિખ્ખુપંથે જ બધા વળે તો છેવટે શું? પણ, દેવ! હું તો યુવરાજકુમારની છાયા છું. એ આ બધાથી પર છે. એમના દિલને હું જાણું છું. મહારાજ અશોકની આજ્ઞા, એમનાં વેણ, એમના શબ્દ, એમની વાણી, બસ એ એક જ એમના દિલની ધૂન છે. મહારાજની આજ્ઞા વિના એ એક ડગલું આંહીંથી નહિ ખસે!'

'પણ તો પછી શું થશે તે તમે જાણો છો?'

'હા, એ પણ હું જાણું છું. દેશ છિન્નભિન્ન હોય!'

'અને તે છતાં?'

'પ્રભુ ! છાયા તો પ્રકાશ હોઈને છાયા છે. આવતી કાલે, દેવ ! યુવરાજકુમાર ચાલી નીકળે, તો મારે પણ ચાલવાનું જ હોય. હું બધું સમજું છું. પણ યુવરાજકુમારના આધાર વિનાની મારી જાતને હું કલ્પી જ શકતી નથી. પણ, મહાઅમાત્યજી ! ચંદ્રગુપ્તસભા જ આ પ્રમાણે વાતનો પ્રસ્તાવ કરે, એવી પ્રણાલિકાને તમે આગળ કેમ મૂકતા નથી ?'

રાધાગુપ્તના મનમાં આનંદઆનંદ થઈ ગયો. એને પણ એ જ કરવાનું હતું. તેણે કહ્યું: 'છેવટે તો એ ઉપાય છે. આ તો એમ કે જો તમે આમાંથી રસ્તો કાઢો તો તે તત્કાલનો હોય. વળી મહારાજ્ઞી તિષ્યરક્ષતા પણ એને અવગણતાં વિચારે. છેવટે મહારાજ્ઞી તમે છો, – એ નહિ.'

કાંચનમાલાને વાત તો સાચી જણાતી હતી. પણ કુણાલકુમારની એક પણ વેદના એ સહી શકે તેમ ન હતી. તેણે બે હાથ જોડ્યા :

'દેવ ! તમે કહી તે બધી જ વાત હું સમજું છું. પણ ચંદ્રગુપ્તસભા પ્રસ્તાવ કરે. મહારાજ એ સ્વીકારવાના જ. અને યુવરાજકુમાર માટે તો મહારાજનો શબ્દ જ બસ છે. અને એ રીતે, મહાઅમાત્યજી ! ભગવાન કૌટિલ્યે મૂકેલી પરંપરાની રીત પણ પુનર્જીવન પામે છે...'

'પણ તે વખતે તમે રાજપ્રતિનિધિ દશરથ પાસે પછી રહેશો નાં ?'

'હા. મારું એ વચન છે !'

'અને તમે યુવરાજકુમારને એકલા જવા દેશો ?'

'દેવ ! રાજતંત્ર એમ કહેશે, તો ના કહેનાર હું કોણ ?'

'પણ યુવરાજકુમારની ઇચ્છા નહિ હોય તો ?'

'ત્યારે, મહાઅમાત્યજી ! તમે યુવરાજકુમારને હજી સમજ્યા નથી. એમની તો એક વાત છે: મહારાજનો શબ્દ એ આજ્ઞા. એમની આજ્ઞા એટલે કોઈ જાતનો વિચાર કરવાનો નહિ, કોઈ જાતની ઢીલ નહિ. આ એક તંતુના આધારે – એમનું જીવન એમણે ઘડ્યું છે. ચંદ્રગુપ્તસભાનો શબ્દ મહારાજે સ્વીકાર્યો – યુવરાજકુમાર માટે એ આજ્ઞા થઈ ચૂકી. એથી વિરુદ્ધ એ કાંઈ ન ઇચ્છે...'

રાધાગુપ્ત વિચાર કરી રહ્યો. કુણાલકુમારને માટે આ એક જ રસ્તો હતો.

એટલે એણે ચંદ્રગુપ્તસભા બોલાવવી રહી. પણ એને દિલમાં જે આનંદ થઈ ગયો તે તો આ વાતનો કે આ કાંચનમાલામાં ભલે ફૂલરાણીની કોમળતા હોય, પણ દૃઢતા જેવી તેવી ન હતી.

અને એ રાજપ્રતિનિધિ હોય એમાં બીજી રીતે પણ ઘણા પ્રશ્નો પતી જતા. તિષ્યરક્ષિતાનું સ્થાન ગૌણ બનતું હતું. તિષ્યરક્ષિતાને હજી રાધાગુપ્ત એના સાચા સ્વરૂપમાં કળી શક્યો ન હતો. એ એક અકળ સ્ત્રી હતી.

પણ ચંદ્રગુપ્તસભા મળે – એ એક જ વસ્તુની હવે મહત્તા સ્થાપવી રહી.

તો જ ફરીને ભગવાન કૌટિલ્યની પ્રણાલિકા સજીવન થાય.

રાધાગુપ્તે કાંચનમાલાને વાત વાતમાં જરાક વધારે વિશ્વાસમાં લીધી : 'દેવી ! કુણાલકુમારના મનને કોઈ અરિ પણ દૂભવતાં વિચાર કરે. આપણે મહારાજ અશોકનો શબ્દ એમને મળે એમ જ કરવું રહ્યું. પણ એ કામ વિકટ છે. મહારાણી તિષ્યરક્ષિતા ચંદ્રગુપ્તસભાને દોરવા મથશે. તમે પણ ત્યારે ન આવો ?'

'હું ? હું આવું, કેમ ન આવું ?'

છેવટે તો, દેવી ! દેવ જેવા તમારા કુમાર દશરથને માટે થઈને પણ આ વાત સજીવન કરવી રહી.

તિષ્યરક્ષિતા મહારાણી ક્યારે ફરી બેસે ને કયું રૂપ લે, એ કોણ જાણે છે ?

એટલે તમે ચંદ્રગુપ્તસભામાં આવો. રાજપ્રતિનિધિનાં માતાના ગૌરવથી વાત ઉપાડો. એ પ્રશ્ન આપણે ઉકેલવો રહ્યો.

ચંદ્રગુપ્તસભા મળશે, દેવી ! અને તે પણ થોડા જ સમયમાં. તમે ત્યાં આવો ને આવો. સભાનું ગૌરવ ફરીને સ્થાપો જ.'

કાંચનમાલા બે હાથ જોડીને એની વાત સ્વીકારતી હોય તેમ નમી રહી.

'હું તો કોણ ચંદ્રગુપ્તસભાને ગૌરવ આપનારી ? પણ હું આવીશ જ આવીશ.'

રાધાગુપ્તે થોડી વાર પછી વિદાય લીધી.

કોઈ પણ રીતે એણે કોઈ આઘાતજનક વાત કહી ન હતી, પણ એને કરવી હતી એ જ.

૧૪

તિષ્યરક્ષિતાનું દિલ

રાધાગુપ્તે નિર્ણય લીધા પછી કેટલોક વખત ચાલ્યો ગયો. તે સમય દરમિયાન પાટલિપુત્રનગરીનો નિત્યક્રમ ચાલતો જ રહ્યો. ચાલતો હતો તેમ જ ચાલ્યા કર્યો. કોઈ સીમાન્તનો એવો વિદ્રોહ જાગ્યો ન હતો કે એનો પ્રત્યાઘાત પાટલિપુત્રમાં પડે. પણ હવામાં બધાને એ વાત જણાતી હતી. બોલતું કોઈ ન હતું, પણ વાત ત્યાં હતી.

મહારાજ અશોક દિન પ્રતિદિન વધારે ધર્માભિમુખ થતા ગયા. તેમણે વધારે સંઘપરિષદો બોલાવી. વધારે ધર્મચર્ચાઓ આદરી. વધારે ચૈત્યો બંધાવ્યાં. વધારે સ્તમ્ભો ઊભા કર્યા. વધારે ઘોષણાઓ કરાવી. વધારે ધર્મમહાપાત્રો પ્રદેશેપ્રદેશે મોકલ્યા કર્યા. વધારે ધર્મયાત્રાઓ ચાલુ કરી. વધારે ઔષધાલયો ઊભાં કર્યાં. વધારે વનસ્પતિઓ વવરાવી. વધારે ધર્મઉત્સવો સર્જ્યા. વધારે ઉપદેશો આપવા ચાલુ રાખ્યા. માનવ-માનવની વચ્ચે સમજણ સ્થાપવા એમણે રાતદિવસ અથાક પ્રયત્ન કર્યો. એમની વાતની અસર પણ પડી. એ ભવ્ય પ્રયોગ જોઈને માણસો છક થઈ ગયા.

એમના વ્યક્તિત્વમાં એક પ્રકારનું અદ્‌ભુત આકર્ષણ હતું. એમના વિરોધીઓ પણ એમને માન ન આપવામાં પોતે કાંઈક હીનતા બતાવે છે, એમ માનતા થઈ ગયા હતા. એટલે એમનો કોઈ વિરોધી રહ્યો ન હતો.

મહારાજ જ્યાં જતાં ત્યાં ધર્મનો વિજયધ્વજ લહેરાતો. માનવતા ત્યાં સોળે કળાએ પ્રગટ થતી. મહારાજે દરેક ધર્મ બીજાને માન આપે એ મુખ્ય સૂત્ર બનાવ્યું હતું. ધર્મ અને માનવતા એમણે એક માન્યાં હતાં, પછી એ ગમે તે ધર્મમાંથી આવે. માનવની સેવા, માનવસંબંધો, માનવશક્તિ, માનવસમાજ – મહારાજ અશોક પાસે આ એક જ વાત હતી. એમાં એઓ લીન હતા. પરિણામ પણ દેખાય તેવું આવ્યું હતું. બધે શાંતિ હતી. લાગતું હતું કે માનવજાત જાણે યુદ્ધ ભૂલી જ જશે.

ભિખ્ખુપંથે વળવાની રાજકુટુંબમાં પણ સ્પર્ધા જાગી હતી. દાન દેવાની લગની ઘરઘરની થઈ ગઈ હતી. હવા જ ફરી ગઈ હતી.

કેવળ રાધાગુપ્ત જેવા થોડા મંત્રીઓ જ આ હવામાં પણ જાગતા હતા, અને સીમાન્તના પ્રદેશો વિષે શંકિત બન્યા હતા.

એઓ જાણતા હતા કે મહારાજ મહાન છે, પણ આ મહાન રાજ્ય હવે મહાન નથી. એમાં એક ઊંડો રોગ પેઠો છે. દરેક પ્રદેશપતિને પોતાની મહત્તા સ્થાપવી છે. આંધ્ર, કલિંગ, સૌરાષ્ટ્ર કાશ્મીર – ચારે દિશામાં એ જ વાત છે.

થોડા દિવસ પછી અવંતીથી આર્યકુમાર આવ્યો. સૌરાષ્ટથી યવન તુષાશ્વ આવ્યો. આંધ્રનો સીમુક પણ આવ્યો હતો. કલિંગથી કોઈ ફરક્યું ન હતું. પણ બધાના કથનમાંથી રાધાગુપ્તે એક જ તારતમ્ય શોધ્યું:મગધને સૌ મહાન માનતા હતા, પણ બધા જ મહાન થવા માગતા હતા ફેર માત્ર આટલો જ હતો. કેટલાક એ વાતને દિલમાં સંઘરી રહ્યા હતા, સમય આવે ત્યારે પ્રગટ કરવા માટે, જ્યારે સીમુક જેવા એ અવારનવાર પ્રગટ પણ કરતા હતા. જાલૌક પણ એ જ રસ્તે હતો. પણ રાધાગુપ્તે એને હમણાં શાંત કરી દીધો હતો – ભવિષ્યની મહાન આશા આપીને. પણ એ એ જ રસ્તે જવાનો.

રાધાગુપ્તે હવે ત્વરા કરી.

એક દિવસ પ્રભાતમાં પાટલિપુત્રનગરી, જેમ વીજળીનો કડાકો અનુભવે તેમ, હવામાંથી એક ઘોષણા સાંભળી રહી :

'નગરજનો હો !' ઘોષણા થઈ રહી હતી. બોલનારનો સ્પષ્ટ મોટો અવાજ આવી રહ્યો હતો. ઢોલક વગાડીને ઘોષણાને વધારે જાહેરાત અપાતી હતી. પાછળથી ઘંટાના ડંકા પડતા હતા. 'નગરજનો હો !' ઘોષકાર બોલતો હતો:'પ્રધાનમંત્રી, વયોવૃદ્ધ ખલ્લાટક મંત્રીશ્વર, ચંદ્રગુપ્તસભાને આમંત્રી રહ્યા છે. આ પૂર્ણિમા પછીની આવતી પૂર્ણિમાએ નગરજનો તમામ ત્યાં આવે. મહારાજ અશોક પોતાનો રાજસત્તાતંતુ એ સમયે રાજપ્રતિનિધિ સ્થાપીને તેને સોંપી દેવા માગે છે. તમામ આવે...,..નગરજનો હો ! ઘોષ સાંભળજો. બીજી પૂર્ણિમાએ ચંદ્રગુપ્તસભા મળે છે. તમામ આવે. બધે આસપાસ ઘંટાઘોષની વાત સ્વજનોમાં મોકલે.'

પાટલિપુત્રનગરી-આખી આ ઘોષણાથી ખળભળી ઊઠી.

વીજળીના કડાકાની જેમ ઘોષણા અચાનક આવી હતી. વયોવૃદ્ધ પ્રધાન મંત્રીશ્વર ખલ્લાટક ચંદ્રગુપ્તસભા બોલાવી રહ્યો હતો, એટલે કાંઈક પણ નવાજૂની થયેલી હોવી જોઈએ.

મહારાજ અશોક પોતે પણ એ ઘોષણા સાંભળીને ઘડીભર આશ્ચર્ય પામી ગયા. પણ એઓ ચંદ્રગુપ્તસભાના આગ્રહી હતા. એમને લાગ્યું કે આ રાધાગુપ્તે

કર્યું લાગે છે. મહારાણી તિષ્યરક્ષિતા તો એ સાંભળતાં સ્તબ્ધ જ થઈ ગઈ. તેને થોડા સમય પહેલાંની રાધાગુપ્ત સાથેની મુલાકાત યાદ આવી.

આ કામ એનું જ હોવું જોઈએ.

'ચંદ્રગુપ્તસભા કોણ બોલાવે છે મહારાજ?'

'આપણે જ, બીજું કોણ, દેવી?'

'પણ તમને તો ખબર નથી.....'

'આપણો, સમય, ધર્મમહામાત્રોમાં, પ્રતિવેદકોમાં, ધર્મઘોષણાઓમાં પણ ઓછો પડે છે, એ જોઈને રાધાગુપ્તે મગધની પ્રણાલિકા તૂટે નહિ તે માટે આ કર્યું લાગે છે.'

'પણ રાધાગુપ્તને પૂછીએ તો ખરાં!'

મહારાણીએ રાધાગુપ્તને બોલાવ્યો. રાધાગુપ્ત મહારાજના શયનાગારમાં આવ્યો. મહારાજ અસ્વસ્થ જેવા હતા, પણ એમનું મન પ્રફુલ્લ પ્રફુલ્લ હતું. એની સામે અત્યારમાં પણ રાધાગુપ્તે રાજભંડારિક હિરણ્યપતિને બેઠેલો જોયો. મહારાજ એને કાંઈક સૂચના આપી રહ્યા હતા.

રાધાગુપ્ત ત્યાં આવ્યો. મહારાજને નમીને એ ત્યાં બેઠો.

'રાધાગુપ્ત!' મહારાણી તિષ્યરક્ષિતાનો અવાજ આવ્યો. અવાજની તીવ્રતાને એ પોતાના મૃદુ કંઠથી આચ્છાદન આપવા પ્રયત્ન કરતી જણાઈ. રાધાગુપ્ત એનો રોષ કળી ગયો.

તે શાંત બેઠો રહ્યો. મહારાણીએ આગળ ચલાવ્યું: 'રાધાગુપ્ત! આ શું છે?'

'શાની વાત છે મહાદેવી?'

'આ ઘોષણા કોણે તમે કરાવી છે? મહારાજની અસ્વસ્થતા છતાં તમે આ ધૃષ્ટતા કરી છે?'

'મહારાણી! ઘોષણા જેવી તમે સાંભળી છે, તેવી મેં સાંભળી છે. વયોવૃદ્ધ પ્રધાન મંત્રીશ્વર ખલ્લાટકનું નામ એમાં છે. જ્યારે તમે ઘોડિયામાં હીંચકતા હતાં ત્યારે આ મહાન મગધમહારાજ્યના એઓ પાયા નખાતા હતા. એ આ વયોવૃદ્ધ મંત્રીશ્વર છે. એમની આ ઘોષણા છે. મહારાજ પોતે એમની પ્રતિષ્ઠા જાળવે છે. હું તો જાણું જ છું. તમે પણ જાણતાં હશો. નગરજનોને એમની વૃદ્ધાવસ્થા માટે માન છે. આ સિવાય બીજું શું છે – એ મને ખબર નથી. એમણે મગધની મહાન પ્રણાલિકા ભુલાઈ ન જાય તે માટે એ બોલાવી લાગે છે. પણ એનું શું છે?'

'પણ એમાં તો રાજપ્રતિનિધિ સ્થાપવાની વાત છે, રાધાગુપ્ત!' મહારાજ અશોક બોલ્યા.

'એ તો પરાપૂર્વથી મગધમાં ચાલ્યું આવે છે, મહારાજ! કોઈ મગધપતિએ

હજી સુધી મૃત્યુસમય પર્યંત રાજસત્તાનો તંતુ અત્યંત કૃપણની પેઠે ધારી રાખ્યો નથી. એ એક વણલખી, વણકહેલી પરંપરા જ છે. મહારાજને એ તંતુ ધારી રાખવો હોય તો એ મહારાજની ઇચ્છાનો વિષય છે. ચંદ્રગુપ્તસભા તો પ્રણાલિકા પ્રમાણે મળશે. મળે એમાં શું? મહારાજના શબ્દનું માન ન રાખનારો એમાં કોઈ જ ન હોય. માત્ર એટલું જ: સર્વસ્વનું દાન આપવાની માનવો પ્રત્યેની નિત્યનિત્ય થતી આપણી ધર્મઘોષણા સાથે એ સંગત નથી...'

'વાત તો સાચી છે હો. તિષ્યરક્ષિતા! હવે રાજતંતુ ધારી રાખવો એ કૃપણતા છે!'

'અરે! મહારાજ! એમાં શી કૃપણતા ને શી ઉદારતા? લક્ષાવધિ કાર્ષાપણો મહારાજ આપે છે, આપી રહ્યા છે, આ હિરણ્યપતિ એ વાતની સાક્ષી પુરાવશે... પછી કૃપણતા શી?'

'અરે! હા, મહારાજ! હું મહારાજને એ કહેવાનો હતો – મહારાણીએ ઠીક સંભાર્યું.'

'શી વાત છે?'

'મહારાજ! આ ઘોષણા થયા પછી, આપણે માટે ચંદ્રગુપ્તસભાનો નિર્ણય ન આવે ત્યાં સુધી, રાજભંડારમાંથી એક કાર્ષાપણ ન વપરાય એ સંયમ મહારાજના રાજધર્મની શોભા છે. મહારાજે એ પાળવો ઘટે. દેવની ઇચ્છા પણ એવી જ હશે નાં?'

'અરે, હા! રાધાગુપ્ત! એ તેં ઠીક સંભાર્યું. રાજભાંડારિક! હવે પછી એક કાર્ષાપણ...'

'અરે! મહારાજ! મહારાજ! તમે શી વાત કરો છો? મહાઅમાત્યજી! તમને ખબર છે. મેં તમને કહ્યું છે, હું મહારાજની પરિચારિકા છું, ચિકિત્સિકા છું – મારા શબ્દ વિરુદ્ધ તમે કોઈ જ જઈ શકતા નથી. મહારાજની સ્વસ્થતાનો ભાર મારા ઉપર છે. હું દેહ છોડી દઈશ, મહાઅમાત્યજી! પણ મહારાજની સ્વસ્થતાને જરા જેટલી પણ આંચ આવે તેવી કોઈ વાત અત્યારે હું થવા નહિ દઉં. આ મારો દૃઢ નિર્ણય છે. મહારાજ સ્વસ્થ થાય – અને થોડા દિવસમાં સ્વસ્થ થવાના જ છે – ભિષગ્વર આકાશગોત્ર પણ એમ કહે છે, પછી તમતમારે તમને ઠીક પડે તેમ કરજો... અત્યારે મહારાજની ઇચ્છા વિરુદ્ધ હિરણ્યપતિને કે કોઈને તમે કાંઈ જ આજ્ઞા આપી શકતા નથી...'

'આમાં આજ્ઞા આપવાનો, મહારાણી! પ્રશ્ન જ નથી. તમને મગધની પરંપરાની ખબર ન હોય. પણ મગધપતિ ચંદ્રગુપ્તસભાને નહિ અવગણે. એની પાછળ એક શત વર્ષનું તપ રહ્યું છે. મહારાજ પોતે જે ઇચ્છે તે આજ્ઞા રાજભાંડારિકને આપી

શકે છે; પણ મહારાજ જ એ હવે ઇચ્છે.'

'તિષ્યરક્ષિતા ! રાધાગુપ્તની વાત સાચી છે... ચંદ્રગુપ્તસભા એ ચંદ્રગુપ્તસભા. એ પિતૃવચન જેવી માન્ય ગણાય. એની વાત સાચી છે.'

'વાત મહાઅમાત્યજીની ભલે સાચી રહી, મહારાજ! પણ મારી વાત તો બીજી જ છે. મારી શુશ્રૂષાને ડાઘ ન બેસે એની વાત છે. અત્યારે મારી શુશ્રૂષામાં મહારાજ છે. મને મહારાજની સ્વસ્થતા વિષે જે લાગે તે પણ એટલું જ સાચું ગણાવું જોઈએ.'

'પણ હવે તો આ પળથી આ ધન રાજપ્રતિનિધિનું થાય છે... તિષ્યરક્ષિતા ! આપણે પારકું ધન નથી લેતા-એવી આ વાત છે.'

'પણ રાજપ્રતિનિધિ કોણ છે મહારાજ?'

'એ કોને ખબર છે, મહાદેવી !' રાધાગુપ્તે તત્કાલ બે હાથ જોડીને જવાબ વાળ્યો અને અત્યંત શાંતિથી કાંઈ ન હોય તેમ કહ્યું:'મહારાણી ! તમે પણ એ હો, કુણાલકુમાર પણ હોય ગમે તે હોય. ચંદ્રગુપ્તસભા નિર્ણય આપશે. મહારાજનું ગૌરવ પણ જળવાશે. એ નિર્ણય મગધના હિતનો હશે. તમને પણ ચંદ્રગુપ્તસભા, મહારાજની અસ્વસ્થતા જોઈને, રાજપ્રતિનિધિ તરીકે હમણાં નીમી શકે. ને તો તમારે જ ભાર ઉપાડવો પડે.'

'આપણે મગધની મહાન સભાની ઘોષણાને માન આપવું રહ્યું, તિષ્યરક્ષિતા !' મહારાજે શાંતિથી કહ્યું.

તિષ્યરક્ષિતાએ ચંદ્રગુપ્તસભાનું નામ સાંભળ્યું હતું... પણ એણે એ કોઈ દિવસ જોઈ ન હતી. એ વાઘ છે કે સિંહ – એની જ એને કાંઈ ખબર ન હતી. મહારાજ અશોકના સમયમાં ચંદ્રગુપ્તસભાને બદલે ધર્મમહામાત્રો વધારે જાણીતા બન્યા હતા.

એને લાગ્યું:અજાણ્યા જળમાં ભૂસકો મારવા જેવી આ વાત હતી; પણ મહારાજની ઇચ્છા વિરુદ્ધ ચંદ્રગુપ્તસભા પણ નહિ જાય, એમ એને લાગ્યું. રાજપ્રતિનિધિ જેવી સત્તાનું પણ આકર્ષણ થયું.

'પણ, મહારાજ!' તે બે હાથ જોડીને બોલી:'તો તમારી શી ઇચ્છા છે એ કહી જ નાખો ને તમે ! રાજપ્રતિનિધિ તરીકે અત્યારે કોને ઇચ્છો ?'

'હું ? હું તો બીજા કોને ઇચ્છું, મહારાણી ? કાં તમને, કાં કુણાલકુમારને. મારે તો તમે બંને જમણી-ડાબી આંખ સમાં છો. રાધાગુપ્ત ! તું શું ધારે છે ?'

'હું શું ધારું, દેવ ? ચંદ્રગુપ્તસભાનો નિર્ણય એમ જ આવે. પણ એનો નિર્ણય એ જ નિર્ણય હોય.'

'પણ એ નિર્ણય લેનાર તો તમે જ છો નાં ? બીજું કોણ છે ?' તિષ્યરક્ષિતાએ

કહ્યું: 'તમારા મનમાં જે હોય તે તમે પણ કહી દો ને!'

'હું સર્વસ્વ નથી, દેવી! અને મારા મનમાં અત્યારે તો એક જ વાત છે, દેવી! મહારાજ અશોકની સ્વસ્થતાની. જે રીતે એ સચવાઈ રહે – તે સાચો નિર્ણય. બાકી તો ચંદ્રગુપ્તસભાના નિર્ણયને કોઈ જાણતું હોતું નથી. હા, મહારાજની ઇચ્છાને માન ન આપે, એવો પણ ત્યાં કોઈ નહિ હોય. વધુ સ્પષ્ટતા વધુ ગૂંચવાડો કરે, દેવી!'

તિષ્યરક્ષિતાને લાગ્યું કે મહારાજ પોતાનું નામ જરૂર આપવાના. અને એમની ઇચ્છાને અવગણનાર ભાગ્યે જ કોઈ હશે. પણ એ વાતને આંહીં વધુ સ્પષ્ટ કરવા જતાં વખતે વાતનું વતેસર થઈ જશે. તેણે રાધાગુપ્ત સામે જોયું: 'પણ, રાધાગુપ્ત! રાજપ્રતિનિધિનો અમાત્ય કોણ? એને માટે કાંઈ પ્રણાલિકા નહિ હોય?'

રાધાગુપ્ત હસી પડ્યો: 'દેવી મને રાજપ્રતિનિધિ રાખશે, તો હું છું જ. પણ હું વૃદ્ધ જણાઉં, તો પછી.... દેવી પોતાને ઠીક પડે તેમ કરે. કુણાલકુમારને મદદમાં રાખે.'

પોતે મગધેશ્વરી બનશે એ વિચારથી તિષ્યરક્ષિતા ઉલ્લાસમાં આવી ગઈ. એના ચહેરા ઉપર એ વાત સ્પષ્ટ દેખાઈ ગઈ. પણ બીજી કોઈ કુમળી લાગણી પણ એમાં વણાતી જણાઈ. રાધાગુપ્ત એને નિહાળી રહ્યો.

તિષ્યરક્ષિતાના ચહેરા ઉપર એક આછી ગુલાબી ઝાંય આવી ગઈ; પણ આવી તેવી જ એ ચાલી ગઈ. બે ક્ષણ એ ભાગ્યે જ રહી પણ એ બે ક્ષણો થઈ ગઈ અદ્‌ભુત. જાણે દિલમાંથી કોઈ પ્રેમલીલા બોલતી હોય તેવી.

રાધાગુપ્ત તિષ્યરક્ષિતાના ચહેરા ઉપરનો પસાર થતો એ રંગ જોઈ જ રહ્યો. એ ટક્યો પળ-બે-પળ. પણ એણે જાણે તિષ્યરક્ષિતાની મનઃસૃષ્ટિ બતાવી દીધી! એને જોતાં રાધાગુપ્ત એકદમ સ્તબ્ધ જ થઈ ગયો. એને થઈ ગયું. ઓહો! આ શું?

એક આછી ગુલાબી સુંદર રંગભરી વાદળી જાણે ઝપાટાબંધ – એક ક્ષણમાં જ – તિષ્યરક્ષિતાના ચહેરા ઉપરથી પસાર થઈ ગઈ હતી.

પણ એ વાદળીએ તો રાધાગુપ્તને જાણે ઊંડી ખીણમાં ફેંકી દીધો.

એમાંથી એ જાગ્યો, ત્યારે તો જાણે મૃત્યુની ખીણમાંથી પાછો ફર્યો હોય એવો, ધોળી પૂણી જેવો એનો ચહેરો થઈ ગયો હતો.

તિષ્યરક્ષિતાની સામે તેણે વધારે બારીકાઈથી જોયું. ત્યાં પેલી આછી ગુલાબી સુરખી હવે રહી ન હતી, પણ એના દિલમાં કોઈ મહા તોફાન ચાલી રહ્યાની નિશાની હજી ત્યાં સ્પષ્ટ દેખાતી હતી. એ તોફાન વળી જુદું જ જણાતું હતું.

એ તોફાન શું હશે ?

પેલી વાદળી શું હશે ? તિષ્યરક્ષિતાના દિલમાં કોઈ અકળ વાત આકાર લઈ રહી છે, એટલું જ એમાંથી પ્રતીત થતું હતું. એ અકળ વાતનો કાંઈક તંતુ હવે મળી ગયો હતો.

કોઈક વખત, માણસનું અંતર, એક નાનકડા અભિનયમાં એટલું બધું પ્રગટ થઈ જાય છે, ને જોનારાને પણ એટલી બધી માહિતી એમાંથી મળી જાય છે કે એ જાણતાં સ્તબ્ધ જ થઈ જવાય. માણસની જે રીતભાત હોય, તેનાથી તદ્દન જ ન્યારી જ વાત એમાંથી પ્રગટતી હોય.

તિષ્યરક્ષિતાના ચહેરા ઉપરથી જે એક આછી ગુલાબી સુરખી ચાલી ગઈ, એણે રાધાગુપ્તને એક પળમાં એના દિલ વિષેની અનેક વાતો કહી નાખી.

રાધાગુપ્ત પહેલાં તો સ્તબ્ધ જ થઈ ગયો. એ વિષે વધુ વિચાર કરતાં એ ધ્રૂજી ઊઠ્યો.

તિષ્યરક્ષિતાની વર્ષોજૂની પ્રતિમા એને યાદ આવી ગઈ. કેટલી મોહક ને કેટલી ભયંકર હતી એ ! એ વખતે એણે એને હજારો ભયંકર વિષધર રૂપે ત્યાં નીરખી હતી. એને એ વાત યાદ આવી ગઈ.

વર્ષો પહેલાં પેલા તામ્રપર્ણીના[૨૪] મહાઅરિષ્ટના રત્નમાં એણે શું જોયું હતું ? એ જ આ નારી હતી. એનું નૃત્ય મોહક હતું. તે વખતનું રૂપ અદ્વિતીય હતું. અને આજ પણ એ રૂપ વધ્યું. ઘટ્યું ન હતું. એનું આકર્ષણ ગજબનું હતું. પણ એ બધાની પાછળ બેઠેલી જણાતી હતી, એ તો હતી હજારો ફણાધરની રૂપમોહિની.

એણે એને એવી જોઈ હતી. એ જ તિષ્યરક્ષિતા આજે એના ખરા રૂપમાં આટલાં વર્ષે જાણે પાછી ફરી પ્રગટ થતી એને જણાઈ. જે રૂપમોહિની બધાને પરવશ બનાવવામાં પોતાનો ચક્રવર્તી વિજય લેખે એ રૂપમોહિની ત્યાં જાગતી જણાઈ.

રાધાગુપ્ત સચિંત થઈ ગયો : આ નારીના દિલમાં શું નહિ હોય ? એ માત્ર મગધેશ્વરી થવાનું જ સ્વપ્ન કાંઈ સેવતી હશે ? એથી વધુ સત્તાકાંક્ષાનો મોહ પણ એને હશે ? મગધેશ્વરી થઈને પણ એ શું કરે ? એના જે રૂપ પર એ પોતે મુગ્ધ હતી, એ રૂપની વિજયકલગી.... તો, સૈન્ય લઈને કોઈ ચક્રવર્તી નીકળે, એવી હોય. એની આકાંક્ષા એ હોવી જોઈએ. એમાં એની પેલી પ્રેમ ગુલાબી વાદળી.......

અચાનક જ એક તીવ્ર બાણ વાગ્યું હોય તેમ રાધાગુપ્તનું દિલ વીંધાઈ ગયું.

'આહા !' એણે છાતી ઉપર હાથ મૂક્યો. એના મનમાં એક ભયંકર આઘાત થઈ ગયો. એક અકસ્માત સ્ફુરણા ચાલી ગઈ. આ નારી પોતાના રૂપનો વિજય અચૂક સ્થાપવાની. એની રૂપમોહિનીમાં એ પહેલાં હાથ કરવાની કુણાલકુમારને.

---

૨૪. પ્રિયદર્શી અશોક, પ્રકરણ – ૨૭

આંહીં સર્વેશ્વરી બનવાનું એ સ્વપ્ન સેવતી હોવી જોઈએ. એની પાસે મહત્ત્વાકાંક્ષા છે. એને સત્તાલોભ છે તેજસ્વિતા છે, ભારતચક્રેશ્વરી થવાનો મોહ છે, પણ એ બધા કરતાં ચડે એવી એની વાત તો આ લાગે છે...... પોતાના રૂપનો વિજય!

રાધાગુપ્ત ઊંડોઊંડો ઊતરી ગયો. તિષ્યરક્ષિતાની ગજબની સુંદર સ્મિતરેખામાં એણે જે પેલી ગુલાબી ઝાંય આજે જોઈ હતી – જાણે કોઈ શરમાળ મુગ્ધાની દિલકવિતા લખાઈ ગઈ હોય તેવી – એ આ નારીના અંતરતમના અંતરતમ ભાગમાં વસેલી રૂપલીલા હતી. પ્રેમલીલા હતી! અને એ પ્રેમલીલા – જ એની મનઃસૃષ્ટિમાં સર્વોપરી હતી. બીજી બધી વાત તો એને પડખે ઊભી હતી.

ચોક્કસ એ કુણાલકુમારના મોહમાં હતી, એના પ્રેમમાં હતી. એ એને હાથ કરવા માગતી હતી.

બધી જ વાત હવે એક પછી એક અંકોડામાં સ્પષ્ટ બનતી ગઈ શા માટે એ કુણાલકુમારનો આટલો નિકટ સંબંધ રાખી રહી હતી એ હવે તદ્દન સ્પષ્ટ થયું. મહારાજની પરિચારિકા એ શા માટે બની ગઈ હતી, એ પણ એ સ્પષ્ટ થઈ ગયું. યુવરાજકુમાર મહારાજ પાસે જ રહે એ આગ્રહ આટલા માટે. યુવરાજકુમારને તક્ષશિલા જવાની ના એણે શા માટે પાડી હતી, તે પણ મહારાજની પરિચારિકા લેખે, એ આટલા માટે, એ પણ હવે સ્પષ્ટ થઈ ગયું.

શા માટે અત્યારે ચંદ્રગુપ્તસભા વિષે પ્રતિકાર કરતી ન હતી, એ પણ હવે સમજાઈ ગયું. પોતે મગધેશ્વરી થાય, તો કુણાલકુમાર પ્રીતમ થાય. કુણાલકુમાર મગધપતિ થાય તો પોતે પ્રિયતમા થાય.

અને શા માટે એની મુખમુદ્રા ઉપરની નિત્ય રમતી પેલી મોહક રીતે ભયંકર એવી સ્મિતરેખા કુણાલકુમારનું નામ આવતાં ગુલાબી વાદળી સમી સરકતી ગઈ, એ પણ હવે સ્પષ્ટ થયું.

બધી જ વાત સ્પષ્ટ બનતી હતી. પણ રાધાગુપ્તને આ રહસ્ય મળતાં એની વેદનાનો કોઈ પાર ન હતો. એને લાગ્યું કે એ મગધની શ્રેષ્ઠ વ્યક્તિઓનાં મુડદાં વચ્ચે જાણે એ બેઠો છે.

મહારાજ અશોક જેવા, વિશ્વમાં કોઈ વખત આવે એવા, દેવપુરુષની એ છાયા બની રહી હતી. કેવી વિચિત્રતા!

એમાં એનો અદ્‌ભુત રૂપવિજય હતો. એની મૃદુ વાણીનો એ ભયંકર પ્રતાપ હતો. પણ એ જ મૃદુ વાણીના પ્રતાપે આ નારી મહારાજ અશોક જેવા દેવપુરુષને ક્યારે ઢાળી દે, એ કોણ કહી શકે?

અને એ જ મૃદુ વાણીના પ્રતાપે કુણાલકુમાર જેવાને ફેરવી નાખે, એ પણ કોણ કહી શકે?

રાધાગુપ્તની વેદના અસહ્ય થતી ચાલી. એને હવે આ વાતનો ઉકેલ શોધવાનો હતો. થોડી વાર પછી જ એ મહારાજની વિદાય લઈને ઊઠ્યો, પણ એના પગમાં જાણે જોર જ રહ્યું ન હતું.

હવે તો એને હરપળે જણાતું હતું કે મહારાજ અશોક મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યા છે. અને ગમે તે પળે નહિ હોય! કયે વખતે શું બનશે એ કોઈ કહી ન શકે, એવી ભયંકર પરિસ્થિતિ આંહીં મગધમાં હતી. રાજપ્રતિનિધિ કુણાલકુમાર બને તો-તો થઈ રહ્યું.

અને નવાઈની વાત આ હતી. એ બધી જ પરિસ્થિતિનો એ પોતે એકલો જ જ્ઞાતા હતો, સાક્ષી હતો, જાણકાર હતો, વેદના સહેનાર હતો. અને એની પાસે એ અટકાવવાનો એક પણ માર્ગ ન હતો. કોઈને કહેવાય એવી પણ વાત ન હતી. કહેવા જાય તો માને તેમ જ ન હતું. પોતે એકાકી એકલો આ વેદના પી જાય – અને પ્રયત્ન કર્યા જ કરે – એટલું જ આશ્વાસન માત્ર હતું. એને લાગ્યું:આ નારી હવે તો કદાચ કાંચનમાલાને પણ ઉપાડી લેશે. ખલ્લાટકને ઉપાડી લેશે. પોતાને પણ ગમે ત્યારે ફેંકી દેશે. પ્રદેશપતિઓને પણ સાધી લેશે. મહારાજ અશોકને એ સમય પૂરતા જ રાખશે.

એ મગધેશ્વરી થશે. કુણાલની રૂપરાણી બનશે. એને મોહ આ હતો.

હજારો નાચતી વિષધરોની સેના સમી આ એક નારી હતી.

અને વિચિત્રતા આ હતી. એની મોહિનીમાંથી કોઈ દિવસ કોઈ જાગે તેમ ન હતું. એ કોઈને જાગવા દે તેમ ન હતી. એનામાં કોઈ લેશ પણ ભયંકરતા કલ્પી શકે જ નહિ. એના રૂપની અને એની મૃદુ વાણીની વચ્ચે જાણે આ એક નિત્ય માયા ચાલતી હતી. રૂપ વાણીને મોહક બનાવે. વાણી રૂપને આકર્ષક બનાવે.

કુણાલકુમાર જેવો કુણાલકુમાર પણ પોતાની આ માતાની મૃદુ વાણીમાં એવી તો પ્રેમરેખા જોતો થઈ ગયો હતો કે મહારાજ અશોકને એ જ ટકાવી રહી હતી એમ એ માનતો હતો.

અને મહારાજના જ સાન્નિધ્યમાં મહારાજના દાસની જેમ બેઠો રહેતો. એને તિષ્યરક્ષિતા સ્વર્ગાંગના સમી દેખાતી હતી.

આંહીં બધાં જ સ્વપ્નમાં હતાં. અને ઘનઘોર આકાશમાંથી વીજળી ક્યારે ત્રાટકશે એની કોઈને કલ્પના પણ ન હતી.

વિષાદભર્યો રાધાગુપ્ત એકલો પોતાના આવાસમાં આવ્યો. એને આમાંથી રસ્તો શોધવો હતો, બધાને બચાવવા હતા. કોઈને કાંઈ સ્પષ્ટ કહેવાય તેવું ન હતું.

વેદના, વિષાદ અને વિચારના ત્રિ-અગ્નિ સમક્ષ એ જાતને તપાવી રહ્યો.

૧૫

સૌન્દર્યસ્વામિની

હરેક નારીના દિલમાં એક મહત્ત્વાકાંક્ષા સૂતેલી હોય છે, પોતાના સૌન્દર્યનો વિજય સ્થાપવાની.

એમાં રૂપનું કાંઈ જ મહત્ત્વ નથી. અરૂપમાં અરૂપ નારી પણ વિજય મેળવવા ઇચ્છે છે – પોતાના સૌન્દર્યનો! અને માને છે કે વિજય મેળવ્યો છે એના સૌન્દર્યે!

સૌન્દર્ય ત્યાં હોય કે ન હોય, એ પ્રશ્ન મહત્ત્વનો રહેતો જ નથી, એટલા માટે કે છેવટે તો કોઈ સુંદરતા કોઈ વ્યક્તિમાં રહેતી નથી; એ રહે છે માત્ર જોનારની આંખમાં. એ આંખ એક વખત જેને સુંદર ગણે એને પછી તો એકહજારગણું રૂપ મળે છે – એની પોતાની જ કલ્પનામાંથી. પોતાના જ પ્રેમસાગરની ભરતીમાંથી, પોતાના જ મોહમાંથી, ભ્રમમાંથી, પોતાની ભ્રમણામાંથી, સ્વપ્નમાંથી, માયામાંથી ને મતિભ્રમતામાંથી. રૂપ વસે છે પ્રેમમાં અને પ્રેમ વસે છે આંખમાં ને આંખ વસે છે દિલમાં. અને દિલ બિચારું તો હંમેશાં શિશુ છે – પોતાનાં જ સ્વપ્નોનું, પોતાની જ માયાનું, પોતાની જ મનઃસૃષ્ટિનું!

તિષ્યરક્ષિતાને પોતાના રૂપમાં આખી દુનિયાનું રૂપ નીરખવાની મનઃસૃષ્ટિ મળી હતી. એ તિષ્યરક્ષિતા ન હોત, તો દર્પણકન્યા હોત, જે હંમેશાં પોતાનું જ રૂપ નિહાળ્યા કરે, જેનું રૂપ કોઈ દિવસ ખૂટે નહિ, જેનું રૂપ કોઈ દિવસ જૂનું થાય નહિ, જે રૂપને કોઈ કાલે સ્પર્શે નહિ. દર્પણકન્યાઓ પોતાના રૂપની પોતે દાસીઓ છે, પણ એમનાં મનમાં તો એઓ વિશ્વની મહારાજ્ઞીઓ છે. એટલે તિષ્યરક્ષિતા જ્યારે મહારાજ અશોકની મહારાજ્ઞી બની, ત્યારે પણ એ દર્પણકન્યા તો રહી જ. મગધ જેવા ભારતવ્યાપી સામ્રાજ્યની એ સમ્રાજ્ઞી થઈ એ ખરું. છતાં પણ એ પોતાના રૂપની તો પોતે દાસી જ રહી! એને રાચવું હતું એના રૂપના વિજયમાં, એનું રૂપ બીજાને પરવશ બનાવે તેમાં. પણ એનું રૂપ કોઈ વિજય મેળવે, તે પહેલાં તો આંહીં એ એક ગંભીર ધર્મપ્રિય વૃદ્ધ મહારાજની પરિચારિકા

થઈ ગઈ. એના મનનો વિજય એને મળ્યો નહિ. જે એણે મેળવ્યો હતો એ તો એક કુનેહનો વિજય હતો, રૂપનો વિજય ન હતો; અને વિજય હોય તોપણ એક વૃદ્ધ શાંત, ધર્મનૃપતિ ઉપરનો વિજય; એ તે કાંઈ વિજય કહેવાય? એને તો એનાં ચરણે તરુણોની સેના પ્રતિસ્પર્ધી બનીને અંદર કપાઈ મરે, ત્યારે એના દિલમાં કાંઈક વિજય મળ્યો લાગે. મહારાજના મોંમાં જ્યારે પણ એ ધર્મવિજયની વાત સાંભળતી, ત્યારે એના દિલમાં અગ્નિનો ભડાકો થતો! એને થતું: આ ડોસલાને આ અગ્નિમાં જ હું બાળી નાખું! પણ જેવી એના દિલ ઉપર સૌન્દર્યની ઘેલછા હતી, એવી જ સત્તાની પણ હતી. એનું મન મહારાણીનું પદ તજવા તૈયાર ન હતું.

પણ એના રૂપના રંગોની એને ખબર હતી. એ દુનિયાને ડોલાવે. એને ખબર હતી, એ રૂપ દુનિયાને રમાડે, પરવશ બનાવે, નચાવે. એ એક અમોઘ શસ્ત્ર હતું. એને સમશેર લઈને દોડતી ઈશાનદેવીની કલ્પના કરતાં હસવું આવી જતું. કેવી મૂરખ! શસ્ત્રોનાં શસ્ત્રો વિફળ થાય એવું શસ્ત્ર પાસે છે, છતાં જે દોડે છે અસિ લેવા. પણ એના અંતરમાં ઊંડો શોક એક વાતનો હતો: પોતે મહારાણી અસંધિમિત્રાની નૃત્યદાસી હતી. હવે તો પોતે જ મહારાણી હતી, પણ મહાન વિજય હજી એણે પ્રાપ્ત કર્યો ન હતો. એનું રૂપ જ્યારે વિજય કરવા નીકળે ને વિજય મેળવે, ત્યારે એને લાગે કે એ જીવન જીવી! એની આ મનઃસૃષ્ટિ હતી, મનોવૈભવ હતો, મનઃકામના હતી, મનોવાંછના હતી સૌન્દર્યનો વિજય સ્થાપવાની, પોતાના રૂપને વિજય અપાવવાની. આંહીં મહારાજ અશોક પાસે તો એ પિંજરમાં હતી. પિંજર સોનેરી હતું. પણ સત્તા અને સોના કરતાં એક વસ્તુ દુનિયામાં મહાન છે, સૌન્દર્ય. એનું એ સૌન્દર્ય રડતું હતું!

એક દિવસ કુણાલકુમારને જોયો. રૂપભર્યો મધુર, સુંદર જુવાન હતો – એટલો તો સુંદર કે જોનાર એને જોતાં થાકે નહિ!

મહારાજ અશોકના સાન્નિધ્યમાં એ નિત્ય આવતો. એને મન મહારાજનો શબ્દ, એ દેવશબ્દ હતો. એના અંતઃકરણમાં ઊંડી શ્રદ્ધા હતી. મહારાજના શબ્દો એ શબ્દો નથી, દેવવાણી છે. એક હજાર વરસે એક વખત એવી વાણી મળે છે. મહારાજના શાસનના શબ્દો જાણે નિતનિત પીવા માટે એ આવતો હતો. એની દૃષ્ટિએ મહારાજ એ મગધપતિ ન હતા, પિતા પણ ન હતા, દેવ પણ ન હતા, એ તો સાક્ષાત્ ભગવાન તથાગતના દિલનું અમૃત હતા. જે ક્ષણ એમને સાંભળ્યા વિનાની જાય તે વિફળ થાય. આટલી નિસીમ શ્રદ્ધાનું એ સંતાન હતો. એના ઉપર ભાર જેવો તેવો ન હતો. એના દિલનું વીરત્વ એ પણ જેવું તેવું ન હતું. પણ એની આ શ્રદ્ધાના રંગ પાસે બીજી બધી જ વાત ફિક્કી પડી જતી. નિઃસીમ શ્રદ્ધા એ એનો જીવનરંગ હતો. અપૂર્વ ત્યાગ એ એનો જીવનપરિમલ હતો. રંગ, સુગંધ ને

૩૫ – ત્રણે એને મળ્યાં હતાં મહારાજ અશોકના શાસનના શબ્દોની જ્યારે એ પોતે મહારાજના આગ્રહથી કોઈક ઘોષણા કરતો, ત્યારે પ્રજાજનો ને અધિકારીઓ ને સ્વજનો તો શું, ખુદ મહારાજ પોતે, આંખો મીંચીને એના એ શબ્દોને સાંભળી રહેતા, એમાંથી ઊઠતા રણકાને એઓ દિલમાં ઉતારી દેતા મહારાજની આંખ ઊઘડતી ત્યારે એમાંથી આંસુ વહેતાં જણાતાં. એમને લાગતું કે આ બોલનાર કુણાલકુમાર પોતાનો પુત્ર નથી, એ તો વર્ષો પહેલાંનો કોઈ મહાન ત્યાગ પોતે માનવરૂપે આવીને એને આ રણકો આપી જાય છે!

આ કુણાલકુમારનું અસલ નામ તો હતું ધર્મવિવર્ધન.

પાછળથી એના આંખના સૌન્દર્યે એને આ નામ અપાયું હતું કુણાલ.

એક વખત મહારાજે તિષ્યરક્ષિતાને એ નામનો ઇતિહાસ કહ્યો, અને તિષ્યરક્ષિતાના દિલમાંથી તો એક અગ્નિની જ્વાળા ભભૂકી ઊઠી હતી. એને એક અદમ્ય આવેશભરી ઇચ્છા થઈ આવી. એને થયું કે હમણાં જ ઊઠીને આ ડોસલાને આંહીંથી જ નીચે ફેંકી દઉં ને ગિરિકોકિલ સમી મધુર, લાલરંગી, વિશાળ, સુંદર પ્રીતભીની કુણાલની આંખોને ચુંબનોથી નવરાવી દઉં! અચાનક પ્રીતભેટ આપી દઉં!

પણ એણે હસતાંહસતાં જ મહારાજને કહ્યું:'મહારાજ! એક દિવસ એવો આવશે, જ્યારે મગધમાં તમામ વસ્તુને અને વ્યક્તિને ધર્મનું પૂછડું લાગ્યું હશે. ધર્માતિથિગૃહ, ધર્મજલાગાર, ધર્મઘોડો અને ધર્મગધેડો. આંહીં તલવાર પણ ધર્મતલવાર હશે, અને પથ્થર પણ ધર્મપથ્થર!'

'મારી તો એ ઇચ્છા છે દેવી!' જાણે કાંઈ જ કટુ વાક્ય પોતે સાંભળ્યું ન હોય તેમ મહારાજે શાંત અવાજે કહ્યું:'ધર્મને બધે જ સ્થાપી દેવાની. અનૃણ[૨૫] તે વિના ક્યાં થી જવાશે? તમે વિનોદ કરો છો, તેથી પણ મને આનંદ થાય છે. વિનોદ કરનારો કોઈક દિવસ ધર્મપંથે પળે જ છે.'

'ત્યારે કોણ ન પળે, મહારાજ?' તિષ્ટરક્ષિતાએ ઉપરથી જિજ્ઞાસા બતાવી. એના મનમાં તો હજી કાળ હતો.

'જે ક્રોધ કરે તે –'

'મહારાજ! ક્રોધ કરે તે પણ વળે. ક્રોધ અશક્તિ છે, દોષ નથી. દોષ તો તે છે, જે બુદ્ધિનો આધાર લે છે. આ તો આવેશના આધારે પ્રગટે છે.' કુણાલકુમાર બોલ્યો. એના શબ્દો, છુટ્ટા, મોતીના દાણા જેવા, વીણી શકાય તેવા, સ્પષ્ટ, સુંદર હતા. જાણે એકએક શબ્દ એકએક વ્યક્તિ હોય. એને મન કોઈ શબ્દ ન હતો, બધા જીવંત સ્ફુલિંગ હતા. મહારાજ અશોક એની એ વાણી સાંભળી રહ્યા.

૨૫. અનૃણ – ઋણ વિનાના બની જવું.

ઊંડા ચિંતનમાં હોય તેમ આંખો નીચે ઢળી ગયા. નીચે જ દૃષ્ટિ રાખીને એ બોલ્યા. એમની વાણીમાં અપાર પ્રેમ હતો: 'કુણાલ! કુમાર! તું મારો પુત્ર કેટલો મહાન છે, એનો હજી પણ હું પાર પામી શકતો નથી. મહાન સમુદ્રો જોવા કે મહાન પર્વતો જોવા, એના કરતાં મહાન માનવો જોવા – મને વધારે ગમે છે. એ જીવનની અનુપમ લહાણ છે. કોઈકને જ એ મળે છે. મને એ મળી છે. આ તરફ તારી આ વાણી – આ તરફ આનું આ રૂપ છે –' તેમણે તિષ્યરક્ષિતા તરફ દૃષ્ટિ કરી: 'બંને અનુપમ.'

'અરે, રાખો-રાખો, મહારાજ! તમે મને વખાણીવખાણીને ક્યાંક ગાંડી કરી દેશો! મારું રૂપ એ તે કોઈ રૂપ છે? મારામાં રૂપ છે ક્યાં ? રૂપ તો આ રહ્યું – આ કુણાલકુમારમાં. એમની આંખ સામે દૃષ્ટિ તો કરો – કોણ જાણે કેટલું રૂપ લઈને આવ્યો છે ! એનું નામ રૂપ. મારું તે કંઈ રૂપ છે, મહારાજ?'

'એ તો હું રહ્યો જરા કરૂપ, એટલે મને રૂપનો નશો ઝટ ચડી જાય – બાકી રૂપમાં રૂપ એક જ રૂપ – અરૂપ. ક્રિયા વડે સરજાતું રૂપ. જે ક્રિયાને કોઈ નામ જ ન આપી શકાય તે અ-રૂપ. જેમ કે એવું ભવ્ય મહાન દાન કે જે દાન શબ્દથી ન બતાવાય, ત્યારે એ અરૂપ થાય રૂપનું રૂપ.'

'અરે, મહારાજ!' તિષ્યરક્ષિતા બોલી: 'તમારી વાણી તો એવી છે કે જાણે સાંભળ્યા જ કરીએ. ને કુણાલકુમારનું રૂપ એવું છે કે જાણે જોયા જ કરીએ. ખરી મહાભાગ તો હું છું કે મારી એક તરફ સાક્ષાત્ ધર્મ છે. બીજી તરફ સાક્ષાત્ રૂપ છે, રૂપસાગર છે. કુણાલકુમારને બીજું કયું નામ શોભે – રૂપસાગર સિવાય?'

'તમે કહ્યું તે, રાજમાતા! મારે તમને કહેવાનું છે, ક્યાંક તમે મને......'

'પણ, રાજકુમાર!' તિષ્યરક્ષિતા ઉતાવળે રાગભરી બોલી, 'તમે મને માતા માતા કહીને અતિશય લજ્જિત બનાવી દો છો. હું રાજમાતા કેવી? હું તો પરિચારિકા! મારી ગઈ કાલ ભૂલું એવી મૂરખી હું નથી!'

મહારાજ અશોક બંનેની વાતને સાંભળતા ધીમેધીમે નિદ્રા તરફ ઢળી રહ્યા હતા. કુણાલકુમારના રૂપમાં તિષ્યરક્ષિતા પોતાનું અભિમાન જાણે ભૂલવા માંડી હોય તેમ એની આંખોને હજી પણ વખાણી રહી હતી. એ જાણે પોતાની જાતને એના રૂપમાં શોધી રહી હતી.

મહારાજે ધીમા વિનોદભર્યા અવાજે કહ્યું: 'તમે બંને એમ કરો – જે વધારે રૂપાળું હોય તે વધારે દાન કરે!'

'તો-તો, મહારાજ! હું રૂપાળી છું. કુણાલકુમાર મારી તોલે ન આવે!'

'ના-ના! તો-તો હું જ. મહારાજ! સુંદર. મારી તોલે કોઈ ન આવે!'

'જુઓ, મેં આ વાત કહીને તમારો કલહ શાંત પાડ્યો નાં? દાનનો આ

મહિમા છે. એ કલહ શાંત પાડે છે!' મહારાજ અશોકની વાણી માનવપ્રેમથી સભર હતી:'એટલે હું કહું છું, દાન કરો. અપાય એટલું આપો. સંગ્રહ એટલે સડો. વિતરણ એટલે વિકાસ. દાન મહાનમાં મહાન ધર્મ છે.'

'મહારાજે આમાં પણ શોધી કાઢ્યું, કુણાલકુમાર! એક વધુ ધર્મ-ટટ્ટુ!'

તિષ્યરક્ષિતાના દેહમાં રાગભરી પ્રેમકવિતાઓ છૂપાં ઝરણાંની જેમ વહેતી થઈ હતી. એ એમને પ્રગટ કરી શકતી ન હતી. અને છતાં એ અપ્રગટ રહે તો એને જાણે જીવન રૂંધાઈ જતું લાગતું હતું. એને વાણીમાં રાગ વહાવવો હતો, અભિનયમાં એ પ્રગટ કરવો હતો. એ તો પોતાના રોમરોમને કુણાલકુમારના રૂપસ્પર્શથી ભરી દેવા માગતી હતી. પણ આંહીં તો રાગભરી નારી હતી. મન-અંધકારમાં પ્રીતમને શોધવા નીકળેલી અભિસારિકા પણ હતી. સ્ત્રી પરિચારિકા હતી. વળી ધર્મસ્ત્રી હતી. એણે પોતાના આવેશને વ્યક્ત કરવા નવો જ માર્ગ શોધ્યો. તે મુક્ત, સુંદર, પ્રેમભીનું, અદમ્ય રાગથી ભરેલું, મોહક હાસ્ય હસી રહી. એના કંઠમાંથી આવી રહેલા સોનેરી કિંકણીઓના મોહક રવ સમા હાસ્યમાંથી કોણ જાણે કેટલી સુંદર રાગભરી પ્રેમકવિતાઓ ઊભી થતી હતી.

એના રોમરોમમાં અગ્નિ હતો. એમાં અદમ્ય રાગનો નશો હતો અને પ્રીતના એવા તો રંગ હતા કે એ અત્યારે જેવી રૂપાળી લાગતી હતી, તેવી રૂપાળી કોઈ દિવસ એ દેખાણી જ ન હતી. એ પોતે પણ સામેની ભિત્તિમાં પોતાની છબી નિહાળીને પોતાના ઉપર મોહ પામી ગઈ!

મહારાજ અશોક ધીમે ધીમે, પર્યંકમાં એક જાગૃત સ્વપ્નાવસ્થામાં ઢળતા જતા હતા. શ્રેષ્ઠ પરિચારિકા હોય તેમ તિષ્યરક્ષિતા ચંદનભીનો વ્યજન[૨૬] લઈને હવા નાખવા મંડી. મહારાણીને વ્યજન નાખતી જોઈને, એક યવની તરત દોડતી આવી. પણ મહારાણીએ એને એક અભિનયથી ત્યાં આઘે જ અટકાવી દીધી. પોતે ધીમેધીમે વ્યજન નાખતી રહી. તે કુણાલકુમારની સામે જોઈ રહી હતી. મહારાજે એક નવું શાસન લખાવવા ધારેલું તેની લિપિ ઉકેલતો કુણાલકુમાર ત્યાં શાંત બેઠો હતો.

ધીમા, પ્રેમભર્યા, શાંત, પણ પોતાના અગ્નિ સમા રાગને વ્યક્ત કરી શકે એવા ધ્વનિશબ્દોમાં તિષ્યરક્ષિતા બોલી:'કુમાર! પાસે બેસો ને! તમને પણ વ્યજન નાખું!'

કુણાલકુમાર હસીને પાસે આવ્યો.

'તમે મહારાજનો વિનોદ કરો છો, દેવી! પણ તમને મહારાજનો રંગ લાગ્યો છે. આ સેવા એ સૂચવે છે!'

---

૨૬. વ્યજન = પંખો.

'બસ આટલી જ સેવા કરવા દેશો? મારે તો તમારી વધુ સેવા કરવી છે!'

મહારાજ જરાક પડખું ફર્યા.

– અને તિષ્યરક્ષિતા ઉતાવળે આગળ બોલી: 'તે વિના હું અનૃણ ક્યાંથી જઉં?'

મહારાજ અશોક જાણે અર્ધજાગ્રત અર્ધસ્વપ્નમાં હોય તેમ બોલ્યા: 'રાણી! રૂપને પણ પવિત્ર બનાવે છે શ્રદ્ધા. કુણાલકુમારની શ્રદ્ધા તમારા રૂપને ફેરવી નાખશે!'

'હું તો ફરીને જ બેઠેલી છું મહારાજ!' તિષ્યરક્ષિતા અર્ધું રાગમાં, અર્ધું વિનોદમાં બોલી, 'કુણાલકુમાર બોલે એટલી જ વાર. એ કહે કે રૂપ ફેરવો – આ નથી જોઈતું, તો સાપ જેમ કાંચળી ફેંકી દે, તેમ હું તો રૂપને ફેંકી દઉં! મહારાજે કહ્યું તે જ મારે કરવું છે. મારે પણ અનૃણ જવું છે. હું તો સર્વસ્વનું દાન દેવા બેઠી છું! કોઈ લેનાર મળતું નથી!'

મહારાજ અશોક રાણીના શબ્દોમાં ઊંડો ધર્મધ્વનિ સંભળાયો હોય તેમ બેઠા થઈ ગયા:

'મહારાણી! તમે ચોક્કસ અનૃણ્યે જવાનાં!'

જે શબ્દોથી પોતાના દિલમાં અગ્નિ જેવા બળતા રાગને કાંઈક સંતોષ આપી શકાય એવા દ્વિઅર્થી શબ્દમાં તિષ્યરક્ષિતા બોલી: 'મહારાજ! બધાં દાન દેવાં સહેલાં છે, પણ રૂપનું દાન થઈ શકતું નથી. હું તો કુણાલકુમારના શબ્દે રૂપ પણ ફેંકી દઉં!...' અને પછી તરત તેણે હસતાંહસતાં ઉમેર્યું: 'મહારાજ કહે, તો મહારાજના શબ્દે! માનવપ્રીત વિના રૂપને કરવું છે શું?'

મહારાજ અશોક એની વાણી સાંભળી રહ્યા: 'મહારાણી! તમે ચોક્કસ અનૃણ્યને પંથે છો!'

'મહારાજ! હું તો એક વખત કુણાલકુમાર જોઈ જાય, એટલે મારું તમામ સૌન્દર્ય પણ લૂંટાવી દેવા માગું છું!'

'અહા! દેવી! દેવી!... તમે શું બોલો છો?'

તિષ્યરક્ષિતા અદમ્ય રાગના નશામાં કાંઈક આગળ વધી ગઈ હતી. તેણે તરત વાક્ય વાળ્યું:

'એટલે, મહારાજ! મેં જે ધરતી ઉપર સ્વર્ગ માન્યું છે – મારું અનુપમ સૌન્દર્યભવન, એ ભવનને લૂંટાવી દેવાની વાત છે, એનું દાન કરી નાખવાની વાત છે...'

'આહા... એ સૌન્દર્યભવન! કુણાલકુમાર! તેં એ જોયું છે?'

'ના, દેવ! જોયું નથી, જોવાનું છે.'

'દેવાધિદેવ શિલ્પી પણ જ્યાં પાણી ભરે...' પણ મહારાજ અચાનક બોલતાં અટકી ગયા. તિષ્યરક્ષિતા સમજી ગઈ. મહારાજને એમનો ભૂતકાળ વેદના આપી

ગયો હતો. તેણે તરત ઉતાવળે કુણાલકુમારને કહ્યું,

'તો ચાર દિવસ પછી પૂર્ણિમા છે, કુમાર! એક વખત આવો... મારું સૌન્દર્ય – મારું સૌન્દર્યભવન જોઈ જાઓ... પછી કોને ખબર છે, અનૃણ જવાના પ્રેમાવેશમાં હું ક્યારે સૌન્દર્ય લૂંટાવી દઈશ એ હવે કહી શકાય નહિ. મહારાજ, આજ્ઞા આપો...'

'કુણાલ! એક વખત એ જોવા જેવું છે. મને લાગે છે, દેશદેશનું એવું સૌન્દર્ય એક સ્થળે ક્યાંય નહિ હોય. શું તિષ્યરક્ષિતાએ ભવન રચ્યું છે! જાણે ધરતી ઉપરનું સ્વર્ગ!'

'મહારાજ પણ મારે ભવન પધારે. એક વખત. પછી એ ભવન નહિ હોય. એનું દાન થઈ જશે.'

'પણ, દેવી! મારે તો હમણાં કુક્કુટારામમાં જવું પડે તેમ છે... શત-કોટિ દાન હજી થઈ શક્યું નથી – ને એ કરવાનું બાકી છે. હું હમણાં ત્યાં જઈ આવું... ભદંત મોગલિપુત્ત તિસ્સ પછી હિમાચલ જવા માગે છે. તે પહેલાં મારે ભગવાનનાં ચરણે મારી દાનની વાત મૂકી દેવી છે. દાન તો પછી થશે, પણ શતકોટિ પૂરા કરવાનો શબ્દ તો આપી દઉં. કોને ખબર છે, આવતી કાલ કેવી હશે!'

તિષ્યરક્ષિતા મૂંગી જ રહી.

૧૬

મહામાયા

તિષ્યરક્ષિતાનું દિલ જોયા પછી રાધાગુપ્તને એક પળનો પણ આરામ ન હતો. એને હરપળે ચિંતા થતી હતી. એણે મહામાયાને ગુપ્ત આદેશ આપ્યો હતો : રાજમહાલયની તલેતલ વાત સાંભળવી. વાતોડિયા માણસો ઘણી વખત અજાણતાં જેમ ભાંગરો વાટે છે, તેમ ઘણી વખત સોમરસ પણ આપે છે. મહામાયાએ જાલૌકના સંબંધમાં જે ભાંગરો વાટ્યો હતો, ત્યાર પછી રાધાગુપ્તે એને તિષ્યરક્ષિતાને ત્યાં શ્રેષ્ઠ પરિચારિકા તરીકે મોકલાવી હતી. તિષ્યરક્ષિતાના દિલમાં તે વખતે એક જુદી જ મહત્ત્વાકાંક્ષા રમતી હતી.

એને લાગતું હતું:રાધાગુપ્ત જ અશોક મહારાજને વિદાય દઈ દેશે. રાધાગુપ્તને એ હાથ કરવા માગતી હતી. એની જે ભાવના હતી, તેને અનુકૂળ વાતો તે ચલાવતી. પણ એના દિલમાં તો એ વખતે પણ કુણાલકુમારનું રૂપ જ સર્વોપરી હતું. પણ પોતે મહારાજ્ઞી બનવું એ એનું ત્યારે સ્વપ્ન હતું. રાજ પોતે જ ચલાવવું. મહારાજ અશોકને ભિખ્ખુપંથે જવા દેવા. રાધાગુપ્ત જ એ કરે. મગધેશ્વરી થવાનું એનું સ્વપ્ન હતું. રાજકુટુંબની કથા એને અનુકૂળ હતી, રાજકુટુંબમાંથી બધા જ ધર્મપંથે વળી ગયા હતા. વખતે એ ત્યાં રાધાગુપ્તને વારંવાર મળવા આવતી. રાધાગુપ્તની રાજનીતિને પ્રચ્છન્ન રીતે ઉત્તેજના પણ આપતી.

પણ પછી તો સમય જતાં એને જણાયું કે રાધાગુપ્તને ડગાવવા કરતાં, વિંધ્યપર્વતને ડગાવવો સહેલો. રાધાગુપ્ત તો કૌટિલ્યની પ્રણાલિકાનો એક અચળ અડગ ભક્ત છે. અને પછી તો એ કુણાલકુમારના વધુ ને વધુ પરિચયમાં આવતાં, એના રૂપમાં જ એ મુગ્ધ થઈ ગઈ. એનો સત્તાનો મોહ પણ રૂપમાં ઓગળી ગયો. પોતાનું રૂપ પણ એ ખોઈ બેઠી. એને મગધેશ્વરી કરતાં કુણાલની મહારાજ્ઞી મહાન જણાઈ, એના કરતાં પણ કુણાલની પ્રિયતમા મહાન જણાઈ. અને એથી પણ આગળ કુણાલની ભોગિની સૌથી મહાન લાગી. એ કુણાલકુમારને એક પળ

આંખથી આઘે જવા દેવા તૈયાર ન હતી. જ્યારે ચંદ્રગુપ્તસભાની વાત આવી, એટલે તો કુણાલકુમારને શી રીતે પાટલિપુત્રમાં રાખવો એ ચિંતામાં એ પડી ગઈ. એણે સૌન્દર્ય ભવન જોવા એને બોલાવ્યો – એ પણ આટલા માટે જ!

પણ કુણાલકુમારને એણે સૌન્દર્યભવન માટે આમંત્રણ આપ્યું અને મહારાજે એમાં અનુમતિ પણ આપી, પરંતુ મહારાજ તો કુક્કુટારામમાં જવાના હતા. સાધુ ઉપગુપ્તને પૂછ્યા વિના એઓ ઘણી વાત ન કરતા. એટલે ચંદ્રગુપ્તસભા વિષે કે કુણાલકુમારના રાજપ્રતિનિધિત્વ વિષે પણ કદાચ એની સલાહ લેવાનો એમનો આશય હોય. તિષ્યરક્ષિતાને તો કુણાલકુમાર પાટલિપુત્રમાંથી ન જાય એ જોઈતું હતું.

પણ વાતરસિયણ મહામાયાએ તો એ જ રાતે સૌન્દર્યભવનની વાત પણ રાધાગુપ્તને પહોંચાડી દીધી. અને મહાઅમાત્ય એમાં નવી ચિંતા દેખી રહ્યો. ચંદ્રગુપ્તસભાનો તિષ્યરક્ષિતા પહેલાં પ્રતિકાર કરતી હતી.

એ ઊંડા વિચારમાં પડી ગયો. આંહીં હવે આ એક નારી હતી, જે કુણાલને જ વશ કરવા માટે નીકળી હતી. એને વશ કરે તો શું થાય અને કુણાલકુમાર વશ ન થાય તો શું થાય – એ બે મહાન પ્રશ્નો પાછા ઊભા થતા હતા.

એને ભય લાગ્યો: બને તો નહિ, પણ કદાચ બને કે, કુણાલકુમાર પ્રેમમાં પડી જાય – જોકે એ વાત 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી હતી – પણ પ્રેમમાં પડી જાય તો મગધનું શું થાય? કાંચનમાલાનું શું થાય? ભાવિ મગધપતિ દશરથનું શું થાય? અને મહારાજ અશોકનું પણ શું થાય?

કોણ કહી શકે કે શું થાય? તિષ્યરક્ષિતા પાસે રૂપ હતું, સત્તા હતી, સમૃદ્ધિ હતી, મહારાજનો વિશ્વાસ હતો, પોતાની શક્તિ હતી. એણે આ વાતનો હવે તત્કાલ જ તાગ લેવાનો નિશ્ચય કર્યો. વાતને ઊગતી જ ડામવી – કે તિષ્યરક્ષિતા ફેંકાઈ જાય એવી પરિસ્થિતિ એમાંથી જ સરજવી – એ એને માટે એક કોયડો થઈ પડ્યો.

ચંદ્રગુપ્તસભામાં વિઘ્ન આવશે એટલું એ સમજી ગયો. કદાચ સાધુ ઉપગુપ્ત જ કુણાલકુમારને હવે જવા ન દે. તો તે વખતે શું કરવું? તે વખતની વાત તે વખતે જોઈ લેવાશે. એ એક જ ઉકેલ થઈ શક્યો.

અત્યારે તો એણે નિશ્ચય કર્યો: સૌન્દર્યભવનમાં જાતે જ જવું. બધું જોવું. નિર્ણય પછી લેવો. પણ કોઈ રીતે મગધ પ્રણાલિકા તો હવે તત્કાલ સ્થાપી જ દેવી, પછી ગમે તે થાય. તેણે મહામાયાને કહ્યું: 'મહામાયા! સૌન્દર્યભવનની પાછળના ખંડમાંથી એક સોપાનપરંપરા ગંગા સુધી જાય છે. મહારાજ રાત્રે કુક્કુટારામમાં જવું હોય તો ઘણી વખત એનો ઉપયોગ પણ કરે છે. અત્યારે એ કોના રક્ષણમાં છે?'

'સેનાપતિ હિમવંતના – પોતાના!'

'હિમવંતના પોતાના ? ખરેખર ? તો-તો...' રાધાગુપ્ત આશ્ચર્ય દેખાડતો બોલતો બંધ થઈ ગયો.

'ઠીક તો તું જો... તું ત્યાં, પૂર્ણિમાના દિવસે, આસપાસમાં ફરતી રહેજે. મહારાજ તો તું કહે છે તેમ કુક્કુટારામમાં હશે, એટલે તારા પરિચારિકાના કામથી તને છૂટ મળી હશે. તને વખત પણ મળશે – તો તું ત્યાં ફરતી જ રહેજે. હું ત્યાં દેખાઉં... ને બીજું પણ કોઈ એ જ રસ્તે કે બીજે રસ્તે આવી ચડે... તો તત્કાળ મને ચેતવણી આપવી. એ તારું કામ સમજી ? પણ જો... એમાં તું જરા સ્ખલન કરશે, તો હવે તારે આ વખતે જવું પડશે બંધનાગારમાં... એક પળ પણ આળસ ન કરતી...'

'હા પ્રભુ ! હું ત્યાં જ હોઈશ. દેવી તિષ્યરક્ષિતા પણ મને ઘણી વાત કહે છે...'

'જેવી કે...'

'કુણાલકુમારની આંખ તને કોના જેવી લાગે છે ? પહેલાં તું દેવી કાંચનમાલાની દાસી હતી, કાં ? એને એક વખત સૌન્દર્યભવન બતાવવું છે...'

'કોને – દેવી કાંચનમાલાને ?'

'પહેલાં યુવરાજ કુણાલકુમારને, પછી કાંચનમાલાને... મહારાજ્ઞી તિષ્યરક્ષિતા એટલે સુધી કહે છે, પ્રભુ ! એને જ આ અર્પણ કરી દેવું છે !'

'હેં ? કોને – કુણાલકુમારને ?'

હા, દેવ ! એવી વાત એક બે વખત બેધ્યાનમાં એમણે કહી નાખી. પછી તો વાળી લીધી, એમ કહીને કે અરે, હું પણ કેવી પ્રેમઘેલી છું! આ ભવન તો મારી સાથે લુપ્ત થશે.'

રાધાગુપ્તને તિષ્યરક્ષિતાના માનસનો વધુ પરિચય મળ્યો. કુણાલના રૂપમાં એ રમમાણ હતી. પણ આવી નારી, જો એના પ્રેમનો અસ્વીકાર થાય તો! શું કરે ? સર્વનાશ ! આ નારીનો પ્રેમમોહ એ રૂપનો હતો, એ ચોક્કસ તેની ચિંતા વધી. અત્યારે તો એણે મહામાયાને પૂર્ણિમાની વાત ફરીફરીને બરાબર સમજાવી – પોતે ક્યારે આવશે, ક્યાં આવશે, ક્યાં ઊભો રહેશે, ત્યાંની આસપાસની યવનીઓને પણ એણે એ વખતે મહારાજ્ઞીના નામે આડે આવળે મોકલી દેવી... એ બધી સમજણ એને પાડી. થોડી વાર પછી મહામાયા ગઈ કે તરત એણે હિમવંતને બોલાવ્યો.

સેનાપતિ યશ ધર્મમહામાત્ર જેવો થઈ ગયો, અને ધર્માભિમુખ થઈ ગયો, ત્યારથી હિમવંતની પ્રતિષ્ઠા સૈન્યમાં ઘણી હતી. અત્યારે માગધી સૈન્યનો એ વિશ્વાસસ્તંભ હતો.

મહારાજ અશોક માટે એને માન ન હતું, ભક્તિ ન હતી, એ એને દેવપુરુષ જ ગણતો. એમને માટે માન હોવું, એટલે એમને રાજા ગણવા. ભક્તિ હોવી

એટલે સાધુ રાજા માનવા. પણ એના મનથી એઓ તો એક દેવપુરુષ હતા, જે પુરુષને પ્રશ્ન વિના, શંકા વિના માત્ર અનુસરવાનું જ હોય – એવા.

અને છતાં એ માનતો કે આ દેવપુરુષનો પળપળનો પ્રયત્ન છતાં મગધ મહારાજ્યની જે શાંતિ છે તે શાંતિ કેવળ ઉપરટપકેની છે, કારણ કે પ્રદેશપતિઓ પોતે જ નરપતિ બનવા ઇચ્છે છે. મગધપતિ થવાની ઇચ્છા રાજકુમારોમાંથી કોઈને જ નથી. ખરી રીતે તો કુણાલને પણ નથી. સાધુ ઉપગુપ્ત તો એ જ ઇચ્છે છે. અને છતાં રાજકુલમાંથી જ કોઈકે આગળ આવ્યા વિના છૂટકો પણ નથી. પરિસ્થિતિ જ એવી છે. તિષ્યરક્ષિતા બોલતી નથી, પણ જતે દિવસે મગધેશ્વરી થવાની મહત્ત્વાકાંક્ષા એ રાખે છે, એ પણ એની જાણ બહાર ન હતું. એના પોતાના ઘણા અંગત માણસો મહારાજ અશોકનું રક્ષણ કરવા માટે રાતદિવસ જાગ્રત રહેતા હતા.

વળી હિમવંત માનતો હતો કે આમાં મહાઅમાત્ય રાધાગુપ્ત એ એક જ અડગ ખડક સમો અચળ પુરુષ છે. રાધાગુપ્ત માટે એને માન હતું. એનો શબ્દ પ્રશ્ન વિના માથે ચડાવતો. રાધાગુપ્તે એને નાણ્યો હતો.

પણ જ્યારે મહારાજનો પોતાનો પ્રશ્ન આવે ત્યારે એ કયો રસ્તો લ્યે એ કહી શકાય નહિ.

અત્યારનો પ્રશ્ન મહારાજનો હતો. રાધાગુપ્તે સંભાળવાનું હતું.

થોડી વાર પછી રાધાગુપ્તે તેને પોતાની સામે ઊભેલો જોયો. તેના નખશિખ શસ્ત્રસજ્જિત મહાન યોદ્ધા જેવા દેહને એ નીરખી રહ્યો. તેને યુદ્ધમાં – યુદ્ધનો રસ ન હતો. પણ સેંકડો હજારો લાખોને કારણ વિના નિરાધારી આપનાર આતતાયીઓને હણવાના કર્તવ્યનો આનંદ એને યુદ્ધમાં દોરી જનાર બનતો. એ આ જાતનો વીર હતો. એ યુદ્ધમાં માનતો, મહારાજની આજ્ઞાનો દરેક શબ્દ શિરસાવંદ્ય ગણતો.

રાધાગુપ્તે તેની સામે જોયું : 'હિમવંત ! તારે તક્ષશિલા જવું પડે તેમ છે.'

'ક્યારે, પ્રભુ ?'

'ચંદ્રગુપ્તસભાની ઘોષણા તો તેં સાંભળી છે. વૃદ્ધ મંત્રીશ્વર ખલ્લાટકની પણ ઇચ્છા છે કે મહારાજ અશોક રાજપ્રતિનિધિ નીમે. તો જ પરંપરાનું સાતત્ય હવે જળવાય. એ વખતે કુણાલકુમાર તક્ષશિલા જાય...'

'કુણાલકુમાર તક્ષશિલા નહિ જાય... પ્રભુ !' હિમવંતે કહ્યું. રાધાગુપ્ત ચમકી ગયો : આને પણ ભણકારા વાગી ગયા હતા કે શું ?

'કોણે કહ્યું ?'

'મહારાણી તિષ્યરક્ષિતા એ ઇચ્છે છે ને મહારાજ પણ એ ઇચ્છે છે. સાધુ ઉપગુપ્ત પણ એ ઇચ્છે છે.'

રાધાગુપ્તના કાન હવે ચમકી ગયા. તેના મનમાં તરત ઊગ્યું : ત્યારે મહારાજ કકકુટારામમાં ગયા તે આટલા માટે જ હોવું જોઈએ. ચોક્કસ સાધુ ઉપગુપ્તનો શબ્દ આમાં છેલ્લો નિર્ણયાત્મક બનશે.

પણ અત્યારે એણે આ વાત આગળ ચલાવી નહિ.

'એ તો હવે પછી ચંદ્રગુપ્તસભા નિર્ણય કરે પછી જે વાત નક્કી થાય તે... પણ તે પહેલાં આપણે એક વસ્તુ સમજી લેવી જોઈએ. તું શું માને છે – મહારાજ અશોક તો દેવપુરુષ છે, પણ એ દેવપુરુષનો વિશ્વાસ જીતી લેનારી...'

'દાનવ પણ નથી.' હિમવંતે સ્પષ્ટ અભિપ્રાય આપ્યો.

'બસ, મારે તને એ જ કહેવું હતું...'

'એ તો, પ્રભુ! જિંદગીભર ડંખ ન ભૂલે ને પળેપળે ડંખે એવી વિષવલ્લરી છે. પણ દેવપુરુષની આજ્ઞા વિના એક પણ ડગલું આપણે ભરી શકતા નથી...'

'ને ભરવા માગતા પણ નથી...' રાધાગુપ્તે ઉતાવળે કહ્યું. 'આપણી તો એક વાત છે, જાગતા રહેવાની. સૌન્દર્યભવનમાં કુણાલકુમાર આ પૂર્ણિમાએ જવાના છે, એ સાચું?'

'હા, એ સાચુ!'

'શા માટે?'

'તે કોઈ જાણતું નથી. સૌન્દર્યભવનનું દાન થઈ જવાનું છે માટે – એમ ઘણા પરિચારિકો બોલતા હતા...'

'ત્યારે જો, હિમવંત! સૌન્દર્યભવનના પાછલના ખંડમાંથી ગંગાતટ ઉપર જતી સોપાનપરંપરા તારા રક્ષણમાં છે. ત્યાંથી પ્રવેશીને તે દિવસે હું જાતે બધું જ જોઈ લેવા માગું છું. આપણે સૂતા ન પકડાઈએ. કોઈ પ્રદેશપતિને નાગણીએ કદાચ રૂપનો નશો ચડાવ્યો હશે, તો મગધ જ નહિ રહે. એટલે હું જાતે ત્યાં જવા માગું છું... તું ક્યાં હોઈશ?'

'પ્રભુ આજ્ઞા આપે...'

'તું ત્યાં આસપાસમાં રહેજે. થોડું સૈન્ય પણ રાખજે. ખપ કોઈનો નથી. મહારાજ અશોકના દિલની કુમાશ આપણે જાણીએ છીએ – એને એમને છેવટ સુધી માન પણ આપવા માગીએ છીએ, છતાં હિમવંત! આ નારીના દિલમાં શું હોઈ શકે તે કોઈ જાણતું નથી, ચંદ્રગુપ્તસભાની ઘોષણા પછી જ એણે આ પગલું લીધું છે. કુણાલકુમાર તક્ષશિલા જાય કે ન જાય એ વસ્તુ પણ એ બતાવે છે તેટલી મહત્ત્વની એના મનમાં જણાતી નથી – એટલે હું ત્યાં હોઈશ. સોપાનપરંપરા તારા રક્ષણમાં જ છે. સંચ કોણ રાખે છે?'

'ભદ્રાયુ!'

'તો એને કહીને એ દ્વાર ખુલ્લું રખાવજે....ને હું અંદર જઈને બહાર નીકળી આવું પછી બંધ કરવાનું કહેજે. તું ત્યાં ફરતો રહેજે.'

'હા, પ્રભુ!' હિમવંતે બે હાથ જોડ્યા: 'પણ જો મહારાજ કે સાધુ ઉપગુપ્ત આવવાના હોય....'

'આવવાના છે?'

'ના આવવાના નથી, પણ કોને ખબર છે, કદાચ...'

'તો ભદ્રાયુને કહેજે, મને પ્રવેશ કરાવ્યા પછી બંધ જ રાખે. અંદરની વાત સાંભળી લેવા – માટે તો ત્યાં મહામાયા છે.'

હિમવંતે નમીને રજા લીધી.

હિમવંત સાથે થયેલી ગોઠવણ પ્રમાણે પૂર્ણિમાની ધવલ રાત્રીમાં રાધાગુપ્ત એકલો ત્યાં ગંગાકિનારે ફરતો રહ્યો.

'પણ કોણ જાણે કેમ, ગંગાના નીર ઉપર રૂપેરી વર્ષા જેવી વરસતી ચાંદની એના દિલમાં રહીરહીને કોઈ અગમ્ય, અકથ્ય વિષાદ જગાવી જતી હતી.

૧૭

તિષ્યરક્ષિતાનું સૌન્દર્યભવન

ચાંદનીભરી રૂપરજનીઓ તો આ દુનિયામાં અસંખ્ય આવે છે ને ચાલી જાય છે. એના ઉપર ઘણી વખત તો કોઈનું ખાસ ધ્યાન પણ જતું નથી, પણ...

કોઈક વખત... કોઈક જ વખત એનું અસાધારણ રૂપ સોળે કળાએ ખીલી ઊઠે છે. જાણે કે એ આ ધરતીની ચાંદની જ ન હોય! સ્વર્ગગંગાના પ્રદેશમાંથી ભૂલી પડેલી કોઈ રૂપધારા સમી એ ત્યારે એવી સુંદર લાગે છે કે અતિશય સુંદરતા જે વિષાદ જન્માવે એ વિષાદ એમાંથી વરસે છે!

મહાન નગરીઓ જ્યારે ખંડેર બનવાના ભણકારા, હવામાં વાગતા હોય છે, મહાન વ્યક્તિઓ જ્યારે ચાલી નીકળવાની આગાહી હવા ભાખે છે, મહાન પ્રજાના પડવાના જ્યારે દિવસો ગણાતા હોય છે, ત્યારે એક એવી રૂપરસભરી ચાંદની ખીલે છે કે જાણે એમ જ લાગે, આ ધરતી ઉપર આ છેલ્લી ચાંદની હશે!

લાગે છે કે આવી ચાંદની હવે આ ધરતી ઉપર આવી રહી.

કોઈક વખત – કોઈક જ વખત આવી ચાંદની ખીલે છે. અને એ ખીલે છે ત્યારે પણ કોઈક સિવાય અસંખ્યોને માટે એ બાંધેલી બંધ પોથી સમી રહે છે.

એના એ અક્ષર વાંચવા સહેલા નથી. ઘણા આવી ચાંદનીને કલ્પના માને છે. કેટલાક એને કવિતા ગણે છે. એને ગપાષ્ટક ગણનારાઓ દૃષ્ટિવિહીનોની સંખ્યા પણ જેવીતેવી નહિ હોય. છતાં જે જાણે છે તે જાણે છે કે ઇતિહાસની ભવ્યતા જ્યારે છેલ્લીછેલ્લી વિદાય લે છે, ત્યારે એ આવી ચાંદની સાથે ફરવા નીકળે છે!

એવી ચાંદનીઓ નોંધાય છે, એક જ જગ્યાએ – કવિઓના દિલમાં, એમના વિષાદમાં.

અયોધ્યાનગરીએ એક વખત એવી ચાંદની જોઈ હતી. અને કોઈક વાલ્મીકિ સમા કવિએ એ નોંધી હતી. હસ્તિનાપુરે એ જોઈ હતી, અને એ પણ કોઈક વેદવ્યાસના દિલમાં વિષાદ બની ગઈ હતી.

નગરી દ્વારિકાનો સાગર એ છેલ્લી ચાંદની જોઈને નગરીને જલબંબાકાર કરી ગયો હતો. નગરી વૈશાલીની ચાંદની તો જેણે-જેણે જોઈ એ એનું અસામાન્ય રૂપ સહન ન થવાથી એના વિયોગે ખોબે આંસુએ રોયા હતા. રાજગૃહનગરી, ચંપાનગરી, કૌશામ્બી, શ્રાવસ્તી – બધી જ નગરીઓએ આવી એકએક ચાંદની નિહાળી હતી. એ એમની છેલ્લી ચાંદની હતી!

જાણે કે નગરી માટે એ છેલ્લી રૂપની લહાણ હતી.

જ્યારે કુણાલકુમાર પોતાની સોનેરી શિબિકામાં તિષ્યરક્ષિતાના સૌન્દર્યભવનને જોવા માટે નીકળ્યો, ત્યારે પાટલિપુત્ર નગરીમાં બરાબર આવી જ ચાંદની ખીલી હતી. કવિઓનાં દિલમાં સંઘરાયેલી ગાથાઓ સાચી વાત કહેતી હોય તો એ ચાંદનીને પશુ, પંખી, વૃક્ષ ને અઢાર ભાર વનસ્પતિ પણ મુગ્ધ બનીને જોઈ જ રહ્યાં હતાં. જાણે જોયા જ કરીએ એવી એ ચાંદની હતી.

પાટલિપુત્રનો કોઈક ભાસ જેવો કવિજન માત્ર આ ચાંદનીમાં વરસી રહેલા શોકભારથી સ્તબ્ધ બની ગયો હશે!

સોનેરી શિબિકાને વહેનાર ભૃત્યોના હાથની જ્યેષ્ઠિકાઓમાંથી સોનેરી કિંકણીઓનો મંજુલ રવ આ ચાંદનીમાં સંભળાતો હતો. જાણે ધરતીના રૂપેરી પાલવમાંથી સોનેરી ઘૂઘરીઓ વાગતી હોય!

પાટલિપુત્રનગરી શાંત થઈ ગઈ હતી. પણ્યવીથિકાઓ ખાલીખમ પડી હતી. માણસોની અવરજવર ક્યાંય દેખાતી ન હતી. કોઈક રખડુ કૂતરાના અર્થહીન અવાજ સિવાય બધે જ રૂપભરેલું આકાશ જાણે મૌનમય શોકની શાંતવર્ષા વરસાવી રહ્યું હતું. માણસનું દિલ સહી ન શકે, આનો પણ વિયોગ થશે, એ ભાન થતાં તો માણસ રોઈ પડે એવી રૂપહેલી સમી ચાંદની વરસી રહી હતી. અને એમાં કુણાલકુમારની શિબિકા ધીમેધીમે આગળ વધી રહી હતી.

એ તિષ્યરક્ષિતાનું સૌન્દર્યભવન જોવા જઈ રહ્યો હતો, ખરી રીતે ભાવિ અંધકારને આમંત્રવા જઈ રહ્યો હતો.

તિષ્યરક્ષિતા પોતાનું રૂપ જોતાં કોઈ દિવસ થાકતી જ ન હતી. એણે રચેલા સૌન્દર્યભવનમાંથી પણ કોઈ દિવસ રૂપ વિદાય લેતું ન હતું. જ્યારે જુઓ ત્યારે એ સૌન્દર્યભવન નવું રૂપ ધારતું લાગે.

એણે એ સૌન્દર્યભવનમાં એક કે બીજા રૂપે સોળે કળાએ ભગવાન પુષ્પધન્વાને શણગાર્યો હતો. એના દિલમાં શૃંગારરસની જેટલી સરિતાઓ વહેતી હતી એ તમામને એણે આંહીં સ્થગિત કરી દીધી હતી.

એ સૌન્દર્યભવન પાટલિપુત્રનું એક અનુપમ દશ્ય ગણાતું. એને ન જોનારના જીવનમાં કાંઈ જ રસ રહ્યો ન હતો એમ મનાતું. ત્યાં દેશવિદેશના પ્રવાસીઓ

રાત ને દિવસ આવતા રહેતા. દૂરદૂરથી શિલ્પીઓ ત્યાં આવતા, કવિઓ આવતા, કારીગરો આવતા, નૃત્યાંગનાઓ આવતી. જેને આ ધરતીમાંથી કોઈ ને કોઈ રૂપે સૌન્દર્યને પ્રગટ કરવું હતું એને આંહીં આવ્યા વિના ચાલે તેમ જ ન હતું.

એટલું બધું રૂપ આંહીં તિષ્યરક્ષિતાએ પ્રગટાવ્યું હતું. એમાં અનુપમ વસ્તુઓ હતી, પ્રસંગોનું ભવ્ય આલેખન હતું, રંગોનું મિલન હતું.

કલાકારીગરીનું, કવિતા અને કલ્પનાનું, પથ્થરનું, ધાતુનું, લક્કડનું, શંખલાનું, છીપલાંનું, લાખનું, મોતીનું, હીરામાણેકનું – જેનું-જેનું મળી શક્યું તે તમામનું રૂપ, જાણે એણે આંહીં સંગ્રહી લીધું હતું.

કુણાલકુમાર ત્યાં આવ્યો. પહેલાં તો દ્વારના આંગણામાં જ ઊભા રહીને દોઢસો[૨૭] ગજ પ્રમાણે મહાન મહાલયને તે જોઈ રહ્યો. છેક નીચેથી ઉપર સુધી એમાં એટલી તો આભારણ-શોભા હતી કે માણસ ત્યાંથી ખસી જ શકે નહિ. કામદેવના વિશ્વનું બધું જ રૂપ ત્યાં હતું.

ત્યાં પ્રગટાવેલી દીપાવલીઓને લીધે જાણે ત્યાં સ્તંભમાંની શૃંગારભરિત લલનાઓ અનેક આકર્ષક રૂપોમાં સામે ઊભી રહી ગઈ હોય તેમ જણાતું હતું. કોઈ જલસરવરના કિનારે નાહવાની તૈયારી કરતી હતી, અને એનું રૂપ જોવા વૃક્ષો ને પુષ્પો ને વેલીઓ ને પંખીઓ બધાં મૂંગા બની ગયાં હતાં. કોઈકની પાછળ પડેલા ભ્રમરે એને વસ્ત્રવિહોણી કરી મૂકી હતી. તો ક્યાંક રસપ્રદેશના આધારે ટેકવેલા જલકુંભમાંથી જલ વહાવતી નારી જાણે પોતે જ શૃંગારસરિતા સમી જણાતી હતી, અનુપમ રૂપભરી લાગતી હતી.

ત્યાં આભરણભરિત સ્તંભોમાં ને છતોમાં ને ભીંતોમાં, ક્યાંક પંખીઓ પ્રેમગોષ્ઠિ માંડીને બેઠાં હતાં. ક્યાં ક ફૂલો પ્રેમવાત કરતાં હતાં. વૃક્ષ, વેલી, ખડક, સરિતા ને જલસાગર – બધાં જ જાણે પ્રેમમાં હતાં. કુણાલકુમાર એક દૃષ્ટિ ભરી આ બધું જોઈ રહ્યો, પછી તે ધીમાં પગલે આગળ વધ્યો.

અનેક સોપાનોની પરંપરા ચડે, ત્યારે ભવનનું મુખ્ય પ્રવેશદ્વાર આવતું હતું. કુણાલકુમાર શાંતિથી એ સોપાન ચડવા મંડ્યો.

દરેકદરેક સોપાન ઉપરની સુવર્ણદીપિકામાંથી સુગંધી તૈલદીપનો પ્રકાશ પથરાતો હતો. તૈલદીપ પાછળ એકએક સશસ્ત્ર યવની ત્યાં નતમસ્તકે ઊભેલી દેખાતી હતી. કુણાલકુમાર આગળ વધ્યો. એના ડગલે-ડગલે રાજમાતાના ભવ્યદાનની અગાધતા મનમાં સ્પર્શવા માંડી. સ્ફટિક સમાં સુંદર સોપાનોમાં પણ ઉપરની છતની સુંદરીઓ જાણે જલાગારમાં જલક્રિડા કરતી રમી રહી હોય, એવી

૨૭. હ્યુએનસંગે, ગાંધારમાં, હાલની કાબુલ નદી ઉપર, ૩૦૦ ફીટ ઊંચો સ્તૂપ જોયાનો ઉલ્લેખ કર્યો છે.

પ્રતિચ્છાયાઓ દેખાતી હતી! એ દશ્ય અદ્‌ભુત હતું.

એ સૌન્દર્યરચના તો વળી એટલી આકર્ષક હતી કે માણસ, ત્યાં જ થંભી જાય.

કુણાલકુમાર આશ્ચર્ય પામી ગયો. આટલું સૌન્દર્ય આંહીં હશે એનો એને ખ્યાલ પણ ન હતું. પણ એથી વધુ તો તેના મનમાં એ આશ્ચર્ય થતું હતું કે શું રાજમાતા આ તમામનું પણ દાન કરી દેશે? તો-તો એમના દિલમાં દાનધર્મનો કેવો મહિમા સ્થપાઈ ગયો હોવો જોઈએ! એના પ્રમાણમાં તો રાજકુટુંબીજનોનાં અનેક દાન પણ ક્ષુલ્લક બની જતાં હતાં. એના મનમાં મહારાજ અશોકે ફેલાવેલી દાનના મહિમાની હવા આવી ગઈ. એ આશ્ચર્યથી ચારે તરફ નવાઈ પામી જોઈ જ રહ્યો. આવા મહાલયનું પણ દાન?

એ આગળ વધ્યો. સૌન્દર્યભવનના મુખ્યદ્વાર ઉપર આવ્યો. ત્યાં તિષ્યરક્ષિતા પોતે ઊભી હતી. પણ એની બંને બાજુ કોઈ બીજી જ બે અનુપમ નારીઓને પણ જોઈ. કુણાલકુમાર આશ્ચર્યમાં સ્તબ્ધ જેવો થઈ ગયો. એના મનમાં પ્રશ્ન આવ્યો: એ બે નારી કોણ હશે?

તિલોત્તમા પણ જેની પાસે ઝાંખી લાગે એવી સુંદર એ બે નારીઓ હતી.

તિષ્યરક્ષિતાની બંને બાજુએ શાંત રીતે નતમસ્તકે એ ઊભી હતી.

કુણાલકુમારે એ જોયું. અને એ નમન કરતો આગળ વધ્યો. પણ જ્યાં એ તિષ્યરક્ષિતાની સમક્ષ બે હાથ જોડીને એને નમન કરવા ગયો. ત્યાં તો તિષ્યરક્ષિતાએ જ એના જોડેલા બે હાથને હાથમાં લઈ લીધા. તે ધીમા રાગભર્યા શબ્દોમાં, જાણે પ્રેમનું આહ્‌વાન આપતી હોય તેવી વાણીમાં બોલી: ‘કુમાર! કુમાર! તમે મને આંહીં પણ લજ્જિત કરી મૂકશો? આ તમે શું કરો છો? મને નમન શાનું હોય? હું તો તમારી એક પરિચારિકા હતી – એ ભૂતકાળ હું ભૂલવા માગતી નથી. આગળ આવો પ્રી!......’

તિષ્યરક્ષિતાના મોંમાંથી હમણાં જ પ્રીતમ એવો શબ્દ નીકળી ગયો હોત, એટલો બધો પ્રેમાવેશ એની વાણીમાં આવી ગયો હતો. પણ એણે તરત જ પોતાના ઉપર કાબૂ મેળવી લીધો. ‘આગળ આવો, પ્રભુ!’ તે ધીમેથી બોલી.

પણ કુણાલકુમારે એક પગલું આગળ ભર્યું, અને તરત જ પેલી તિષ્યરક્ષિતાની પડખે ઊભેલી બે અનુપમ રૂપવતી નારીઓનો કોયડો ઉકલી ગયો.

એની બંને બાજુથી ચંદનની મંદ સુગંધભરી હવાની લેરખીઓ આવી રહી હતી.

બંને નારીઓના મોટા વીંજણા પોતાના એકએક પગલે સુગંધ રેલાવતા જોઈને કુણાલે ત્યાં સ્થિર દૃષ્ટિ કરીને જોયું.

જે જીવંત જણાતી હતી એ બંને અનુપમ નારીઓનો ભેદ મળી ગયો. એ બંને તો રંગરચનાની અવધિ બતાવતી હતી. કારીગરીની આ પરિસીમા જોઈને કુણાલ નવાઈ પામી ગયો.

બંને સ્ત્રીઓ કેવળ રંગરચનામાંથી ઊભી કરેલી તિલોત્તમાઓ હતી. આગંતુક અતિથિ તેમની પાસેથી એક પગલું ભરે કે તરત તેમના હાથનો સુગંધી વીંજણો ચાલે એવી કલરચના શિલ્પીએ કરી હતી.

પાટલિપુત્રમાં ઘણી વખત લોકકંઠેથી કહેવાતી શિલ્પી દેવાધિદેવની[૨૮] વાત એને યાદ આવી ગઈ. પાટલિપુત્રનગરીમાં કેવાકેવા શિલ્પી હતા એનું એને આશ્ચર્ય થયું..... એના મનમાં એક વિચાર આવી ગયો : કોઈ પર્વતના અંકમાં આવો સુંદર મહાલય રચ્યો હોય કે જ્યાં સાધુઓ રહી શકે.... તો એ દશ્ય કેવું થાય? આજીવિકો માટે આવું જ કાંઈક જોઈએ – તેણે વિચાર કર્યો.

કુણાલકુમાર ધીમાં પગલે, અદ્દભુત લાગતા અંદરના ખંડમાં ગયો. તિષ્યરક્ષિતા એની જરાક આગળ હતી.

તિષ્યરક્ષિતાનું આ સૌન્દર્યભવન કુણાલકુમાર તો પહેલી જ વખત જોતો હતો. પહેલાં તો એણે જે જોયું તે સાચું છે, એ માની ન શક્યો. એને થયું કે એ જે જુએ છે તે કંઈક ભ્રમ હોવો જોઈએ. જ્યાં એ ઊભો રહ્યો, ત્યાં સામે એણે દષ્ટિ કરી. એની ભ્રમની વાત સાચી લાગે એવું દશ્ય ત્યાં હતું. ત્યાં પાણીનો ધોધ વહી રહ્યો હોય એવી રચના ત્યાં હતી. સામેની સ્ફટિકધવલ ભીંતમાંથી નિત્ય વહેતો જલપ્રવાહ કોણ જાણે ક્યાં થી આવતો હતો, અને કોણ જાણે ક્યાં અદશ્ય થઈ જતો હતો. સામે તો પાણીની ધાર વહેતી આવતી જણાતી. એ ત્યાં જોઈ જ રહ્યો. એ પ્રવાહમાં પણ અનેક જલસુંદરીઓ અનેક શરીરભંગિમાં શોભી રહી હતી.

નાની, સુંદર, મનોરમ આકૃતિની મત્સ્યકન્યકાઓ સમી એ સુંદર હતી. જાણે ત્યાં જલમાં નિત્યસ્નાન માટે ઊભી રહી ગઈ હોય! એમના ઉપરથી પાણીની અખંડિત ધારા ચાલી જતી હતી.

આસપાસની સોનેરી દીપિકાઓના તેજમાં, એમની પારદર્શક બનતી સ્ફટિકમણિની દેહભંગિ એટલી તો સુંદર જણાતી હતી કે માણસનું મન અવશ થઈ જાય. કુણાલકુમાર પળ-બે-પળ એ તરફ જોઈ રહ્યો – પણ તે તરત આગળ વધ્યો.

એની આગળ ચાલતી તિષ્યરક્ષિતા સામેના એક સોનેરી સિંહાસન ઉપર ત્વરાથી બેસી ગઈ.

---

૨૮. 'પ્રિયદર્શી અશોક', પ્રકરણ ૧૪.

તિષ્યરક્ષિતાને ખબર ન હતી, કુણાલકુમાર જાણતો ન હતો, પણ ત્યાં પાછળના એક ખંડમાંથી કોઈની બે આંખો એમની દરેકેદરેક હિલચાલને જોઈ રહી હતી.

રાધાગુપ્ત ત્યાં આવીને ક્યારનો ઊભો રહી ગયો હતો.

મહામાયાએ ત્યાં આસપાસ ફરતી યવનીઓને મહારાણીની આજ્ઞાથી જ આઘીપાછી કરી હતી.

રાધાગુપ્ત એકનજર થઈ ગયો. એને બંને અદ્‌ભુત લાગતાં હતાં.

તિષ્યરક્ષિતાનો રાગ અદ્‌ભુત હતો, કુણાલકુમારનો અ-રાગ... રાધાગુપ્ત બંનેને જોઈ જ રહ્યો.

તિષ્યરક્ષિતા ત્યાં બેઠી હતી, પણ એની બેસવાની ઢબ એવી હતી કે જાણે એ મહારાણી મગધેશ્વરી હોય, ને આજ્ઞા આપવા બેઠી હોય. પણ એના અંગઅંગમાંથી એ વખતે પણ, એક એવી રાગદૃષ્ટિ નીકળતી હતી કે જાણે એ હમણાં જ ચીસ પાડી ઊઠશે કે 'હું નારી છું! નારી છું! હું કોઈકને પ્રેમથી અવલંબી લેવા માગતી સ્ત્રી છું!'

તે સ્વસ્થ બેઠી હતી તેમ દેખાતું હતું, છતાં તદ્દન અસ્તવ્યસ્ત મનોદશામાં જાણે ભમી રહી હતી. બોલ્યા વિના પોતાની આંખથી જ એણે કુમારને આગળ વધવા ઉત્તેજન આપ્યું. એને જાણે પોતાના શબ્દોનો વિશ્વાસ ન હતો. એ વખતે એ એને પ્રગટ કરી દે – અકાલે.

કુણાલકુમાર આગળ વધ્યો. તિષ્યરક્ષિતાની સામે, પણ ઠીક દૂર, એક સોનેરી પાયાનો મૌક્તિકભર્યો ચંદનબાજોઠ પડ્યો હતો તેના ઉપર એ બેસી ગયો. તે હજી આ સ્થળનું સૌંદર્ય જોયા જ કરતો હતો. ખૂણે ખૂણો, સ્તમ્ભે સ્તમ્ભ, સ્થળેસ્થળ એવી કોઈ ને કોઈ અનોખી સુંદરતા બતાવતાં હતાં કે બે સૌન્દર્યને સાથે જોતાં, એક દૃશ્ય ઉપરથી બીજા ઉપર, અને બીજા ઉપરથી ફરી પહેલા ઉપર, એમ દૃષ્ટિ ફર્યા જ કરે. નિશ્ચય જ થઈ શકે નહિ કે કોણ વધારે સુંદર છે.

આંહીંની સુંદરતામાં કાંઈ જ નિશ્ચળ કે નિશ્ચિત ન હતું.

બધું જ પળેપળે નવું લાગતું હતું. માણસને પોતાનું મન પણ પળેપળે નવું રૂપ ધરતું લાગે, નવી હવામાં તરતું લાગે.

એ મન પણ માની બેસે કે પળેપળે જે રૂપ બદલતો નથી, તે જીવતાં છતાં મરેલો છે ને પળેપળે જે અવનવા રૂપને પામે છે, તે મરેલો છતાં જીવન્ત છે.

આંહીં સુંદરતાની અવધિ હતી, તો એના વિચિત્ર વિલક્ષણ વાતાવરણની પણ અવધિ હતી.

તિષ્યરક્ષિતા કુણાલકુમારની સામે જોઈ રહી, પણ જાણે એ એને જોતી ન હતી, પોતાની આંખથી એવા અંગઅંગને એ ભેટી રહી હતી. બોલી ન શકાય

એવો પ્રેમાવેશ એની આંખમાંથી પ્રગટતો હતો.

તેણે છેવટે કાંઈક ધીમા, મંદ પણ તેથી વધારે માદક રાગ સૂચવતા અવાજે કહ્યું: 'કુમાર! જ્યાં શબ્દ નહિ હોય કે શબ્દો બોલી શકતા નહિ હોય ત્યાં કઈ ભાષા હશે?'

કુણાલકુમાર હસી પડ્યો: 'ત્યાં મૌનની. પણ કેમ એવો પ્રશ્ન કર્યો?' એના મનમાં બીજી જ વાત આવી ગઈ – તિષ્યરક્ષિતાએ આપવા ધારી હતી તેથી જુદી જ. એને લાગ્યું કે એની આ રાજમાતા મહારાજ અશોકનો ભલે વિનોદ કરે, પણ એ જઈ રહી છે અસંઘિમિત્રાના પંથે. સંઘમિત્રાના પંથે, કુમાર મહેન્દ્રને પંથે. આટલું સૌન્દર્ય જે દાનમાં આપવા નીકળે, તેને આ ધરતી એક ક્ષણ બાંધી રાખી શકે ખરી?

તેણે હસતાંહસતાં જ કહ્યું, 'રાજમાતા! તમે કહો-ન-કહો, ભલે મહારાજનો વિનોદ કરો, પણ તમે અમારી સૌની પહેલાં ધર્મપંથે વળી ગયાં હશો. જે આટલું સૌન્દર્ય આપી શકે તે શું ન આપી શકે?'

તિષ્યરક્ષિતાને કુણાલકુમારના પ્રથમના વાક્યોથી જરાક ગ્લાનિ, આશ્ચર્ય અને ગભરાટ થયાં હતાં. આને શી રીતે વાત સમજાવવી એનું એના દિલમાં મંથન જાગ્યું હતું. ત્યાં જ એના છેલ્લા વાક્યમાં એને આશાનો તંતુ મળી ગયો. તે ઉતાવળે, આવેશમાં, રાગભર્યા વેણથી બોલી ગઈ: 'કુમાર! તમે માનો છો તે બરાબર છે. હું આપવા જ બેઠી છું. મારે મારું સૌન્દર્ય લૂંટાવવું છે. ભવન આપી દેવું છે. પ્રેમ વહેંચી દેવો છે. એના કરતાં પણ વધુ...'

'એના કરતાં પણ વધુ – દેવી?'

'જુઓ, કુમાર? હું તમને કહું. તમે આંહીં આવો ને – મારી પાસે બેસો. આપણે પેલી વૃક્ષડાળ ઉપરનાં પંખીની જેમ ધીમી ગોષ્ઠિ કરીએ.'

તિષ્યરક્ષિતાએ એક ખૂણા તરફ જોયું. કુણાલની નજર એની દૃષ્ટિ પાછળ ત્યાં ગઈ. ત્યાં એક સુંદર ફૂલોથી લચી રહેલા ફૂલછોડની શાખા ઉપર બે પંખી બેઠાં હતાં. એમને મન થાય ત્યારે વૃક્ષથી થોડે દૂર આગળ આવીને બેસવું હોય તો બેસે તે માટે એક સોનેરી નલિકા ત્યાં ગોઠવી હતી. એ નલિકા ઉપરથી સોનેરી કિંકણીઓથી ભર્યા દોર લટકતા હતા. પંખી ચાલે ને પગ મૂકે કે તરત એનો મંજુલ મધુર રવ કાને આવે. અત્યારે એના ઉપર એ બંને હતાં. એકબીજાંને મળવા માટે સામસામેનાં એક છેડેથી એ આવી રહ્યાં હતાં. કાંઈક મંજુલ ધીમો રવ આવતો હતો. જાણે ધીમી પ્રેમકવિતા બોલતાં એ આવતાં હોય તેમ સુંદર, સૂરીલો, જરાક જ સંભળાય તેવો કલરવ થતો હતો – પિ–પિ–પિ–પિ– પિતમ..... એવો. સોનેરી નાલિકાની વચ્ચે આવતાં બંને એકબીજામાં પ્રેમચંચુ પરોવીને જાણે આંખો મીંચી ગયાં. કુણાલકુમારની દૃષ્ટિ ત્યાંથી પાછી ફરી ગઈ. પણ તિષ્યરક્ષિતાની દૃષ્ટિ એને

મળતાં જ એ ચોંકી ઊઠ્યો. એ દૃષ્ટિમાં એણે અત્યારે એટલો તો રાગ જોયો, કે પહેલી જ વખત એને ભાન થયું કે તિષ્યરક્ષિતાના દિલમાં કોઈક જુદી જ વાત રમી રહી છે. એ આશ્ચર્યથી સ્તબ્ધ જેવો થઈ ગયો.

ત્યાં તો તિષ્યરક્ષિતા જ બોલી : 'કુમાર ! તમે મને આ એક શબ્દ કોઈ દિવસ કહેતા નહિ – એ શબ્દ મને રોમરોમમાં અગ્નિ પ્રગટાવે છે !'

'કયો શબ્દ, રાજમાતા ?'

'બસ આ એ જ – તમે બોલ્યા તે. કુમાર ! હું રાજમાતા નથી. તમારી તો રાજમાતા નથી જ. હું તો એક સામાન્ય પરિચારિકા છું; તમારી પરિચારિકા, દાસી ગણો તો દાસી, પાગલ, પ્રિયતમા, પ્રિયા – કેટલાક શબ્દો હું તમને આપું ? પ્રેયસી, પ્રેમી....અરે ! હું તો કહું છું, તમારી બીજી ગમે તે હું છું, પણ રાજમાતા તો નથી જ નથી.'

'અરે !... અરે... અરે... દેવી...' એમ બોલતો રાજકુમાર ઊભો થઈ ગયો. પણ તે બે ડગલાં આગળ વધે કે કાંઈક વધુ બોલે તે પહેલાં એના પગ જાણે ત્યાં જડાઈ ગયા.

તિષ્યરક્ષિતા પ્રેમાવેશમાં પોતાની જાત ઉપરનો કાબૂ ખોઈ બેઠી હતી. તે અચાનક જ ઊભી થઈ ગઈ. કુણાલકુમારને જાણે પોતાના પ્રેમબંધનમાં લઈ લેવા માગતી હોય તેમ તે આગળ વધી.

રાધાગુપ્ત તો આ જોઈને દિઙ્મૂઢ જ બની ગયો. કુણાલકુમાર પણ ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. તેના પગ જ્યાં હતા ત્યાં જકડાઈ ગયા. સામેથી આવી રહેલી તિષ્યરક્ષિતાની આંખમાં એટલો તો રાગનશો હવે એ સ્પષ્ટ જોઈ શકતો હતો કે પોતે શું કરવું તે તે સમજી જ શક્યો નહિ. શું બોલવું એ પણ એને સૂઝ્યું નહિ. એકએક પળ કીમતી હતી. તિષ્યરક્ષિતા આગળ વધી.

તે હતો ત્યાં જ ઊભો રહી ગયો. તિષ્યરક્ષિતાને એણે આગળ વધવા દીધી. તે વધુ આગળ વધી. પણ કુણાલકુમારની સામે આવતાં થોડું અંતર રહ્યું અને એ અચાનક થંભી ગઈ. કુણાલને રાગથી ભરેલી દૃષ્ટિ વડે તે જાણે પી રહી હોય તેમ જે પ્રેમાવેશમાં એ બોલતી હતી એ જ પ્રેમાવેશમાં એ બોલી ગઈ :

'કુણાલકુમાર ! મેં તેમને કેટલી વખત કહ્યું કે હું તમારી રાજમાતા નથી !'

કુણાલકુમારે શાંતિથી કહ્યું, 'મહારાજ્ઞી ! તમને ન રુચતો હોય તો હવે હું એ શબ્દ નહિ વાપરું, એમાં શું ?'

'પણ, કુમાર ! તમે તે સમજતા નથી કે સમજવા માગતા નથી કે છે શું ?'

'શું છે, મહારાજ્ઞી મહાદેવી ? મારે બીજું શું સમજવાનું છે ? કેટલીક વાતો હું સમજું છું ને સમજતો નથી. કેટલીક સમજતો નથી ને હું સમજું છું, મહાદેવી !'

'કપાળ તમારું !' તિષ્યરક્ષિતા જરાક ખોટા રોષમાં બોલી ગઈ. તે એક ડગલું

પાછી પડી ગઈ:'વળી બોલ્યા "મહાદેવી!" હું તો દેવી પણ નથી ને મહાદેવી પણ નથી ને મહાદેવી પણ નથી, ને મહારાણી પણ નથી, ને કાંઈ નથી! હું કાંઈ નથી, કુમાર!'

'મગધેશ્વરી! તમારી આજ્ઞા હું માથે ચડાવું છું. હવેથી હું તમને મગધેશ્વરી કહું...?' કુણાલકુમાર વધુ શાંતિથી બોલ્યો.

તિષ્યરક્ષિતા ખોટા રોષમાં બોલતી આગળ વધી:'વળી બોલ્યા મગધેશ્વરી? તમને તે બોલતાં આવડે છે કે બોલતાં નથી આવડતું? બોલતાં ન આવડતું હોય તો કાંઈ નહિ. આ તો મૌનની ભાષાનો વિષય છે. એ ભાષા ક્યાં ગઈ છે, કુમાર? મારે તમારી એ ભાષા જોઈએ છે – મૌનની. આંહીં આપણે આ જીવનમાં શા માટે મળ્યાં છીએ – શું વાતો કરવા?'

'ના, કામ કરવા!'

'હું પણ એ જ કહું છું.' તિષ્યરક્ષિતા આનંદી ઊઠી. તે એક પગલું આગળ વધી:'કુમાર! જીવનમાં આનંદ શું છે તે તો તમે જાણો છો નાં?'

કુણાલકુમારે ઉતાવળે જવાબ વાળ્યો:'મહારાજે કહ્યો છે તે – અનૃણ જવાનો. આંહીંથી માણસ જાય ત્યારે એના ઉપર કોઈનું કાંઈ ઋણ ન હોય. માણસનું, નગરનું, ધરતીનું, દેહનું, મનનું – કોઈ ઋણ બાકી ન રહે, એનું નામ મુક્ત આનંદ. હું એ આનંદને સમજું છું અથવા સમજવાનો હજી યત્ન કરું છું! એ આનંદ છે. તમે આનંદની શી વાત કહો છો?'

'તમને મારામાં રૂપ દેખાય છે?' તિષ્યરક્ષિતા અતિશય રાગથી બોલી.

'તમારામાં રૂપ દેખાય છે? મને? શું બોલો છો? ધરતીમાં તમારા સિવાય બીજે રૂપ છે ક્યાં ?'

કુણાલકુમારના જવાબથી તિષ્યરક્ષિતા જાણે ઉત્સાહમાં આવી ગઈ હતી. રાધાગુપ્ત પણ આ જવાબથી ચોંકી ઊઠ્યો.

'તો પછી..., કુમાર!...' તિષ્યરક્ષિતા આગળ વધ્યા વિના એક પ્રેમદૃષ્ટિથી એને જોઈ રહી. 'તો પછી કુમાર! હું પ્રતીતિ માગું છું!'

'શાની? શાની પ્રતીતિ?'

'તમારા પ્રેમની!'

'મારા પ્રેમની?'

'હા હા ને હા, તમારા પ્રેમની.'

'મારો પ્રેમ જેવો તમારાં ચરણે ઢળે એવો બીજે ક્યાંય ન ઢળે, મગધેશ્વરી!' કુણાલકુમાર બોલ્યો.

રાધાગુપ્ત તો આ વાત સાંભળતો હતો ત્યાં જકડાઈ જ ગયો. તેને કુણાલકુમારની વાતમાં કાંઈ સમજાયું નહિ. પહેલાંની વાતથી આ વાત તદ્દન

જુદી હતી.

તિષ્યરક્ષિતા થોડી વધુ આગળ વધી. પછી થોભી ગઈ. એના રોમરોમમાંથી એને હવે પ્રેમનો સાદ સંભળાતો હતો. જાણે અંગે અંગ કહી રહ્યું હતું: આ શરમાળ છોકરાને તું હવે તારો કરી લે. એ બોલી નહિ શકે.

આ પળ છે. આવતી પળ તારી નહિ હોય. એ પ્રેમાવેશમાં જાતને જ ભૂલી ગઈ. આગળ વધી.

તેની રાગભરી આંખમાંથી પ્રેમની વર્ષા આવી રહી હતી. તેણે એક ડગલું વધુ આગળ ભર્યું. એના બંને હાથ પણ આગળ લંબાયા. એક જ પળ – અને કુણાલકુમાર હમણાં જાણે તેના હસ્તબંધનમાં જ આવી પડશે એવી પરિસ્થિતિ સરજાઈ જતી દેખાઈ......

અત્યંત વેદનાથી રાધાગુપ્ત નીચે જોઈ ગયો. એને કાંઈ સૂઝ્યું નહિ કે પોતે અત્યારે કેમ વર્તવું. તે તદ્દન અવાક્ થઈ ગયો.

પણ એટલામાં એના કાને કુણાલકુમારનો શબ્દ પડ્યો: 'દેવી! મગધેશ્વરી! મારે તમારા ચરણે મારો પ્રેમ અર્પતાં પહેલાં તો હજાર વાત કરવાની છે. પહેલાં મારી એ વાતો તમે સાંભળો.... એ એટલી છે કે આજે આજે પૂરી પણ ન થાય.....

દુનિયામાં ક્યાંય નથી થયું તે આપણે આંહીં મગધમાં સિદ્ધ કરવું છે..... ભાવિ – ભાવિ આપણું છે. પણ એ બધી વાતો ક્યારેક કરીશું.... પછી જ તમે મને સમજશો..... અથવા ત્યારે જ સમજશો.'

'હું તો તમારી વાત પૂરેપૂરી સમજી ગઈ છું.' તિષ્યરક્ષિતા એ જ આવેગમાં બોલી :

'તમે મને વેદનાનાં જળ પાઈ રહ્યા છો. હું એ પી રહી છું. પણ વેદના આપો કે વિષાદ આપો, આનંદ આપો, કે શોક આપો, હું તો હવે તમને, મારા પ્રીતમ! કોઈ દિવસ છોડવાની નથી....હું તમને મારા બંધનમાંથી...... કોઈ દિવસ છૂટા મૂકવાની નથી. તમારી આંખોમાં ત્રિભુવનનો પ્રેમાનંદ હું જોઉં છું.... પ્રીતમ! પ્રીતમ.....!'

એક જ વધુ ડગલું, એક જ વધુ પળ, એક જ વધુ શબ્દ, એક જ વધુ હિલચાલ, અને કુણાલકુમાર કાં તિષ્યરક્ષિતાના બંધનમાં આવી ગયો હોત અથવા તો એણે શું કર્યું હોત.... એ કાંઈ સમજાય તેમજ ન હતું. સામે રાગભરી નારી હતી. પણ અચાનક એક યવની સામેથી દોડતી આવી.

'મહારાણી! મહારાણી? ભદંત સાધુ ઉપગુપ્ત.....'

તિષ્યરક્ષિતા ચોંકી ગઈ. મોહનિદ્રામાંથી જાગી ગઈ.

સામેથી સાધુ ઉપગુપ્ત આવી રહ્યો હતો.

૧૮

સાધુ ઉપગુપ્ત

સાધુ ઉપગુપ્તને અત્યારે આંહીં અચાનક જોઈને રાધાગુપ્તને નવાઈ લાગી. પણ એક વાત સ્પષ્ટ સમજાઈ ગઈ: એ કુણાલકુમારને કોઈ પણ રીતે હાથ લેવાનો. આ ઉપગુપ્તે જ મહારાજના મહેન્દ્રકુમારને સાધુપંથે વાળ્યો ન હતો? એણે જ સંઘમિત્રાને છેક તામ્રપર્ણી જેટલે દૂર મોકલી ન હતી? અસંધિમિત્રા, એનો ભત્રીજો રાજકુમાર ભાંડુ, તિષ્યકુમાર, ન્યુગ્રોધ – અનેકને એણે જ રત્નયત્રીના[૨૯] શરણે મોકલ્યાં હતાં. પણ ત્યાં એમના દિલમાં પણ વાત એ જ હતી – રત્નત્રયીની. રત્નત્રયી વિના કોઈના જીવનનું સાફલ્ય ન હતું.

મહારાજ અશોકને પણ સાધુ ઉપગુપ્તે જ આ રત્નત્રયીના ઉપાસક જેવા બનાવ્યા હતા – અને તે પણ એવા કે ભિક્ષુસંઘ ને ભિક્ષુકીસંઘના શિસ્તપાલન માટે એઓ જાતે દેખરેખ રાખતા હતા એમાં રસ લઈ રહ્યા હતા, જનસમાજને આજ્ઞા આપી રહ્યા હતા. પૂર્વભૂમિકાના મથુરાના આ સૌગંધિકે એક એવી હવા પાટલિપુત્રમાં ફેલાવી હતી કે મહારાજ અશોક એના શબ્દને દેવશબ્દ ગણાતા. જ્યારે આ સાધુ ઉપગુપ્ત મથુરામાંથી આંહીં આવ્યો ત્યારે મહારાજ અશોક જાતે એને ત્રણ કોશ સુધી સામે લેવા ગયા હતા.

જે માણસે પ્રથમ સમાચાર આપ્યા કે સાધુ ઉપગુપ્ત આવી રહ્યા છે તેને મહારાજે પોતાના બધા જ અલંકારો ત્યાંને ત્યાં આપી દીધા હતા.

આખું નગર તે દિવસે શણગાર્યું હતું.

અને મહારાજ સ્વયં સાધુને એની નૌકામાંથી હાથ પકડીને દાસની પેઠે ઉતારી રહ્યા હતા.

મહારાજે છેક લુમ્બિનીવન સુધી ધર્મયાત્રા કરી હતી તે આ સાધુના સંગમાં. તે વખતે લુમ્બિનીગ્રામમાં ભૂમિનો કર પણ મહારાજે આઠમો ભાગ કરી

૨૯. બુદ્ધ, સંઘ, ધર્મ.

નાખ્યો – છઠ્ઠો નહિ. ત્યાં ધર્મકર હતો તે માફ કરી નાખ્યો.[30]

રત્નત્રયીના આ પરમ ઉપાસકે ભગવાન તથાગતનાં ચરણ જ્યાં-જ્યાં ફર્યાં હતાં, ત્યાં ત્યાં સ્થળેસ્થળે મહારાજ અશોકને ધર્મયાત્રા કરાવી હતી. ત્યાં સ્થળેસ્થળે મહારાજે દાન કર્યાં હતાં. સ્થળેસ્થળે સ્તંભો – સ્તૂપો – લેખો કોતરાવ્યા હતા.

સાધુ ઉપગુપ્ત એ લોકપ્રિય નામ બન્યું હતું. બાકી તો એની મોગલીપુત્ત તિસ્સના નામે જ સંઘમાં વધારે પ્રસિદ્ધિ હતી.

સાધુ ઉપગુપ્તને એક વાત રુચી નહિ હોય, એ રાધાગુપ્ત સમજી ગયો.

ચંદ્રગુપ્તસભાની વાત એને રુચી નહિ હોય. એને રાજપ્રતિનિધિ નીમવાની વાત પણ રુચી નહિ હોય. એને કુણાલકુમાર હિમવંતપ્રદેશમાં જાય એ પણ રુચ્યું નહિ હોય. હિમવંતપ્રદેશમાં એ પોતે જવા માગતો હતો, ત્યારે કુણાલકુમારને એ ધર્મયાત્રામાં એ સાથે લઈ જવા ઇચ્છતો હતો. કુણાલકુમારથી તક્ષશિલા જવાની વાત એના કાને ગયેલી હોવી જોઈએ. અત્યારે એનું આગમન આ સંબંધે જ હોવું જોઈએ. જેવી રીતે મહારાજ અશોકને સ્થળેસ્થળે લઈ ગયો, એ જ વાત હવે કુણાલકુમાર માટે એના મનમાં હોવી જોઈએ.

રાધાગુપ્તને સાંભર્યું:એક લક્ષ સુવર્ણ કાર્ષાપણ મહારાજે બોધિવૃક્ષ નીચે દાનમાં આપ્યા હતા.

રાધાગુપ્ત ત્યારે સાથે હતો. ખલ્લાટક મંત્રીશ્વર હતો. તે વખતે સુબંધુ પણ હતો. મહારાજ પાસે જનસમુદાય જેમ સમુદ્ર ખળભળે તેમ ખળભળતો હતો.

મંત્રીઓ નત મસ્તકે એ બધી જ વાત મનમાં ઉતારી ગયા હતા, એમને રુચતી ન હોય તો પણ. મહારાજે એક મોહિની જનગણમાં લગાડી હતી. બધા જ એમના દેવત્વને વંદી રહ્યા હતા.

એ જ વાત કુણાલ માટે સાધુ ઉપગુપ્તના મનમાં હવે હોવી જોઈએ.

રાધાગુપ્ત હતો ત્યાં એકદમ શાંત થઈ ગયો. થોડી વારમાં જ મહામાયા આવી. એ આ વાત કહેવા આવી હતી. રાધાગુપ્ત એવી જગ્યાએ શાંત સ્થિર ઊભો રહી ગયો કે ત્યાંથી ઉપગુપ્તની તલેતલ વાત સંભળાય ને તિષ્યરક્ષિતાની દરેકે દરેક હિલચાલ જોઈ શકાય.

તિષ્યરક્ષિતાનો જે પ્રેમાવેશ તેણે આજે નિહાળ્યો એનાથી એ સ્તબ્ધ જ થઈ ગયો હતો. એને ખાતરી થઈ ગઈ કે મગધમાં હવે કોઈ સલામત નથી. આ નારી કુણાલકુમારને કાં પોતાનો બનાવશે, કાં એને હતો-ન-હતો કરી નાખશે.

અત્યાર સુધી એના મનમાં હતું કે મહારાજ અશોક જેવા મહાપવિત્ર દેવપુરુષનું દિલ પોતે દૂભવે એ ઠીક નથી. હવે એણે વજ્રલેપ નિશ્ચય જ કરી

30. લુમ્બિનીનો એ શિલાલેખ મળ્યો છે.

લીધો – કુણાલકુમારે જવું જ જોઈએ.

એ ત્યાં શાંત ઊભો. સાધુ ઉપગુપ્તને આવતો એણે નિહાળ્યો. પણ એણે તિષ્યરક્ષિતા સામે જોયું – અને એ પોતે જે જોયું તે માનતો ન હોય તેમ, પોતે કોઈ ભ્રમમાં તો નથી નાં એની ખાતરી કરવા પોતાની જ આંગળી કરડવા મંડ્યો.

ના, એ ભ્રમમાં ન હતો. પણ જાણે એ તિષ્યરક્ષિતા જ ત્યાં ન હતી! એક પળમાં તો એ રત્નયત્રીની પરમ ઉપાસક હોય એવી, અત્યંત વિનમ્ર, શાંત, સ્વસ્થ, પ્રજ્ઞાપારમિતા સમી સાધુ ઉપગુપ્તને નત મસ્તકે પ્રણમતી ત્યાં ઊભી હતી!

પેલી રાગ રાગ ને રાગ ભરી નારી કોણ જાણે ક્યાં ઊડી ગઈ હતી.

કુણાલકુમાર સાધુ ઉપગુપ્તને પ્રણમતો આગળ આવ્યો.

સાધુ ઉપગુપ્ત ત્યાં આવ્યો. જાણે કાંઈ જ જોતો ન હોય તેમ એ શાંત બેઠો. કાંઈ જાણતો ન હોય તેમ સ્વસ્થતાથી પળ-બે-પળ એણે ચારે તરફ એક દૃષ્ટિ કરી.

'ભદંત! મહારાજનું સ્વાસ્થ્ય તો...' તિષ્યારક્ષિતા બોલી.

'આકાશગોત્ર પોતે જ સાંજ સુધી ત્યાં હતો. મહારાજનું સ્વાસ્થ્ય શ્રમયોગ્ય બની રહ્યું છે. એકાદ માસ પછી તો પોતે કાશ્મીર જઈ શકશે!'

'પોતે?...' તિષ્યરક્ષિતા નવાઈ પામી ગઈ. રાધાગુપ્ત પણ આશ્ચર્ય પામ્યો. વાતનું આખું ચક્કર સાધુએ ફેરવી નાખ્યું હોય તેમ જણાયું. તિષ્યરક્ષિતા અને કુણાલકુમારને એ વાત કહેવા જ આવ્યો હોવો જોઈએ.

સાધુ ઉપગુપ્ત, ઊંચો, સુંદર, સશક્ત, વૃદ્ધ છતાં મોહક ચહેરાનો, મનને આકર્ષી લે એવો પ્રતિભાવંત આદમી હતો. એ જે બોલે તે થશે જ એવી એક શ્રદ્ધા એના શબ્દોમાંથી ઊઠતી હતી. પોતાની શ્રદ્ધા ઉપર નિર્ભર એવો એ અભય પુરુષ હતો. એ જેમ ભયને જાણતો નહિ, તેમ અવિશ્વાસને ઓળખતો નહિ.

કોઈ પોતાનો અવિશ્વાસ નહિ કરે એવી જબ્બર શ્રદ્ધા એનામાં બેઠી હતી. તેણે દૃઢ વિશ્વાસથી, બનવાનું જ હોય તેમ કહ્યું: 'પોતે જશે, મહારાણી! મને વિશ્વાસ છે. કાશ્મીર, યોન, ગાંધાર, તક્ષશિલા, પાર્શવ – બધાં જ મહારાજનો સંદેશો એ જાતે બોલતા હોય તે વખતે, સાંભળવા ઇચ્છે છે. એ વખતે હું પણ જવાનો છું સાધુ માધ્યમિક કાશ્મીર પ્રદેશમાં ઊભા થઈ રહેલા પંચશત સ્તૂપો નિહાળવા જશે... એ વખતે એક બીજા રાજપુરુષને પણ સાથે જવાનું છે. ને તેને માટે તમારી અનુજ્ઞા મેળવવી, એમ મહારાજનું કથન છે...!'

'મહારાજનું કથન છે? મારી અનુજ્ઞા મેળવવાનું? અરે! ભદંત! તમે મહારાજને જાણતા નથી. મહારાજને વિનોદ પણ પ્રિય છે. ક્યારેક તો અમે બધાં હસીને બેવડ વળી જઈએ એવો વિનોદ પોતે કરે છે. આ કોઈ એવો વિનોદ કર્યો

લાગે છે, કાં, રાજકુમાર? તમે કેમ બોલતા નથી?'

'એમની જ વાત છે.....' સાધુ ઉપગુપ્તે કહ્યું.

'કોની – કુણાલકુમારની?' તિષ્યરક્ષિતાએ ઉતાવળે વ્યગ્ર અવાજે પૂછ્યું.

'હા, રાજકુમાર કુણાલની. રાજકુમાર! તમારે મહારાજની સાથે તક્ષશિલા જવાનું છે.'

'મહારાજની આજ્ઞા....'

'એ જ છે ને એ જ હશે!'

'પણ ચંદ્રગુપ્તસભા મળવાની છે, ભદંત!'

'તે ભલે ને મળે.....' તિષ્યરક્ષિતાએ કહ્યું:'આપણે તો આવા સાધુજનનો શબ્દ એ શિરસાવંદ્ય:અને તક્ષશિલા નથી જવું એમ પણ ક્યાં છે?....... જવું છે, મહારાજ સાથે જવું છે, એટલી જ વાત છે.'

'એનું કારણ છે, કુમાર! મહારાજ હવે ધર્મવિજયની એક પરંપરા સ્થાપી દેવા માગે છે. એ સ્થાપિત રાજનીતિ થવાની છે. લોકો એમાં જ શ્રદ્ધા રાખતા થાય એવી હવા તેઓ પ્રગટાવવા માગે છે. તક્ષશિલાનો વિદ્રોહ એ સમજે છે. પણ રત્નત્રયીના પ્રતાપે ન શમે એવો કોઈ વિદ્રોહ ક્યાંય હોતો જ નથી. મહારાજ પોતાની પ્રેરક પ્રેમવાણીથી લોકનાં દિલ જીતવા જાય છે – પ્રદેશ નહિ. પ્રદેશ બહુ જીત્યા. પ્રદેશ જીતનારા રાખોડી, મટોડી, ઢેફાં જીતે છે. માનવને પ્રેમથી જીતનારા સાચું જીતે છે. આપણે ભારતવર્ષ નહિ, દુનિયા-આખી ફેરવી નાખવી છે. એ મહાભાગ્ય કુણાલકુમારનું હો – ને મારું પણ હો! મહારાજ જાય ને તમે ત્યાં સાથે હો એમ એમની ઇચ્છા છે. અમારી સાધુસંઘની ઇચ્છા છે. એ દૃશ્ય અલૌકિક હશે. ધર્મમહામાત્રો, મજ્જન્તિક, મહારક્ખિત, કશ્યપ – એવાએવા સાથે સાથે હશે. એક નવી જ પ્રણાલિકા સ્થપાય છે. દુનિયામાં ક્યાંય સિદ્ધ થયું નથી તે આંહીં મગધમાં સિદ્ધ થશે... પ્રદેશ જીતવા સૈન્યે જતાં, હવે લોક જીતવા, સાધુઓ જાય.'

સાધુ ઉપગુપ્તના છેલ્લા વાક્યે તિષ્યરક્ષિતા ચમકી ગઈ. કુણાલકુમાર પણ જરાક અસ્વસ્થ થઈ ગયો. પણ ઉપગુપ્તે તરત વાક્ય પૂરું કર્યું:'ક્યાંય સિદ્ધ થયું નથી, આંહીં મગધમાં સિદ્ધ થશે, લોકોને જીતે છે – યુદ્ધ નહિ, રત્નત્રયી. જ્ઞાન, પ્રેમ અહિંસા – એ નવા ધર્મવિજયધ્વજની પરંપરા તમારે ચલાવવાની છે, કુમાર! તમે એ પરંપરા માટે રાજ્યધુરા ભવિષ્યમાં વહો એટલા માટે તમારે ત્યારે અમારી સાથે આવવાનું છે. હમણાં જવાનું નથી, ચંદ્રગુપ્તસભા કહે તો પણ...'

કુણાલકુમારે બે હાથ જોડ્યા:'પણ, દેવ! મહારાજની શી આજ્ઞા છે? હું તો મહારાજની આજ્ઞા શિરસાવંદ્ય માનું!...'

'મહારાજની આજ્ઞા લઈને જ એઓ આવ્યા છે, કુમાર! તમારે એવી જવાની ખોટી ઉતાવળ પણ શી છે? આંહીં શું નથી? આંહીં ધર્મ છે, મહારાજ છે, હું છું, મહારાજની શુશ્રૂષા છે... સેવા છે, પ્રેમ છે – શું નથી?' તિષ્યરક્ષિતા બોલી, 'હું જ તમને કહું છું, લ્યો, હું તમને હવે નહિ જવા દઉં. મહારાજ સાથે જ તમારાથી જવાશે. હું તમને હવે નહિ છોડું, કુમાર! છોડી શકું નહિ. મારા હાથની એ વાત જ નથી, સમજ્યા? આંહીં તો પ્રશ્ન હવે એક મહાન પ્રેમ-ધર્મ-વિજયનો છે...' તિષ્યરક્ષિતા હસતીહસતી બોલી.

સાધુ ઉપગુપ્તે વધુ દઢ વિશ્વાસથી કહ્યું: 'જુઓ, કુણાલકુમાર! તમે એક વાત સમજો. ચંદ્રગુપ્તસભા એ કૌટિલ્યનીતિ હતી. મહારાજની નીતિ – એ તો પ્રેમહવા છે. કોણ વધે – પ્રેમહવા કે કૌટિલ્યનીતિ?'

'અરે પ્રેમહવા – પ્રેમહવા, બોલો ને, કુમાર!...' તિષ્યરક્ષિતા હસી પડી. 'એઓ બોલી શકતા નથી, ભદંત! એમને બોલવાનું ફાવતું નથી...

'ઘણાને નથી ફાવતું,' સાધુ ઉપગુપ્તે કહ્યું, 'કારણ કે એવા લોકો કાર્યમાં, કામમાં, જીવનમાં માને છે!'

'ત્યારે આ અમારા રાજકુમારનું પણ એમ જ છે. એઓ પ્રેમહવામાં નથી માનતા. પ્રેમવાતોમાં પણ નથી માનતા. એઓ તો પ્રેમજીવનમાં માને છે, કાં, કુમાર?'

'માનવને પ્રેમથી જીતી લેવામાં હું માનું છું...' કુણાલકુમારે જવાબ વાળ્યો, 'મહારાજ દેવપુરુષ છે. એમણે રાજ્યોને પ્રથમ જ આ રાજનીતિની ભેટ ધરી છે. મગધની હવે એ અચળ નીતિ છે!'

'તો આપણે મહારાજની આ આજ્ઞા પ્રમાણે કરવાનું...'

'પણ ચંદ્રગુપ્તસભા મળવાની ઘોષણા થઈ ગઈ છે... અને એની પણ પરંપરા છે. મહારાજ એને માન આપવાના જ, એનું શું?'

'ઘોષણા તો ભલે ને થઈ...' તિષ્યરક્ષિતા બોલી, 'આપણે આપણી નીતિ ઘડી છે.'

તમે ત્યાં ના પાડજો. મારે તો મહારાજની શુશ્રૂષા કરવી છે. તક્ષશિલાનો વિદ્રોહ, હું મહારાજની સાથે જઈને, મહારાજની રીતે શમાવવા માગું છું. દઢતાથી કહેજો, આજથી હવે આ પ્રણાલિકા બને છે...'

'મહારાજની એવી ઇચ્છા છે, ભદંત?' કુમારે પૂછ્યું.

'હું કહું છું ને, હા!' તિષ્યરક્ષિતા બોલી.

'મહારાજની એ ઇચ્છા છે, કુમાર!' સાધુ ઉપગુપ્તે કહ્યું: 'પણ તમે દઢ હો તો. મહારાજ ધર્મવિજયના જ આગ્રહી છે, પણ એ માર્ગ સ્થાપવાનો છે તમારે... મહારાજ તો અગ્રણી છે. તેમનું તમે ચલાવાના હો, તો એ આગ્રહ રાખી શકે.'

'હું તો મહારાજની ઇચ્છાનો દાસાનુદાસ છું. મહારાજની ઇચ્છા એ મારે માટે આજ્ઞા. એ કદાપિ ન ફરે.'

'બસ, તો મન એટલું જ દઢ રાખજો. તમને ખબર નથી – પણ આ પ્રશ્ન આવો છે કે મગધ પોતાની ધર્મપરંપરા જાળવશે કે ખોઈ નાખશે? રાધાગુપ્ત, એ હતી-ન-હતી કરી નાખવા મથે છે. પ્રાદેશિકો તો એના શબ્દને અનુસરે. મહારાજ પોતાની ધર્મપ્રણાલિકાને હવે સ્થાપિત રાજનીતિ જ બનાવવા માગે છે. એટલે તમે સૌ એ વખતે દઢ રહેજો ને બધાં રાજકુટુંબીજનો પણ દઢ રહે. હું એ કહેવા આવ્યો હતો. દેવી કાંચનમાલા દઢ રહે. નાનો દશરથકુમાર પણ દઢ રહે. તો ધર્મવિજય પણ પ્રણાલિકા બને... તો મગધના આખા વિશ્વને એ સિદ્ધિના પંથ લઈ જાય... તમારા ઉપર આધાર છે, કુમાર!'

કુણાલકુમાર દ્વિધામાં પડી ગયો, પણ તેણે બે હાથ જોડીને સાધુ ઉપગુપ્તને પ્રણામ કર્યા.

'ભદંત! તમારી ઇચ્છા સફળ હો! મહારાજની આજ્ઞા સફળ હો!'

'હું તો રાજકુમારને અનુસરનારી રહી, ભદંત!' તિષ્યરક્ષિતા નમીને બોલી: 'જ્યાં રાજકુમાર ત્યાં હું... મહારાજની ઇચ્છા પ્રમાણે જ થશે...'

સાધુ ઉપગુપ્ત બેઠો થતાં બોલ્યો:'ત્યારે તમે દઢ રહેજો... હું આ માટે આવ્યો હતો. આજે એ માટેનો શુભ દિન હતો. કેટલીક એવી પળ હોય છે. આ પળ એવી હતી. આખા વિશ્વ માટે યુદ્ધ ન રહે એ જેવી તેવી ગૌરવની વાત છે? ભગવાન તથાગતની ચરણધૂલિથી પવિત્ર થયેલી મગધભૂમિ એ સંદેશો નહિ આપે તો બીજું કોણ આપવાનું હતું? સાઠસાઠ સહસ્ર બ્રાહ્મણોને ભોજન આપતાં છતાં મહારાજના દિલમાં જે શાંતિ ન હતી તે આજે છે. કલિંગ સુધી મહારાજ્ય સ્થાપવા છતાં જે શાંતિ ન હતી તે આજે એમના દિલમાં છે. એમને સમ્યક્ જ્ઞાન થયું છે. શાંતિ શાંતિ આપનારને જ મળે છે. મહારાજે એ મહાનસૂત્ર જીવનસૂત્ર બનાવ્યું – અને આજ એ શાંતિનો, આનંદનો, સુખનો –'

'પ્રેમનો પણ કહો, ભદંત!' તિષ્યરક્ષિતા બોલી.

'અને હા, પ્રેમનો પણ મહાસાગર નિહાળી રહ્યા છે. એ સાગરને ક્યાં ય અટકવાપણું નથી. એટલે જ મહારાજ્યની ધુરા વહેવા છતાં મહારાજ સાધુના સાધુ છે. મહારાજ હમણાં કુકકુટારામમાં આરામ કરશે. આકાશગોત્ર પણ એ જ કહે છે...'

'હેં?' કુણાલકુમાર સ્તબ્ધ થઈ ગયો.

'આહા!...' તિષ્યરક્ષિતા બોલી ગઈ. અને તરત જ એણે ઉમેર્યું: 'તો હું શુશ્રૂષા માટે ત્યાં આવીશ. કુણાલકુમાર! મહારાજનો રાજમહાલય

હવે હમણાં તમારે સંભળાવો રહ્યો. હું આવતી – જતી રહીશ. તમે પણ, કુમાર! ભદંત સાધુ ઉપગુપ્ત કહે છે તે સમજો. પ્રેમનો જ વિજય છે.'

'અને ધર્મનો!' ઉપગુપ્તે પૂર્તિ કરી.

'ધર્મ અને પ્રેમ ક્યારે જુદા હતા, પ્રભુ? જે એકને મેળવે છે તેને બીજું મેળેલ જ છે.' તિષ્યરક્ષિતા બોલી. એની વાણી સાંભળીને રાધાગુપ્ત આશ્ચર્યમાં પડી ગયો. એ અક્ષરે અક્ષર ખોટી હતી ને છતાં અક્ષરે અક્ષર સાચી જણાતી હતી.

૧૯

દંતમુદ્રા

રાધાગુપ્ત વિચારમાં પડી ગયો. ચંદ્રગુપ્તસભાનું ભાવિ અનિશ્ચિત બનતું હતું. કુણાલકુમારનું ભાવિ પણ અનિશ્ચિત બનતું હતું. પોતાની યોજના પણ અનિશ્ચિત બનતી હતી. મહારાજની વાત પણ અનિશ્ચિત બનતી હતી. આમાં નિશ્ચિત વાત એક જ હતી – તિષ્યરક્ષિતાના અદમ્ય પ્રેમાવેશની.

એ જીતવાની. પણ એ ન જીતે, તો એનો પરાજિત પ્રેમ એને ક્યાં લઈ જાય એ એટલું જ અનિશ્ચિત હતું. ગમે તે થાય, પરંતુ એક પળે પાટલિપુત્રમાં કોઈ એવો ભયંકર, વીજળીના ઘા સમો આઘાત પડવાનો હતો કે એક જ ઘા દેશ-આખાને છિન્નભિન્ન કરી નાખે. દેશ-આખો ખળીભળી ઊઠે. આ ભાવિ નિશ્ચિત હતું, બીજું બધું અનિશ્ચિત હતું. કાંચનમાલાને આ વાત કહેવા જેટલી હિમ્મત પણ રાધાગુપ્ત કરી ન શકે. એને એમાં તો વધુ ભય લાગતો હતો.

કુણાલકુમારનું મૃદુ દિલ જરા જેટલું પણ ઘવાય – તો એનો માર્ગ સ્પષ્ટ હતો. રાધાગુપ્ત એ વસ્તુથી ધ્રૂજી રહ્યો હતો. કુણાલકુમાર તરત જ બધાં રાજકુટુંબીઓના પંથે વળી જવાનો, કાષાયવસ્ત્રધારી બની જવાનો. સાધુ ઉપગુપ્તની તો એ જ પ્રબળ ઇચ્છા હોય, એટલે રાધાગુપ્ત માટે એક જ રસ્તો રહ્યો – જે જાણ્યું તે મનમાં રાખવાનો. એ એક જ માર્ગ હતો.

તેણે કાંચનમાલાને આ કોઈ વાત કહી નહિ.

પણ એટલે ચંદ્રગુપ્તસભાનો પ્રશ્ન ઘણો વધારે વિચિત્ર બનતો હતો.

હવે માત્ર રાધાગુપ્તે ચંદ્રગુપ્તસભાને સજીવન કરવાની જ ન હતી, એનું ગૌરવ ન હણાય તેમ બધા વર્તે એ પણ જોવાનું હતું. કુણાલકુમાર તક્ષશિલા જવાની ના પાડી ન બેસે એ જોવાનું હતું. મહારાજ રાજત્યાગ કરી ન બેસે તે જોવાનું હતું. તિષ્યરક્ષિતા સર્વસત્તાધારી થઈ ન બેસે તે પણ જોવાનું હતું. અત્યારે કોઈ વિદ્રોહ કરી મૂકે, તો એને ડારનાર આંહીંથી કોઈ જ નહિ હોય, એવું વાતાવરણ

થઈ ન જાય એ પણ જોવાનું હતું. ધર્મયાત્રાની એ છાપ ન ઊઠે તે જોવાનું હતું.

મહારાજ પોતે તક્ષશિલા જવા માગતા હતા. એઓ જવાના પણ ખરા. એમનું અદ્‌ભુત વ્યક્તિત્વ ત્યાં ધર્મઘોષણા પ્રગટાવે. ત્યાં શાંતિ સ્થપાઈ જાય... એ બધું થાય, પણ રાધાગુપ્તને એ બધું છતાં લાગતું હતું કે સુશાસનની વ્યવસ્થામાં કોઈક કડી એવી ખૂટતી હતી કે એ જો હવે નહિ સ્થપાય, તો સુશાસન અશક્ય થઈ પડશે. એ કડી તે ચંદ્રગુપ્તસભાની, રાજપ્રતિનિધિ સ્થાપવાની, કુણાલકુમારને અગ્રપદે રાખવાની, યુવરાજ તરીકે એ તક્ષશિલા જાય એ પ્રણાલિકા ચાલુ કરવાની, ફરીને ચંદ્રગુપ્તસભાને એના મૂળ ગૌરવે મૂકી દેવાની.

એણે ચંદ્રગુપ્તસભાની ઘોષણા ફરીને કરાવી. તિષ્યરક્ષિતાનો એ પળ-પળનો જાગ્રત ચોકીદાર બની ગયો. કોઈક ભયંકર આઘાત તિષ્યરક્ષિતા અચાનક જ આપી ન દે એ હવે એણે જોવાનું હતું. મોટામાં મોટો ભય એને કુણાલના જીવનનો હતો. કુણાલકુમાર માટે એ ભારે ચિંતા સેવી રહ્યો. એના ઉપર મગધનું ભાવિ લટકતું હતું. જરાક પણ ઉતાવળ થાય ને એનું દિલ દુભાઈ જાય, તો મોટામાં મોટો ભય એ સાધુપંથે વળી જાય એ હતો. એટલે દૂરદૂરથી રાધાગુપ્તે એની સંભાળ લેવી રહી. એણે મહામાયાને હવે ચેતવી દીધી હતી. તિષ્યરક્ષિતાને કે કોઈને લેશ પણ શંકા ન પડે એવી રીતે એની પળેપળની હિલચાલ મેળવવાની હતી. એને શંકા ન આવે એમ જ બધું કરવાનું હતું. મહામાયા પણ દિવસે તો ભાગ્યે જ કોઈ દિવસ બહાર ફરકતી.

એ રાધાગુપ્તને મળતી હંમેશાં. હંમેશના સમાચાર હંમેશ આપતી. પણ એ બધું જ રાત્રિનો અંધકાર જાણતો. ચંદ્રગુપ્તસભાની આડે આઠેક દિવસ રહ્યા, ત્યારે તિષ્યરક્ષિતા મહારાજને પાછા મહાલયમાં આવવાનું સમજાવી શકી હતી. પહેલાં પ્રમાણે જ એમની શુશ્રૂષા ચાલુ થઈ. કુણાલકુમાર ત્યાં રાત-દિવસ રહેતો હતો. એના દિલમાં અગાધ પિતૃભક્તિ હતી. એ પિતૃભક્તનો લાભ તિષ્યરક્ષિતાએ ધીમેધીમે લેવો શરૂ કર્યો હતો. એની દ્વિઅર્થી પ્રેમવાતો પણ ચાલતી થઈ. કુણાલ દૃઢ હતો.

મહામાયાએ આ વાત કહી. રાધાગુપ્ત ચેતી ગયો. તિષ્યરક્ષિતા પ્રેમમાં અંધ હતી. એનો બધો જ પ્રયત્ન કુણાલકુમારને વશ કરવાનો હતો. એ પ્રેમ વ્યક્ત કરવામાં એટલી આગળ વધી ગઈ હતી કે હવે તો એ બીજું કરી જ ન શકે. કાં એને વશ કરે, કાં એનો વિનાશ કરે.

એટલે રાધાગુપ્ત એક દિવસ મહારાજ પાસે ગયો, પણ ત્યાં મહાલયમાં ઘડીઘડીની શુશ્રૂષા ચાલી રહી હતી. તિષ્યરક્ષિતા ત્યાં ખડે પગે ઊભી હતી. ભિષગ્વર આકાશગોત્ર આવતો-જતો. કુણાલકુમાર પિતાની શય્યા પાસેથી એક

પળ પણ આઘો ન ખસે તે માટે તિષ્યરક્ષિતાએ શુશ્રૂષાનો ઘણો ભાર એના ઉપર નાખી દીધો હતો.

રાધાગુપ્તને લાગ્યું કે આમાં મહારાજ સાથે બે પળ પણ એકાંત મેળવવું મુશ્કેલ છે. મહારાજની અસ્વસ્થતાને તિષ્યરક્ષિતાએ પોતે જ વર્ણન કરીકરીને શતગુણ કરી મૂકી હતી.

એક રીતે મહારાજ અત્યારે ન સમજી શકાય એવા બંદીવાસમાં હતા. એ બંધનમાં ન હતા, પણ મુક્ત ન હતા.

એમનો અક્ષરે અક્ષર પળાતો હતો. એમનો બોલેલો શબ્દ તરત જ ઝીલી લેવાતો હતો. દાનનો તો જાણે મહારાજને હાથે હવે ધોધ વહેવાનો હોય એમ નવાનવા સ્તૂપોની, સ્તંભોની, સ્મારકોની વાતો ચાલ્યા કરતી હતી. હમણાં વળી બૌદ્ધ સંઘ મેળવવાની વાત ચાલી હતી. એ વખતે મહારાજ જાણે લેશ પણ અસ્વસ્થ હોય તેમ લાગતું નહિ. અને છતાં મહારાજ પણ પોતાને અસ્વસ્થ માની રહ્યા હતા.

એમને જીવનમાં કાંઈક અપૂર્ણ લાગતું હતું. તત્કાલ આજ્ઞા આપવામાં પણ એમનું મન પાછું પડતું હતું. એમને થતું: હું આજ્ઞા આપનારો કોણ? સામાના દિલની સમજ ઉપર એમને અપાર શ્રદ્ધા જન્મી હતી. આજ્ઞા કરવી એ હિંસા જ હતી. સામો સમજે એવી વાણીમાં બોલવું એમાં પ્રેમ હતો. મહારાજની આ મનોદશા હતી. એઓ જાણે શસ્ત્રમાં તો ન માનતા, પણ આજ્ઞામાં પણ ન માનતા.

પણ રાધાગુપ્તને એક પળ પણ એકાંત મળ્યું નહિ. તે દિવસે એ મૌન સેવી રહ્યો.

બીજા દિવસે એ આવ્યો. એક પળ મહારાજના આસન પાસેથી તિષ્યરક્ષિતા દૂર ન હતી.

ત્રીજા દિવસે પણ આવ્યો. આજે એની સાથે વૃદ્ધ મંત્રીશ્વર ખલ્લાટક પણ હતો. બંને કાંઈક નિશ્ચય કરીને જ આવ્યા હતા. તિષ્યરક્ષિતાની ક્ષુલ્લક વાત તો લેશ પણ પ્રગટ ન થાય, તે માટે રાધાગુપ્તે મોંએ લોખંડી જ લગાવ્યું હતું. એ પ્રગટ થાય તો-તો મહાન ઘર્ષણ ને કલેશ થાય, અનર્થની પરંપરા જન્મે.

બંને મંત્રીશ્વરની મુખમુદ્રા ઉપર ચિંતા હતી.

તિષ્યરક્ષિતા આઘીપાછી થઈ ને જરાક જ તક મળી કે તરત જ વૃદ્ધ મંત્રીશ્વર ખલ્લાટક બોલી ગયો: 'મહારાજ! બે પળ અમને એકાંત મળે એ વિજ્ઞપ્તિ છે. કોઈક ભયંકર આગાહી આપવાનું અમારા ભાગ્યમાં છે. અમે સો વર્ષ થયાં મગધને વળગી રહ્યા છીએ.'

'શું છે, મંત્રીશ્વર? શાની વાત છે?'

'જે છે તે મહારાજને એકને માટે જ છે... અને નહિતર કાંઈ જ વાત નથી.'

મંત્રીઓની મુખમુદ્રામાં ભારે ચિંતા મહારાજે જોઈ.

મહારાજે તરત જ આજ્ઞા આપી:પણ એમની આજ્ઞાના શબ્દોમાં પણ હવે જે પ્રેમ વહેતો હતો તે જોઈને બંને મંત્રીશ્વરોનાં દિલ દ્રવી ગયાં. એમને લાગ્યું કે મગધપતિ મહાન હશે, પણ મહારાજ અશોક તો અશોક છે. પોતાના ભૃત્યને પણ માનવગૌરવ વિના બોલાવે નહિ. મહારાજે જે માનવગૌરવ કર્યું હતું, માનવગૌરવ સ્થાપ્યું હતું, માનવ ગૌરવને બધાથી ઊંચે મૂક્યું હતું – શાસનથી, રાજનીતિથી, વ્યવસ્થાથી, ન્યાયનીતિથી, ધર્મથી, યુદ્ધથી સામ્રાજ્ય સ્થાપનાથી પણ – માનવગૌરવને એમણે જે રીતે લોકહવામાં વહેતું કર્યું હતું, એ તો એક શત યુદ્ધના અંતે પણ ન આવે એવી વસ્તુ હતી.

બંને મંત્રીશ્વરો દિલમાં ને દિલમાં મહારાજની મહાનુભાવતાને પ્રણમી રહ્યા.

મહારાજે જરાક તાલી પાડી. એક યવની દોડતી આવતી હતી, પણ તિષ્યરક્ષિતાએ વચ્ચેથી એને અટકાવી દીધી. તે પોતે જ મહારાજ પાસે આવી પહોંચી. તેણે ધીમે શાંત મૃદુ વાણીમાં પૂછ્યું:'મહારાજ, શી આજ્ઞા છે?'

'એટલી જ –' મહારાજ અશોકે ધીમેથી કહ્યું : 'મારી આજ્ઞાને કોઈ આજ્ઞા ન માને!'

'અરે! દેવ! દેવ! તમે શું બોલો છો? મહારાજની આજ્ઞાને આજ્ઞા ન માનનારો કોઈ કાપુરુષ આંહીં તો નથી. શું મંત્રીશ્વરોને કાંઈ કહેવાનું છે કે એમણે કાંઈ કહ્યું છે?'

'દેવી! આ મંત્રીશ્વરો નથી. એઓ તો મગધભૂમિના પુત્રો છે. અમે ત્રણે પુત્રોએ મળીને માને બાળપણમાં રંજાડી હશે એનો કાંઈક વિનોદ કરવા એઓ આવ્યા લાગે છે. એમને દિલ થઈ આવ્યું લાગે છે, આ ચાલ્યો જાય તે પહેલાં એક વખત આનંદગોષ્ઠિ કરી લઈએ. આવી પ્રેમકથા તો વધારે સુંદર થતી વહે. એકલા હોય ત્યારે. એટલે એ વાત કહી રહ્યા હતા, બીજું કાંઈ નથી. એમને મારી અસ્વસ્થા જોઈને, છેલ્લો લહાવો લેવાની પ્રેમભીની ઇચ્છા થઈ આવી લાગે છે – છેવટે તો અમે સાથે રમેલા નાં? જરાક યવનીઓ ભલે આઘીપાછી થાય. આકાશગોત્ર આવે તો ભલે, પાસેના ખંડમાં બેસે – તમે પણ ત્યાં કુણાલકુમારની સાથે જ બેસજો. એ હવે કુમાર તમારો જ છે. તમારે જ એને પ્રેમહવાથી ઘડવાનો છે!'

'અરે! મહારાજ!...' તિષ્યરક્ષિતા બોલીને આઘી ખસી ગઈ.

તે સમજી ગઈ કે ચંદ્રગુપ્તસભાની કોઈ વાત આ મંત્રીશ્વરો લાવ્યા હોવા જોઈએ.

પણ એનું મન હવે જુદા જ પંથે હતું. ચંદ્રગુપ્તસભા પણ જહન્નમમાં જાય, મગધ પણ જહન્નમમાં જાય, અને આ મહારાજ પણ ભલે જહન્નમમાં જાય. જો એ પોતે સુંદર કુમાર – કુણાલકુમારની સાથે એકલી એકાંતમાં પ્રેમગોષ્ઠિ કરતી

બેસી શકતી હોય તો બીજું બધું જ ભલે જહન્નમમાં જાય.

એને તો કુણાલકુમારની સાથે દૂરદૂર, કોણ જાણે કેટલે દૂર, જ્યાં પંખી પણ ન હોય, વૃક્ષ ન હોય, વેલી ન હોય, પોતે હોય, કુણાલકુમાર હોય, પછી ભલે વેરાન ધરતી હોય, પણ એવા કોઈ પ્રવાસના પંથે એનું મન દોડી રહ્યું હતું. તે મહારાજના શબ્દો સાંભળતાં જ પાસેના ખંડમાં ચાલી ગઈ.

પણ ત્યાં આકાશગોત્ર ન હતો. કુણાલકુમાર પણ ન હતો. એને કાંઈ શાંતિ વળી નહિ. તેને સળવળાટ થવા માંડ્યો: આ રાધાગુપ્ત શી વાત કરવાનો હશે?

અચાનક એને ધ્રાસકો પડી ગયો. શંકા આવી ગઈ. ત્યારે તો આ દુષ્ટ વખતે પોતાની જ વાત કહેવા આવ્યો હશે. તો-તો રાજા, કુણાલકુમારને દેશવટો જ દઈ દે. અરે! હું પણ કેવી મૂરખી! તે ઉતાવળાં પણ ધીમાં પગલે તરત ત્વરાથી ત્યાંથી ઊપડી.

તેણે બે-ચાર યવનીઓને મહારાજની દ્વાર પાસે ખડી રાખી દીધી. 'કોઈ અંદર ન જાય –' તેણે ધીમેથી કહ્યું, 'અને કોઈ અંદર ન આવે... સમજી !' એ પોતે મહારાજના શયનભવન પાસેના એક નાનકડા ખંડમાં સરકી ગઈ. એ અંધારખૂણાના ગુપ્તખંડમાં રાતે રાજાની દેહરક્ષા માટે સશસ્ત્ર યવનીઓ ઊભી રહેતી.

અત્યારે ત્યાં કોઈ ન હતું. તે એકદમ અંદર ગઈ. એક કાષ્ઠાસન લીધું. ધીમેથી તેના ઉપર ચડી. ઉપરની ભીંતના એક ગોખરામાંથી એણે દૃષ્ટિ કરી. એને આનંદઆનંદ થઈ ગયો, ત્યાં પોતાને કોઈ જોઈ શકે તેમ ન હતું, પોતે બધાને જોઈ શકતી હતી, શબ્દો પણ સ્પષ્ટ પકડી શકાતા હતા. તે એકદમ શાંત – સ્વસ્થ થઈ ગઈ. એક જરા જેટલો પણ અવાજ ન થાય, એની સંભાળ રાખતી તે ત્યાં ઊભી. અંદર વાત ચાલી રહી હતી. તે એક કાન થઈ ગઈ.

રાધાગુપ્તે કાંઈક કહ્યું હશે તેનો પ્રત્યુત્તર મહારાજ અશોક આપી રહ્યા હોય તેમ લાગ્યું :

'પરંપરાનું તેજ આપણે જાળવવું છે, રાધાગુપ્ત! અને આપણી સ્થાપેલી આ નવી પરંપરા ચાલે એ પણ જોવું છે. છેવટે તો જે શાસન કરશે, તેની ઊંચા પ્રકારની સમજણ જ શાસનને વિજય અપાવશે. આપણે ચંદ્રગુપ્તસભા બોલાવવી જ છે, રાધાગુપ્ત! કોણે કહ્યું નથી બોલાવવી?'

'પણ દેવ! બોલાવીએ, અને ચંદ્રગુપ્તસભાનું ગૌરવ ન રહે, તો? સો વર્ષની ઉપાસના ઉપર મીંડું મુકાઈ જાય...' મંત્રીશ્વર ખલ્લાટક બોલ્યો.

'અરે! હોય કાંઈ, ખલ્લાટક!' મહારાજે ઉત્તર વાળ્યો: 'ચંદ્રગુપ્તસભા બોલાવો...'

'મહારાજ! ચંદ્રગુપ્તસભા બોલાવીએ, પણ એમાં જે નિર્ણય થાય, તે

નિર્ણયનું આપણે માન રાખીએ, તો બોલાવી પ્રમાણ; નહિતર તો ન બોલાવીએ એમાં એનું વધારે ગૌરવ રહે!'

'શાના નિર્ણયની વાત છે, રાધાગુપ્ત?'

'મહારાજ! વાત થઈ ગઈ છે તેવી જ. મગધપતિ હંમેશાં એક નિયમ જાળવતા આવ્યા છે. વૃદ્ધાવસ્થા ગૌરવહીન ગણાય એવી રીતે એઓ નૃપતિપદ સાથે રાખતા નથી...'

'નૃપતિપદ – હવે મારે શું કરવું છે, રાધાગુપ્ત?'

'મહારાજ! તમે તો દેવપુરુષ છો. નૃપતિ તો માણસ છે. પણ અમે નિર્ણય કર્યો છે, મંત્રીગણે : રાજપ્રતિનિધિ દશરથ થશે. રાજમાતા કાંચનમાલા હશે. કુણાલકુમાર તક્ષશિલા જશે. મહારાજને એ ગમશે? અગાઉ એ જ વાત મુકાઈ હતી. પણ અત્યારે મહારાજ સાધુસંઘ બોલાવવા માગે છે એમ અમે સાંભળ્યું. તે વખતે મહારાજ આમાં સંમત થઈ શકશે? મહારાજ શું ઇચ્છે છે?'

'હું પણ એ ઇચ્છું છું, રાધાગુપ્ત! પ્રશ્ન હોય તો માત્ર સમયનો પ્રશ્ન છે...'

'મહારાજ! ત્યારે મેં જે કાંઈ મારાથી થાય તે આંહીં મગધમાં કર્યું છે એ વિશ્વાસ ઉપર હું મહારાજને એક વિજ્ઞપ્તિ કરું?'

'શી? શી વિજ્ઞપ્તિ છે, રાધાગુપ્ત?'

રાધાગુપ્ત વિચારમાં પડી ગયો. તિષ્યરક્ષિતાના ભયંકર પ્રેમઆવેશમાંથી કુણાલકુમાર તો જ બચે, જો એ આંહીં ન હોય. એ વિચાર કરી રહ્યો. પણ એવી ક્ષુલ્લક વાત મહારાજના કાને નાખવામાં એને આખા રાજકુટુંબમાં ઘર્ષણ જાગે એ ભય લાગ્યો. અને એમાંથી તો વળી નવી ભિખ્ખુપરંપરા જાગી જાય – કોઈ રાજધુરા વહેનાર જ રહે નહિ. તેણે બે હાથ જોડ્યા: 'મહારાજ! રાધાગુપ્ત ભારતવર્ષમાં રહે કે ન રહે, એ બહુ મહત્ત્વની વાત નથી. એનું કામ એની સાથે જ ભલે સમાપ્તિ પામે. પણ જો મગધવંશ નહિ રહે, મહારાજ કૌટિલ્યે સ્થાપેલી રાજનીતિ જો નહિ રહે, ચંદ્રગુપ્તસભાની પરંપરા જો નહિ રહે, અને મૌર્યવંશનો સીધો કૌટુંબિક તંતુ જો નહિ રહે તો ભારતવર્ષ જે ખોશે, તે એને હજાર વર્ષે પણ પાછું નહિ મળે. મૌર્યવંશે તામ્રલિપ્તિ ને તામ્રપર્ણીથી છેક કાશ્મીર, યોન, પાર્શ્વદેશ સુધી બધા સમજે એવી વાણી પ્રગટાવી છે. એણે એક ભાષાનો પાયો નાખ્યો છે. એણે એકચક્રીસત્તા નીચે તમામ ક્ષુલ્લક બળોનો ક્ષુલ્લક અહંકાર નાથ્યો છે. એણે જ આંહીં એક મહાન ધર્મહવા પ્રગટાવી છે એના મહાન બળને પિછાનીને, છેક ચીન અને બેલીલોનનગરીથી લોકો આંહીં આકર્ષાયા છે. એ વિશ્વબળ ગણાય છે. એની સંસ્કૃતિ, બધાને સમજવા – અનુકરણ કરવા જેવી લાગે છે. આ બધું જ વહી જશે, જો મૌર્યવંશનો રાજતંતુ તૂટશે તો. ને મૌર્યવંશનો રાજતંતુ તૂટશે, મહારાજ! આ વસ્તુ મહત્ત્વની છે, જો કુણાલકુમાર હવે વધુ વખત, એક પળ

પણ વધુ આંહીં રહેશે તો.'

'એવું શું છે? એમ તું શા ઉપરથી માને છે?'

'મહારાજ! કુણાલકુમારે શાસનધુરા વહેવાનો વ્યવહાર હવે ઉપાડી લેવો જ જોઈએ, નહિતર જેમ કુમાર મહેન્દ્ર ધર્મપંથે પળ્યા, તિષ્યકુમાર પળ્યા, તેમ આ પણ પળશે. પછી આંહીં કોણ હશે? – મહારાજ વિચારી જુએ. હું કોઈ જ દેખતો નથી.'

'તો-તો રાધાગુપ્ત! ભારે કામ થાય... સાચો રાજા અને સાચો સાધુ, એ બે વિરલનું મિલન તો દેશને જ ફેરવી નાખે. કુણાલકુમાર તો કુણાલકુમાર છે. એ બંને વાત કરી શકશે. તું મફતનો ગભરાટ સેવે છે.'

'મહારાજ! ધર્મપ્રીતિ રાખવી એક વસ્તુ છે, ધર્મશાસન ચલાવવું એ બીજી જ વસ્તુ છે. શાસન ધર્મથી ચાલે છે, ધર્મ વડે ચાલે છે. પણ રાજા તે છે, જેને કોઈ જ ધર્મ નથી. તમામ પ્રજાજનોના તમામ ધર્મો એના. એનો પોતાનો કોઈ ધર્મ નહિ. રાજને ધર્મ નહિ. રાજાને પણ ધર્મ નહિ. શાસન એ છે. નહિતર તો, પ્રભુ!... પણ એ બધી વાત જવા દઈએ. હું તો મારી જ વાત કરી લેવા માગું છું. હું મૌર્યોનો દાસાનુદાસ છું. શતશત વર્ષથી એમને હું અનુસર્યો છું. મારા લોહીના કણકણમાં એમનું અન્ન છે. મૌર્યવંશનો વિનીપાત જોવા કરતાં હું જલસમાધિ લઉં. મારા જીવતાં એનું એક શિશુ જો અકાળે હણાય તો હું વિષપાન કરું. આ મારો મંત્રીધર્મ છે. હું બે હાથ જોડીને મારા મંત્રીધર્મની રક્ષા મહારાજ પાસે માગું છું. મેં ભૂલ કરી છે એમ લાગે તો મહારાજની સમક્ષ જ હું સંન્યસ્ત લઈશ. બાકી અત્યારે, હાલ ને હાલ – હમણાં જ, ચંદ્રગુપ્તસભા આજ્ઞા કરે કે તરત જ કુણાલકુમારે તો વિદાય લેવી જ રહી. મંત્રીગણનો એ નિર્ણય છે. મહારાજ એને અનુસરીને વિદાયની આજ્ઞા આપે... સેનાપતિ હિમવંત કુણાલકુમાર સાથે રક્ષણ અર્થે હશે...'

'પણ, રાધાગુપ્ત, આટલી બધી ઉતાવળનું કારણ?'

'એનું કારણ છે, ઘણાં કારણ છે. પણ, મહારાજ! મને ક્ષમા કરે, કારણ છે અને કારણ નથી, એમ જ સમજી લે.'

મહારાજ મારા ઉપર વિશ્વાસ મૂકે – એને જ કારણ ગણી લે.'

'મહારાજ! રાધાગુપ્તની વાત બરાબર છે.' ખલ્લાટકે ઉતાવળે કહ્યું, 'આજ જે નહિ થાય તે પછી કોઈ દિવસ નહિ થાય. કુણાલકુમાર – તક્ષશિલા તત્કાલ જાય, તો જ પરંપરાનો તંતુ જળવાશે. આપણો સમય જુદો હતો તે વખતે રાજપદનું યુદ્ધ થાય તો પણ મગધ ટકે તેમ હતું, આજે હવે નહિ ટકે. માટે કુણાલકુમાર તક્ષશિલા તરત જ સંભાળી લે.'

મહારાજ અશોક વિચારમાં પડી ગયા. કોઈક વાત એવી હતી જે

મંત્રીઓ પ્રગટ કરવા માગતા ન હતા. તેમણે શાંતિથી કહ્યું. 'ખલ્લાટક ! રાધાગુપ્ત ! ભલે તમે કહો છો તેમ હો... પણ મને એમાં ભાવિનો અંધકાર દેખાય છે.

તક્ષશિલાનો વિદ્રોહ એ માત્ર પ્રજાસમજણનો સવાલ છે. એમને લાગે છે, આંહીં ખૂણે, અમારો કોઈ ભાવ પૂછતું નથી. પંચશત સ્તૂપો એટલા માટે કાશ્મીરમાં નિર્માય છે. હું જાતે ધર્મઘોષણા કરવાનો છું.'

'એ બધું ભલે ચાલે, મહારાજ ! પણ યુદ્ધ કરનારું કોઈ જ નથી, એ વસ્તુ તો ખતરનાક નીવડવાની, દેવ ! એટલે મહારાજ રાજકુમારને જ આદેશ આપીને મોકલે – કુણાલકુમાર પણ ધર્મઘોષણા કરશે. મહારાજ એમને જવાની અનુજ્ઞા આપે.'

'મારી અનુજ્ઞા હશે,... પણ ભદંત ઉપગુપ્તને એ નહિ રુચે. મને પણ, રાધાગુપ્ત ! કોણ જાણે કેમ, આ ગમતું નથી. આપણે યુદ્ધને વિદાય જ દઈ દીધી છે.'

'અને આપણે યુદ્ધ કરવું પણ નથી, દેવ ! પણ આપણે યુદ્ધ ન કરવા માટે એટલું નમતું જોખવું કે છેવટે આપણું વ્યક્તિત્વ જ ન રહે, તો જે યુદ્ધ થશે, તે સર્વનાશનું હશે. પ્રજાને ટાઢે કોઠે અને પોતાના જ બેવકૂફીભર્યા ઘેલાઆદર્શો દ્વારા જે, હણે છે – એ માત્ર હણનારો બનતો નથી, એ તો ઘાતક છે, ચાંડાલ છે. ઘેલા આદર્શના આવા ઘેલા આદમી માટે, મહારાજ ! શાસનમાં કોઈ સ્થાન નથી. મહારાજ અનુજ્ઞા આપે. કુણાલકુમારને તક્ષશિલા મોકલે. એ યુવરાજ છે. એમણે જવું જ જોઈએ. મહારાજને ક્યાં અનુભવ નથી – ? તમારે પણ જવું પડતું હતું.'

'તમારો આગ્રહ છે – ભલે જાય... પણ, રાધાગુપ્ત ! કોણ જાણે કેમ, હું ભાવિમાં અંધકાર જોઉં છું !'

રાધાગુપ્ત મહારાજના શબ્દે ચમકી ગયો. તે વિચારમાં પડી ગયો. કાંઈક મનોમંથન કરી રહ્યો. અચાનક તેને કાંઈક સાંભળ્યું હોય તેમ તેણે કહ્યું, 'મહારાજ ! ત્યારે એક બીજી વિજ્ઞપ્તિ પણ છે. મહારાજ જે કાંઈ સંદેશો કે આદેશ આંહીંથી કુણાલકુમારને મોકલે, તે દંતમુદ્રાથી સિદ્ધ કરીને મોકલે, સુરક્ષિત કરીને મોકલે, માત્ર રાજમુદ્રાથી નહિ. કોઈ પણ પ્રાદેશિક આવડું મહાન રાજ પોતાનું કરવા લલચાશે. મહારાજના નામે ગમે તે આદેશ મોકલીને અવ્યવસ્થા લાવશે. માટે મહારાજની દંતમુદ્રા વિનાની કોઈ જ વાત કુણાલકુમાર ન માને – મહારાજે એ કરવું રહ્યું... અને કુણાલકુમારે એ પરમ સત્ય હોય તેમ એને, વળગવું રહ્યું.'

મહારાજ અશોક હસી પડ્યા : 'તારા ઉપર, રાધાગુપ્ત ! ભગવાન કૌટિલ્યે ચાર હાથ મૂક્યા છે. તને કોઈનો વિશ્વાસ નથી, મને કોઈનો અવિશ્વાસ નથી. મને અવિશ્વાસ કેવળ યુદ્ધનો છે. પણ સારું, તું કહે છે તેમ થશે જ. દંતમુદ્રા વિના કોઈ જ વાત કુણાલ ન માને. પણ તને એક ખબર છે. નાં – શતકોટિ કાર્ષાપણ દ્રવ્ય વિના મારું ઋણ અઋણ થતું નથી !.....'

રાધાગુપ્ત જવાબ આપતાં અચકાયો, પણ ખલ્લાટકે તાત્કાલિક પ્રત્યુત્તર

આપ્યો :

'મહારાજ પોતાને અનૃણ જવા માટે જે-જે કરે તેમાં કોઈ જ વચ્ચે આવી શકતું નથી. એ આખો પ્રશ્ન જ, દેવ! જુદો છે...'

રાધાગુપ્તને સાંભળી રહેલી તિષ્યરક્ષિતા ઊંડા વિચારમાં પડી ગઈ હતી. એને થયું કે રાધાગુપ્તે કહ્યા વિના ઘણું કહી દીધું છે. કુણાલકુમારને એ આંહીંથી તત્કાલ જ ફેરવી જ નાખવા માગે છે. એટલે તેણે પોતાની તૈયારી કરવાની હતી, અને તે પણ તત્કાલ.

તે મનમાં ને મનમાં બોલી રહી :

કુણાલકુમાર આંહીંથી જઈ શકે નહિ – હવે તો જઈ શકે જ નહિ. એ જઈ શકશે, ત્યારે તો તિષ્યરક્ષિતા તમામ ભિત્તિઆદર્શો ભૂંસી નાખશે. પોતાનું રૂપ એ પોતે જ અરૂપ બનાવી દેશે.

રૂપનો વિજય જ્યારે વિશ્વમાં નહિ હોય ત્યારે વિશ્વ કેવળ પથરાઓનું બનેલું હશે.

રાજપ્રતિનિધિ પેલું છોકરું બનશે – અને રાજમાતા પેલી કાંચનમાલા?

એ ભલે ગમે તે થાય, મારે બીજાનું કામ નથી. કુણાલકુમાર એમના રહે એ હવે કદાપિ પણ થવાનું નથી.'

તેણે જાણવાનું જાણી લીધું હતું. એક વાત એને સમજાતી ન હતીઃ દંતમુદ્રા માટે રાધાગુપ્તે શા માટે આટલો બધો આગ્રહ કર્યો હશે? તેને કાંઈ સમજાયું નહિ. એટલામાં રાધાગુપ્ત વિદાય લઈ રહ્યો છે એ જોઈને તે ઉતાવળી-ઉતાવળી બહાર નીકળી ગઈ.

રાધાગુપ્ત અને ખલ્લાટક પણ બહાર નીકળ્યા. ત્યારે રાધાગુપ્તે ખલ્લાટકને કહ્યુંઃ'મંત્રીશ્વર! તમે શતકોટિ કાર્ષાપણ માટે મહારાજને વચન તો આપી દીધું, પણ એ કાર્ષાપણ આપણે આપી શકતા નથી.'

'અને આપણે આપવા પણ નથી.'

'આપણું વચન, મંત્રીશ્વર! એનું શું?'

'આપણું વચન રહે છે. પણ સર્વસ્વ આપણે નથી, ચંદ્રગુપ્તસભા છે. રાજપ્રતિનિધિ દશરથકુમાર છે. મહારાજ પણ હવે એમને પૂછે. તે વિના ચંદ્રગુપ્તસભા સજીવન કરી શા કામની?'

રાધાગુપ્તને પહેલી વખત લાગ્યું કે મહારાજનો સમય હવે પૂરો થયો છે.

૨૦

ચંદ્રગુપ્તસભા

તિષ્યરક્ષિતાએ ખંડમાં પ્રવેશ કર્યો, ત્યારે તો મહારાજ એકલા જ હતા. તેઓ ઊંડા વિચારમાં હતા.

'મહારાજ!' તિષ્યરક્ષિતા પ્રવેશ કરતાં બોલી: 'મહારાજ! આજ તો મેં મહારાજનું માન રાખ્યું, પણ હવે આ ખંડમાં કોઈ પ્રવેશ કરશે તો યવનીઓ એને કાઢી મૂકશે હો, દેવ! મેં પ્રતિજ્ઞા લીધી છે : તમારું સ્વાસ્થ્ય જો હું મારી શુશ્રૂષાથી પાછું ન મેળવું... તો મારે ભિખ્ખુણીસંઘમાં ભળવું. આજ મંત્રીઓ ભલે આવી ગયા – બાકી હવે કોઈ આવી નહિ શકે. મહારાજ રાજપ્રતિનિધિ નીમી દે, એટલે કડાકૂટ મટી જાય...'

'ચંદ્રગુપ્તસભા એ જ કરવાની છે, દેવી! એ થઈ જાય, હું કાંઈક સ્વસ્થ બનું, પછી મારે તો કાશ્મીર જવું છે. ત્યાં પંચશત સ્તૂપો ઊભા કરવા છે...'

'શું હતું આ રાધાગુપ્તને, મહારાજ? એને મહારાજના મહાન કાર્યની એક પણ રેખા ઉપર વિશ્વાસ નથી. મને તો એ લાગે છે...'

'એને એ જ હતું, દેવી! રાધાગુપ્ત માને છે કે જો કુણાલકુમાર હવે રાજસૂત્રોનો તંતુ નહિ ધારે, તો પછી કોઈ દિવસ નહિ ધારે.'

'એ જ વાત એણે પહેલાં કહી હતી. ફરી પણ એ જ થઈ. તો શું મહારાજ એના આગ્રહને વશ થઈ કુણાલકુમારને તક્ષશિલા જવાની અનુજ્ઞા આપશે? ભદંત જેવા ભદંત એની સાથે જવા માગે છે – ને મહારાજ એ નહિ કરે?'

'નિર્ણય તો ચંદ્રગુપ્તસભાનો હશે, દેવી! આપણે એની પ્રણાલિકાને પણ માન આપવું જોઈએ. બે દિવસ આઘેપાછે હું પણ ત્યાં જવાનો જ છું. મારી ધર્મઘોષણા એ પ્રદેશમાં જ વધુ થવી જોઈએ. મને પણ એ લાગે છે. હમણાં ભલે કુણાલકુમાર જાય.'

તિષ્યરક્ષિતાએ વાત લંબાવવામાં સાર ન જોયો. પણ ચંદ્રગુપ્તસભામાં શું

થશે એનો એને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો.

પણ ચંદ્રગુપ્તસભા આદેશ આપે, મહારાજ અનુજ્ઞા આપે, કુણાલકુમાર જવાની તૈયારી કરે – એનું કામ ત્યાર પછી શરૂ થવાનું હતું. એ મનમાં ને મનમાં એક વીજળીક ઘા મારવાની તયારી કરી રહી હતી. એના અપ્રતિમ રૂપ ઉપર એને સંપૂર્ણ વિશ્વાસ હતો.

આવા રૂપથી ન ડગે એવા પુરુષો આ ધરતી ઉપર ક્યારેક જ આવે છે.

એક સહસ્ર વર્ષે માંડ એકાદ વખત એ આવે છે. ત્યારે તો હવા જ બદલાઈ જાય છે. એણે કુણાલનું મન વાંચ્યું હતું. એણે પોતે એને દોરવાનો હતો – એટલું જ.

સામેના ભિત્તિઆદર્શમાં તે પોતાનાં અનુપમ રૂપ – સૌંદર્યને નિહાળી રહી. એની નાસિકા, ઓષ્ઠ, આંખ, આંખની ભાષા, જરાક લાલરંગી એના ખૂણા, એની મુખમુદ્રાના ક્ષણેક્ષણ પલટાતા રંગ, પોતાના ઉપર પોતે જ મોહી પડે એટલી બધી સૌન્દર્યની ઝલક ત્યાં શોભી રહી હતી. પોતાના સૌંદર્યવિજયનો અજબ વિશ્વાસ એના મનમાં આવી ગયો. એને થયું:એનું સૌંદર્ય જો વિજય મેળવી ન શકે તો પછી એ ભિખ્ખુણી હોય એ જ શોભે. મહારાણી – કે ભિખ્ખુણી, એ બધું જ પછી સરખું હતું. જે નારીનું રૂપ વિજય મેળવતું નથી તે નારી પરાજિત સેનાપતિ સમી છે. પરાજિત સેનાપતિઓ જલસમાધિ લેતા. પરાજિત સૌંદર્યો કાષાયવસ્ત્રો ધારે. એના આ મનતરંગ ચાલતા હતા.

એટલામાં જ એણે ચંદ્રગુપ્તસભાની ઘોષણા ફરીને સાંભળી. તે હવે ખરેખર ચોંકી ગઈ. રાધાગુપ્ત ઉપરાઉપરી ઘોષણા કરાવી રહ્યો હતો. એનો અર્થ સ્પષ્ટ હતો. તે પોતાનું ધાર્યું કરવાનો જ. એને એ સ્પષ્ટ સમજાઈ ગયું. પણ એને તો માત્ર કુણાલકુમારનું કામ હતું, પછી એ કુણાલકુમાર મગધપતિ હોય કે ન હોય એ.પણ એના મનથી હવે ગૌણ વાત બનતી હતી. એ તો કોઈક યુગમાં, કોઈક વખત આવે છે એવી રોમરોમ સૌન્દર્યભરી નારી હતી. એ નારી હતી – અને બીજું બધું જ એને મન હવે ગૌણ બન્યું હતું. એ પોતાની જોડીને શોધવા નીકળી હતી. પોતાનું અને કુણાલનું એવાં બે રૂપ ભેગાં થાય, એ જ એને મન મહાસિદ્ધિ હતી. તિષ્યરક્ષિતા આ મનોદશામાં વિહરી રહી હતી.

ચંદ્રગુપ્તસભા તો, રાધાગુપ્તના કહેવા પ્રમાણે, બરાબર નિયત સમયે મળી. એમાં આંધ્રપ્રદેશપતિ સીમુક આવ્યો હતો. સૌરાષ્ટ્રનો રાજ્જુક તુષાશ્વ હતો. આર્યકુમાર હતો. કલિંગથી પણ કોઈ આવવાનું હતું – પણ છેક છેલ્લી પળે આવી નહિ શકે તેમ લાગ્યું. મહારાજ અશોકની, એમના પિતામહના સમયની, અમાત્યપરિષદ પણ જીવંત થઈ હતી. પાંચસો અમાત્યો ત્યાં હતા. વૃદ્ધ મંત્રીશ્વર

ખલ્લાટક આવ્યો હતો. સેનાપતિ હિમવંત હતો. રાધાગુપ્તને મંત્રધર થવાનું હતું. મગધની જૂની પ્રણાલિકા સજીવન કરવાની હતી. ચંદ્રગુપ્તસભા એટલા માટે મળી હતી.

એ મળી એટલે ત્યાં શાંતિ ફેલાઈ ગઈ. કુણાલકુમાર પણ આવતો જણાયો. સભા મળી ને બધા આવી ગયા, એટલે થોડી વારમાં મહારાજ પોતે પણ આવ્યા. તિષ્યરક્ષિતા પણ સોનેરી શિબિકામાં આવતી દેખાઈ. તે મહારાણીની જેમ ગૌરવથી આવી. પણ એણે જોયું કે ચંદ્રગુપ્તસભામાં કોઈના મોં ઉપર કોઈ વાતનો નિર્ણય દેખાતો ન હતો. બધા જ જાણે શું કહેવું કે શું કરવું એની દ્વિધામાં પડ્યા જણાતા હતા.

મહારાજ અશોકના સિંહાસનની પાસે એક આઠ-દસ વર્ષનો કુમળો બાળક બેઠો હતો. એને એકને જ અત્યારે જાણે આ ચંદ્રગુપ્તસભાનું ગૌરવ સમજાયું હોય તેમ તે ગંભીર હતો. એ સીધો, શાંત, માનભેર બેઠો હતો. એના નાનકડા હાથમાં એણે સમશેર રાખી હતી. સિંહાસન પાસે સમશેર આજે ઘણા વખત પછી પહેલી વખત દેખાતી જણાઈ. કાંચનમાલા ત્યાં પાસે બેસીને એને બધાની ઓળખાણ આપી રહી હતી.

રાધાગુપ્ત એમનાથી થોડે દૂર પાછળ બેઠો હતો. એ બંનેને દોરનાર એ જ જણાતો હતો. થોડી વારમાં ઘંટાઘોષ થયો. તરત જ પરિષદપ્રતિવેદક રણાયુ ઊભો થયો. તેણે મોટા, સ્પષ્ટ, સાંભળી શકાય તેવા અવાજે કહ્યું: 'પરિષદના સર્વમાન્ય પૌરજાનપદો હો! મહારાજ ચંદ્રગુપ્તના સમયથી જેની પ્રણાલિકા અવિરત ચાલી આવે છે તે ચંદ્રગુપ્તસભા આજે આંહીં મળે છે. મહારાજે પોતાની વધતી જતી વૃદ્ધાવસ્થાને લઈને રાજના મહત્ત્વના નિર્ણયો માટે એને બોલાવી છે. પોતે અસ્વસ્થ છે, છતાં આંહીં આવી શક્યા છે એ એમની ચંદ્રગુપ્તસભા તરફની પ્રીતિ બતાવે છે. જે-જે નિર્ણયનું આંહીં મંત્રીગણ વિજ્ઞાપન કરશે તે-તે નિર્ણય મંત્રધર અમાત્ય રાધાગુપ્ત મહારાજને જણાવશે.

એમની અનુજ્ઞા હમણાં કે પછી જ્યારે આવશે ત્યારે કાર્ય એ પ્રમાણે ચાલશે.... મંત્રીશ્વર ખલ્લાટક હવે મંત્રીગણનો નિર્ણય તમારી સમક્ષ મૂકે છે. તમારો છંદ તમે તમારી ઇચ્છા પ્રમાણે વ્યક્ત કરી શકો છો. લાલ શલાકા અનુમતિ બતાવે છે. શ્યામ શલાકા વિરોધ દર્શાવે છે. શલાકાપુરુષ તમારી પાસે આવે છે. તમે તમારી ઇચ્છા પ્રમાણે શલાકા લઈ શકો છો. એ પછી બધી જ શલાકા ભેગી કરાશે. ગણક એનો નિર્ણય આપશે. પરિષદની એ ઇચ્છા ગણાશે. મંત્રધર મહારાજને એ જણાવશે. મહારાજની અનુમતિ આવતાં જ – એ પ્રમાણે કાર્યપુરુષો નિર્ણય લેશે. વયોવૃદ્ધ મંત્રીશ્વર ખલ્લાટક એમનું વિજ્ઞાપન રજૂ કરવા

હવે રાજ સિંહાસન સમક્ષ આવે. પૌરજાનપદો હો ! મંત્રીશ્વરને શાંતિથી સૌ સાંભળે ને વિવેક-નિર્ણય આપે.'

પરિષદ – પ્રતિવેદક બેઠો કે તરત જ વયોવૃદ્ધ મંત્રીશ્વર ખલ્લાટક આગળ આવ્યો. એની એક વખતની કીર્તિ હજી પણ લોકનાં દિલમાં બેઠી હતી. મહારાજ અશોકના ભવ્ય વ્યક્તિત્વને લીધે ઘણી વાતો ભુલાઈ ગઈ હતી, છતાં જે સમયે મહારાજ પ્રચંડ હતા, તે સમયે આ એક જ મંત્રીશ્વર યુવરાજ સુમનને પડખે ઊભો રહ્યો હતો. સુમનનો ન્યગ્રોધ ભિખ્ખુપંથે પળ્યો ન હોત, તો ખરો મગધપતિ એ જ હતો. ખલ્લાટક વીરત્વથી એની પડખે પણ ઊભો રહ્યો હતો. ખલ્લાટકની ઘણી વાતો ઘણાને હજી યાદ હતી.

ખલ્લાટક સિંહાસન આગળ આવ્યો. તેણે મહારાજને નમન કર્યું. અમાત્યપરિષદને બે હાથ જોડીને એ વંદી રહ્યો. કાંચનમાલા ને દશરથકુમાર તરફ ફરીને તેણે ધીમેથી બોલવાનું શરૂ કર્યું. એનો અવાજ સ્પષ્ટ હતો. વાણી શુદ્ધ હતી. રણકો આત્મવિશ્વાસથી ભરપૂર હતો. છેલ્લેછેલ્લે પણ પોતે મગધની સેવા માટે કાંઈક કરી શકે છે એવો ગૌરવભર્યો સંતોષ એના શબ્દોમાંથી ઊઠતો હતો.

'પૌરજાનપદો હો !' તે બોલ્યો : 'મહારાજ અશોક વૃદ્ધ છે, અસ્વસ્થ છે, કોઈકે રાજપ્રતિનિધિ તરીકે રાજધુરા વહેવા હવે આગળ આવવું ઘટે. પરંપરા એવી છે કે યુવરાજ કુમાર તક્ષશિલાપ્રદેશને પહેલેથી સંભાળતા આવ્યા છે. એ પરંપરામાં ઘણુંઘણું સત્ય છે. એ પ્રદેશની ભૂતકાળની વાતો બધી જ તમે જાણો છો. ત્યાંની ભૂગોળ તમે જાણો છો. વિદેશી આક્રમણકારોની દૃષ્ટિએ પ્રદેશનું મહત્ત્વ તમે સમજો છો. મહારાજ દેવપુરુષ છે, વિશ્વવિજેતા છે. એમની ધર્મઘોષણાએ નવી હવા પ્રગટાવી છે; છતાં એમ ન કહેવાય કે મગધમાં હવે આ દૂર-દૂરના પ્રદેશો સંભાળનાર કોઈ રહ્યું નથી તે માટે યુવરાજકુમાર ત્યાં તત્કાલ જાય એ જરૂરી છે.

હું તત્કાલ એટલા માટે કહું છું કે બધા જ પ્રદેશમાં ધર્મઘોષણાની જેમ સારી અસર થઈ છે, તેમ એક એવી અવળી અસર પણ થઈ છે. એ સ્વાભાવિક છે. માનવસ્વભાવમાં એ છે. દુર્જન, શઠ અને અપરાધમાં જ રાચતા એવા વર્ગમાં માન્યતા ફેલાણી છે કે હવે મગધમાંથી સૈન્યો નીકળતાં એ જમાનો ગયો છે !...'

'અને એ ગયો પણ છે, ખલ્લાટક ! મગધની રાજનીતિ શાંતિની છે... મારા પુત્રો-પૌત્રો-વંશજો એને અનુસરે.' મહારાજ અશોકે કહ્યું.

'એ રાજનીતિની વાત થઈ, મહારાજ ! મગધની રાજનીતિ શાંતિની છે એ સ્થાપિત થઈ ગયું છે. મહારાજના અદ્‌ભુત વ્યક્તિત્વે આ શક્ય બનાવ્યું છે. મગધપતિના દેવાંશી સંદેશને ન ઝીલનારો પ્રદેશ હવે ભારતવર્ષમાં તો ક્યાંય રહ્યો નથી. પણ..... અતિવિશ્વાસથી જન્મતી નિદ્રા આપણને ઊંડા ગર્ત્તમાં કે ભયંકર

અવ્યવસ્થામાં ફેંકી ન દે તે માટે આવા ઉદાર આદર્શો છતાં આપણે સૈન્યને તક્ષશિલા તરફ મોકલવાનું છે. એનું સેનાનીપદ સેનાપતિ હિમવંત સંભાળશે. કુણાલકુમાર ત્યાં કુમારામાત્ય, હશે. પૌરજાનપદો હો! ચંદ્રગુપ્તસભાના આ નિર્ણયને સ્વીકારતા હો, તો તમારો છંદ એમ આપો. ન સ્વીકારતા હો તો તમારો છંદ એમ આપો. છંદ આપવામાં તમે સ્વતંત્ર છો. છંદ આપ્યા પછી ગમે તે નિર્ણય આવે, તે તમારો નિર્ણય છે – પછી તમારો છંદ તે પ્રમાણે ભલે હો કે ન હો!

શલાકાપુરુષ છંદ[૩૧] ભેગા કરે. બીજા કોઈને કાંઈ કહેવું હોય તો કહે.'

'મહારાજે આટલાં વર્ષોથી ને આટલી જહેમતથી જે યુદ્ધઘોષણા બંધ કરી છે તે શું મંત્રીશ્વરો ફરી પ્રગટાવવા માગે છે?' આંધ્રપ્રદેશપતિ સીમુક ઊભો થયો હતો. ખલ્લાટક એને જવાબ આપવા જતો હતો, ત્યાં રાધાગુપ્તે જ જવાબ વાળ્યો. સીમુક પોતાના દિલમાં વિદ્રોહ રાખી રહ્યો હતો ને તક શોધતો હતો. રાધાગુપ્તને એ ધ્યાનમાં હતું. તેણે તરત પ્રત્યુત્તર વાળ્યો :

'પ્રદેશપતિ! યુદ્ધનીતિ મગધપતિએ છોડી જ દીધી છે. એ હવે પાછી આવવાની પણ નથી. પણ એમણે યુદ્ધ છોડ્યું નથી ને એ છોડવાનું પણ નથી. ફેર માત્ર આટલો જ છે. એ તેને મળશે ને ભયંકર વીજળીક ત્વરાથી મળશે, જેને એ જોઈતું હશે. કોઈ ઉપર આક્રમણ નહિ હોય, પણ યુદ્ધ બધા માટે હશે. તક્ષશિલાવિદ્રોહ માટે કુણાલકુમાર પાસે બંને પ્રત્યુત્તર હશે – ધર્મનો, યુદ્ધનો. જે જોઈએ તે તક્ષશિલા લે.'

'બરાબર છે, બરાબર છે – મહાઅમાત્યની વાત વિવેકભરી છે. મગધમાં હવે યુદ્ધનીતિ નથી. જેને જોઈતું હોય તેને જ મળે – એવું યુદ્ધ છે. અમારો છંદ મહાઅમાત્ય માટે છે.'

'અને અમારો પણ...'

'અને અમારો પણ...'

'હું તો મહાઅમાત્યને આ કહી જ રહ્યો હતો...' પ્રદેશપતિ આર્યકુમાર બોલ્યો.

'અમારે ત્યાં તો છેક ખૂણે આવી કોઈ નીતિ હોય તો જ સ્વસ્થતા રહે. મહારાજની ધર્મઘોષણાઓ અમે વારંવાર કરી છે ને વ્યવસ્થા જાળવવા કડક આજ્ઞાઓ પણ આપી છે.' તુષાશ્વ બોલ્યો.

છંદ લીધા વિના જ પૌરજાનપદો આ વિજ્ઞાપનને સ્વીકારતા લાગ્યા.

રાધાગુપ્ત મહારાજ તરફ ફર્યો:'પણ હવે મહારાજ પ્રસ્તાવ મૂકશે. કુણાલકુમાર તક્ષશિલા જાય ત્યારે આંહીં રાજપ્રતિનિધિ કોણ એ મહાન પ્રશ્ન છે... પૌરજાનપદો મહારાજને સાંભળે...'

---

૩૧. છંદ એટલે મત.

મહારાજ અશોક ઉપર વાતનો તંતુ મૂકીને રાધાગુપ્ત નીચે બેસી ગયો. તિષ્યરક્ષિતા જોઈ રહી, રાધાગુપ્તને જ સભા અનુસરવાની.

પણ મહારાજના માનસની આકરી કસોટી હતી. પરંતુ બીજા કોઈ ઉપર દૃષ્ટિ જાય તેમ હતું જ નહિ, કારણ કે રાજવંશી કોઈ જ એવો ન હતો, જે કાષાયવસ્ત્રધારી ન હોય !

મહારાજે અત્યંત શાંતિથી કહ્યું : 'પૌરજાનપદો, મંત્રીગણ અને પ્રદેશપતિઓ મને સાંભળે. યુદ્ધ શાંતિ નહિ આપે. શાંતિને લાવે માત્ર શાંતિ જ, બીજું કશું નહિ. પણ માનવમાંથી પશુતા હજી ધીમેધીમે વિદાય લેતી થઈ છે. હવા એવી થઈ ગઈ છે. એ પૂરેપૂરી વ્યાપ્ત થઈ જશે, ત્યારે કોઈને જ યુદ્ધ અનિવાર્ય નહિ લાગે. ત્યારે યુદ્ધમાં જનારા પશુ ગણાશે એ હવા વ્યાપ્ત બનાવવા ને ધર્મઘોષણાને આગળ લઈ જવા કુમાર દશરથકુમાર ભલે રાજપ્રતિનિધિ હો, જો તમે સૌ સંમત હો તો...'

ચંદ્રગુપ્તસભાએ એક ઘોષણાથી આ વાતને વધાવી લીધી.

'મહારાજ દશરથકુમારનો વિજય હો !' મોટો ઘોષ ઊઠ્યો અને એના પડઘા બધે સંભળાયા.

ચંદ્રગુપ્તસભાનું ગૌરવ જાણે પુનઃ સ્થાપિત થઈ ગયું હતું.

મહારાજ અશોક પોતે ઊભા થયા. તેમણે નાનકડા દશરથકુમારના હાથને પોતાના હાથમાં લીધો. મહારાજ પોતે તેને સિંહાસન પ્રતિ દોરી ગયા.

એક મહાન વિજયઘોષણાથી ચંદ્રગુપ્તસભાએ દશરથકુમારને ફરીને મગધપતિને – રાજપ્રતિનિધિપદે સ્થાપિત કર્યા.

ઘોષના શબ્દો શમ્યા-ન-શમ્યા કે તરત જ રાધાગુપ્ત ઊભો થયો. જે પ્રકારે વાત ચાલતી હતી એ જોતાં ત્વરાથી બધું ગોઠવી દેવામાં એને વિજય લાગ્યો.

'અને મગધના હિત માટે પોતાના સંસારધર્મનો ભોગ આપનાર રાજમાતા કાંચનમાલા, પોતાના રાજપ્રતિનિધિ શિશુને હંમેશાં દોરે – પૌરજાનપદો એની પણ ઘોષણા કરે અથવા ઠીક પડે તો અન્ય વિકલ્પ સૂચવે !'

'રાજમાતા કાંચનમાલા જ એ સ્થાન સંભાળે.'

'મહારાજ ત્યારે અનુજ્ઞા આપે : કુણાલકુમાર પાટલિપુત્રમાંથી વિદાય લે ને મહાન ચતુરંગી સેનાને દોરે.'

મહારાજ અશોકે બોલ્યા વિના અનુમતિ દર્શાવવા ચંદ્રગુપ્તસભાને બે હાથ જોડ્યા.

'પૌરજાનપદો ! હું વૃદ્ધ છું. તંતુને તમે જ હવે સામર્થ્યથી ધારો. હું તો અનૃણ જવા ધર્મઘોષણા કરતો બધે જ હવે ધર્મયાત્રા કરવા માગું છું. પણ હું તમને આ કહું છું : યુદ્ધદેવને જગાડનારો વિનાશ જગાડે છે. યુદ્ધ અનિવાર્ય નથી.

તે માનવ માટે નથી, માનવનું સર્જન નથી. એ એની વિનાશપ્રવૃત્તિ છે.

'અને છતાં, મહારાજ! યુદ્ધ રહે ને યુદ્ધનીતિ ન રહે – એ મર્યાદા... આપણે સ્વી...' રાધાગુપ્ત બોલતો અટકી ગયો. સામેથી કોઈ એક સશસ્ત્ર યવની આવી રહી હતી. તે જાણે હમણાં જ લાંબો પ્રવાસ ખેડીને આવેલી જણાતી હતી. બધાને કુતૂહલ થઈ ગયું: આ યવની કોણ? લાગે છે તો તક્ષશિલા તરફની. શું ત્યાં વિદ્રોહ ભયંકર બન્યો હશે?

મહારાજના શબ્દોનો અને રાધાગુપ્તની વાતનો – બંનેનો જાણે પ્રત્યુત્તર આપતી હોય તેમ યવની આગળ વધી. તે સિંહાસન સામે આવીને ઊભી રહી. તેણે બે હાથ જોડીને નમન કર્યાં. પોતાના હસ્તમાંથી રાજમુદ્રા દર્શાવી... 'મહારાજ! હું તક્ષશિલાથી આવું છું. મને ઈશાનદેવીએ મોકલેલ છે.....'

'ઈશાનદેવી? ઈશાનદેવી કોણ? ત્યાં તો પ્રદેશપતિ જાલૌક છે! રાધાગુપ્ત! ઈશાનદેવી કોણ? શું એનો આ સંદેશો છે? શો સંદેશો છે?'

'પ્રદેશપતિ જાલૌકની સાથેસાથે એણે એ પ્રદેશને વશ રાખવામાં એક યુદ્ધદેવી જેવું કામ કર્યું છે.... પ્રભુ! એ ઈશાનદેવી, જાલૌક પ્રદેશપતિની પત્ની...'

'અરે! હા! જેણે શક્તિની ઉપાસના આદરી છે, જેણે ત્યાં કાશ્મીરમાં ભગવાન શંકરનું મંદિર સ્થાપ્યું છે એ જ આ ઈશાનદેવી?'

'હા દેવ! એ જ.'

'શો છે એનો સંદેશો? પ્રદેશપતિએ કેમ સંદેશો મોકલ્યો નથી? ઈશાનદેવી સંદેશો મોકલે છે – એવી કોઈ ગંભીર વાત છે? શો સંદેશો છે?'

યવની આગળ વધી. તેણે પોતાનો સંદેશો મહાઅમાત્યના હાથમાં આપ્યો. ચંદ્રગુપ્તસભા આખી રાધાગુપ્ત સામે જોઈ રહી. રાધાગુપ્તે સંદેશો વાંચ્યો. તે ગંભીર બની ગયો. આંહીં પણ બીજા પ્રદેશપતિ હતા, જે મનમાં એમ માનતા હતા કે તેઓ સમ્રાટના પણ સમ્રાટ છે. તેઓ બધા જ તકની રાહ જોતા હતા. આ સંદેશો એમને ઉત્તેજન આપે તેવો હતો. યવનોનું ભયંકર આક્રમણ શરૂ થવાના ભણકારા વાગી રહ્યા હતા. સંદેશો એ વિષે જ હતો. જાલૌક કાશ્મીરના દૂરવર્તી જરૂરિયાત પ્રદેશમાં પહોંચ્યો હતો. ઈશાનદેવીએ તત્કાલ પગલાની જરૂર જણાવી હતી. મગધથી ચતુરંગી સેના સાથે કોઈકે આવવું જોઈએ. તક્ષશિલાની વિદ્રોહી હવાને કાબૂમાં રાખવી જોઈએ. તો જ કાશ્મીરપ્રદેશમાં પણ પ્રતીતિ થાય કે મગધનું મહારાજ્ય હજુ તો સમર્થ છે. એની નીતિ ભલે યુદ્ધની નથી – પણ એ યુદ્ધ કરી જાણે છે. આટલી પ્રતીતિ જરૂરી હતી.

'આક્રમણકારો બીજી ભાષા સમજતા હોતા નથી.' ઈશાનદેવીના આ શબ્દો વાંચીને રાધાગુપ્ત પણ વિચારમાં પડી ગયો. 'એમની સમજણ યુદ્ધમાંથી જન્મે

છે. પ્રીતિ ભયમાંથી જન્મે છે. તેઓ જ્ઞાન આઘાતમાંથી મેળવે છે. મગધપતિની ચતુરંગી સેના તત્કાલ આવી જાય. આંહીં એ જરૂરી છે અથવા અમે આ પ્રદેશ સંભાળી લઈએ!'

રાધાગુપ્ત સંદેશો વાંચીને જ સમજી ગયો: વહેલેમોડે આ નારી તક્ષશિલાની સ્વતંત્ર મહારાજ્ઞી થવાની; પણ એના મનમાં મોટી ચિંતા કુણાલકુમારની જન્મી. ત્યાં જાલૌક હતો, ઈશાનદેવી હતી. આંહીં તિષ્યરક્ષિતા હતી. એક અર્થભરી દૃષ્ટિ એણે કાંચનમાલા તરફ નાંખી. ત્યાં એણે એ જ તેજસ્વિતા દીઠી, જે ઈશાનદેવીમાં જણાતી હતી. પણ આંહીંની હવાને લીધે એનો પંથ ન્યારો બન્યો હતો. આમાંથી કોણ એમને રસ્તો બતાવે? તેણે કુણાલકુમાર તરફ દૃષ્ટિ કરી. દશરથકુમારને નિહાળ્યો. એને હતાશા થઈ. આ કોઈ જ હવે મગધની અખંડતા જાળવી નહિ શકે. મનમાં ગ્લાનિ થઈ આવી, પણ અત્યારે તો એ માટે સમય ન હતો. છેવટે, તે ચંદ્રગુપ્તસભા તરફ ફર્યો: 'મહારાજ માટેનો સંદેશો છે, પૌરજાનપદો! આપણે જે નિર્ણય લીધો છે તેને સંદેશો ટેકો આપે છે. તક્ષશિલાના પ્રદેશપતિ જાલૌક મગધની ચતુરંગી સેનાની રાહ જુએ છે. કુણાલકુમાર તત્કાલ ઊપડે. હવે એ નિર્ણય ન ફરે એટલી જ વિજ્ઞપ્તિ છે.'

'પણ કોઈનું આક્રમણ છે, રાધાગુપ્ત! શું છે? યવનરાજ આવે છે? સેલ્યુકસનો પૌત્ર આગળ ધસે છે.? શી વાત છે?' મહારાજ અશોકે પૂછ્યું. કુણાલકુમાર સાધુસંઘ સાથે જાય, પોતે પણ સાથે હોય, એ રાજનીતિનો પાયો એ નાખી દેવા માગતા હતા.

'વાત બીજી કોઈ નથી.' રાધાગુપ્તે કહ્યું: 'કોઈ આગળ ધસતું નથી અને આગળ ધસવાનું પણ નથી. મહારાજની ધર્મઘોષણાનો બધે જ વિજય છે. પણ જે થોડા ન સમજે, તેમને કુણાલકુમાર સમજણ આપવા જાય. મહારાજ હવે અનુજ્ઞા આપે એ વિજ્ઞપ્તિ છે.' કુણાલકુમારને તક્ષશિલા જવાનું છે, અને તત્કાલ જવાનું છે, ચતુરંગી સેના સાથે જવાનું છે, સેનાપતિ હિમવંત સાથે જવાનું છે. ચંદ્રગુપ્તસભાના આ નિર્ણયને મહારાજ અનુજ્ઞા આપે. મગધમાં મહારાજે સ્થાપેલી રાજનીતિથી આ વાતને મહારાજ વિરુદ્ધ ન લેખે. વિજ્ઞપ્તિ એટલી જ છે.'

ચંદ્રગુપ્તસભા એકકાન થઈ ગઈ. રાધાગુપ્તની વાત સાચી ઠરી હતી. દૂરના પ્રદેશમાં થતું ચતુરંગી સેનાનું પ્રયાણ હવે શરૂ થવું જોઈએ, નહિતર પ્રદેશપતિઓ પોતે જ સ્વતંત્ર હોય તેમ વર્તશે. આંહીંથી કોઈ બહાર ન ફરકે તો.... દેશ અખંડ ન રહે.

મહારાજને રાધાગુપ્તનું ઉતાવળું પગલું રુચતું ન હતું. એમણે એ કહ્યું પણ હતું. પણ તક્ષશિલાના સંદેશાથી વાત ફરી જતી હતી. એમણે પોતાની

વૃત્તિઓને પોતાનામાં પાછી સંકેલી લીધી. હવે તો એ જુદા જ પંથે વળ્યા હતા. સાધુ ઉપગુપ્તની વાત બરાબર હતી. મહરાજ એ પ્રમાણે એ વસ્તુ થાય એમ મનમાં ઇચ્છી રહ્યા હતા. કુણાલકુમારની સાથે સાધુસંઘ હોય, પોતે હોય, એક ધર્મવિજયયાત્રાની પરંપરા સ્થપાય, અને એક અચળ નીતિનો પાયો નખાય. તેઓ કાંઈક હતાશ થયા. રાધાગુપ્તે એ જોયું. ઘર્ષણ થાય તો ચંદ્રગુપ્તસભાનું ગૌરવ હણાય. એણે તરત જ ચંદ્રગુપ્તસભા સમક્ષ ભાગ્યે જ આવતી એક નવી જ વાત ઉપાડી. બધા આશ્ચર્યમાં પડી ગયા. ચંદ્રગુપ્તસભા માટે આ તદ્દન નવી જ વાત હતી.

'મહારાજની એક છેલ્લી ઇચ્છા છે, પૌરજાનપદો હો! આપણે એ સમજવી ઘટે. મહારાજ ઘોષણા કરવા માગે છે, સ્થળેસ્થળે કે ધર્મતમામનું તત્ત્વ લોકો પકડે. અત્યારે લોકોએ ધર્મ પકડ્યો છે, તત્ત્વ છોડી દીધું છે, એટલે વિવાદ જાગે છે. સૌ પોતાનો પંથ વખાણે છે, બીજાનો નિંદે છે. પણ તત્ત્વ એક જ છે એ ભૂલી જાય છે. ગૌને છોડી દે ને એનું પૂછડું પકડી રાખે, એવી આ વાત થઈ.

ભગવાન તથાગતે આપેલો અચળ શાંતિનો મહાન સંદેશ એ પણ અત્યારે વિવાદનો પ્રશ્ન બની ગયો છે. મહારાજે એટલા માટે એક વિજ્ઞાપન બધે જ મોકલવા ધાર્યું છે. એ વિજ્ઞાપન આંહીં ભદંત સાધુ માધ્યમિક વાંચે – સૌ એ ગ્રહણ કરે, સમજે. સંઘમાં લેશ પણ કલહ ન રહે – મહારાજ એ પ્રયત્ન કરવા આતુર છે. ભદંત માધ્યમિક તમને એ વાંચી સંભળાવે...'

ચંદ્રગુપ્તસભા રાધાગુપ્તના આ નવા પ્રસ્તાવથી આશ્ચર્યમાં પડી ગઈ. મહારાજ પણ નવાઈ પામી ગયા. ખલ્લાટક પણ સમજ્યો નહિ. પણ રાધાગુપ્ત તો જરા ઘર્ષણ વિના ચંદ્રગુપ્તસભાની વાત મહારાજ સ્વીકારી લે, એમાં જ સભાનો વિજય જોતો હતો. એનું ગૌરવ તો જ સ્થપાતું હતું.

મહારાજે ભારતભરમાંથી બૌદ્ધ સાધુઓને આંહીં પાટલિપુત્રને આંગણે બોલાવ્યા હતા.

એક મહાપરિષદ મેળવવાની હતી. સાધુ ઉપગુપ્ત સંઘમાં જન્મેલા બધા વાદવિવાદોને હંમેશને માટે વિદાય દઈ દેવા માગતો હતો.

એક મહાન પુરુષાર્થ એના સ્વપ્નમાં હતો ઠેરઠેર ભારતવર્ષમાં અને ભારતવર્ષની પાર પણ સાધુસંઘ ઊપડવાનો હતો શાંતિનો સંદેશો લઈને. પણ તે પહેલાં આંહીં ભારતવર્ષમાં સંઘની એકતા સ્થાપવાની હતી. બૌદ્ધ સાધુઓ ભગવાન તથાગતના મહાન સંદેશાને પોતપોતાના સ્વાર્થ પ્રમાણે ઘટાવતા થયા હતા. સત્તાનો કલહ જન્મ્યો હતો. શાંતિની વાતો રહી હતી, દરેકના દિલમાં અશાંતિ હતી.

સાધુ ઉપગુપ્ત એક ભવ્ય સ્વપ્ન જોઈ રહ્યો હતો: ભગવાન તથાગતના

મહાન સંદેશાને મહારાજ અશોક ભારતવર્ષની પાર લઈ ચાલે – એ સંદેશો વિશ્વાસપ્રવાસે નીકળે.

સાધુ ઉપગુપ્તે એટલા માટે મહારાજને પ્રેરણા આપી હતી.

મહારાજે એ પ્રેરણા ઝીલી હતી. એક મહાન પરિષદ અશોકારામમાં બોલાવાઈ હતી. મહારાજ અશોક પોતે એમાં જવાના હતા, ભાગ લેવાના હતા. દિવસો સુધી ત્યાં રહેવાના હતા.

રાધાગુપ્તના કાને આ વાત આવી હતી. મહારાજ ત્યાં જાય – ચંદ્રગુપ્તસભાની જાણ બહાર જાય – એમાં સભાનું ગૌરવ ન હતું. એટલે અત્યારે એણે એ વાત પણ મૂકી દીધી.

સાધુ માધ્યમિક આગળ આવ્યો. તેણે કહ્યું : 'ભદંત ઉપગુપ્ત એક મહાન, ભવ્ય સ્વપ્ન સિદ્ધ કરવા મથે છે, વિશ્વશાંતિનું. આંહીં કોઈને જ, કોઈ પ્રસંગે, કોઈ દિવસ યુદ્ધની જરૂર હોતી નથી. યુદ્ધ કરે છે, રાજા નહિ, સૈનિકો નહિ, સેનાપતિઓ નહિ, માણસની વૃત્તિઓ. એ વૃત્તિઓ એટલું સમજે કે છેવટે એક જ વાત છે : માણસ ગમે તેટલો મહાન હોય, ગમે તેટલો શક્તિશાળી હોય, ગમે તેટલી મહત્ત્વાકાંક્ષા રાખતો હોય, છેવટે એ આંહીં નથી, એ પરમ સત્ય છે.'

એટલે જે થોડા દિવસ માણસ આંહીં છે, તે દરમિયાન એ શાંતિ કેળવે, વર્તમાન જીવનને જ સુંદર બનાવે, માણસાઈવાળું બનાવે.

એ ધર્મ છે. ધર્મનું તત્ત્વ એ છે. મહારાજ આ સંદેશો ઘેર ઘેર પહોંચાડવા માગે છે. આંહીંથી એ સંદેશો આખા વિશ્વને દેવા માટે સાધુઓ નીકળવાના છે.

તે વખતે હેમવતચરિય[૩૨]– કાસપગોત્ત, હિમાચલ, કાશ્મીર, ગાંધાર, યોન – બધે જ જવાના છે.

મહારાજે ઇચ્છ્યું છે કે એમના પુત્રો-પૌત્રો-વંશજો – કોઈ જ નવો પ્રદેશ જીતવાની ઇચ્છા ન કરે, ધર્મવિજય કરે. પ્રદેશ ન જીતે. લોકને જીતે. લોકશાંતિમાં રાચે એવી હવા પ્રગટાવે. એટલે કુણાલકુમાર ત્યારે સાથે હોય, એમ મહારાજ ઇચ્છી રહ્યા હતા. પણ મહાઅમાત્ય રાધાગુપ્ત એમને હમણાં જ મોકલવા માગે છે, ચંદ્રગુપ્તસભા પણ એ ઇચ્છે છે, તો ભલે તેમ હો. પણ, પૌરજાનપદો-સમસ્ત આંહીં પાટલિપુત્રમાં મળનારી સભાને પિછાને. એ સભા બધા વિવાદો શમાવી દેશે. એ લગભગ નવ મહિના ચાલશે. પૌરજાનપદો ત્યાં સુધી મહારાજ અશોકની રાજધુરા વહે. એમને શાંતિથી એમાં ભાગ લેવા દે. સાધુસંઘ આટલું ઇચ્છે છે. મહારાજની જયઘોષણા હો !'

ઘોષણા થઈ : 'ધર્મરાજ અશોકનો જય હો' બધેથી ઘોષણા થઈ.

---

૩૨. સમસ્ત હિમાચલના આચાર્ય.

૨૧

જ્યારે સૌન્દર્ય હારે છે!

એ રાધાગુપ્તનો પરમ વિજય હતો.

રાધાગુપ્તે ચંદ્રગુપ્તસભામાં લેશ પણ ઘર્ષણ જન્મવા દીધું ન હતું. તિષ્યરક્ષિતા એ જોઈ રહી. પણ એને હવે એમાં રસ ન હતો. એને બીજી જ વાતમાં રસ હતો. મહારાજ અશોક અશોકારામમાં નિવાસ કરવાના હતા. એઓ ભિખ્ખુઓના ભિખ્ખુણીઓના, સંઘર્ષો મટાડવા મથી રહ્યા હતા.

તિષ્યરક્ષિતાને એ જ જોઈતું હતું. એણે હવે તો પોતાના રૂપને ભિત્તિઆંદર્શમાં જોવા માંડ્યું. એ એલૌકિક હતું. આ દુનિયાનું ન હતું. એને એક વાતની ખાતરી હતી: એ રૂપનો વિજય સ્થાપવા માટે એને એ મળ્યું છે. રૂપ એ પણ એક ઈશ્વરી શક્તિ છે. કોઈકને જ એ મળે છે. એને એ મળી હતી. એમાં કાંઈક સંકેત હોવો જોઈએ. કોને ખબર છે, કુણાલકુમારનું અને પોતાનું – એવાં બે રૂપ મળે ને જગતને મહાન મગધેશ્વર હવે મળે. વિધિનો એ સંકેત પણ હોય. એવો મગધરાજ અત્યાર સુધીના તમામ મગધપતિઓને પાણી ભરાવે. એ સદ્‌ભાગ્ય એના સૌન્દર્યને વરે. આવું સૌન્દર્ય કોઈકને જ મળે છે. તિષ્યરક્ષિતા એવા વિચારપંથમાં ચડી ગઈ.

સૌંદર્ય વિષેની એની ભાવના જ ફરી ગઈ.

એને લાગ્યું કે એને અમસ્તું રૂપ મળ્યું નથી.

એ રૂપ નિરર્થક જાય તો એ પણ શાપ છે. એ આપઘાત છે. જીવનદ્રોહ છે.

ઘણાને મળે છે સુરેખ આકાર હોય છે. રૂપ જુદી જ વસ્તુ છે. એ સમુદ્રમંથનના હલાહલ સમાન છે. એ સર્જન છે. એ વિનાશક પણ છે. એ સર્વનાશ લાવે, સ્વર્ગ પણ ઊભું કરે. સૌન્દર્ય શક્તિ છે. પણ એ આવે છે એ રૂપે તો ક્યારેક જ. માણસ જે જુએ છે તે રૂપ હોતું નથી, સુંદર સુરેખ આકાર હોય છે. રૂપ તો કોઈક જ વખત ખરેખર રૂપ બનીને આવે છે. કોઈ ક્લીઓપેટ્રા, કોઈ હેલન, કોઈ નૂરજહાં, કોઈ દમયંતી, કોઈ સીતા એ રૂપ લઈને આવે છે

ને આખા વિશ્વમાં એક નવી ક્રાન્તિ જન્મે છે. ઘણાને મન રૂપ એ તુચ્છ વસ્તુ છે. એ તુચ્છ છે એમ કહે છે બધા, પણ એને મનમાંથી દેશવટો દેવાની તાકાત કોઈનામાં પણ હોતી નથી. એક ક્લીઓપેટ્રાનાં ચરણે મહાન રોમન રાજ્યના પણ ટુકડા થઈ જાય છે. એક હેલન ન હોત, તો એક મહાભારત યુદ્ધ જ ન હોત. એક રૂપમોહિની આખી પ્રમાલિકાને જ ફેરવી દે છે. એક મોહિની અસુર-તમામને ઠેકાણે પાડી નવી જ ભૂમિકા ઊભી કરે છે.

રૂપ એ શક્તિ છે, સામર્થ્ય છે, બળ છે. એ કુદરતદીધી બક્ષિસ છે.

તિષ્યરક્ષિતાને પણ મળ્યું હતું – આવું અલૌકિક શક્તિવાળું રૂપ મળ્યું હતું. એનાં મનમાં એનો ભારે ગર્વ પણ હતો. એ રૂપને જીતનારો કોઈ જન્મ્યો હોય એ વાત એ માની પણ શકતી ન હતી.

પોતાનું રૂપ અજેય છે એ માન્યતામાં જ એક રાત્રે એ કુણાલકુમારને જગાડવા ગઈ.

ચંદ્રગુપ્તસભા પૂરી થઈ ગઈ ત્યારથી જ કુણાલકુમારની વિદાયવેળાની ઘડીઓ ગણાતી હતી. ગમે તે પળે તે તક્ષશિલા જાય. કાંચનમાલા તો હવે જઈ શકે તેમ ન હતું. રાજપ્રતિનિધિને સાચવવા એને રહેવાનું હતું જ. આંહીં રાજપ્રતિનિધિ દશરથકુમાર થતો હતો.

મહારાજ અશોક અશોકારામમાં, કુક્કુટારામમાં – એમ સમય ગાળતા હતા. ભારે હિલચાલ મચી હતી. મહારાજે ઠેર ઠેર બબ્બે 'યક્ષો' મોકલ્યા હતા. યક્ષોના પગમાં વીજળી રહેતી. સારો અશ્વ પણ એમની પાસે કુચ્ચા. આ યક્ષો ભારતભરમાંથી તમામ બૌદ્ધ સાધુઓને આંહીં પાટલિપુત્ર આવવાનું આમંત્રણ દેવા નીકળ્યા હતા.

આંહીં મહાન પરિષદ ભરાવાની હતી. એમાં અનેક પ્રશ્નોનો ઉકેલ થવાનો હતો.

સેંકડો સાધુઓ હંમેશાં આવતા હતા. ભિખ્ખુઓ, ભિખ્ખુણીઓ, આચાર્યો, મહાન ધર્મજ્ઞો આવી રહ્યાં હતાં. ભારતભરમાંથી હંમેશાં સેંકડો-મોઢે સાધુઓ આવતા હતા. મહારાજ અશોકે સંઘ બોલાવ્યો હતો.

મહારાજ અશોકે સેંકડો ને સહસ્રોના હિસાબે કાર્ષાપણો પણ વાપરવા માંડ્યા હતા.

બધાના મનમાં ચિંતા હતી. મંત્રીમંડળ ઉદ્વિગ્ન હતું. પણ મહારાજને કહે કોણ ? કુણાલકુમાર તો મહાન પિતૃભક્ત હતો. એ એક શબ્દ બોલે તેમ ન હતો. રાધાગુપ્તે એને તત્કાલ વિદાય દેવાની જરૂરિયાત જોઈ લીધી હતી. તિષ્યરક્ષિતા માટે થઈને પણ હવે તો એ વધુ જરૂરી હતું.

મહારાજ પર નિયંત્રણ એના પિતૃપ્રેમભર્યા હૃદયને આઘાત કરે. પણ

રાધાગુપ્ત કોઈ જોખમે હવે એક વાત કરવા માગતા હતો :

મહારાજ કાર્ષાપણ ખરચવા બંધ કરે.

એટલે ગમે તે પળે, ત્વરાથી કુણાલકુમારને જવાનું થાય, એવી યોજના થઈ જતી તિષ્યરક્ષિતાએ નિહાળી. સૈન્યની હિલચાલ થતી હતી. કલિંગના હાથીઓ આવ્તા હતા. નૌકાઓ તૈયાર થતી હતી. સેનાપતિ હિમવંત હંમેશાં તૈયારી કરતો હતો.

એ પણ પોતાના રૂપનો વિજય કરવા હવે અધીરી બની ગઈ, એ વિજય કરવા માટે એ બહાર નીકળી પડી.

સેનાપતિ જેમ સૈન્ય લઈને વિજયયાત્રા માટે નીકળે, ધર્મમહાપુરુષો જેમ જ્ઞાનજ્ઞાત્રા માટે નીકળે, તેમ તિષ્યરક્ષિતા પ્રેમયાત્રા માટે નીકળી.

મધરાત થઈ હતી. જળ થંભી ગયાં હતાં. આકાશ પણ સ્થિરશાંત થઈ ગયેલું હોય એમ જણાતું હતું. બધે જ અવરજવર બંધ થઈ ગઈ હતી. કોઈ રડ્યાખડ્યા ખડા પ્રતિહારના સાવધાનીના ક્યારેક આવતા ઘોષ સિવાય ક્યાંયથી એક શબ્દ પણ આવતો ન હતો.

રાત્રિ એવી નીરવ બની ગયેલી જણાતી હતી કે જાણે દિવસે સંભળાતા હજારો અવાજ સ્મશાનમાં સૂઈ ગયા હોય. ક્યાંય કોઈ પંખી બોલતું ન હતું. કોઈ વૃક્ષ પણ પાંદડું હલાવતું ન હતું. પવનની એક લેરખી ક્યાંય ન હતી. આકાશે પણ કેવળ ટમટમતા મૂંગા તારાઓ સિવાય બીજી બધી જ સૃષ્ટિને પોતાના પાલવ નીચે, દિશા-પ્રાંતમાં, કોણ જાણે ક્યાં , આઘેઆઘે સંતાડી દીધી હતી. એકલો એનો વાદળી ઘુમ્મટ ચક્રવર્તી હતો. કોઈ રૂપ ન દેખાય, કોઈ રંગ ન દેખાય, કોઈ સ્પષ્ટ આકાર ન જણાય, કોઈ અવાજ ન આવે, કોઈ ગતિ ન હોય એવી તદ્દન રૂપવિહીન રાત્રિના પદસંચારમાંથી જાણે કેવળ અવાજહીન મૌનનું ગાન આવતું જણાતું હતું. એ સાંભળી ન શકાય, પણ જાણે મનને ભર્યુંભર્યું લાગે એ મૌનના ગાનની ખૂબી હતી. એમાં શબ્દો ન હોય, સ્વરો ન હોય, અવાજ ન હોય અને છતાં એ બધાં જ એમાં ભાસે ! જાણે કે એ ત્યાં છે એમ લાગે. ભીરુને એ ભય આપે. નિરાશાને આંસુ દે. આશાને એમાં આશ્વાસન મળે. પણ પ્રેમમસ્તને તો દુનિયા-આખીનું સૌંદર્ય એમાં જડે.

આ આકારહીન સૃષ્ટિના ધૂંધળા પડદામાંથી હર પગલે એને એ દેખાય ! આવું ધૂંધળું, અસ્પષ્ટ, નીરવ, અવાજહીન, ગતિવિહીન, સૂઈ ગયેલું શિશુ હોય એવું રાત્રિનું વાતાવરણ જાણે પ્રેમની શોધમાં નીકળનારાઓ માટે જ સરજાયેલું હોય છે.

આજ પાટલિપુત્રનું એવું વાતાવરણ હતું. આજ એ હવા હતી. આજ એવી

રાત્રિ હતી. ધૂંધળી, અસ્પષ્ટ, અવાજહીન, ગતિહીન. જાણે ક્યાંય કાંઈ નથી એવી હવા ફેલાઈ ગઈ હતી.

એ હવામાં તિષ્યરક્ષિતા એકલી પોતાના સૌંદર્યભવનમાંથી મહારાજ અશોકના મહાલયમાં જવા માટે નીકળી. બંને પાસે પાસે જ હતાં, એક હરિયાળી વનવાટિકામાં આવ્યાં હતાં.

એને ખબર હતી, આજે ત્યાં કુણાલકુમાર એકલો જ હતો. એમ એ ઘણી વખત એકલો રહેતો. તિષ્યરક્ષિતાને પણ નવાઈ લાગતી કે આ કુમાર કોઈ-કોઈ વાર એકલો એકાંત રાત્રિમાં કરે છે શું ? એ પણ ભિખ્ખુ થઈ જવાનો છે કે શું ?

એના કલ્પના ન હતી કે એકાંત રાત્રિને પણ પોતાની અનોખી સુંદરતા હોય છે ને એ કોઈક વિરલ માટે હોય છે.

એ વસ્તુ એની કલ્પનાથી પર હતી. પણ એટલે એ તો મનમાં એમ ધારીને ગર્વ લેતી હતી કે અત્યારે એ નિરર્થક સંસારરસ ખોઈ બેઠેલા મગધપતિને મગધ આપવા જાય છે, મગધેશ્વરી આપવા જાય છે. અને ભવિષ્યનાં મહાન સ્વપ્નાં આપવા જાય છે. એ સ્વપ્નાં એના રૂપકુંભમાં ભર્યાં છે, અને એ રૂપકુંભ એના હાથમાં છે.

એના મનથી જુગજુગજૂના કોઈ પ્રેમીની સૌંદર્યતૃષાને છિપાવવા માટે એ જઈ રહી હતી અને પોતાના પ્રેમકુંભને માટે અમર્ત્ય રસ લેવા જઈ રહી હતી.

કુણાલકુમારને પોતાના પ્રીતબંધનમાં બાંધીને આ દુનિયાનો શ્રેષ્ઠ નરપતિ બનાવવા જાણે એ જઈ રહી હતી. અત્યારે તો એ કુણાલકુમાર, નથી સાધુ બની શકતો, સાધુત્વ છે છતાં; નથી રાજા થઈ શકતો, રાજત્વ છે છતાં; નથી વીર બની શકતો, વીરત્વ છે છતાં. એ બે ડગલાં આમ ફરે છે, તો ત્રણ ડગલાં આમ જાય છે. એની દ્વિધામાં એ જીવન વેડફે છે. હતો ત્યાં ને ત્યાં. પોતાની દ્વિધાવૃત્તિનો પોતે દાસ બનીને રહે છે. એક અડગ નિશ્ચયનું પગલું જાણે એ લઈ શકતો જ નથી.

એના કરતાં તો એ કાં આ પ્રેમઉદધિમાં ઝંપલાવે, તો સ્વર્ગ જુએ ને જીવનભર ન ભૂલે તેવું સૌન્દર્ય દેખે અથવા તો વૃદ્ધ જેવા મહારાજ અશોકને હઠાવીને રાજગાદી લઈ લે, તો દુનિયામાં નામ કાઢે.

તિષ્યરક્ષિતાના દિલમાં કુણાલકુમારને કહેવાની આવી અનેક વાતો ભરી હતી. એ વાતો પણ બધી વાતો જ હતી. એનો આવેશભર્યો પ્રેમ એવી વાતોને પણ ભોંમાં ભંડારી દેતો હતો. એ ચક્રવર્તી હતો.

એને તો કુણાલકુમારને પોતાને જ પ્રીતબંધનમાં લેવો હતો. એ એક જ એની અદમ્ય ઇચ્છા હતી, ચક્રવર્તી ઇચ્છા હતી. એના રોમેરોમમાં પ્રીતનો અવાજ

હતો. એ ઉતાવળે જઈ રહી હતી. પોતાનું સૌન્દર્ય પરાજય ન પામે, એટલા માટે એણે શસ્ત્રો પણ સજ્યાં હતાં. બાણ ધનુષ સમશેરનાં નહિ, આછી જેવી આંખની કજ્જલરેખાનાં. મુખમુદ્રા ઉપર એણે બિંદીઓ મૂકી હતી – કસ્તૂરીની સુગંધસુગંધભરી બિંદીઓ; પણ એ બિંદીઓ ક્યાં મૂકવી ને ક્યાં ન મૂકવી એનો એણે દિવસો સુધી અભ્યાસ કર્યો હતો.

તિષ્યરક્ષિતાએ એમ મૂકેલી એકએક બિંદીઓ એકએક સહસ્ર ધનુષનું બળ હતું. છુટ્ટી બિંદી કાંઈ નથી. એ જ નારીના મોં ઉપર બેસે, અને અનંગરંગની મોહિની બની જાય છે! રૂપ તો આજે જેવું તિષ્યરક્ષિતાનું સોળે કળાએ ખીલ્યું હતું તેવું કોઈ દિવસ પ્રગટ્યું ન હતું.

આજનો એનો દિવસ હતો. આજની આ રાત હતી. કાં એ મહારાણી મહારાજ્ઞી મગધેશ્વરી બને, નહિતર આંધળા પ્રેમીની દીવાની પ્રેયસી બને. બેમાંથી ગમે તે એક બને. પણ એનો એ અનુભવ હજારો જીવનના અંતે ક્યારેક જ મળે તેવો હતો. એવો વિરલ અનુભવ લેવા માટે એ નીકળી હતી.

આજ તિષ્યરક્ષિતા રૂપરૂપની રાણી હતી!

અને છતાં એ રૂપ પોતે પણ સહસ્રગણું શોભે તે માટે ચીનાંશુકન, આચ્છાદન ઉપરી વસ્ત્રમાં એણે અવનવી ભાતથી પોતાની રૂપશોભાને વધુ સુંદર બનાવી હતી.

એ મહાલયમાં આવી. એને ખબર હતી: કુણાલકુમારના શયનાગાર પાસે પણ ભાગ્યે જ સશસ્ત્ર યવનીઓ દેખા દેતી. રાજાઓ જે-જે વસ્તુથી ડરતા હતા, તે તમામ વસ્તુઓને કુણાલે તિલાંજલિ આપી દીધી હતી.

મહાલયમાં તિષ્યરક્ષિતા પહોંચી. ત્યાં માત્ર દ્વાર ઉપર મહામાયા એકલી જ હતી. પણ એ ભાગ્યે જ આમાં કાંઈ જાણવાની હતી. બીજું કોઈ હતું નહિ. મહામાયા તો નમીને એક તરફ ઊભી રહી ગઈ. એને આશ્ચર્ય થયું. પણ એટલીવારમાં તો તિષ્યરક્ષિતા ત્યાંથી અદશ્ય થઈ ગઈ હતી.

તે છેક ઉપરી-તલના સપ્તમ આવાસે પહોંચી. ત્યાં આસપાસ કોઈ કહેતાં કોઈ ન હતું. એણે પ્રાસાદના છેક ઉપરી-તલના કૌમુદીભવનના પ્રાંગણમાંથી પાટલિપુત્રનગરી તરફ એક દૃષ્ટિ કરી.

ચારે તરફ સૂનકાર હતો. નગરી-આખી અંધકારમાં ઘેરાયેલી હતી, પણ તેથી કોઈ-કોઈ પ્રકાશતા દૂરદૂરના દીપકો અજબ રૂપ ધારતા જણાતા હતા – જાણે આકાશમાં તારા પ્રગટ્યા!

તિષ્યરક્ષિતા અંદરના ખંડમાં ગઈ. ત્યાં માત્ર એક શાંત સુગંધી દીપક છેક છેડે પ્રકાશતો હતો. તિષ્યરક્ષિતા ત્યાં એકલી ઊભી રહી.

સામેના વિશાળ સોનેરી પર્યંકમાં કુણાલકુમાર સૂતો હતો – જાણે સરોવરમાં

કોઈ રાજહંસ હોય.

તિષ્યરક્ષિતા તેના તરફ જોઈ રહી – જોઈ જ રહી. પણ જેમજેમ જોતી ગઈ. તેમતેમ કુણાલકુમારનું સૌંદર્ય એટલું આકર્ષક થતું ગયું કે એ વિવશ બની ગઈ. પણ એને અચાનક લાગ્યું કે રાત્રિનો અંધકાર પણ એના વિષે કાંઈક છાનીછાની ગોષ્ઠિ કરે છે. તે ચમકી ગઈ. તેણે ભયભીત દૃષ્ટિએ ચારે તરફ જોયું. ત્યાં કોઈ હતું નહિ.

ફરી તે કુણાલકુમારને જોઈ રહી. એટલી તો સુંદર એની આંખો હતી કે અત્યારે એ મિચાયેલી છતાં જાણે બીડેલાં કમળની અદ્‌ભુત શોભા એમાંથી પ્રગટતી હતી.

તિષ્યરક્ષિતાને પોતાની ભીરુતા માટે ઘૃણા થઈ આવી. સૌન્દર્યસાગરના કિનારે આવીને એ અંદર કૂદી પડવાને બદલે આંહીં રાહ જોતી ઊભી હતી. ભીરુ! નિર્માલ્ય! અપ્રેમી! – અ-નારી! – એના મનમાંથી શબ્દો ઊઠવા લાગ્યા. તે એકદમ આગળ વધી. પર્યંક પાસે – છેક પર્યંક પાસે આવી ગઈ. એક જ પગલું આગળ, અને એના ઓષ્ઠ કુણાલકુમારનાં કમળનયનોને પ્રેમથી ભીંજવી દેત – એ કમળનયન, જેણે એને દિવસો સુધી હેરાનહેરાન કરી મૂકી હતી. પણ અચાનક જ તેને કાંઈક સાંભર્યું. કાંઈક આવેગ આવ્યો. તે ઉતાવળી-ઉતાવળી પણ ધીમાં પગલે દીપિકાની પાસે ગઈ. એને પ્રકાશ જોઈતો ન હતો. તેણે ચારે તરફ જોયું. કોઈકની સુંદર ફૂલગૂંથણીની ઘુમ્મટ જેવી રચના ત્યાં પડી હતી. તેણે એને દીપિકા પાસે એવી રીતે ગોઠવી દીધી કે દીપકનો પ્રકાશ પર્યંક પાસે આવતો અટકી ગયો.

પર્યંક અંધકારમાં ડૂબી ગયો!

તે પર્યંક પાસે પાછી ફરી. તેણે ધીમેથી પોતાના ઉપરી ચીનાંશુકને સાપ કાંચળી છોડી દે તેમ છોડી દીધું. પોતાના રૂપ ઉપર એની એક નજર ફરી ગઈ. તેના હોઠમાં સ્મિત ફરી ગયું. પોતે પોતાના રૂપ ઉપર મોહિત થઈ ગઈ હતી.

તે આવેગથી ધકેલાઈ હોય તેમ આગળ વધી. તેણે કુણાલકુમારના જમણા પગનો અંગૂઠો હલાવ્યો. જરાક મોટેથી, પણ પ્રીતભરેલા ભીના શબ્દોમાં, ઉતાવળે-ઉતાવળે એ બોલી ગઈ : 'કુમાર! કુમાર! જાગો! જાગો! આંહીં અંધારું છે ને મને ભય લાગે છે! જાગો!'

કુણાલકુમાર ગાઢ નિદ્રામાં હતો. તે જરા સળવળ્યો, પણ જાગ્રત ન થયો. એને સ્વપ્ન આવી રહ્યું હતું – મહારાજ ઉપર કોઈ બૌદ્ધ ધર્મવિદ્વેષી પરિષદમાં ગુસ્સે થયો છે, એમને મારવા ધસ્યો છે.

તિષ્યરક્ષિતાએ એના બાહુને સ્પર્શ કર્યો. એના કપાળ ઉપર હાથ ફેરવ્યો.

એના મનોહર નયન ઉપર એણે ધીમેથી અંગુલિ ફેરવી. અને અચાનક મહા પ્રચંડ આવેગથી ધક્કેલાઈ ગઈ હોય તેમ તેણે કુણાલકુમારનાં નયનોને મધુર પ્રીતભરેલા ઓષ્ઠથી ઉતાવળે-ઉતાવળે સ્પર્શ કરી લીધો. પળભર એ રસલીન થઈ રહી.

કુણાલકુમાર અચાનક જાગી ગયો. તેના મનમાં સ્વપ્નની અસર તાજી હતી. તેને થયું: મહારાજને કાંઈક થયું છે ને કોઈક સંદેશવાહક દોડતો આવ્યો છે. તેણે ઉતાવળે પૂછ્યું: 'કોણ છે? કોઈ છે? અને – આ શું? અંધારું ક્યાં થી? દીપક ક્યાં ગયો?'

'કુણાલકુમાર! એ તો હું છું – હું તમને મળવા આવી છું. ભડકતા નહિ. અંધારુ મેં કર્યું છે. હું માત્ર અંધારું ઓઢીને ઊભી છું, કુમાર! તમને એવી રીતે મળવા આવી છું. આપણી પ્રીત મુસાફરીમાં કાંઈ જ વચ્ચે ન જોઈએ. આજ હું તમને અત્યારે મળવા આવી છું. આજે આપણે એક મહાન ભાવિની પળને બોલાવવી છે... જાગો, ઊઠો, અને, કુમાર! આમ આવો... આવો, આપણે...'

કુણાલકુમાર પહેલાં તો એકદમ સમજી શક્યો નહિ. કે આ બધું શું છે? આ શેની વાત છે? પણ એણે અવાજ પકડી લીધો. તે એકદમ જ સફાળો બેઠો થઈ ગયો.

'અરે! મા! મા!' તે બેઠો થતાં જ બોલ્યો: 'તમે આવ્યાં છો? શું બન્યું છે, માતા? મહારાજને કાંઈ થયું છે? કોઈ મોટો ઉત્પાત જાગ્યો છે? સંઘમાં વિદ્રોહ છે? શું છે, મા? કેમ અત્યારે ઉતાવળમાં આવ્યાં છો?'

'ના, કુમાર! ના, કોઈ ઉત્પાત નથી. કાંઈ બન્યું નથી. મહારાજને કાંઈ થયું નથી. તમારા પ્રેમસાગરની છોળમાં નાહવા માટે હું દોડતી આવી છું. હું અધીર છું. બીજું કાઈ છે નહિ. આવો, કુમાર, આવો, આપણે આજે... આનંદીએ – એક એવી પળને બોલાવીએ, જે પોતે અમર થઈ જાય અને આપણને અમરતા બતાવી જાય. પ્રેમનો આવો અનુભવ તો ક્યારેક જ મળે છે, કુમાર! આવો, આપણે...'

'અરે! મા! મા!' કુણાલકુમાર હાંફળોફાંફળો પર્યંકમાંથી હવે ઊભો જ થઈ ગયો: 'તમે છો? આ તમે બોલો છો? પણ એમાં હું કાંઈ સમજતો નથી, મા! તમે અત્યારે એકલાં કેમ આવ્યાં છો? નગરીમાં તો કાંઈ બન્યું નથી નાં?'

'મારે મોંએ બોલાવવું છે, એમ નાં? તમને એમાં આનંદ આવતો લાગે છે, કુમાર! તો ભલે, હું બોલું. મારે મોંએ મારી વાત સાંભળો.' તિષ્યરક્ષિતા રાગભરેલી વાણી બોલતી હતી :

'હું આવી છું, પ્રીતમ!' તમારા પ્રેમસાગરને કિનારે – પ્રેમજલમાં નાહવા. નાહવા પણ નહિ, ડૂબકી મારવા. કુણાલકુમાર! આંવો – આવો – કુમાર! આવો આપણે બંને એકબીજાં માટે જ જાણે નિર્માણ પામ્યાં છીએ. આપણા

પ્રેમમિલનમાં એક મહાન ભાવિ સૂતેલું છે.'

કુણાલકુમાર સ્તબ્ધ જ બની ગયો. એની વિચારબુદ્ધિ કામ કરતી જાણે બંધ થઈ ગઈ. તેને આ અંધારું ભયંકર લાગ્યું. તે એકદમ દીપક પાસે દોડ્યો ગયો. ફૂલઘુમ્મટ ઉઠાવી લીધો. તરત ખંડમાં પ્રકાશ-પ્રકાશ રેલાઈ રહ્યો. પણ એણે જે જોયું – એ એકદમ જ દીપક તરફ ફરી ગયો. તેણે ગદ્ગદ અવાજે કહ્યું: 'મા! મા! મા! તમે છો ! પહેલાં વસ્ત્ર ધારી લ્યો. તમે મારાં મા છો. હું તમારો પુત્ર છું!'

તિષ્યરક્ષિતાએ ઉતાવળે ધરતી ઉપરથી ઉપરી-વસ્ત્ર ઉઠાવી લીધું. તે એકદમ શરીરને આચ્છાદિત કરતી દીપક તરફ આગળ વધી.

ત્યાં પહોંચીને ઘડીભર થોભી. પછી તેણે ઉતાવળે કુમારના ખભાને હાથથી હલાવ્યો. 'કુમાર! આમ જુઓ, હું માતા નથી. તમે પુત્ર નથી. આવી સૌન્દર્યપળ ધરતી ઉપર કોઈક વખત આવે છે. ધરતી ઉપર આવું રૂપયુગ્મ ક્યારેક જ આવે છે. તમે અને હું – આવી જોડી એક સહસ્ર વર્ષે એક વાર માંડ આવે છે. એમાં મહાન ભાવિ સૂતેલું છે. મગધનું મહાન ભાવિ ઘડવાનું આપણું નિર્માણ છે. તમે એ અફળ કરો મા, ખોટા સાધુવેશમાં, ખોટા ખ્યાલમાં. હું તમારી પ્રેયસી છું, પ્રિયતમા છું તમને વળગેલી છું. હું તમારી માતા હતી નહિ, અને માતા છું નહિ –' તેણે કુમારને ખભાથી હલાવી મૂક્યો. તેનો ચહેરો પોતાની સામે ફેરવ્યો. તેની આંખમાંથી હવે પ્રેમાવેશમાં પડેલા પ્રાણીની અગ્નિજ્વાળા પ્રગટતી હતી. તેની આંખ તગતગતી હતી. તેમાં જાણે હમણાં કુમારને હાથમાં ઉઠાવી લેશે એટલો પ્રચંડ આવેશ દેખાતો હતો: 'હું તમારી માતા હોઈ શકું નહિ.... પ્રિયતમાને હવે માતા ન કહેતા, કુમાર!'

કુણાલકુમાર એ સાંભળી રહ્યો, એની સામે જોઈ જ રહ્યો. પછી અચાનક એ નીચે નમ્યો, છેક નીચે નમ્યો, છેક નીચે નમ્યો. તેણે તેનાં ચરણની ધૂળ માથે લીધી: 'રાજમાતા! મા! તમે મારાં મા છો ! હું તમારો બાળક છું. આ વાત આપણે અહીં જ દાટી દઈએ.'

'કુણાલ!' તિષ્યરક્ષિતા ઉતાવળે-ઉતાવળે બોલી: તે આકળી થઈ ગઈ: 'આ તું શો ઢોંગ કરે છે? હજી પણ ઢોંગ કરવો છે? હું તારી છું, તું મારો છે. આખી દુનિયા એ જાણે છે. ભાવિનું એ નિર્માણ છે. આપણે બંને મળીને મગધને મહાન ભેટ આપીશું. આપણે એ છે તેના કરતાં વધારે મહાન બનાવીશું. ચાલો, ચાલો, આપણે આજથી નવું જીવન શરૂ કરીએ!'

'અરે, મા! મા! તમે મને ક્યાંક ભિખ્ખુ બનાવી દેશો! તમે મા થઈને આ શું બોલો છો? તમે મહારાજની સતત પાસે રહેનારાં, તમારા મોંમાં આ શબ્દો આવે છે ક્યાં થી? મા! આપણે વાત દાટી દઈએ. મગધમાં મહાન ક્ષોભ થઈ

જશે! મહારાજને પ્રચંડ આઘાત થઈ જશે!'

'અલ્યા, કુમાર! તું કઈ દુનિયામાં વસે છે?' તિષ્યરક્ષિતા આકળી થઈને ઉપાલંભ આપતાં બોલી: 'આ ડોસો – તું એમ માને છે કે હું એને માટે હોઈ શકું? એવી રીતે સૌન્દર્ય વેડફી નાખું? મેં તો હંમેશાં તને જ પ્રીતમ માન્યો છે. હું આંહીં તને લેવા આવી છું. તું કહે ત્યાં આપણે ચાલ્યા જઈએ. કોઈ દૂર–દૂર – દૂરના પ્રદેશમાં, જ્યાં એકાંત વનવાટિકા હોય, જ્યાં ઋતુઓ પ્રેમગીત ગાતી હોય, જ્યાં પંખીઓ પ્રીતગાન કરતાં હોય. પ્રિયતમ! ચાલ, ચાલ, આપણે ત્યાં ચાલ્યાં જઈએ. આંહીં તને તારે માટે જોખમ જણાતું હોય, તો મગધ ભલે પડ્યું રહ્યું. નગરી પણ ભલે આ પડી. હું અને તું જ્યાં હોઈશું, ત્યાં મગધ હશે. નગરી ત્યાં હશે. નગરી નવી થશે. આવું પ્રેમજીવન નવું નહિ મળે. આપણે બે હોઈશું, ત્યાં સ્વર્ગ હશે. આપણે ચાલ્યાં જઈએ, પછી છે કાંઈ?'

'ક્યાં જવું છે, મા?' કુણાલકુમાર બોલ્યો, 'આપણે ગમે ત્યાં જઈએ, પણ તમે મારાં મા રહો છો. હું તમારો બાળક રહું છું. આપણે ભલે ગમે ત્યાં જઈએ, ધરતીના ગમે તે છેડે જઈએ, પણ હું તમારો શિશુ છું, એ શી રીતે મટું? મારે માથે હાથ મૂકો, મા! મને આશીર્વાદ આપો!'

તિષ્યરક્ષિતાના દિલમાં જાગેલ પ્રેમનો આવેગ અને આવેશ ભયંકર હતો. તેણે કુણાલકુમારનો હાથ ઝાલીને એને ઊભો કર્યો. તેની આંખમાં આંખ પરોવી :

'કુમાર! સામે ભિત્તિદર્પણમાં જુઓ. તમને આ જે આંખો મળી છે, જેની પાસે સ્વર્ગની અપ્સરાઓ પણ પાણી ભરે, એ આંખો શું અમસ્તી મળી છે? એક શક્તિ હોવી ને એની પોતાને જ જાણ ન હોવી, એ તો આપઘાતનો પણ આપઘાત છે, જીવનદ્રોહ છે, કુમાર! તમારી આંખો દુનિયામાં કાંઈક શોધે છે. શું શોધે છે, જાણો છો? એ શોધે છે પ્રેમનો કિનારો. તમે જીવન જેવું જીવન વેડફી નાખો છો. ભારતભરમાં તમારી નામના થાય – મગધમાં એક વૈશાલીની આમ્રપાલી હતી – વર્ષો પહેલાં. આજે આ બીજી આમ્રપાલી આવી છે, તમને શોધતી આવી છે ને તમે પ્રેમને નકારો છો?

પણ પ્રેમને નકારનારો – નારીના પ્રેમને નકારનારો – નારી પોતે જ્યારે પ્રેમ માગતી આવે ત્યારે એ પ્રેમને નકારનારો માત્ર આપઘાતી નથી, માત્ર ભીરુ નથી, માત્ર કાયર ને કંગાલ નથી, એ છે નાચીજમાં નિર્માલ્ય સર્જન-તમામનો વિઘાતક, જીવનવિગ્રહી, પ્રાણ વિનાનો, પથ્થર સમો – એ માણસ જ નથી. કુણાલકુમાર! ચાલો, આપણે ગમે ત્યાં ચાલ્યાં જઈએ! અશ્વો તૈયાર છે.'

કુણાલકુમાર બે હાથ જોડીને માથું નમાવતો જરાક આગળ આવ્યો. તેણે

તેની સમક્ષ ઊભા રહી, એના ખોળામાં માથું નમાવ્યું, 'મા! તમે મા છો. હું તમારો પુત્ર છું. બીજી કોઈ વાત મારા દિલમાં જાગતી નથી, જાગી શકતી નથી, જાગી શકે નહિ. માતા! હું માત્ર એટલું જ માગું છું – આ વાત આપણે આંહીં જ દાટી દઈએ.'

'હવે દાટવા – બાટવાનું તો ઠીક! પણ, છોકરા! તું છોકરો પણ નથી.' તિષ્યરક્ષિતાનો ચહેરો પણ બદલાઈ ગયો. તેને રોમરોમ ક્રોધ વ્યાપી ગયો. તે રડવા જેવી થઈ ગઈ. પણ તે ક્રોધમાં ધ્રૂજતીધ્રૂજતી બોલી રહી: 'તું કાંઈ નથી. તારે સુંદરતા જોવાની આંખો પણ નથી. તને મળ્યા છે તે મોટા કોડા છે! તું પથ્થર પણ નથી. ધરતીનું ઢેફું – સૌન્દર્યમાં એ શું સમજે? ઢેફું શું ઝીલે? શું માણે? શું ભોગવે? શું આનંદે? પથ્થરને પણ જીવન છે. એ ઘાટ માણે છે. આકાર સમજે છે. પણ તું પથ્થર પણ નથી! તું તો ઢેફું છે ઢેફું – જીવનહીન, પ્રાણહીન, ગતિહીન. જા-જા, મારા તને આશીર્વાદ છે: તારી આ નિર્માલ્યતા એકહજારગણી વધુ બની રહો! અને આ આખો દેશ બૌદ્ધ સાધુડાઓની ચરણભૂમી બની જઈ, નાશ પામી જાઓ, જા...'

– અને તિષ્યરક્ષિતા એક પણ શબ્દ વધુ બોલ્યા વિના ત્યાંથી તરત પાછી ફરી ગઈ.

૨૨

તિષ્યરક્ષિતાનો નિર્ણય

તિષ્યરક્ષિતા ઝપાટાબંધ મહાલયમાંથી નીચે ઊતરી ગઈ. આડુંઆવળું જોવા જેટલી એનામાં અત્યારે ધીરજ ન હતી. એની આંખમાંથી આંસુની ધારા ચાલી રહી હતી. એના ક્રોધનો પાર ન હતો. એનું ચાલે તો એ અત્યારે ને અત્યારે સોનેરી છૂરિકા લઈને પાછી દોડતી આવે, આ છોકરડા જેવાને પીંખી નાખે, એના કટકા કરી નાખે. પ્રભાત થાય અને કોઈ જાણે તે પહેલાં તો આ ચિબાવલો છોકરો હોય જ નહિ! પોતાના અપમાનમાં એ રોમરોમ બળી રહી હતી. એના રોમરોમમાં અગ્નિ ભડભડતો હતો. એ ઝપાટાબંધ પોતાના સૌંદર્યભવનમાં જ પહોંચી ગઈ. જઈને પહેલું કામ એણે તમામ દીપકોને ઓલાવી નાખવાનું કર્યું. એને એકલો અંધકાર અંધકાર જોઈતો હતો. એ અંધકારમાં ડૂબી જવા માગતી હતી. એ પોતાના પર્યંકમાં ઊંધે માથે જઈ પડી. તેણે તમામ સશસ્ત્ર યવનીઓને નીચે મોકલી દીધી.

અને એ પર્યંકમાં પડી તેવી જ મોટેથી રડી પડી! અને પછી કેટલીક વાર સુધી હીબકા ભરતી રહી!

એમ ને એમ એ ક્યાંય સુધી હીબકા ભર્યા કરત, પણ મહામાયાએ એને ઉતાવળે દોડતી પાછી જતી જોઈ હતીઃ અને એના કુતૂહલનો પાર રહ્યો ન હતો. એને લાગ્યું કે કાંઈક બન્યું છે, ચોક્કસ કાંઈક બન્યું છે. એ શું આવી હતી – શું ગઈ – એ કાંઈ જ એને સમજાયું નહિ.

પણ એણે અનુમાન કર્યુંઃ એ આવી હતી કુણાલકુમાર પાસે. અને ત્યાં ક્યાંક બન્યું. એણે એને તે પહેલાં મહારાજની શુશ્રૂષા-સમયે જોઈ હતી. કુણાલકુમાર સાથેનો દ્વિઅર્થી વાણીનો વિલાસ એણે સાંભળ્યો હતો, એટલે શી વાત હશે તે સમજતાં એને વાર ન લાગી.

મહામાયા તરત જ કુણાલકુમારના ખંડમાં દોડી ગઈ. પણ એના આશ્ચર્યનો

પાર ન રહ્યો. ખંડ આખો ખાલીખમ હતો. એક દીપક એકલો પ્રકાશ રેલી રહ્યો હતો. એ પ્રકાશ કઢંગો લાગતો હતો. કુણાલકુમાર ત્યાં હતો જ નહિ.

તે ઉતાવળી-ઉતાવળી બે-ત્રણ ખંડ જોઈ વળી. ત્યાં કોઈ કહેતાં કોઈ ન હતું. કુણાલકુમાર પોતાના રક્ષણ માટે પણ સશસ્ત્ર યવનીઓ ઉપર આધાર રાખતો જ નહિ એ એને ખબર હતી. એના જીવનની એ એક વિશેષતા હતી. તે સાધુ જેવો હતો, વીર પણ હતો સેનાની પણ હતો. અને ઉદાસી પણ હતો. માણસ ક્યાંય કોઈ દિવસ રક્ષાહીન છે, એમ એ માનતો જ નહિ – એ સૂત્ર ઉપર મદાર બાંધીને ઘણી વખત તો આખી સેના પડી રહે ને એ એકલો નિઃશસ્ત્ર વિદ્રોહીઓની સામે ગયો હતો! એમાંથી એને વધારે ને વધારે પ્રતીતિ થતી ગઈ હતી! નિઃશસ્ત્રી સમો કોઈ શસ્ત્રી નથી, માત્ર એટલું જ કે એ નિઃશસ્ત્રી રોમરોમમાં નિઃશસ્ત્રી હોવો જોઈએ. બીજાના અંતરને સમજવાની એની શક્તિ અપાર હોવી જોઈએ. એની ધીરજ અખૂટ હોવી જોઈએ. પછી કોઈ એવી વાત નથી, કોઈ એવો માણસ નથી, કોઈ એવો વિદ્રોહ નથી, કોઈ એવું વૈર નથી, જે નિઃશસ્ત્ર પાસે સુક્કાં પાંદડાંની માફક દિલમાંથી ખરી ન પડે.

અત્યારે એણે તિષ્યરક્ષિતાને એક મહાન અધમતામાંથી બચાવી લીધી હતી. પોતે પણ પળ સાચવી હતી, કારણ કે એ એક પળ ક્યાં હતી? એ તો જીવન હતું. પણ હવે એના મનમાં મોટામાં મોટો ભય જાગ્યો – મહારાજના જીવનનો. તે મહા પિતૃભક્ત હતો. આ તરફ તિષ્યરક્ષિતાને એનો ખંડે તજીને ઉતાવળે, ઉપાલંભ આપતી ચાલી જતી જોઈ કે બીજી તરફ તરત જ એ પોતે મહાલય તજીને મહારાજના નિવાસસ્થાન અશોકારામ તરફ જવા માટે ઊપડ્યો. તે મહાલયમાંથી બહાર આવ્યો. અશ્વ મગાવ્યો. એકલો ઊપડી ગયો. ક્યાં જાય છે. એ પણ કોઈ જાણી શક્યું નહિ. એને ભય હતો : પરાજિત પ્રેમભરેલી આ નારી હવે ડંખીલી હશે. વખતે એ મહારાજને જ હણવા માટે દોડી જાય. તે ઉતાવળે અશોકારામ તરફ જવા નીકળ્યો, મહારાજને મળવા માટે ચાલી નીકળ્યો. એક પળ પણ થોભ્યો નહિ. એને બહાર જતો જોઈને દ્વારપાલ પણ સ્તબ્ધ થઈ ગયો.

આખે રસ્તે એને અનેક વિચારો આવતા રહ્યા. જો મહારાજ સલામત હોય તો એણે વાત દાટી દેવામાં જ બધાંની સલામતી જોઈ. તિષ્યરક્ષિતાને ધર્મમાર્ગે લેવી એ જ ખરી કસોટી હતી. તિષ્યરક્ષિતાના દિલને ફેરવવાનો હજી માર્ગ હતો. પણ જો એણે આવેશમાં કાંઈ ઊંધુંચત્તું કરી નાખ્યું હશે, તો એનો કોઈ જ માર્ગ નહિ હોય. એના દિલની વ્યથાનો પાર ન હતો. એણે મહારાજના જીવનના છેલ્લા દિવસોને કટુકટુ બની જતા જોયા.

મહામાયા એના ખંડમાં આવી પહોંચી ત્યારે તો એ ઊપડી ગયો હતો. બીજા

બે ત્રણ ખંડ જોઈને મહામાયા તરત પાછી ફરી ગઈ હતી, પણ પછી એને તરત વિચાર આવ્યો. તિષ્યરક્ષિતાના સૌન્દર્યભવન તરફ એ દોડી.

તિષ્યરક્ષિતા ત્યાં હોવી જોઈએ. કુણાલકુમાર વિષે એ કાંઈ જાણી શકી નહિ. શું બન્યું એ પણ કેવળ અનુમાનથી જાણવાનું હતું. તે સૌન્દર્યભવન જવા માટે ઉતાવળે-ઉતાવળે નીકળી.

એણે દ્વારમાં જ અનેક યવનીઓને ગુસપુસ વાતો કરતી દીઠી. એ બધી જ આંહીં મુખ્યદ્વાર પાસે ભેગી થઈ ગઈ હતી. મહામાયા સમજી ગઈ: તિષ્યરક્ષિતા એકાંતમાં હોવી જોઈએ. એણે જ આ બધીને આંહીં મોકલી દીધી હોવી જોઈએ. પોતે તિષ્યરક્ષિતાની અતિ વિશ્વાસુ મનાતી હતી, એટલે એ સ્વાંગનો અત્યારે એણે ઉપયોગ કર્યો:'અરે! તમે બધી આંહીં શું કરો છો? મહારાણી બા ક્યાં છે? મારે એમને મળવું છે.'

'મહારાણીબા એ ઉપર રહ્યાં પણ છાતી તો મજબૂત છે નાં?' બધી એક સાથે બોલી ઊઠી.

'કેમ એમ બોલો છો?'

'વખત છે, બાઈ! એમની આંખ સામે આંખ મંડાતી નથી. સોનેરી છૂરિકા સમી એ તીવ્ર બની ગઈ છે. તમારે જવું હોય તો જાઓ. અમે કોઈ અત્યારે એમને કાંઈ કહેવા નહિ જઈએ! કોણ જાણે શું થયું છે!'

'અરે! તમે તો બધી એવી જ છો – ભીરુ. મહારાજ અશોકારામમાં રહ્યા છે, એટલે મહારાણીબાને એનો આઘાત લાગ્યો છે. હું હમણાં જઈને તમને બધીને પોતપોતાને સ્થાને બોલાવું છું!'

'તો ભલે, તમતારે જાઓ. અમારે અત્યારે મરવા જવું નથી. પ્રભાત થયે જઈશું!'

મહામાયા ઉપર ગઈ. તેણે સૌન્દર્યભવનના મહારાણીના ખંડ તરફ જ પગ માંડ્યા. ખંડની બહાર જ એ થોભી ગઈ. અંદરથી કોઈ રિસાળ છોકરું હિબકા ભરતું રડતું હોય ને કોઈને દેખે તો પીંખી નાખે – એમ મહારાજ્ઞી તિષ્યરક્ષિતા છાનાં હીબકા ભરી રહી હતી.

મહામાયા બહુ જ ધીમેથી અંદર ગઈ. લેશ પણ અવાજ ન થાય તેમ તેના પર્યંક પાસે પહોંચી. એ અનુભવી હતી. વાત જાણી ગઈ. તેણે જણાય નહિ તેવી રીતે તેના ખભા ઉપર હાથ મૂક્યો. અત્યંત ધીમેથી, બહુ જ શાંત, મધુર પ્રીતભર્યા, વહાલસોઈ માતાના અવાજથી એને બોલાવી. 'મહારાજ્ઞી બા! દેવી! મહારાણી!...'

'મહારાણી મરી ગઈ છે! જા, ચિબાવલી! ભાગ અહીંયાંથી! આંહીં બધાં

ચિબાવલાં જ ભેગાં થયાં છે, જા!'

મહામાયા વધુ પ્રિતભર્યા અવાજે બોલી: 'મહારાણીબા ! એ ચિબાવલો છોકરો છે જ એવો, દેવી ! એવા મૂરખનાં વેણને તો કોણ ગણકારે ? આખું મગધ આવતી કાલે તમારાં ચરણમાં પડે – તમે જો મહારાજને હાથમાં લઈને શાસન ચલાવો તો. કરવા જેવું તો એ છે, દેવી ! આવા ચિબાવલા મૂરખને તો કોણ બોલાવા જાય ?'

મહામાયાએ અનુમાનથી જ ધાર્યું હતું કે તિષ્યરક્ષિતાનું કાંઈક અપમાન થયું છે. એના આધારે જ એણે વાત ઉપાડી હતી. પોતાના મનના આવેગને કોઈકનો જરા જેટલો આધાર મળતાં તિષ્યરક્ષિતા જરાક બેઠી થઈ. તેણે પોતાની આંખ લૂછી. જરાક સ્વસ્થ થઈ. મહામાયા તરત જ આઘી ખસીને બે હાથ જોડી ઊભી રહી ગઈ.

'મહારાણીબા ! આજ્ઞા કરો – મહારાજને બોલાવવા જવું છે ?'

તિષ્યરક્ષિતાને હવે શું કરવું તે સમજાતું ન હતું. ચિબાવલો કુણાલ જો કોઈને વાત કરે – મહારાજને જ પહેલાં મળીને વાત કરે, તો પોતાની એવી અવહેલના થાય કે એના કરતાં મૃત્યુ મીઠું લાગે. મહામાયાનું વેણ સાંભળતાં ને મહારાજનું નામ આવતાં એનું મગજ કામ કરતું થયું ને એને પહેલો વિચાર જ એ આવ્યો કે મહારાજને પાછા હાથ કરી લેવા જોઈએ. અને... અને... એના મનમાં એક મહા ભયંકર આવેગ આવી ગયો. એને તરત જ શું કરવું તે સૂઝી આવ્યું. અને આ ડોસલો જ પોતાના છોકરાને મારી નાંખે... તેના હૃદયમાં હવે ઠંડી ક્રૂરતાભરેલા, ભયંકર, શાંત વૈરની જ્વાલાઓ ઊભી થઈ ગઈ. એમાં એને અનેક વિચારો આવવા લાગ્યા. પહેલો વિચાર આ આવ્યો: ડોસલો જ એને હણી નાખે...

અને એ તરત જ ઊભી થઈ ગઈ: 'મહામાયા ! મારી શિબિકા મગાવ. મારે મહારાજને મળવું છે. હું મહારાજ વિના એક પળ પણ રહી શકતી નથી. અત્યારે ને અત્યારે મારે મહારાજને મળવા જવું છે. યવનીઓ ક્યાં છે? બોલાવ એ બધીને...' તિષ્યરક્ષિતાના દિલમાં વૈરનો મહાઅગ્નિ પ્રગટ્યો હતો. એમાં ક્રોધ હતો. કુણાલકુમારને હણી નાખવાની વાત હતી. પણ એને પોતાને પણ ખબર ન હતી કે પ્રીતની પેઠે વૈરની પણ ખૂબી છે. જેમ એ વિષે વધારે વિચાર કરો, તેમ વધારે ભયંકર એવું એનું રૂપ નજરે પડતું રહે. અને એના સૌથી વધુ ભયંકર રૂપને નિહાળવાની લાલસા વધતી જ રહે.

અત્યારે તો તિષ્યરક્ષિતાના દિલમાં વૈરની એક સાદી પ્રાથમિક વાત આવી ગઈ હતી. જઈને મહારાજને મળવું વિજ્ઞપ્તિ કરવી: તમારા વિના હું એકલી રહી શકતી નથી. પણ તક મેળવીને પેલો ચિબાવલો છોકરો વાતને વાવલે તે પહેલાં પોતે જ વાત કરી નાખવી. એના ઉપર દોષનો ટોપલો નાખી દેવો. એના

તક્ષશિલાના પ્રયાણને જ દેશવટાના રૂપમાં ફેરવી નાખવું થયું.

વૈરની આવી ધૂનમાં ને ધૂનમાં એ અત્યારે અશોકારામ તરફ ઊપડી હતી. એની સાથે માત્ર એક મહામાયા જ હતી. સ્ત્રી ગમે તેટલી સત્તાધીશ હોય ને ગમે તેટલી વયની હોય, પણ જ્યારે કોઈક ઘા એના ઉપર પડે છે, ત્યારે તરત જ એને સાંભરે છે એની મા! તિષ્યરક્ષિતાને પણ પોતાની મા સાંભળી હતી. એ તો આ દુનિયામાં હતી નહિ, પણ જાણે હોય તો અત્યારે એના વાંસા ઉપર હાથ મૂકીને એને આશ્વાસનના બે બોલ એ આપતી હોય!

એટલે મહામાયાના પ્રીતભર્યાં છાના શબ્દોમાં તિષ્યરક્ષિતાને એ માતાના પડછાયાનો આભાસ થઈ ગયો હતો ને એને એણે સાથે ઉપાડી હતી. પણ હજી વાત બરાબર શી બની છે, તે મહામાયાની સમજણમાં આવ્યું ન હતું.

તેણે જે અનુમાનથી વાત ચલાવી હતી, તે જ અનુમાનના રસ્તે વધુ વાત ચલાવી :

'મહારાણીબા! એ કુમાર છે જ એવો ચિબાવલો. મહારાજના બીજા બધા કુમારો ભિખ્ખુ થઈ ગયા, એટલે મહારાજે એને કુદરતી રીતે વધુ મોંએ ચડાવ્યો. એનું આ પરિણામ!'

'અરે, પરિણામ તો ઠીક..... પણ હું એની માતા, મારા ઉપર એની આ દૃષ્ટિ? મેં તો કહ્યું, મને બોલાવી હશે પોતે તક્ષશિલા જવાનો છે તે માટે, મહારાજના સ્વાસ્થ્યની વાત કરવા. ત્યારે નીકળી આ વાત! મારા ઉપર – એની જનેતા જેવી ઉપર – આ દૃષ્ટિ? એને મહારાજ દેશવટે જ મોકલે!'

મહામાયા ભડકી ગઈ. એના મનમાં ભારે આઘાત થઈ ગયો. પણ બીજી જ પળે એ બધું જ સમજી ગઈ. આ ભયંકર સ્ત્રી જે વાત કરી રહી હતી તેનાથી વાત બરાબર વિપરીત હોવી જોઈએ. તે સ્તબ્ધ બની ગઈ, વિચારમાં પડી ગઈ. રાધાગુપ્તની વાતને આ સ્ત્રી છિન્નભિન્ન કરી નાખે તેમ હતી. મગધમાં જ મહા ઉથલપાથલના ભણકારા વાગી જાય. એવી ભયાનક આ વાત હતી, જો પ્રગટ થાય તો આ વાત સાંભળતાં જ મહારાજ અશોક એવો આઘાત અનુભવ કે એમાંથી એઓ બેઠા જ ન થાય. તેણે મગધમહારાજ્યને આ સ્ત્રીની આવી એક ખોટી વાતના પરિણામે શસ્ત્રઅસ્ત્રના વિનાશ કરતાં પણ વધારે મોટા વિનાશના મોંમાં ધસતું જોયું!

તેણે તરત જ કહ્યું:'મહારાણીબા! તમે મહારાજનું સ્વાસ્થ્ય જાળવ્યું છે તેમાં જેવી તેવી શુશ્રૂષા કરી નથી. માંડ મહારાજની જીવનનૌકા સીધી વહેતી થઈ છે. મહારાજ્ઞી! દેવી! તમે મહાન છો. તમારે તમારું ગૌરવ છે. એવા મૂરખા છોકરાની આવી નાખી દેવા જેવી વાતમાં તો શું એવું મહત્ત્વ હતું કે મહારાણી

જેવા મહારાણી, એવી વાત મહારાજને કરે? વાતને જ દાટી દો, દેવી!'

'હું તો દાટી જ દઈશ; પણ જે આવો ચિબાવલો છે એ દોઢડાહ્યો પણ હશે નાં?'

'એ દોઢદાહ્યો છે, પણ મહારાજ માટે થઈને બધી જ વાત દાટી દે તેવો છે. એ કોઈને એક અક્ષરે નહિ કહે.'

'તો-તો આવી સાવ નાખી દેવા જેવી વાત કોણ કરવાનું હતું?...' તિષ્યરક્ષિતા બોલી ગઈ.

આગળ ચાલતાં દીપિકા – વાહકની દીપિકા આમથી તેમ ફરતાં પ્રકાશનો એક લિસોટો તિષ્યરક્ષિતાના ચહેરાને પ્રગટ કરી ગયો. અને એ જ વખતે મહામાયાની નજર એના ચહેરા ઉપર પડતાં એ છળી ગઈ.

એની છાતી બેસી ગઈ. શું આંખમાંથી વિષની જ્વાલા પ્રગટતી હતી? જાણે નીલા-કાચ ઝેરનો પ્રવાહ એમાંથી વહી રહ્યો હતો.

મહામાયા તો એ આંખને જ જોઈ રહી.

તિષ્યરક્ષિતાના દિલમાં – એના દિલમાં રહેલા દિલે વૈરશોધનો જે પ્રવાસ આટલા સમયમાં કરી લીધો હતો, તેમાંથી આ ભયંકર નારીને કોઈ એવું વૈર લેવાની નવી યોજના મળી ગઈ હતી કે જો આ વાત ફેલાઈ ન હોય તો એ પોતે જ હવે આ વાત દાટી દેવા માગતી હતી!

એને સાંભર્યું કે કુણાલકુમાર તો આ વાત દાટી જ દેવા માગતો હતો.

એણે મહામાયાને કહ્યું; 'મહામાયા! ચિબાવલા મૂર્ખાએ આવી સફલી વાતને પ્રગટ કરી હોય તોપણ હું મહારાજ પાસે એને હસી કાઢીશ, એટલે વાત દટાઈ જશે!'

પણ એણે પોતાના મનમાં એક એવો નિર્ણય લઈ લીધો હતો કે જેની પાસે દેશવટા જેવી વાત તો નિર્માલ્ય લાગે, ક્ષુલ્લક લાગે. એનો એ નિર્ણય તો ભયંકર હતો.

૨૩

બે રત્ન-આંખો!

તિષ્યરક્ષિતા મહારાજને મળતાં જ રડી પડી. તેમનાં ચરણમાં બે હાથ જોડીને ક્યાં ય સુધી માથું મૂકી નમી રહી. 'મહારાજ! મહારાજ!' એણે આર્તસ્વરે કહ્યું, 'હું તમારા વિના એકલી રહી શકતી નથી. મને મહાલય ખાવા દોડે છે. નગરી ભૂતાવળ સમી ભાસે છે. મહારાજ પાછા મહાલયમાં આવે!'

અશોક મહારાજ આશ્ચર્યમાં પડી ગયા. આટલું બધું રૂપ તિષ્યરક્ષિતાનું, એમણે ક્યારેય પ્રગટ થયેલું જોયું ન હતું. એમના દિલમાં એક જ વાત હતી: આ તિષ્યરક્ષિતાને પણ ધીમેધીમે ભિખ્ખુણીના પંથે વાળવાની. એઓ એમ માનતા હતા કે આવું રૂપ જ્યારે ભગવાન તથાગતની વાણીનો પડઘો પાડશે, ત્યારે તો દુનિયાની હવા જ પલટાઈ જશે. શસ્ત્ર સ્વપ્નાં બની જશે. તિષ્યરક્ષિતાના રૂપમાં એઓ મુગ્ધ પણ હતા. અને એ રૂપના સ્વપ્નદ્રષ્ટા પણ હતા. તિષ્યરક્ષિતા પણ મહારાજના મનની આ બંને ભૂમિકા જાણતી હતી, અને બંને ભૂમિકાનો ઉપયોગ કરતી હતી.

મહારાજ અશોકની આવી મહેચ્છા હતી. અત્યારે એઓ એના રૂપને જોઈ જ રહ્યા: 'અરે! મહારાણી! તમને આ શી ઘેલછા લાગી છે? ત્યાં રાધાગુપ્ત છે. દશરથકુમાર છે. દેવી કાંચનમાલા છે. ત્યાં ક્યાં એવી એકાંત છે કે ખાવા દોડે? ને તમારે ધીમેધીમે એકાંતને ટેવાવાનું છે એ કેમ ભૂલો છો? મેં તમને ઘણી વખત કહ્યું નથી – તમે ભગવાન તથાગતની વાણી બોલશો, ત્યારે વિશ્વભરમાં એક નવી જ હવા આવશે? આ સંઘ મળી રહ્યો છે, તેમાં એક દિવસ તમે આપણા શાસનની ઘોષણા કરો.'

'એ બધું થશે, મહારાજ! પણ મહારાજ આંહીં ભલે આવતાજતા રહે, આંહીં લાંબો સ્થાયી નિવાસ કરે, તો-તો હું ગુફામાં જઈને વસું. મારે મહાલયમાં

રહેવું નથી. એના મહાન સ્તંભો જ જાણે મને ખાવા દોડે છે!'

તિષ્યરક્ષિતાએ જોઈ લીધું કે કુણાલકુમાર ત્યાં જ બેઠો હતો, છતાં મહારાજને એણે કાંઈ વાત કરી લાગતી ન હતી. પોતે પણ વાત હવે દાટી જ દેવાની હતી.

'હું તો આવવાનો જ છું... આવવાનો જ હતો... પૂછ આ કુણાલકુમારને !'

'કુણાલકુમારને શું પૂછું? એઓ તો મહાજ્ઞાની છે.' તિષ્યરક્ષિતા બોલી:'એમને એકાંત ને સમાજ બંને ફાવે છે. મને, મહારાજ! એકાંત ખાવા દોડે છે. મન ત્યારે વ્યગ્ર બની જાય છે...' પોતાની વાત વાળી લેવા માગતી હોય તેમ એણે ઉમેર્યું:'અનેક તરંગો આવે છે. મહારાજે તો મનને વશ કર્યું છે. અમારે હજી એ નક્કી કરવાનું બાકી છે. કોઈ કુણાલકુમાર જેવાને આધારે ટકી જવાય. નહિતર મન તો, મહારાજ! મર્કટ – ગમે ત્યાં નાખે!'

'અરે! દેવી! મન એ જ રાજ છે, શાસન છે, સમૃદ્ધિ છે, તપ છે. ધર્મ છે ને એ જ સ્વર્ગ છે. નરક પણ એ જ છે.'

'એ તો, મહારાજ! તમે એને જાણ્યું છે એટલે. પણ જેણે જાણ્યું નથી એને તો એ ઊંડા ગર્ત્તમાં કોઈક પળે ધકેલી દે... આવા કુણાલકુમાર જેવાના આધારે એવા મન સામે ઊભાં રહેવાય.'

તિષ્યરક્ષિતા પોતાની વાતને ભૂલી જવા મથી રહી હોય તેમ જણાતું હતું. કુણાલને થઈ ગયું કે એક આવેશભરી પળ આને આવી ગઈ એટલું જ, બાકી એ જે છે તે જ છે – મહારાજની શુશ્રૂષામાં તલ્લીન. મહારાજના મનની વાત સાચી હતી. આ ભિખ્ખુપંથે વળવાની એક દિવસ. એણે વાત દાટી જ દીધી.

મહારાજે પણ બીજા દિવસે પ્રભાતમાં જ પાટલિપુત્રમાં પ્રવેશ કર્યો. ત્યારે તો જાણે કુણાલકુમાર ને તિષ્યરક્ષિતા બંને મહારાજની શુશ્રૂષામાં પાછાં એક થઈ ગયાં. જાણે કાંઈ બન્યું જ હતું. મહામાયા પણ આ જોઈને ભુલાવામાં પડી ગઈ. તેણે પણ વાતને દાટી દેવામાં સાર જોયો.

પણ તિષ્યરક્ષિતાના દિલના દિલમાં એક પ્રચંડ વૈરાગ્ન જલતો હતો.

કોઈને ખબર ન હતી. એને પોતાને પણ એકાંતમાં જ ખબર પડતી કે એનું વેર કેવું ભયંકર રૂપ લેવા માગે છે.

એની આંખમાંથી જે નીલું-કાચ ઝેર વહેતું મહામાયાએ જોયું હતું, તે ખરી રીતે એના માનસનું પ્રતિબિંબ હતું.

એને વૈર લેવું હતું. પણ હવે તો એવી રીતે વૈર લેવું હતું કે એના વૈરને આખું મગધ સંભારે, રાધાગુપ્ત સંભારે, ડોસા મહારાજ અશોક સંભારે, રાજપ્રતિનિધિ થઈ બેઠેલો નાનકડો છોકરો પણ સંભારે, કાંચનમાલા સંભારે. અને કુણાલ તો માત્ર સંભારે નહિ, હરપળે એની યાતનામાં એ રિબાતો રહે!

પોતે દોષારોપણ કરે એમાં દેશવટો મળે. એવી વાત તો એને નિર્માલ્યમાં નિર્માલ્ય જણાઈ. એ તો કપટ હતું, વૈર ન હતું. વૈરની એના મનની કલ્પના જુદી જ થઈ ગઈ હતી.

કુણાલની જે આંખોએ એને ગાંડપણ આપ્યું હતું એ આંખો હવે આ ધરતી ઉપર રહેવી ન જોઈએ. એના એ કોડા ફૂટી જવા જોઈએ. એ કોડાને ધારનારો પણ અંધ, અપંગ, રખડું, ભિખારમાં ભિખાર થઈ જવો જોઈએ. એને ભિખારપદ ગમતું હતું. એ ભિખારી થવા જન્મ્યો હતો. એ વૈભવ માટે હતો જ નહિ, એટલે એવો ભિખારી થઈ જવો જોઈએ.

અને એ બધું થવું જોઈએ – પોતાને હાથે નહિ. પોતે તો જાણે કાંઈ જાણતી જ ન હોય તેમ એ થવું જોઈએ.

ડોસલા મહારાજ અશોકના હાથે જ એ થાય. પોતાનું સૌન્દર્યજીવન વેડફી નાખનારનું જીવન પૂરું થાય. મગધની મહત્તા પૂરી થાય. સર્વનાશની ઘડીપળ આવે.

જેણે-જેણે એની સુંદરતાને કોડીની કરી મૂકી હતી, તે તમામ સૌન્દર્યદ્વેષી ભિખારાઓ કમોતે જાય.

તિષ્યરક્ષિતાના રોમરોમમાં અશોક મહારાજ માટે પ્રચંડ વૈરનો અગ્નિ ભર્યો હતો. અતિ ચિબાવલો છોકરો કુણાલ પણ ભિખાર જેમ રખડે અને એની આંખો – એની એ આંખો, જેણે એને દીવાની કરી મૂકી હતી, તે પણ ડોસાના આદેશથી જ જાય. છલનાની આ પરાકાષ્ઠા માટે એણે પળપળનું ધ્યાન રાખવાનું હતું. મહારાજના સાન્નિધ્યની કોઈ વાતમાંથી એ છલના ઊભી થાય તો જ આ વૈર વૈર બને, વર્ષો સુધી યાદ રહે તેવું. નહિતર તો એ સાધારણ કપટ હતું – અને કપટ તો હરકોઈ ભિખારો પણ કરી શકે!

ડોસાના આદેશથી એની આંખો જાય – અને ડોસલો જાણે ત્યારે માથું કૂટે એવું થવું જોઈએ. પણ એ થાય શી રીતે? એને માટે એની રાહ જોવાની તૈયારી હોવી જોઈએ.

એમ થાય તો જ ડોસો એક દી 'હાય!' એમ બોલીને ઝેરનું પાત્ર પોતે પોતાના મોંએ માંડીને સૂઈ જાય! એનો એવો અંત એ પણ આની સાથે વણાઈ જાય.

અને પોતે એને જોવા જાય! જો ડોસલાએ એના રૂપને ભોગવ્યું નહિ, માણ્યું નહિ, માણ્યું નહિ, જોયું નહિ, જાણ્યું નહિ – એવા માણસનું આવું મૃત્યુ એ જ ન્યાય હતો. પણ તિષ્યરક્ષિતાના દિલમાં એક માણસ શૂળની પેઠે ભોંકાતો હતો – રાધાગુપ્ત. એને આ બધી જ વાતની જાણ હોવી જોઈએ. એને થયું કે એ અતિ શાંત છે, એ જ બતાવે છે કે એ બધું જાણે છે. અને લેશ પણ ગંધ

જાય તો થઈ રહ્યું.

કુણાલકુમાર તો ત્યાર પછી તરત જ તક્ષશિલામાં પહોંચી ગયો હતો. એણે આશ્ચર્યોનું આશ્ચર્ય સિદ્ધ પણ કર્યું હતું. એ સમાચાર આવતા ગયા તેમતેમ મહારાજ અશોક આનંદથી ડોલતા ગયા. એ ત્યાં ગયો ત્યારે પહેલાં પોતે એકલો તક્ષશિલા ગયો – નિઃશસ્ત્ર. એનું સૈન્ય તો ત્રણ જોજન દૂર પડ્યું હતું.

એણે તક્ષશિલાના તમામ પૌરજાનપદોને બોલાવ્યા. સ્થાનિક સેનાનાયકોને બોલાવ્યા. અધિકારીઓને બોલાવ્યા. નગરજનોને બોલાવ્યા. મહાજનોને બોલાવ્યા. વિદ્વાનોને બોલાવ્યા. કૃષિવલોને બોલાવ્યા. પરિષદમાં જ દરેકની આપવીતી દરેક કહે એવો નિર્ણય કરાવ્યો.

– અને કોથળામાંથી બિલાડું નીકળે તેમ વાતો નીકળવા માંડી, ત્યારે જ ખબર પડી કે ઘણાની તો ગેરસમજણ જ હતી. થોડાનો અપરાધ હતો, બહુ જૂજ માનવો જ અપકૃત્યમાં અપકૃત્યની ખાતર આનંદ લેનારા જણાયા. મહારાજના શાસનની અને મહારાજના સંદેશાની ફરીફરીને ત્યાં ઘોષણા થઈ. ઘણાને તો એમાં જ શાંતિ થઈ ગઈ. વિદ્રોહ ક્યાં ય ઊડી ગયો.

કુણાલકુમારનો આ વિજય છેક કાશ્મીર-પાર સુધી ગવાઈ ગયો. જાલૌક પણ એ સાંભળતાં ચમકી ગયો.

કુણાલે જાલૌકને પણ સંદેશો મોકલ્યો હતો, મહારાજની આજ્ઞા કહેવરાવી હતી. બધે જ શાંતિ સ્થાપવાની હતી, બધે જ ઘોષણા કરવાની હતી કે માણસો માટે ન્યાય છે, સંપત્તિ છે, વ્યવસ્થા છે, શાંતિ છે, સૈન્ય છે, શાસન છે – એ બધું જ માણસોના હિત માટે છે અને માણસો એમને માટે નથી. અવનવા પ્રયોગો કરવા માટે, માણસને આમથી તેમ ફંગોળનારા અધિકારીઓને એણે કડક શિક્ષા ફરમાવી.

કુણાલકુમારનો આ વિજયસંદેશો જ્યારે પાટલિપુત્રમાં આવ્યો ત્યારે તો મહાન ઉત્સવ થઈ રહ્યો હતો. સાધુ ઉપગુપ્તના પ્રમુખપણા નીચે મોટો સંઘ મળ્યો હતો. ભગવાન તથાગતના નામે યવ્યાતવ્યા બોલનારાઓના બહિષ્કારની ઘોષણા થઈ રહી હતી. સંઘભેદ કરનારાઓનો સંઘમાંથી દૂર કરવાનો નિર્ણય લેવાઈ રહ્યો હતો. એમનાં કાષાયવસ્ત્રો જવાનાં હતાં. તેઓ સંસારી હતા, સાધુ ન હતા.

મહારાજ અશોક પણ આ સંઘમાં હાજર રહ્યા હતા. મહારાજ્ઞી તિષ્યરક્ષિતા પણ ત્યાં આવી હતી. દશરથકુમાર હતો. કાંચનમાલા હતી. રાધાગુપ્ત હતો. ખલ્લાટક પણ ત્યાં ભાગ લેતો હતો. ઘણા મંત્રીઓ હતા.

એ સંદેશો આવ્યો : નિઃશસ્ત્ર કુણાલકુમારે અશસ્ત્રી વિજયનો મહાન ધ્વજ તક્ષશિલા જેવા પળેપળે વિદ્રોહમાં રાચનારા પ્રદેશમાં પણ ફેલાવ્યો હતો, અને એની અસર હિમવંતની પાર કાશ્મીર, યોન, ગાંધાર પાર્શ્વદેશ – બધા જ

પ્રદેશોમાં થઈ હતી.

એ સંદેશ આવ્યો, અને મહારાજ અશોક ડોલી ઊઠ્યા. એમને પોતાનું જીવન સાર્થક થતું લાગ્યું. શાંતિની પરંપરા કુણાલકુમાર સ્થાપશે, તેથી એઓ આનંદી ઊઠ્યા. સંદેશવાહકનો સંદેશો પૂરો થયો ને પરિષદમાંથી ભગવાન તથાગતના નામની જયઘોષણા ઊઠી.

મહારાજ અશોકે રાધાગુપ્તને બોલાવ્યો.

'રાધાગુપ્ત! આ સંદેશવાહક કોણ છે? એ પાછો જાય ત્યારે તેં કહ્યું હતું – કોનું નામ આપ્યું હતું? ઈશાનદેવી – ઈશાનદેવી, કેમ?'

'હા, પ્રભુ! ઈશાનદેવી. પ્રદેશપતિ જાલૌકની વીરપત્ની. એણે ત્યાં કાશ્મીરની પાર યવનોને રોકી દીધા છે. એનું નામ ત્યાં ચમત્કાર સરજાવી રહ્યું છે. કાશ્મીરપ્રદેશથી યવનોને હજી એણે દૂર ને દૂર રાખ્યા છે. એણે મગધસૈન્યનો ત્યાં વિજય સ્થાપ્યો છે. કાશ્મીર-પ્રદેશપતિ જાલૌકનો એ જેવોતેવો વિજય નથી..... જેવો કુણાલકુમારનો આ વિજય છે, તેવો જે લોકોને યુદ્ધ જોઈએ જ છીએ તેમની સામે આ જાલૌકનો વિજય છે.'

'પણ તો, રાધાગુપ્ત! હિમવંતની પાર શાંતિનો આપણે આ સંદેશો મોકલવો છે તેનું શું? આપણે તો વિશ્વને કહેવું છે કે શાંતિથી શાંતિ મળે, બીજી કોઈ રીતે એ ન મળે. મળે તો ટકે નહિ. ઈશાનદેવીને પણ એ જ સંદેશો મોકલવો છે. તું કહે છે :એણે શક્તિદેવીની આંખમાં બે મૂલ્યવાન રત્નો મૂક્યાં છે, એ ખરું?'

'હા, દેવ! ઈશાનદેવી શક્તિદેવીની ઉપાસિકા છે. એને એમાં શ્રદ્ધા છે, એનો એ ધર્મ છે.'

'એ તો ભલે રહ્યો, પણ એ રત્નો વિષે લોકમાનસમાં એણે એક અવનવી વાત પણ ફેલાવી છે તે તું જાણે છે? પ્રતિવેદકોએ સમાચાર લાવ્યા છે.'

'શા?'

મહારાજે એક ધીમી તાલી પાડી. તરત પાસેથી પ્રતિવેદક આયુ ત્યાં આવ્યો. મહારાજે તેને પૂછ્યું:'ભણે આયુ! તું શું કહેતો હતો – દેવીની બે આંખો એ શી વાત હતી?'

'શક્તિદેવીની એક આંખમાંથી અગ્નિ ઝરે છે, બીજીમાંથી આંસુ. ઈશાનદેવી કહે છે, મહાન વિપ્લવ આવવાનો છે. રાજપલટો થવાનો છે. લોકો આંસુમાં નાહવાના છે!'

રાધાગુપ્ત સાંભળી રહ્યો. આ વાત એણે નવી જ સાંભળી. પ્રદેશપતિ જાલૌકે પોતાની સ્વતંત્રતાની ભૂમિકા રચવાની આ તૈયારી કરી હોય તેમ એને લાગ્યું. એ સચિંત થઈ ગયો. મગધ મહારાજ્ય હવે શી રીતે ટકે એનો કોઈને

જ ખ્યાલ એને આવતો ન હતો.

આંહીં આ ભયંકર તિષ્યરક્ષિતા હતી. મહામાયાએ રાધાગુપ્તને એની જે થોડી વાત કરી હતી તેમાંથી એ સમજ્યો હતો કે કુણાલકુમારના અદ્દભુત સંયમે મગધને અત્યારે બચાવ્યું હતું. એટલું જ એ એમાંથી જાણી શક્યો હતો. વધુ જાણવાની એણે ઉત્સુકતા જ ન બતાવી. વખત છે ને એ વાત ચર્ચાતી મહારાજને કાને પહોંચે, તો મગધનો રહ્યોસહ્યો આ છેલ્લો વારસ – કુણાલકુમાર – એને પણ મગધ ગુમાવી બેસે. કાં એ ભિખ્ખુ થઈ જાય, કાં વિષપાન કરે, કાં જલસમાધિ લે. કુણાલે મહારાજને કાંઈ કહ્યું ન હતું, પોતાને કાંઈ કહ્યું ન હતું, કાંચનમાલાને કાંઈ કહ્યું ન હતું. એટલે ભયંકર વૈરથી ભરેલી તિષ્યરક્ષિતા જ એ મૌનનો લાભ ઉઠાવે. દોષારોપણ કુણાલ ઉપર થાય. પરિણામ સર્વનાશમાં આવે. એના કરતાં એ વાત દટાઈ જતી હોય ને નારી એ ભૂલી જવા માગતી હોય તો એ વિષે કાંઈ જ ન બોલવામાં લાભ હતો. રાધાગુપ્ત એટલે કાંઈ જ બોલ્યો નહિ ને મહામાયાએ જેવીતેવી વાત કરી, તેને પણ વધુ પ્રશ્નો કર્યા નહિ. એણે એ વિષે કાંઈ જિજ્ઞાસા જ બતાવી નહિ.

પણ એના મનમાં તો હવે બીજી જ ચિંતા પ્રવેશી હતી. આ તરફ જાલૌક આવી કોઈ ભૂમિકા ઊભી કરે, મહારાજ આ પરિષદમાં રાચતા હોય, કુણાલ તક્ષશિલા હોય, મગધનું સૈન્ય દૂર હોય, ત્યાં આ તિષ્યરક્ષિતા મરણતોલ ફટકો મારવા આગળ ધસે તો? એ આંધ્રપતિને સાધે, કલિંગને સાધે. એને માટે એ શક્ય હતું.

એટલે તિષ્યરક્ષિતાને શંકા ન જાય ને તેના ઉપર પળેપળની દેખરેખ હોય એ જરૂરી હતું.

કુણાલકુમારને એ નવરાવી નાખે – આ રીતે વૈર વાળે. રાધાગુપ્તને ચારે તરફ શાંતિ દેખાતી હતી પણ ભય પણ દેખાતો હતો. મહારાજને માત્ર શાંતિ દેખાતી હતી. રાજાનો ને મહાઅમાત્યનો મનોભાવ આમ જુદો પડ્યો હતો. તિષ્યરક્ષિતા એ મનોભાવ વધુ તીવ્ર બને એની પ્રતીક્ષામાં હતી.

શક્તિદેવીની આંખમાંથી અગ્નિ ઝરતો હતો. ઈશાનદેવીએ ફેલાવેલી આ વાત તો લોકોમાં મોટી ઉથલપાથલ કરી મૂકે. શાંતિના સંદેશાની ઘોષણા કરનારા પ્રદેશપતિઓ સ્વતંત્ર થવા માગતા હતા એ ચોક્કસ હતું. એની ભયંકર પ્રતીતિ આવી રીતે હવે વધુ ને વધુ સ્પષ્ટ થતી હતી.

'મહારાજ! આનો એક જ ઉપાય છે: કુણાલકુમાર કાશ્મીર જાય. પ્રદેશપતિ જાલૌકને ત્યાં પણ ઘોષણા કરવા જાય.' રાધાગુપ્તે કહ્યું.

'એ તો જાય, મહારાજ! પણ એથી લોકનાં મનમાં જે ભય ફેલાઈ ગયો

છે એ કેમ દૂર થાય? અને આ ભય નથી, વહેમભરેલો ભય છે. જે પ્રગટે ત્યારે અણઘડો, ધડા વિનાનાં યુદ્ધ કરે. મહારાજે યુદ્ધને તિલાંજલિ આપી છે. એ યુદ્ધ ત્યાં કરવું પડે. હિમવંતની પાર છસો-છસો જોજન મોકલેલો મહારાજનો સંદેશો – ધોવાઈ જાય. મહારાજ! એ બંને આંખો જ મગાવી લ્યો!' ખલ્લાટક બોલ્યો.

'હા, મહારાજ! મંત્રીશ્વરની વાત બરાબર છે. સંદેશો મોકલો. કુણાલકુમાર બંને આંખો મોકલી દે!' તિષ્યરક્ષિતા બોલી ગઈ અને શાંતિથી ઉમેર્યું: 'એ રત્નોનો ઉપયોગ છે, મહારાજ! શતકોટિ કાર્ષાપણ મહારાજ સંઘમાં અર્પવા માગે છે. આ બંનેનું મૂલ્ય જેવુંતેવું નહિ હોય. કાશ્મીરનાં રત્નો છે!'

'હા, રાધાગુપ્ત! આપણે લોકનો ભય... વહેમભરેલો ભય દૂર કરો. એક સંદેશો મોકલો...'

'પણ, મહારાજ! એમાં સ્પષ્ટ લખવું: બંને આંખ-રત્નો કુણાલકુમાર મોકલે... આંહીં એમનો ખપ છે!' તિષ્યરક્ષિતા બોલી એને વાતમાં રસ પડ્યો હતો. પ્રતિવેદક આયુ બોલ્યો :

'પણ ભયંકર તો આ છે, દેવ! આ રાજપલટો પણ ઠીક. બાર વર્ષના એક નિર્જળ દુષ્કાળની આગાહી મથુરાં છોડો એટલે છેક સિંધુપાર કાશ્મીર સુધી ઠેકાણે-ઠેકાણે ફેલાઈ ગઈ છે! કાન્યકુબ્જથી જ એ સંભળાય છે!'

'પણ એ કહે છે કોણ.....?'

'કોણ કહે, મહારાજ! એ બે રત્નો!'

'એટલે ઈશાનદેવી!' તિષ્યરક્ષિતા બોલી. 'આ બે આંખ રત્નોમાંથી એણે આ વાત ચલાવી છે.'

'હા, એમ જ!...'

'તો-તો એ શક્તિદેવીનાં એ બંને રત્નો મંગાવી લ્યો આપણે. આંહીંથી બીજાં જશે – હું શાંતિઘોષણા વખતે જ ત્યાં ભેટ ધરીશ...'

'હા, મહારાજ! આ બે આંખ-રત્નો જ મગાવી લ્યો – વાત દટાઈ જાય. લોકમત ભ્રમમાં ન પડે.'

તિષ્યરક્ષિતાએ વાતને ઉત્તેજના આપી.

એટલામાં રાધાગુપ્તે કહ્યું: 'વાત ઊગતી જ દાટો. રત્નો મગાવી લ્યો. વાત દટાઈ જાય.'

તે દિવસથી પરિષદ પૂરી થતાંથતાંમાં તો આ નિર્ણય દૃઢ થઈ ગયો હતો. મહારાજનો સંદેશો જવાનો હતો, બે રત્ન-આંખો મંગાવવાની હતી.

૨૪

મહારાજ અશોકનાં આંસુ!

એક નહિ, બે નહિ, પાંચ પચાસ કે પાંચસો પણ નહિ, બરાબર સાઠ હજાર સાધુઓ એવા નીકળ્યા, જેમણે ભગવાન તથાગતના શબ્દોનો પોતાને ફાવે તેવો અર્થ કર્યો હતો, અને બીજા અર્થ નેવે મૂક્યા હતા. એ શબ્દોનો ફાવે તેમ ઉપયોગ પણ એમણે કર્યો હતો. એમને અનુસરનારા પણ હતા, અને એ અર્થને જ એઓ વળગી રહ્યા હતા. ભગવાને આમ કહ્યું હતું ને ભગવાને તેમ કહ્યું હતું એમ બોલતાં થાકતા નહિ. બાપુજી આમ બોલ્યા'તા ને બાપજી તેમ બોલ્યા'તા. એમનો હેતુ એમાં એક જ હતો – પોતાની મહત્તા સ્થાપવાનો, મહત્તા વધારવાનો, સત્તા અચળ બનાવવાનો, એ સત્તાનો લાભ ઉઠાવવાનો, મોટા ભા થઈને ફરવાનો. બાપુજીએ આમ કહ્યું છે ને બાપુજીએ તેમ કહ્યું છે – આજે જેમ એ રોગ થઈ પડ્યો છે ને ઠીક મૂર્ખ-મોટાઓ એમાંથી પેદા થયા છે – બરાબર એ જ હવા ભગવાન તથાગતના મૃત્યુ પછી જ્યારે મહારાજ અશોકે સાધુ પરિષદ બોલાવી, ભગવાન તથાગતના શબ્દોનો અધિકારી સાધુઓને હાથે અર્થ કરાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે હતી.

સાઠ હજાર સાધુઓનાં કાષાયવસ્ત્રો માત્ર નામનાં હતાં ! પરિષદમાં તેમનો બહિષ્કાર પોકારાઈ ગયો હતો. એઓ નામના કાષાયધારી હતા. તેમને શ્વેતવસ્ત્રધારી બનાવી દેવાયા. અને સાધુ ઉપગુપ્તના પ્રમુખપણા નીચે એક સહસ્ર સાધુએ સંશોધન કરી, ભગવાનની અસલી વાણીને પ્રગટ કરવા માટે રાતદિવસ મહેનત કરી રહ્યા. એ સભા ચાલતી રહી.

એમની એ સભાઓ નવનવ મહિના ચાલી. એમાંથી છેવટે એક ગ્રંથ જન્મ્યો. 'કથાવત્થુ' એનું નામ, એ ગ્રંથ સાધુ ઉપગુપ્તે પ્રમાણિત બનાવ્યો. મહારાજ અશોકે અનેક સાધુઓને ભગવાનની વાણીનો શાંતિસંદેશ લઈને ભારતભરમાં ને ભારતપાર પ્રવાસે મોકલ્યા.

પણ આ બધો જ સમય – હવે કાર્ષાપણોની ખેંચતાણનો બનતો જતો હતો. મહારાજને સ્વપ્ન હતું સેંકડો-સહસ્રો-લાખો કાર્ષાપણો ખરચવાનું, શતકોટિ કાર્ષાપણ સંઘને ચરણે ધરવાનું, શાંતિના માર્ગ માટે સર્વસ્વ આપી દેવાનું. સાચો સુખ એ હતો.

ચંદ્રગુપ્તસભા સમયે પ્રધાનમંત્રી ખલ્લાટકે વચન પણ આપ્યું હતું. મહારાજના અનૃણ જવાના ધર્મપ્રયત્નમાં કાર્ષાપણનો પ્રશ્ન વચ્ચે નહિ લાવવાનું એણે કહ્યું હતું ને રાધાગુપ્ત ત્યારે ચમકી ગયો હતો. આ વચન ન બને તેવું હતું. અને એમ જ થયું, જેમજેમ સમયે ગયો, તેમતેમ હવે કાર્ષાપણોની ખોટ પડવા લાગી. રાજ પ્રતિનિધિ દશરથકુમાર હતો. ચંદ્રગુપ્તસભાના નિર્ણય વિના, મુખ્ય કાર્યવાહક મંત્રીઓની અનુજ્ઞા વિના એ પણ હવે કાર્ષાપણ આપી શકે નહિ.

રઘુવંશના એક રાજા માટે ઇન્દ્રે આકાશમાંથી સોનું વરસાવ્યું હતું. પણ ત્યારપછી એ વાત ઇંદ્રરાજા ભૂલી ગયા કે શું થયું, પણ એણે કોઈ દિવસ બીજી વખત સોનું વરસાવ્યું નહિ ને કાર્ષાપણોની ખેંચ પડતી રહી. મહારાજ અશોકના જીવનની તો મહેચ્છા હતી શતકોટી કાર્ષાપણ સંઘ અર્થે એક વખત આપી દેવાની, પણ એ આશા હવે દૂર ને દૂર થતી ચાલી. મહારાજને ક્યાંય આરામ ન હતો. એમનું એ એક જ સ્વપ્નું અધૂરું રહી જતું હતું, એમનું ગૌરવ જતું હતું.

સાધુ ઉપગુપ્તના પ્રમુખપણા નીચે એક સહસ્ર સાધુઓની પરિષદ હજી ચાલુ હતી ત્યારે જ મહારાજની તો ઇચ્છા હતી કે એ શતકોટિ કાર્ષાપણ પણ આપી દે. તે દરમિયાન જ મહારાજ એક શતકોટિ કાર્ષાપણ ભિખ્ખુસંઘને ચરણે ધરી દેવાની આશા રાખતા હતા, પણ તે બની શક્યું ન હતું.

છેવટે તેમણે રાધાગુપ્તને કહેવરાવ્યું. રાધાગુપ્તે એક વખત સમય માગ્યો. બીજા વખત ભાંડારિક આર્ષ માંદો પડ્યો હતો, તેથી વાત રહી ગઈ. ત્રીજી વખત રાજપ્રતિનિધિ દશરથકુમાર મળે ત્યારે તેમની અનુજ્ઞા મેળવી લેવાનું નક્કી થયું. વાત લંબાતી ગઈ. કાર્ષાપણ લટકતા રહ્યા. આટલા કાર્ષાપણ મહારાજ આમ ખરચે એ કોઈ મંત્રીને ગમતું ન હતું અને સ્પષ્ટ ના પાડતાં એમને મનમાં આઘાત થતો હતો. મહારાજનું ગૌરવ અને શાસનવ્યવસ્થા એ બંને વચ્ચે ઘર્ષણ હતું.

પણ પછી તો એક વખત મહારાજનો પ્રધાન અનુચર ઇંદ્રાયુ મધરાતે રાધાગુપ્તને દ્વારે આવીને ઊભો રહ્યો. મહારાજે એને મોકલ્યો હતો.

રાધાગુપ્ત ચમકી ગયો. 'મહારાજ અત્યારે બોલાવે છે? કાંઈ અસ્વસ્થ છે, ઇંદ્રાયુ? આકાશગોત્ર આવેલ છે?'

'આકાશગોત્રને બોલાવેલ નથી. પ્રભુ!' ઇંદ્રાયુએ કહ્યું: 'મહારાજ અસ્વસ્થ પણ નથી. પણ મહારાજને કાંઈક સ્વપ્ન આવ્યું – એમાંથી જાગ્યા – અને મહારાણી

તિષ્યરક્ષિતાની આજ્ઞા થઈ. મહારાજ અત્યારે જ તમને યાદ કરે છે!'

રાધાગુપ્ત વિચાર કરતો ઇંદ્રાયુ સાથે ચાલ્યો. તેને મોટામાં મોટો ભય તિષ્યરક્ષિતાનો હતો. એ ગમે તે પળે મહારાજને ઢાળી દે અને એ જ વખતે કોઈ પ્રદેશપતિ પાટલિપુત્રના આંગણે પણ ઊભો હોય! એણે પ્રતિવેદકોને પળેપળે જાગ્રત રહેવા કહ્યું હતું. સેનાનાયકોને ચારે દિશાઓ સાચવવાની સૂચના આપી હતી. હંમેશના હંમેશ એને સમાચાર મળતા. આજ સાંજ સુધી તો બધે જ શાંતિ હતી. એટલે તેને લાગ્યું કે મહારાજે કાર્ષાપણની વાત કરવા માટે જ એને બોલાવ્યો હોવો જોઈએ. પણ તો અત્યારે શા માટે બોલાવે?

'બીજા કોઈને બોલાવેલ છે ઇંદ્રાયુ?'

'હા, દેવ!'

રાધાગુપ્ત ચમકી ગયો: 'કોને?'

'દશરથકુમારને.'

'દશરથકુમારને? અત્યારે? હોય નહિ....'

'અને પ્રધાન મંત્રીશ્વર ખલ્લાટકને પણ.....!'

રાધાગુપ્તને ખાતરી થઈ ગઈ: ચોક્કસ વાત કાર્ષાપણની જ હતી. તેણે મનમાં દૃઢ નિર્ણય કર્યો: મગધને બચાવવું હોય તો મહારાજ ઉપર અંકુશ આવવો જ જોઈએ. મહારાજ છેવટે આ સંઘના સંસર્ગે 'અતિ'ના પંથે ચડ્યા હતા. તેણે એકલાએ એકલા હાથે ઝઝૂમવું પડે તો તેમ કરવાનો પણ દૃઢ નિશ્ચય એણે કરી લીધો. કાર્ષાષણ પ્રજાના છે – એક જ વાત. તે મહારાજની સમક્ષ પહોંચ્યો. ત્યાં દીપિકાઓ જલી રહી હતી. એક નાની સભા જ જાણે ભરાઈ ગઈ હતી. રાધાગુપ્ત નવાઈ પામી ગયો. દશરથકુમાર સાથે કાંચનમાલાને પણ એણે જોઈ. અત્યારે હવે કોઈને કાંઈ કહેવાનો સમય ન હતો. પણ એણે એક વાત બધાને વારંવાર કહી રાખી હતી: રાજકોશ ખાલી થઈ રહ્યો છે. એ ખાલી થઈ જશે, તો મગધ નહિ હોય. કાર્ષાપણો એક દિવસમાં ચમત્કારથી સરજાતા નથી. કોઈ અરિદળ આવશે – દેશભરમાં તરત જ પહેલી અનવસ્થા જન્મશે. એટલે રાજકોષમાંથી ભાંડારિક કોઈને કાંઈ આપી શકતો નથી – ચંદ્રગુપ્તસભાની અનુજ્ઞા વિના. આ અચળ સિદ્ધાંતને દશરથકુમાર અનુસરે તો જ કાર્ષાપણો રહેશે, સૈન્ય રહેશે, મગધ રહેશે, શાસન રહેશે, વ્યવસ્થા રહેશે. મહારાજને એ પણ કાંઈ આપી શકે નહિ – આપે નહિ.

મહારાજ અશોક ત્યાં સિંહાસન ઉપર બેઠા હતા. સામે પ્રધાન મંત્રીશ્વર ખલ્લાટક હતો. ભાંડારિક આર્ષ પણ આવ્યો હતો. રાધાગુપ્ત ત્યાં આવ્યો.

તેણે મહારાજને બે હાથ જોડ્યા. તિષ્યરક્ષિતા સામે એક દૃષ્ટિ કરી. એની આંખમાં મહારાજની પ્રત્યે નિઃસીમ પ્રીતિ હતી. આ નારી અજબ હતી. તે વિચાર કરતો ત્યાં ઊભો રહ્યો. એનું કયું રૂપ સાચું છે તે કોઈ કહી શકે તેમ ન હતું. મહારાજના સાન્નિધ્યમાં એમની શુશ્રૂષામાં તત્પર એવી એ ત્યાં બેઠી હતી.

'રાધાગુપ્ત! ત્યાં ચંદનબાજોઠ ઉપર બેસ. વાત લાંબી છે. મારે તને એક પ્રશ્ન કરવો છે. આ બધાને પણ કર્યો છે. એમણે પ્રત્યુત્તર પણ વાળ્યો છે. હવે તું કહે – આ રાજ કોનું છે? આંહીં રાજા કોણ છે? શું હું હજી મગધપતિ છું કે કોઈ બીજો મગધપતિ છે! તમે શું માનો છો?'

'મહારાજ! આવો પ્રશ્ન જ કેમ હોઈ શકે? રાજ મહારાજનું છે. મહારાજ મગધપતિ છે. મગધપતિ બીજો કોણ હોઈ શકે? મહારાજે તો મગધને વિશ્વવિખ્યાત કર્યું છે. મહારાજને આરામ મળે તે માટે આ શિશુ અત્યારે રાજપ્રતિનિધિ છે, પણ તેથી એ મગધપતિ નથી. પણ આ પ્રશ્ન મહારાજે અત્યારે કર્યો કેમ?'

'આ બધાએ પણ એ જ ઉત્તર આપ્યો છે: રાજા હું છું. પણ મને આજે સ્વપ્ન આવ્યું: જાણે હું મગધપતિ નથી!'

'સ્વપ્ન તો, પ્રભુ! આવે ને જાય –!'

'સંસારની પેઠે, કાં? અને મારા મગધપતિના પદની પેઠે પણ, નહિ?'

'મહારાજ! મગધપતિ તમે જ છો. અમે તમામ શપથ લેવા તૈયાર છીએ. પણ મહારાજ આ પ્રશ્ન શા માટે કરે છે?'

'એનું કારણ છે, મંત્રીરાજ!' તિષ્યરક્ષિતા બોલી: 'આ તમારા વૃદ્ધ મંત્રીશ્વરે જ કહ્યું હતું, યાદ છે? મહારાજના ધર્મશાસન માટે કાર્ષાપણો કોઈ દિવસ ખૂટશે નહિ. કહ્યું હતું, ખલ્લાટક મંત્રીશ્વર?'

'હા. એ વાત થઈ ગઈ હતી, ચંદ્રગુપ્તસભા વખતે.' ખલ્લાટક બોલ્યો.

'અને આજ હવે મહારાજને કાર્ષાપણ જોઈએ છે – કોઈ એ આપતું નથી. દરેક કહે છે કે એ આપી ન શકે. ત્યારે આપી કોણ શકે?' તિષ્યરક્ષિતા બોલી.

'કોઈ જ આપી ન શકે – દેવી! સિવાય કે ચંદ્રગુપ્તસભા!' રાધાગુપ્તે દૃઢતાથી કહ્યું.

'તો ચંદ્રગુપ્તસભા બોલાવો. મહારાજને કાર્ષાપણો જોઈએ છે. એક શતકોટિ કાર્ષાપણ મહારાજ સંઘને ચરણે ધરવા માગે છે. આ તો મહારાજના વચન ગૌરવનો પ્રશ્ન છે. રાજાનું વચન જાય, પછી એ રાજા ક્યાં રહે છે? એટલે મહારાજે તમને આ પ્રશ્ન કર્યો છે.'

'મહારાજ્ઞીબા! ચંદ્રગુપ્તસભાને હવે રાજપ્રતિનિધિ દશરથકુમાર બોલાવી શકે. પણ કાર્ષાપણા માટે તો એ પણ નહિ બોલાવી શકે!'

'કેમ ? હું શું મગધપતિ નથી ?' અશોક મહારાજે કાંઈક ખિન્નતાથી પૂછ્યું.

'મગધપતિ તમે જ છો, મહારાજ! પણ કાર્ષાપણો રાજભંડારના છે. એ મગધપતિના નથી, લોકોના છે. રાજપ્રતિનિધિ દશરથકુમાર, ચંદ્રગુપ્તસભા ભલે બોલાવે. ભલે એની અનુજ્ઞા લે. દશરથકુમાર એ કરી શકે. પણ એણે રાજભંડાર વિષે સાવધ રહેવાનું છે. મહારાજ, એને આદેશ આપે – એને પૂછે.'

મહારાજ અશોકે દશરથકુમાર સામે જોયું. 'દશરથકુમાર! એક શતકોટિ કાર્ષાપણ રાજભાંડારિક આપે એ મારા મનનું ઋણ છે. અનૃણ હું જઉં, એ મારું સ્વપ્ન છે. એ સ્વપ્ન ન હોય, તો હું કોઈ નથી. એટલે તું જ આદેશ કર – ભાંડારિક આર્ષ! આગળ આવ...'

ભાંડારિક આર્ષ આગળ આવ્યો. એક પળ – અને દશરથકુમાર જો નરમાશમાં હા બોલી દે – રાધાગુપ્ત ચિંતામાં પડી ગયો. પણ એટલામાં એના કાને દશરથકુમારનો અવાજ પડ્યો, અને શાંત થઈ ગયો.

'મહારાજ!' દશરથકુમારે બે હાથ જોડ્યા : 'રાજભાંડારિક આપવા માટે નથી, સાચવવા માટે છે. આપણે ચંદ્રગુપ્તસભા...'

'તો એ સભા બોલાવ !... દશરથ! વચન ગૌરવ જાય, પછી મારું જીવન જ ક્યાં રહે છે ? સભા બોલાવો...'

'મહારાજ! સભા બોલાવીને પણ શું ? કાર્ષાપણો મગધપતિના નથી, એના સિંહાસનના નથી...'

દશરથકુમારના શબ્દે હવે બધા જ ચોંકી ઊઠ્યા. કાંચનમાલા અધીરી થઈ ગઈ. તે ઉતાવળે બોલી ગઈ... 'અરે! દશરથકુમાર! બેટા! બેટા! તું આ શું બોલે છે ? કોની સામે બોલે છે ? મહારાજ તો પિતામહ છે...'

'પણ હું રાજપ્રતિનિધિ છું, મા !' દશરથકુમારે એ જ દઢતાથી જવાબ વાળ્યો, 'હું મગધનો એક કાર્ષાપણ ચંદ્રગુપ્તસભાની અનુજ્ઞા વિના મહારાજને આપી શકું નહિ. ને રાજભંડાર જોયા પછી હું ચંદ્રગુપ્તસભાને વિજ્ઞપ્તિ પણ કરું નહિ.'

દશરથકુમારની વાણી સાંભળતાં તમામ ચોંકી ગયા. રાધાગુપ્તનો ચહેરો પ્રસન્ન થઈ ગયો. દશરથ હજી આગળ બોલતો હતો.

'મગધની પ્રણાલિકાનો હું પણ એક તંતુ છું – મહારાજનો એ તંતુ અચળ રાખનારો હું ધારું તોપણ આમ કાર્ષાપણ આપી ન જ શકું....'

'પણ ત્યારે કાર્ષાપણ મળે શી રીતે ?' તિષ્યરક્ષિતા બોલી.

'મારો વચનભંગ થાય ? મારું ગૌરવ જાય ? હું આ આપી ન શકું તો પછી, રાધાગુપ્ત! જીવન જ આપી...' મહારાજ આગળ બોલી શક્યા નહિ. એમના અવાજમાં વિષાદ હતો. તેઓ થોડી વાર ધરતી તરફ જોઈ રહ્યા. પછી ધીમેથી

બોલ્યા:'તો શી રીતે આપી શકું, એ તમે મને કહો!'

'મહારાજ! કોઈ જ રીતે નહિ. કાર્ષાપણો પ્રજાના છે.' રાધાગુપ્તે હવે દૃઢતાથી કહ્યું, 'પ્રજા માટે છે. એ દુષ્કાળમાં, દુર્દૈવમાં, દુશ્મનોમાં, વિપત્તિમાં પ્રજા અર્થે છે. પ્રજા એ માગી શકે. પ્રજા વાપરી શકે. મગધનું સિંહાસન કાર્ષાપણ સાચવે છે – પ્રજાને માટે. એ કાર્ષાપણ ગમે તેમ ખર્ચે નહિ. અને એક સંઘને ચરણે તો એ કદાપિ ન સોંપાય... તો-તો પછી આ રાજ જ ન ગણાય. પછી તો એ સંઘ કહેવાય.'

'ત્યારે હું રાજા નથી – આનો અર્થ એ તો થયો!'

'રાજા તમે છો, મહારાજ! રાજ તમારું છે. પણ કાર્ષાપણો તો પ્રજાના છે. માત્ર આ રાજ માટે નહિ, તમામ રાજ માટે એ અવિચળ નિયમ છે. જે રાજ કાર્ષાપણ ગમે તેમ વાપરે, અધિકારી ગમે તેમ વ્યય કરે, એક વર્ગ માટે, એક પક્ષ માટે જ્યાં કાર્ષાપણો વપરાય ત્યાં દેશના ભાવિના, મહારાજ! દિવસો પૂરા થાય. મહારાજ જો કાર્ષાપણો ન મળે, તો જીવન જ આપી દેવા માગે છે, તો મહારાજ! હું પણ મગધનો છું. મંત્રી છું. હું પણ જો કાર્ષાપણો ગમે તેમ એક પક્ષ માટે વપરાય, તો જલસમાધિ લઈ શકું છું. મગધ જીવશે, તો રાધાગુપ્તો અનેક આવશે.'

મહારાજ અશોકની આંખમાં ઝળઝળિયાં દેખાયાં. તેમણે રાધાગુપ્તને કહ્યું:'રાધાગુપ્ત! કાલે પ્રભાતે સાધુ ઉપગુપ્તના ભિક્ષાપાત્રમાં હું શું નાખું? મારે નાખવાનું આ હતું – આવો લેખ કે એક શતકોટિ કાર્ષાપણ આપ્યા! હું હવે એવો લેખ આપી શકતો નથી.'

'મહારાજ! તમે રાજકોષમાંથી કાંઈ આપી શકતા નથી...'

'પણ ત્યારે?...'

રાધાગુપ્તે દશરથકુમાર સામે આંગળી ચીંધી:'મહારાજ! રાજપ્રતિનિધિ યોગ્ય ધારે તે કરે. મારો આ દૃઢ મત છે!'

દશરથકુમારનો મક્કમ અવાજ ફરીને આવ્યો 'મહારાજ! આપણે આ કાર્ષાપણો આમ આપીએ – હું ધારું છું કે એ ચોરના ચોર જેવું કામ છે. પોતાની ઉદારતા પ્રશંસા પામે તે માટે સત્તાધીશો ઘણી વખત લાખો કાર્ષાપણ ખરચે છે. મારે મન એ બધા જ ચોર છે. ખરો ઉદાર તે છે જે સમયે આપે છે. જોઈને આપે છે, જરૂરિયાતને આપે છે. અને એક પક્ષમાં આપે એ તો રાજા જ નથી... હું રાજભાંડારિકને હા પાડી શકતો નથી, કારણ કે હું રાજપ્રતિનિધિ છું. અને, મહારાજ! ના પણ પાડી શકતો નથી, કારણ કે તમે પિતામહ છો... અતિ પૂજ્ય છો. હું કાંઈ જ નિર્ણય આપું નહિ, મહારાજ!'

'નિર્ણય તો મેં આપી દીધો છે. મહારાજ!' રાધાગુપ્તે ફરીને દૃઢતાથી કહ્યું: 'એ અચળ છે. કાર્ષાપણ પ્રજાના છે, પ્રજા માટે છે, સમસ્ત પ્રજા માટે છે, એક વર્ગ માટે પક્ષ માટે નથી.'

મહારાજ અશોકના ચહેરા પર વિષાદ છવાઈ ગયો. તેમની આંખમાં આંસુ ઊભરાયાં. તેમણે બે હાથ જોડ્યા: 'તમે જઈ શકો છો. તમને ખબર લાગતી નથી. શાંતિના સંદેશા માટે સર્વસ્વ અર્પવું એ પણ કાંઈ નથી... પણ તમે જાઓ... તમે આ વાતની મહત્તા સમજ્યા નથી. કલહથી નહિ, શાંતિથી, કાર્ષાપણ તમે આપશો...'

મહારાજ અશોક શાંત થઈ ગયા.

રાધાગુપ્ત ઊઠ્યો. તેણે પ્રણામ કર્યાં.

એક પછી એક બધા ઊઠ્યા. દશરથકુમાર ઊઠીને મહારાજના ખોળામાં માથું નમાવતો કેટલીય વાર સુધી મહારાજને પ્રણમી રહ્યો.

૨૫

મહારાજનો સંદેશો

મહારાજ અશોકનું દિલ ભારે વિષાદ અનુભવી રહ્યું. એમનું સ્વપ્ન ભાંગી ગયું. વિશ્વશાંતિ માટે કરોડો શું, અબજો કાર્ષાપણો પણ ઓછા ગણાય. એમના જીવનની એ મહામોલી સાધનાનો હ્રાસ શરૂ થયો હતો એમ એમને લાગ્યું. એ સાધનામાં મૂળમાં જ ઘા પડતો હતો અને તે પોતાનાં સ્વજનોને હાથે જ. એમના દિલમાં વિષાદ છવાઈ ગયો. દશરથકુમાર જેવો એમનો પૌત્ર પણ રાધાગુપ્તની માન્યતાના, વિજયયાત્રાના ભ્રમમાં સહાયક હતો. હજી એવડો નાનકડો છોકરો પણ યુદ્ધમાં રસ લેતો હતો. યુદ્ધ માટે કાર્ષાપણો જોઈએ – એ જ વાત આના મૂળમાં હતી.

છસો-છસો જોજન દૂર શાંતિના સંદેશવાહકો પહોંચ્યા હતા. વિશ્વની હવા ફરતી હતી. આંહીં સાધુસંઘમાં ભેદ દૂર થતા હતા. એક એક સહસ્ર સાધુઓ શાંતિનો આ સંદેશો દૂરદૂર ક્યાંય સુધી દૂર ફેલાવવા હિમવંત પ્રદેશોની પાર, સમુદ્રની પાર, બધે જ જવા તૈયાર થયા હતા. બધા જોખમ ખેડવા તૈયાર હતા. અને આંહીં એક શત કોટિ કાર્ષાપણ માટે આવી અનુદારતા હતી. તેઓ ગ્લાની અનુભવી રહ્યા.

શાંતિની પોતાની આવી મહાન સાધનાનો હ્રાસ એમના જ પૌત્રના હાથે શરૂ થાય – ભયંકર તો એ હતું. એ ભયંકરતા રાધાગુપ્તની ભ્રમણામાંથી જન્મી હતી. એને શ્રદ્ધા હતી શસ્ત્રમાં, વિજયમાં, અરિદળને હરાવવામાં, દૂરદૂરના પ્રદેશોને વશ રાખવામાં.

પોતાને આંગણે જ ફરીને આ વાત શરૂ થતી મહારાજે જોઈ. નવાં કલિંગનાં યુદ્ધો ઊભાં થતાં દીઠાં. એઓ ઊંડા વિચારમાં પડી ગયા.

તિષ્યરક્ષિતા પળપળની જાગ્રત પહેરેગીર હતી. અત્યારે એણે મહારાજ પાસે વાત મૂકી દેવામાં વિજય જોયો. તે અત્યંત શાંત, સુંદર, મૃદુ, ધીમા

અવાજે બોલી:'મહારાજ! સૌથી કાતિલ ઘા કરે છે વિરોધીઓ નહિ, સ્વજન. પણ મહારાજની પાસે તો અખૂટ ધીરજ છે. એ બધા પણ એક દિવસ સમજશે. અત્યારે તો, મહારાજ! સાધુ ઉપગુપ્તની ભિક્ષાપાત્રમાં આપણે પેલી બે રત્ન-આંખો આપીશું, દેવ! વચન ગૌરવ રહી જશે એટલે આપણે એ માટે ત્વરા કરો! એક ત્વરિત વિશ્વાસુ અશ્વારોહીને મોકલી દઈએ. રાધાગુપ્ત પણ ભલે અજાણ રહે!'

મહારાજ અશોકને પોતાના વચનગૌરવની વાત તરત યાદ આવી ગઈ. આ એક જ તરણોપાય હતો.

'અને મહારાજ પોતે ત્યાં જશે, ત્યારે શક્તિદેવીને રત્નો ભેટ આપશે. લોકના મનમાં જે ભ્રમભરેલો મહા વહેમ ઊભો થયો છે એ વહેમ પણ જશે. એ જેવો તેવો લાભ નથી. પ્રતિવેદક તો ત્યાં સુધી જણાવી રહ્યો હતો, મહારાજ! કે મગધપતિએ યજ્ઞો બંધ કરાવ્યા છે, અશ્વમેધ મગધમાં થયો નથી. બ્રાહ્મણોમાં તિરસ્કાર જન્મ્યો છે, પર્જન્યદેવનો રોષ એવો આવશે કે પૃથ્વી રસાતાળ જશે. બારબાર વરસ જલનું એક બિંદુ નહિ પડે! આ વાત ચાલતી રહે, તો-તો માત્ર વિદ્રોહ ન થાય. જે સાધના દેવે સિદ્ધ કરી છે – શાંતિનો વિજય, ધર્મનો વિજય, ધર્મયાત્રા, ધર્મસમાજ, ધર્મઘોષણા – એ તમામ સાધનાઓ પણ વિનાશના પંથે જાય. એમનો જ હ્રાસ થાય. સ્વજનોના ઘા ભયંકર હોય છે. પણ દેવ પાસે તો અખૂટ ધીરજ છે. છેવટે એ જીતશે, દેવની ધીરજ. ત્યાં સુધી, મહારાજ! આપણે આપણું વચનગૌરવ રાખી લઈએ. રાજાનું વચન એ પણ કોઈ દિવ્ય વસ્તુ છે.'

મહારાજના દિલમાં આ વાત આવી જ રહી હતી. તિષ્યરક્ષિતાનાં મૃદુ વચનોએ એને ઉત્તેજના આપી. શાંતિનો હ્રાસ થાય એવી વહેમભરેલી ભ્રમણા તો લોકમાંથી તરત જવી જોઈએ. એ વાત ત્વરિત કરવાની હતી. તિષ્યરક્ષિતા મહારાજની મુખમુદ્રા જોઈ રહી.

'અને, મહારાજ! પછી તો એક દિવસ હું પોતે મહારાજની ઘોષણા ત્યાં લઈ જવા માગું છું.'

'હેં?' મહારાજ અશોકના દિલમાં ઉત્સાહ આવી ગયો:'ખરેખર? આહા! તો-તો, દેવી, હવા જ ફરી જાય....'

'મને હવે હિમ્મત આવી છે, પ્રભુ! જ્યારે ત્યાં ઈશાનદેવી શક્તિનો વિજયધ્વજ ફરકાવે છે ત્યારે આંહીંથી કોઈએ શાંતિનો વિજયધ્વજ લઈને જવું જોઈએ. અને મને લાગે છે, એ હવે હું જ હોઈ શકું – બીજું કોઈ નહિ!'

'મને પણ એ જ લાગે છે, રાણી! આપણે પોતે નીકળીએ, તો લોકભ્રમણા જાય!'

'આપણું વચન ગૌરવ આંહીં રહી જાય – પછી, દેવ! આપણે જ જઈએ.

રાધાગુપ્તને સમજાવવાનો પણ એ જ પંથ હોઈ શકે. શાંતિ શાંતિ લાવે – મહારાજનું એ સૂત્ર વિશ્વનો પ્રવાસ કરશે ને વિશ્વની હવા જ ફરી જશે !'

તિષ્યરક્ષિતાની આ શ્રદ્ધાવાણીથી મહરાજના દિલમાં એક નવું જ પ્રોત્સાહન આવ્યું.

એમને થયું:તિષ્યરક્ષિતા નીકળશે તો-તો ખરેખર આ સંદેશો સમુદ્રપાર, હિમવંતપાર – બધે જ અદ્દ્ભુત અસર કરશે. એ તો એમનું સ્વપ્ન હતું. એટલે મહારાજે નિશ્ચય કર્યો:ઉતાવળો સંદેશો જવો જોઈએ. ઈશાનદેવીના સંદેશવાહક સાથે વાત તો મોકલાઈ ગઈ હતી. આ બીજો સંદેશો જતાં તરત જ ત્વરા થશે.

મહારાજે તરત લિપિકારને બોલાવ્યો. એક સંદેશો સુવર્ણપત્રમાં કોતરાવ્યો. સંદેશો ટૂંકો જ હતો, પણ એમાંથી આજ્ઞાની નહિ, આદેશની જાણે હવા ઊભી થતી હતી. મહારાજની એ આજ્ઞા ન હતી, આદેશ હતો. જે પળ પણ થોભી ન શકે. મહારાજના શબ્દો હતા:

'આંખના રત્નો તરત મોકલો. મહારાજનાં જીવનમૃત્યુનો પ્રશ્ન છે. પળનો વિલંબ ન કરતા. મહારાજ જીવશે, તો જગત જીવશે. રત્નો તો કાલે પાછાં ફરશે. ન ફરે તો પણ શું? પણ મગધમહારાજ જશે, તો જગતમાં અંધકાર હશે. આ આદેશ છે.'

સુવર્ણપત્ર લિપિકારે તૈયાર કર્યું. તેને ચીનાંશુકના વસ્ત્રમાં લપેટ્યું. એક નાની સુંદર ચંદનકાષ્ઠ-મંજુષામાં એને મૂક્યું. એના ઉપર રજ્જુબંધ થયો. મહારાજના નામની દંતમુદ્રા થાય તેટલી જ હવે વાર હતી. લિપિકાર ગયો કે મહારાજ જરાક આરામ માટે શયનભવનમાં ગયા.

અશ્વારોહી આવી ગયો હતો. એને અત્યારે જ જવાનું હતું. તે બરાબર મહાલયના દ્વાર પાસે ખડો હતો. હરપળે મંજુષાની રાહ જોતો હતો. તેને ઉતાવળે જવા માટે મહારાજે બોલાવ્યો હતો. પણ હજી મંજુષા એને મળી ન હતી. એણે એક યવનીને અંદર મોકલી. યવની આવીને ત્યાં દ્વાર પાસે સંદેશા માટે ઊભી રહી ગઈ, પણ મહારાજ અર્ધનિદ્રસ્થ હતા.

મહારાજને જગાડવા માટે તિષ્યરક્ષિતા અંદર ગઈ. મહારાજ નિદ્રામાં હતા. નિદ્રામાં પણ એઓ અશાંત જણાતા હતા. એમનું મોં જરા ખુલ્લું હતું. મહારાજની દંતમુદ્રા વિનાનો કોઈ સંદેશો કુણાલકુમાર નહિ માને એ વાત પોતે રાધાગુપ્ત પાસેથી જ સાંભળી હતી. અચાનક જ એનો ભેદ હવે એને સમજાઈ ગયો. તેણ ઉતાવળ કરી. મંજુષા લીધી. તરત લાલ લાખ લીધી. જરાક એને ગરમ કરી. મહારાજના દંત સાથે એને આસ્તેથી દબાવી દીધી. કોઈપણ કહી શકે કે આ દંત મહારાજના છે, એટલી સ્પષ્ટ છાપ મહારાજની રત્નરેખા સીખેની એમાં

આવી ગઈ. મંજુષાની બીજી તરફ મહારાજની અંગુલિમુદ્રિકા પણ એણે છાપી લીધી. તે ઉતાવળી બહાર નીકળી. 'ક્યાં છે ? અશ્વરોહી ક્યાં છે ?' તેણે યવનીને પૂછ્યું, 'મહારાજની આજ્ઞા છે કે તરત ઊપડી જાય. કોઈ જાણે તે પહેલાં બહાર જ નીકળી જાય – લે...' તિષ્યરક્ષિતાએ મહારાજની રાજમુદ્રા દુર્ગપાળ માટે એને આપી. પણ પછી એ પોતે જ ઉતાવળે નીચે દોડી. તેણે અશ્વારોહીને જોયો. કોઈ અજાણ્યો લાગ્યો. તે તેની પાસે ગઈ. મંજુષા તેને આપી. 'અશ્વારોહી ! એક પળ ક્યાંય થોભતો નહિ. આમાં મહારાજની આજ્ઞા નથી, આદેશ છે, સમજ્યો ? આદેશ ! જેને એક પળ થોભવાનું નહિ. તારો અશ્વ કેવો છે ?'

'વાનાયુ જાતનો, દેવી ! થાક એ જાણતો નથી.'

'તારું નામ શું ?'

'કદંબક, મહારાણી !'

'ત્યારે જો, આદેશ એટલે શું એ હું તને સમજાવું. તું નવો લાગે છે. તારાથી એક પળ પણ ક્યાંય થોભાશે નહિ. રસ્તે કોઈનો વિશ્વાસ કરતો નહિ – સગા ભાઈનો પણ. આ મંજુષા કોઈને સોંપતો નહિ. કોઈને પ્રત્યુત્તર દેતો નહિ. સીધેસીધું તારે કુણાલકુમારને મળવાનું છે. મહારાજનો આદેશ છે, એટલે એ પણ તને એક પળ થોભાવશે નહિ.' તિષ્યરક્ષિતા એને ધીમેથી કહી રહી, 'સમજ્યો ? કોને મળીશ ?'

'કુમારકુણાલને !'

'હાં, કુણાલકુમારને, તક્ષશિલામાં, સમજ્યો ? પણ તું પહોંચે કે તરત મળજે. મધરાતે પહોંચે, તો મધરાતે મળજે. આદેશ બતાવીશ એટલે તને કોઈ થોભાવી શકે નહિ. મહારાજે પોતે જ આ સંદેશો આપ્યો છે એમ કહેવાનું, સમજ્યો ? વળી જલદી પાછો વળજે. મહારાજની આજ્ઞા છે.... લે આ...' તિષ્યરક્ષિતાએ દુર્ગપાળ તત્કાલ બહાર જવા દે માટે મહારાજની પોતાની રાજમુદ્રા એને આપી.

કદંબકે પ્રણામ કરીને એ લીધી. બે પળમાં અશ્વારોહી કદંબક અદશ્ય થઈ ગયો. તિષ્યરક્ષિતા એને જતો જોઈ રહી. એની આંખમાં ભયંકર સંતોષ છવાઈ ગયો. 'કાં તો...પણ પોતે એને કુણાલકુમાર પાસે જવાનું કહ્યું કે જાલૌક–ઈશાનદેવી પાસે ?'

પોતાની શંકા ઉપર પોતે જ નિષ્ઠુર રીતે હસી પડી: 'અરે ! કેવી ભુલકણી થઈ થઈ હું ! મેં જ નામ ખાસ આપ્યું છે. ઈશાનદેવી તો રહી ત્યાં કાશ્મીરમાં.' તે મનમાં બોલી ને ઉતાવળે અંદર ગઈ. મહારાજ હજી શય્યામાં હતા.

તે તરત પોતાની સુંદર વીણા લઈને, ધીમા, માદક, મોહક, આકર્ષક સ્વરોની આછી મંદ હેલી વરસાવી રહી.

એને ખબર હતી કે આવા સ્વરોમાં મહારાજની નિદ્રા ગાઢ થતી જતી હતી.

અને એ વીણા વગાડતી રહી.

એની વીણા ક્યારેય સુંદર સ્વરો બોલી ન હતી.

મહારાજ વધુ ને વધુ નિદ્રામાં ઘેરાતા ગયા.

મહારાજ જાગ્યા ત્યારે તો પ્રભાત થઈ ગયું હતું. તેમને સાંભર્યું કે કદંબકને પોતે બોલાવ્યો હતો.

તેમણે તિષ્યરક્ષિતાને પૂછ્યું :

'કદંબક ક્યાં ?'

'કેમ, મહારાજે એને ત્વરાથી જવાની આજ્ઞા આપી હતી ને ? અત્યારે પ્રભાતે તો એને મોકલવામાં પણ જોખમ હતું. એ તો ગયો !'

'વાત બરાબર સમજ્યો હશે નાં ?'

'સુવર્ણપત્રનો લેખ બોલશે, પછી સમજવા કે ન સમજવાનો ક્યાં પ્રશ્ન છે ?'

મહારાજ અશોકના દિલમાં સંતોષ થયો:પોતાનું વચનગૌરવ હવે પોતે જાળવી શકશે.

એઓ હંમેશાં કદંબકના પાછા ફરવાની રાહ જોવા લાગ્યા !

૨૬

કુણાલકુમારની પિતૃભક્તિ

કેટલીક વાતો વિચારથી પર હોય છે. એ વ્યાક્તગત શ્રદ્ધાનો વિષય બની જાય છે. કુણાલકુમાર વિષે એક એવી વાત હતી. પિતૃઆજ્ઞા એ થઈ એટલે થઈ. એના વિષે પ્રશ્ન નહિ, શંકા નહિ, પ્રત્યુત્તર નહિ, ઢીલ નહિ. અશ્રદ્ધા નહિ. પ્રિતૃઆજ્ઞા એટલે પિતૃઆજ્ઞા, જેના વિષે કાંઈ સવાલ કરવાનો નહિ. કોઈ ન્યાય – અન્યાયનો એમાં પ્રશ્ન નહિ. કોઈ શંકા ઉઠાવવાની નહિ. કોઈ અશ્રદ્ધા નહિ.

કુણાલકુમાર સમક્ષ એક મધરાતે જ્યારે પેલો પાટલિપુત્રનો વનાયુ અશ્વારોહી કદંબક આવીને ઊભો રહ્યો, અને એણે મહારાજની મંજુષા એને આપી, ત્યારે કુણાલકુમાર પહેલાં તો શંકાથી ધ્રૂજી ગયો. એને થયું : મહારાજના કોઈ અનિષ્ટ સમાચાર તો ન હોય?

તેણે ત્વરાથી કદંબકને પૂછ્યું: 'તેં પાટલિપુત્ર ક્યારે છોડ્યું? મહારાજને કેમ છે? મહારાજ ક્યાં છે?'

'મહારાજ પાટલિપુત્રમાં જ છે, દેવ!'

'સ્વસ્થ છે?'

'તદ્દન. સંઘારામની પરિષદમાં જાય છે. એક સહસ્ર સાધુઓની પરિષદ ચાલે છે, તેમાં સાધુ ઉપગુપ્ત સાથે મહારાજ પણ હોય છે. મહારાજ તદ્દન સ્વસ્થ છે, પ્રભુ!'

કુણાલને મનમાં શાંતિ થઈ. તેણે મહારાજની મોકલેલી મંજુષા જોઈ મહારાજની પોતાની દંતમુદ્રા દીઠી. સંદેશો ઘણો જ અગત્યનો હોવો જોઈએ. તેણે તરત જ એ સંદેશાને નમન કર્યું. મહારાજની દંતમુદ્રા ફરીને તપાસી. મહારાજની દંતમુદ્રામાં એમની રત્નરેખાની છાપ અચૂક ઊઠતી. કુણાલકુમારે એ રેખા પણ જોઈ.

તેણે મહારાજનો સંદેશો મંજુષામાંથી બહાર કાઢ્યો.

સુવર્ણપત્રમાં સ્પષ્ટ અંકિત થઈ ગયેલી લિપિમાં એ હતો. એમાં કોઈનાથી

કાંઈ ફેરફાર થવાની શક્યતા જ ન હતી. કુણાલ જેમજેમ સંદેશો વાંચતો ગયો તેમતેમ તેનું આશ્ચર્ય વધતું ગયું.

સંદેશનું વાચન થઈ ગયું. અને ઊભો થયો. સોનેરીપત્ર લઈ દીપિકાની છેક પાસે ગયો. ફરીને અક્ષરેઅક્ષર વાંચી ગયો.

'સંદેશવાહક ! આ સંદેશો મહારાજે પોતે આપ્યો છે ?'

'હા, પ્રભુ ! મહારાજે પોતે !'

'કોઈ નવીન ઘટના પાટલિપુત્રમાં બની છે ? લોકમાં ચાલતી વાત, કાંઈ અફવા, કોઈ નવા અરિદળનો ભય – કોઈ એવી ઘટના બની તેં જાણી છે... ?'

'બીજી કોઈ વાત તો નથી, પ્રભુ ! એક વાત હવામાં ચાલે છે.'

'શી ?'

'મહારાજના દિલમાં ઊંડો વિષાદ ઘર કરી બેઠો છે, એમ સૌ મંત્રીઓ કહે છે. એમને શાસનમાં રસ પડતો નથી. હરપળે અશાંતિ લાગે છે. સ્વપ્નાં આવે છે કે જાણે પોતે મગધપતિ નથી !'

'એનું શું કારણ ? આકાશગોત્ર ભિષગ્વર શું કહે છે ? મહારાજ્ઞી તિષ્યરક્ષિતા શું કહે છે ? સ્વજનો શું માને છે ?'

'પ્રભુ ! એ તો શી ખબર પડે ? પણ લોકમાં વાત ચાલે છે કે મહારાજે એક શતકોટિ કાર્ષાપણ સંઘને ચરણે ધરવાનું વચન આપ્યું હતું. હવે એ વચનભંગ થાય છે ?'

'હેં ? વચનભંગ થાય છે ? કોણ, મહારાજ અશોક અને વચનભંગ ? શી રીતે ? તું સાચું બોલે છે ? એ બને જ નહિ !'

'મહારાજ વચનભંગ થાય છે એટલે, મહારાજ વચનભંગ કરવા માગે છે એમ નહિ, પ્રભુ ! પણ મહાઅમાત્ય રાધાગુપ્ત એક કાર્ષાપણ પણ હવે રાજકોશમાંથી આપવાની ના પાડે છે !'

'મહારાજને ના પાડે છે ? કોણ, રાધાગુપ્ત ? પણ રાજપ્રતિનિધિ ત્યાં છે – કુમાર દશરથકુમાર છે... ને ? એ શું કહે છે ?'

'એ પણ ના પાડે છે !'

'શું કહ્યું ? હેં ? એ પણ ના પાડે છે ? મહારાજને એ ના પાડે છે ? પુત્ર ઊઠીને પિતૃઆજ્ઞા લોપે છે ? શું આવી વાત બની છે અશ્વારોહી ? તું સાચું કહે છે ?'

'મહારાજ ! મેં જે સાંભળ્યું છે તે હું કહું છું. મહારાજના દિલમાં આથી ઊંડો વિષાદ જાગ્યો છે. એમનાં જ સ્વજનો એમને ના પાડે ને મહારાજ વચનભંગ થાય છે. પોતાનું વચન – એઓ પોતે જાળવવા માગે છે. એમના દિલમાં આનો ઊંડો વિષાદ છે એમ સૌ પ્રજાજનો વાતો કરે છે. એમના ચહેરા ઉપર તો એ

સ્પષ્ટ દેખાય છે.'

કુણાલકુમાર વિચારમાં પડી ગયો. તેને હવે સમજણ પડી. મહારાજે શા માટે આવો વિચિત્ર આદેશ આપ્યો હોય. એને એ હવે દીવા જેવું સ્પષ્ટ થઈ ગયું. પોતાના વચનને પોતે વળગી રહેવાના જ છે, એવી પ્રતીતિ આપવા એમણે આ આદેશ આપ્યો હોવો જોઈએ. મહારાજનું વચનગૌરવ જાય તો થઈ રહ્યું. આ આદેશ એટલા માટે અપાયો હોવો જોઈએ. એનું મન ખિન્ન થઈ ગયું. એને એક બીજો વિચાર આવ્યોઃ દશરથકુમારે મહારાજની અવગણના કરી હતી. એ દશરથકુમાર કોણ હતો? પોતાનો જ પુત્ર નાં? એ અવગણના ખરી રીતે પોતે જ કરી હતી. એનું પ્રાયશ્ચિત્ત તો જીવનસમર્પણ જ હોય. આ આદેશ તો ઘણો નરમ છે. તેના હ્રદયમાં ગ્લાનિ છવાઈ ગઈ. આ સ્થિતિમાં મહારાજના આદેશને બે પળ થોભાવવાનો એને હવે શો અધિકાર હતો? મહારાજે જીવનભર મહાન શાંતિની ઉપાસના સાધી હતી. એ જ ઉપાસનાને એમણે મગધનો મહામોલો વારસો માની હતી. એને માટે કોટાનકોટિ દ્રવ્ય વપરાય તોપણ ઓછું. મહારાજની એ ઉપાસનાનો જરા જેટલો પણ હ્રાસ થાય, ત્યારે તો મહારાજ જીવન જ અર્પી દે, એવી એમની મનોદશા હતી. હવે તો મહાન શાંતિને એ સંદેશો વિશ્વમાં ફેલાવવો એ એમનું જીવન ધ્યેય બન્યું હતું એમાં આવી નકારવાણી આવે – અને તે પણ સ્વજનો તરફથી... મહારાજના મનનો ઊંડો વિષાદ એ સમજી શક્યો. એણે તરત મહરાજના આદેશને માથે ચડાવ્યો. એને બે હાથ જોડીને પ્રણમી રહ્યો. તેણે તાલી પાડી. એક સશસ્ત્ર યવની દોડતી આવી. 'આ સંદેશવાહકને ત્યાં દ્વાર ઉપરના અતિથિગૃહમાં આરામ આપો. કદંબક! તને આપવાનો સંદેશો હમણાં તૈયાર થશે. તું જરા આરામ કર.' કુણાલકુમારે કહ્યું.

કદંબક નમીને ત્યાંથી ગયો.

એ ગયો કે તરત જ કુણાલે યવનીને કહ્યું:'સેનાપતિ હિમવંતને બોલાવવા કોઈને મોકલો. અમાત્યને પણ બોલાવો. રાજભાંડારિક ક્યાં છે? ભાંડારિકને પણ બોલાવો. અને ભિષગ્વરને બોલાવો – નાપતિને પણ બોલાવો... ઝીણાં શસ્ત્ર લઈને એ તરત આવે. કામ ઘણું ત્વરાનું છે. બધાને કહેજો... તરત જ સૌ આવે.'

યવની આશ્ચર્ય પામતી દોડી ગઈ. કુણાલકુમાર પોતાના ખંડની બધી સુંદર વસ્તુને એક વખત નજર ભરીને નિહાળવા મંડ્યો. દરેકે-દરેક વસ્તુની સુંદરતા નિહાળતો એ ત્યાં ફરી રહ્યો. એણે પોતાના મનમાં નિશ્ચય લઈ લીધો હતો. એ સમજી ગયો. મહારાજે એની રત્નઆંખો આટલા માટે જ માગી હતી. એમની જીવનસાધનાને એમણે અસફળ થતી જોઈ, એટલે પોતાના સત્યની પ્રતીતિ કરાવવા માટે, સાધુસંઘને અચળ વિશ્વાસ આપવા માટે એમણે આ આદેશ આપ્યો છે. શાંતિની ઉપાસવા ચાલુ જ રહેવાની છે મગધના રાજવંશમાં, એનો આ પ્રતીતિકર

પ્રત્યુત્તર છે. શતકોટી કાર્ષાપણ વહેલેમોડે આપવાના જ છે. એ વચન અચળ છે. મહારાજે આ આદેશ એટલા માટે આપ્યો લાગે છે.

યવનીનો સંદેશો મળતાં બધા જ વિચારમાં પડી ગયા. કુમારે અત્યારે એમને કેમ બોલાવ્યા હશે તે કોઈને સમજાતું ન હતું. દરેકને પાટલિપુત્રમાં કાંઈક અનિષ્ટ બનાવની શંકા પડી ગઈ.

એ બધાં ત્યાં આવ્યાં, પણ એમના ચહેરા ઉપર ગંભીરતા હતી. તેઓ કુણાલકુમારના બોલવાની રાહ જોઈ રહ્યા.

કુણાલકુમાર સ્નાન કરી, વસ્ત્રાલંકાર ધારણ કરી, ત્યાં આવતો દેખાયો.

કોઈને કાંઈ સમજાયું નહિ. સૌ કુણાલકુમારને આવતો જોઈ રહ્યાં.

કુણાલ આવીને ત્યાં સિંહાસન ઉપર બેઠો. તેની મુખમુદ્રા ગંભીર હતી. ચહેરો શાંત હતો. તેની આંખ જાણે છેલ્લી વખત બધું મનમાં ઉતારી દેવા માગતી હોય તેમ ચારે તરફ એક દૃષ્ટિ કરી રહી.

તેણે બધાને હાથ જોડીને પ્રણામ કર્યા. એની આ વિનમ્રતા જોઈને બધા જ આશ્ચર્યમાં પડી ગયા.

તેણે ધીમા શાંત પણ દઢ અવાજે, જાણે પોતાના અંતરમાં પોતે કાંઈક વાંચતો હોય ને બોલતો હોય – તેમ બોલવાનું શરૂ કર્યું:'અધિકૃત જનો ! મહારાજનો આદેશ આવ્યો છે. હું જે શબ્દ બોલું છું તે તમે બરાબર સમજો એવી મારી વિજ્ઞપ્તિ છે. મહારાજનો આદેશ આવ્યો છે – આજ્ઞા નહિ, આદેશ. એ આદેશને પળ-બે-પળ પણ ખોટી કરશો, તે મારે માટે પિતૃઘાત સમાન અપરાધ છે. મેં તમને એટલા માટે બોલાવ્યા છે. ભિષગ્વર નક્ષત્રદેવ આવ્યા છે નાં ?'

'હું આ રહ્યો, પ્રભુ !' નક્ષત્રદેવે કહ્યું.

'મહારાજનો આદેશ છે, અધિકૃત જનો ! મહારાજને ત્યાં ખપ પડ્યો છે. મહારાજનાં જીવન-મરણ જેવો મહાન પ્રશ્ન ઊભો થયો છે. શરીરની અસ્વસ્થતાની વાત નથી. મહારાજનું મન વિષાદમાં છે. એમની જીવનસાધનાનો જ શરૂઆતમાં પોતાને ત્યાંથી થતો હ્રાસ એઓ જોઈ રહ્યા લાગે છે. એ સાધના માટે તો ગમે તેવું સ્વાર્પણ પણ મહારાજ ઓછું જ માને. આ આપણી સૌની પ્રતીતિ છે. મહારાજે પુત્રોને, ભવિષ્યના વારસોને પણ શાંતિના વિજય માટે મથવાનો આદેશ આપ્યો છે એ તમે સૌ જાણો છો. મહારાજે, અધિકૃત જનો! આંહીંથી મારાં બે નેત્રરત્નો મગાવ્યાં છે... નેત્રરત્નો. ભિષગ્વર ! આગળ આવો... મારાં બે નેત્રરત્નોનો મહારાજને ત્યાં ખપ પડ્યો છે. નાપતિ પણ આંહીં આવેલ છે. તમે એ માટેનાં તીક્ષ્ણ સૂક્ષ્મ શસ્ત્રો લાવ્યા છો ? ન લાવ્યા હો તો ત્વરા કરો. આદેશ છે...'

કુણાલકુમાર બોલતો બંધ થયો, પણ જાણે કોઈ સમજ્યું ન હોય તેમ બે પળ ગંભીર મૌન છવાઈ ગયું. હવામાં જાણે એક જાતનો ક્ષોભ આવી ગયો હોય

તેમ બધા મૂંગામૂંગા માત્ર જોઈ જ રહ્યા.

કોઈ જાણે કાંઈ સમજ્યા ન હતા. શું બોલવાનું છે તેની ખબર પડતી ન હોય તેમ એકબીજા પ્રત્યે જોઈ રહ્યા. અંતે અમાત્યે કહ્યું: 'પ્રભુ! મહારાજનો શો આદેશ છે? તમે શું કહ્યું? મહારાજને શું જોઈએ છે? મહારાજે શું મગાવ્યું છે?'

'બીજું કાંઈ જ નહિ – બે આંખો!'

'હેં? શું કહ્યું? બે આંખો? બે આંખો? મહારાજે શું બે આંખો મગાવી છે? મહારાજનો શું એવો આદેશ છે? હોય નહિ, દેવ! કાંઈક ભૂલ થતી લાગે છે. અને કોની આંખો મગાવી છે?'

'કેમ કોની, અમાત્ય? એ ઈશ્વરી આદેશ હતો કે મને દુનિયાની સુંદરમાં સુંદર આંખો મળે. આ બીજો પણ ઈશ્વરી આદેશ છે કે એ આંખો દિલના સત્યની પ્રતીતિ આપવા સમર્પિત થાય. આદેશ મહારાજનો છે. મારી આંખો વિષે એ છે. મહારાજ કોઈ ઘાતક નથી કે ગમે તેની આંખો મગાવે... મારી આંખો મારે આપવાની છે. મહારાજને એનો ખપ પડ્યો છે. આદેશ સ્પષ્ટ છે. નક્ષત્રદેવ! આગળ આવો, નાપિતને કહો, મારી આંખોને રત્ન હોય તેમ તમે અખંડ કાઢી લ્યો – આપણે એ અર્પણ કરવાની છે!'

'પણ શા માટે – શા માટે, દેવ? આંખો શા માટે હોય? કાંઈ નહિ ને આંખો?' સેનાપતિ હિમવંત બોલ્યો: 'આદેશ ક્યાં છે? કાંઈક ગેરસમજણ થઈ છે. આદેશ ભૂલભરેલો છે...'

'એ બોલવાનો મને કે તમને કે કોઈને અધિકાર નથી, હિમવંત! આદેશ આ રહ્યો. સુવર્ણપત્રમાં છે. ઉલ્લેખિત લિપિમાં છે. ફેરફાર એમાં શક્ય નથી. મહારાજે દંતમુદ્રા કરીને એ મોકલેલ છે. એથી વધુ શું? આપણે સમય કાઢી શકતા નથી. આપણે બહાનાં કાઢી શકતા નથી. આપણે માત્ર આદેશ ઉઠાવી શકીએ છીએ. નક્ષત્રદેવ! આગળ આવો...'

'પણ, મહારાજ!' અમાત્યે લિપિ ઉકેલતાં કહ્યું: 'આમાં તો બે નેત્રરત્ના માગ્યાં છે!'

'હું પણ એ જ કહું છું. મહારાજે બે નેત્રરત્નો માગ્યાં છે.'

'પણ તે તમારાં, એવી વાત ક્યાં છે?'

'આદેશ મારા ઉપર છે, અમાન્ય! હવે એનો નવો અર્થ આપણે કરવો એનો અર્થ એટલો જ કે આપણે સ્વાર્પણ એટલે શું એ સમજતા જ નથી. સ્વાર્પણ ક્યારેક જ મગાય છે. જીવન આખાની સાધના જ્યારે કસોટી ઉપર ચડે છે ત્યારે એ મગાય છે. અમસ્તી-અમસ્તી માગવાની એ વસ્તુ નથી. મહારાજે આદેશ આપતાં પહેલાં હજાર વખત વિચાર કર્યો હોવો જોઈએ. પણ મહારાજે જે આદેશ આપ્યો છે તેમાં, ભણે અમાત્ય! હવે પ્રશ્ન કરવો એ ભીરુતા નથી,

કાયરતા નથી, એ તો નરી અધમતા છે. માગનારે એ માગ્યું જ ન હોત – બની શક્યું હોત તો. એ માગ્યું એનો અર્થ એ કે એ અનિવાર્ય હોવું જોઈએ. એ એક જ માર્ગ હોવો જોઈએ. એ એક જ તરણોપાય હોવો જોઈએ. આ જાણ્યા પછી ને માગનાર મહારાજ છે એ જાણ્યા પછી વિલંબ કરવો એ પણ અધમતા છે... નક્ષત્રદેવ ! આગળ આવો. તમારી તમામ કુનેહ બતાવો...'

'પણ, દેવ ! હું પાટલિપુત્ર દોડું... કાલે-પરમ આંહીં... એવો વેગીલો અશ્વ આંહીં મારી પાસે છે !' હિમવંત બોલ્યો, 'હું આ માનતો નથી.'

'સેનાપતિ ! તમારી વાત બરાબર છે. હિમવંત ! તું પૃચ્છા કરવા જશે, પછી મહારાજનો શો પ્રત્યુત્તર હશે એ જાણવું છે ?'

'શો ?'

'મહારાજ ના પાડશે –'

'તો પછી ?'

'તો પછીની જ ઝીણવટભરી વાત છે, હિમવંત ! મહારાજ પોતાના વચનભંગ પછી આ સ્વાર્પણ નહીં આપી શકે, તો શું આપશો, તમે જાણો છો ?...'

'શું ?...'

'પોતાનું જીવન ! મહારાજ એક વખત આપી દેવા માગતા હતા, આખું સામ્રાજ્ય. તમને પુત્ર-પૌત્રો-વંશજોની સમૃદ્ધિ વેડફવાનો અધિકાર નથી. સામ્રાજ્ય આવ્યું છે વંશપરંપરા, એમ કહીને મંત્રીઓએ તે વાત રોળીટોળી નાખી. શતકોટિ ઉપર વાત આવી. એ વચનભંગ થતાં મહારાજે આ આદેશ આપ્યો. છેવટે તો રાજવંશવારસ હું છું, એટલે મારા ઉપર જ એ આવે. મહારાજને મન શાંતિની ઉપાસના એટલે શું એ હું જાણું છું. આપણે આદેશને આમ રોળીએ-ટોળીએ એ અર્થહીન છે. મારે પિતૃઘાતી થવું નથી. આગળ આવો, ભિષગ્વર ! એને માટે વિલંબ કરીએ એ પણ અર્થહીન છે. આદેશ એટલે આદેશ. એ પાળવાનો. એના માટે શંકા હોય નહિ, પ્રશ્ન હોય નહિ, વિલંબ હોય નહિ, અશ્રદ્ધા હોય નહિ. મહારાજ અશોક જેવાની વિશ્વશાંતિની સાધનાને સમજવા માટે આપણે એક સહસ્ર જન્મ જોઈએ. પણ એમની આ સ્વાર્પણની વાતને સમજવા માટે તો એકલક્ષ જન્મ પણ ઓછા પડે. આ સ્વાર્પણ દ્વારા વચનની પવિત્રતા રહેવાની જ છે, એમ એમણે પ્રતીતિ આપી. હવે વચન ન રહે, તો મહારાજ જીવન જ અર્પી દેવાના, એટલે ત્વરા કરો. વિલંબને હું નાનો પિતૃઘાત માનું છું... તમે જોઈ ન શકો તે આંહીંથી દૂર થાઓ... જેને શંકા હોય તે પણ જાઓ... મને શંકા નથી...'

ભિષગ્વર નક્ષત્રદેવ આગળ વધ્યો.

બધા જ કર્મચારીઓ આંખો મીંચી ગયા.

૨૭

કોઈને ખબર પડતી નથી!

કદંબકને ગયે ઘણો વખત થયો. હજી એ પાછો ફર્યો ન હતો. મહારાજ અધીર થઈ રહ્યા હતા. તિષ્યરક્ષિતા એમને સમજાવી રહી હતી : 'કેટલું દૂર છે! કેટલાં સંકટ છે!'

એમને સાધુ ઉપગુપ્તના ભિક્ષાપાત્રમાં એક દિવસ અચાનક બે રત્નો મૂકી દેવાં હતાં. એ રીતે શતકોટિ કાર્ષાપણનું વચન ફળવાનું જ છે એની પ્રતીતિ આખા સંઘને કરાવવાની હતી.

મહારાજને દિન પ્રતિદિન હવે તો વધારે ને વધારે પ્રતીતિ થઈ રહી હતી કે ભગવાન તથાગતના શબ્દોમાં જ વિશ્વની શાંતિ રહી છે. એ એક જ શાંતિનો માર્ગ છે. એને માટે કોટાનકોટિ કાર્ષાપણો વાપર્યાં હોય, તોપણ એ સાર્થક છે. મહારાજ એટલા માટે, કાગને ડોળે પેલાં બે અમૂલ્ય રત્નો આવે, તેની રાહ જોઈ રહ્યા હતા.

તિષ્યરક્ષિતા આ વિષયમાં એમની વિશ્વાસુ બની ગઈ હતી.

બીજા કોઈને આ રત્નો મગાવ્યાની વાત હજી જણાવી પણ ન હતી.

'અને કોને ખબર છે, મહારાજ! રસ્તામાં શું થાય? આટવિકો મળી જાય ને એને લૂંટી લે તો?'

'આપણને કુણાલને સંદેશો મોકલીએ –'

'શો?'

'ઈશાનદેવીને ત્યાં ગયેલા આ સંદેશવાહકને રક્ષણ આપે – કાશ્મીરના પંથે રક્ષકો મોકલે!'

'મહારાજ! હવે મોડું થાય છે. કદંબકને ખાસ સૂચના અપાઈ ગઈ છે. એ ઘણો સાવચેત રહેવાનો. બે દિવસમાં આવ્યો બતાવું!'

'સાધુ ઉપગુપ્ત કાલે જ ભિક્ષા લેવા આવવાના છે. જો કાલે એ આવી

જાય !...'

તિષ્યરક્ષિતા જાગ્રત થઈ ગઈ. કદંબક હવે ગમે તે પળે પાછો ફરવો જોઈએ. એનો સમય થઈ ગયો હતો. એ શું લાવ્યો છે એની હજી કોઈને કંઈ ખબર ન પડે, તો એ જ વધારે સારું હતું.

તેણે કહ્યું:'મહારાજ! કદંબક તમને એકબે દિવસમાં આવ્યો બતાવું. પણ હું તો એમ કહું છું, મહારાજ! કે રત્નો જોવાં એ પણ મોહ નથી? જે દીધું તે દીધું, એ જોવું પણ શા માટે? મને તો એ ગમે!'

મહારાજ અશોક વિચારમાં પડી ગયા. દાનની એક અત્યંત ઝીણી રેખા, જે દાનને મનોવિગ્રહનું સોપાન બનાવી દે, એવી રેખા એમની દૃષ્ટિએ પડી ગઈ. તેઓ બોલી ઊઠ્યા :

'આહા ! રાણી ! તમારી કલ્પનામાં ત્યાગની આ જે એક અભિનવ મનભૂમિકા પ્રગટી છે, એ વસ્તુ જ બરાબર છે. કદંબક આવે, રત્નમંજૂષા લાવે, આપણે એ જ ભિક્ષાપાત્રમાં ધરી દેવી છે!'

'પણ, મહારાજ! મને કલ્પના તમે જ આપી છે એ તમે કેમ ભૂલો છો? તમે એક વખત એક વાત કહી ન હતી – ? યાદ કરો!'

'કંઈ ?'

'પેલો એક ભિખ્ખુ પોતાની માતાને ત્યાં ભોજનનિમંત્રણ મેળવે છે ને પૂરા ત્રણ મહિના ભોજન પણ કરે છે, પણ નથી માતાને ખબર પડતી કે આ મારો પુત્ર છે કે નથી પુત્ર જરા પણ રાગ બતાવતો કે આ મારી મા છે – એવી નિઃસંગ નિષ્રંગ ત્યાગની ભૂમિકા હોય, તો મહારાજે જ કહ્યું હતું કે નિઃસંગ અવસ્થાની પરાકાષ્ઠા એમાં રહી છે. એટલે મેં મહારાજને આ કહ્યું. ત્યાગ – શેનો ત્યાગ કર્યો છે તે ન જાણવું, એ વધારે મોટો ત્યાગ નથી?'

'રાણી ! તમે અનૃણ ચોક્કસ જવાનાં...' મહારાજ અશોક આ વાણી સાંભળતાં આનંદી ઊઠ્યા. તિષ્યરક્ષિતા મનમાં બોલી રહી હતીઃ 'તારો છોકરો આંખો ખોઈ બેઠો છે, એ જેટલું તું મોડું જાણશે તેટલું તું વધુ જીવશે, ડોસા !'

બીજા દિવસે પ્રભાતે હજી તો સાધુ ઉપગુપ્તે મહાલયના મુખ્યદ્વાર પાસે આવીને –

'ભગવાન તથાગતના નામે, પાટલિપુત્રના નાગરિકો...! અને રાજવંશીઓ !... ભગવાન બુદ્ધના નામે સંઘને અર્પો... સંઘ પાછું તમને મનના પ્રેમરૂપ અર્પે. અર્પણની આ ક્રિયા-પ્રતિક્રિયા મહાશાંત હવા પ્રગટાવે... નાગરિકો હો ! ભગવાનના નામે...'

સાધુ ઉપગુપ્તનો પ્રલંબ પડઘા પાડતો સ્વર સંભળાયો-ન-સંભળાયો ત્યાં અશોક પોતે બહાર નીકળ્યા.

એમની પાછળ જ મહારાણી તિષ્યરક્ષિતા હતી.

ગઈ કાલે સાંજે જ કદંબક આવી ગયો હતો. તેણે મહારાજના હાથમાં એક ચંદનમંજૂષા ધરી હતી. એમાં શું હતું એની એને જાણ પણ ન હતી. એને તો કુણાલકુમારના મહાલયમાં બોલાવીને રાજભાંડારિકે આ મંજૂષા આપી હતી. મહારાજને હાથોહાથ એ આપવાની હતી. કુણાલકુમારે માત્ર નેત્રો અર્પણ કર્યાં ન હતાં, પણ એ વાતની લેશ પણ ગંધ કોઈને ન જાય એવો બંદોબસ્ત પણ કર્યો હતો. કોઈને કાંઈ બોલવાનું ન હતું. તાજા જખમને આરામ આપવા એ મહાલયના એકાંતમાં જ રહી ગયો હતો.

અને સર્વ કાર્ય ચાલતું હતું તેમ જ ચાલતું રહ્યું હતું.

કદંબકને રત્નમંજૂષા મળી અને એ વીજળીવેગે પાછો ફર્યો હતો. પણ મહારાજના હાથમાં આવેલી આ મંજૂષામાં એ કાંઈ જોઈ ન બેસે તે માટે મહારાજ પોતે આજ તો ભિક્ષા આપવા આવ્યા અને એમની પાછળ તિષ્યરક્ષિતા પણ આવી.

એના મનથી હજી આ વાતના ઘટસ્ફોટનો વખત આવ્યો ન હતો.

'હાય રે!' કહીને ડોસાને ધરતી ઉપર પટકાતો જોવો એ છેલ્લું દશ્ય એના મનની પરાકાષ્ઠા હતું – એ તો હજી બાકી હતું. પણ એને એ સમયે એ જોવું હતું કે જે વખતે પોતાને કોઈ હણી નાખે તોપણ એને કાંઈ ન લાગે. મગધના સર્વનાશનાં બીજ વવાઈ ગયાં હોય.

મહારાજ આગળ આવ્યા. તેમણે બે હાથ જોડીને સાધુને પ્રણામ કર્યા. રત્નમંજૂષા બે હાથમાં લીધી. સાધુ ઉપગુપ્તના ભિક્ષાપાત્રમાં એ મૂકી. 'શતકોટિ કાર્ષાપણના ઋણને વાળવાના આમાં અંશાંશ છે, પ્રભુ! ભગવાન તથાગતના નામે એ પ્રભુ સ્વીકારે. આ મંજૂષામાં બે રત્ન છે, દેવ! શતકોટિના અંશાંશ-રૂપે...'

'ભગવાન તથાગતનો જય હો! નાગરિક હો... ભગવાન તથાગતના નામે...' એમ ઘોષણા જગવતો સાધુ ઉપગુપ્ત નગરમાં જવા માટે તરત અદશ્ય થઈ ગયો.

તિષ્યરક્ષિતા એને જતો જોઈ રહી. 'પણ આ સાધુ આને ક્યારે ખોલશે?' એના મનમાં વિચાર આવી ગયો.

પણ એ વિચાર આવ્યો તેવો જ અદશ્ય થઈ ગયો.

એના મનથી એ વૈર લઈ ચૂકી હતી – હવે મૃત્યુ કાલે આવતું હોય તો ભલે આજે આવે. ડોસો ગમે ત્યારે આ સાંભળે, પણ સાંભળતાં જ એ નહિ હોય. મગધના સર્વનાશનાં બીજ રોપાઈ ચૂક્યાં છે. હવે તો એને જલ આપવાવાળા પ્રદેશમાંથી જ આવશે.

ને પાછી ફરતાં બોલી: 'મહારાજ! મારે હવે લૂંટાવી દેવું છે મારું સૌન્દર્યભવન – મહારાજને હાથે જ હો!'

'આપણે, દેવી ! હિમવંતપાર સંદેશો દેવા નીકળવું છે ત્યારે એનાથી શરૂઆત કરીશું...!'

'હા, દેવ ! એ વાત બરાબર છે.'

કુણાલકુમારની વાત હજી કોઈએ પાટલિપુત્રમાં જાણી ન હતી. બધા સુખદ ભ્રમણામાં હતા.

દુનિયામાં સૌથી સુખીમાં સુખી માનવ એ છે, જે હંમેશાં સુખદ ભ્રમણામાં વિહરે છે.

માણસોએ મહાકાલના અનંત પ્રવાહને ઘડી, પળ અને વિપળમાં વિભક્ત કરીને જેમ પોતાના વર્તમાન જીવનની એક સુખદ ભ્રમણા ઊભી કરી છે જીવવાની, ખરી રીતે તો એ મરતો પણ નથી ને જીવતો પણ નથી છતાં એવી જ રીતે એણે અકાલ ઇતિહાસ વિષે પણ ભ્રમણા સેવી છે.

ઇતિહાસ અને માનવ વર્ષોથી એકની એક રમત રમતા આવ્યા છે. વેશ ફરે, રમ્મત એની એ. ઘડીભર માણસને લાગે કે આ એક મહાન ભવ્ય સ્વપ્ન ઊભું થઈ ગયું, માનવજાતનો ઉદ્ધાર થઈ ગયો, પણ કાલનો એક નેત્રપલકારો, અને માણસ તો જે રમકડાંથી રમતો હતો, તે જ રમકડાંથી પાછો રમતો દેખાય !

પાટલિપુત્રમાં પણ ઇતિહાસ, માનવ, અને રમકડાં એનાં એ હતાં, પણ સૌ સુખદ ભ્રમણામાં પડ્યાં હતાં.

૨૮

મહાલય ભવ્ય, વારસ કોઈ નહિ!

પાટલિપુત્રનો મુખ્ય દ્વારરક્ષક પણ ભડકી ગયો, નવાઈ પામી ગયો અને સ્તબ્ધ થઈ ગયો. બહારથી કોઈના અવાજ ઉપર અવાજ આવતા હતા.

એને ભારે આશ્ચર્ય થયું. આગંતુક જાણતો ન હોય તો આમ અવાજ આવે નહિ. મધરાતે પ્રવેશ માગનારો આવો અધીર માણસ કોઈ સામાન્ય માણસ તો ન જ હોય. દ્વાર ઉપર પણ વારંવાર કોઈ ધક્કા દેતું હતું. મહારાજના આદેશથી કાષ્ઠપુલ રાત્રે ઉઠાવવાનું હમણાં બંધ હતું, એટલે દ્વાર ઉપર માણસ આવી ચડે ને અવાજ આપી શકે તેમ હતું. એણે કાન દીધા. તે આશ્ચર્યમાં પડી ગયો.

એને લાગ્યું કે એણે સેનાપતિ હિમવંતનો અવાજ સાંભળ્યો. તે વિચારમાં પડી ગયો. તેને ખબર હતી કે સેનાપતિ તો તક્ષશિલા હતા. મુખ્ય દ્વારની એક નાની પ્રવેશિકા ખોલી, દષ્ટિ કરી. એક માણસ અંદર આવ્યો. એનો અશ્વ બહાર ઊભો હતો.

દીપિકાનો પ્રકાશ પડતાં જ મુખ્ય દ્વારરક્ષક માનતો ન હોય તેમ આવનાર સામે જોઈ રહ્યો. લૂંટાઈ ગયો હોય તેવો, નિરાશાના ગર્તમાં ડૂબ્યો હોય એવો, માંડમાંડ ક્યાંકથી ભાગી છૂટીને આવ્યો હોય એવો, એક સુક્કો, વેરાન, લુખ્ખો. શૂન્ય ચહેરો તેની નજરે પડ્યો. આ સેનાપતિ હિમવંત? આ મગધનો સેનાપતિ હોય નહિ!

પહેલાં તો એ માની શક્યો નહિ કે આ સેનાપતિ હિમવંત હોઈ શકે. એની સામે ઊભેલો માણસ એવો લૂંટાઈ ગયા જેવો હતો.

એણે બહાર દષ્ટિ કરી: એના થાકેલા અશ્વ સિવાય બીજું કોઈ જ એની સાથે લાગ્યું નહિ. સેનાપતિ એકલા નાસી છૂટ્યા હશે? કોઈનું અચાનક જ આક્રમણ આવ્યું હશે? શું હશે?

તે બે હાથ જોડીને સેનાપતિને નમી રહ્યો : 'પ્રભુ !' પણ હિમવંત સેનાપતિને વધુ કાંઈ બોલવાની કે સાંભળવાની પણ જાણે શક્તિ જ ન રહી હોય તેમ તેણે ધીમેથી કહ્યું : 'દ્વારરક્ષક ! અશ્વને સંભાળી લેજો. મારે મહાઅમાત્યને મળવા જવું છે. મહાઅમાત્ય આંહીં જ છે કે બહાર ?'

'મહાઅમાત્ય તો આંહીં જ છે, દેવ !'

'અને મહારાજ ?'

'મહારાજ... પણ આંહીં... હમણાં અશોકારામમાં... છે !

'તક્ષશિલાના ? ના, દેવ ! કેમ, કાંઈ ?...'

દ્વારરક્ષક એને જરાક આરામ લેવા, અને બીજો અશ્વ આપવાની વાત કરવા જતો હતો, પણ ત્યાં તો સેનાપતિએ આગળ ચાલવા પગ ઉપાડ્યો. તેના શરીર ઉપર થાક હતો. આંખ ઘેરાતી હતી. પગ કમજોર લાગતા હતા. પણ એ તો તરત જ આગળ ચાલવા મંડ્યો.

'દ્વારરક્ષક ! અશ્વ સંભાળજે. મારે મહાઅમાત્યને મળવું છે...'

'પણ, દેવ ! આંહીં જરા આરામ...' પણ દ્વારરક્ષકના શબ્દો એના કાન ઉપર જ પાછા અથડાયા.

હિમવંત સેનાપતિ આગળ ચાલવા મંડ્યો હતો. 'શું હવે ?' દ્વારરક્ષકના તર્કવિતર્કનો પાર ન રહ્યો. એણે આ દ્વાર ઉપર છેલ્લાં પચાસ વર્ષ ગાળ્યાં હશે. આજના જેવી શાંતિ ક્યારેય જોઈ ન હતી. માણસો બધા જ જાણે કોઈ યુદ્ધ આવી ન શકે એમ માનતા થઈ ગયા હતા. અને છતાં કોણ જાણે કેમ હવામાં જાણે હંમેશાં ભવ્ય મહાલયો ખંડર બનવાના ભણકારા એને સંભળાતા હતા !

તે ચાલ્યા જતા સેનાપતિની પાછળ જોઈ રહ્યો.

સેનાપતિ હિમવંત મહાઅમાત્યના ભવન ઉપર આવ્યો. તેણે મુખ્ય દ્વારરક્ષકને અંદર મોકલ્યો. એ અત્યારે જ મહાઅમાત્યને મળવા માગતો હતો.

સેનાપતિ હિમવંતનું નામ સાંભળતાં જ રાધાગુપ્ત પહેલાં તો કાંઈ સમજ્યો જ નહિ. એ તક્ષશિલાથી આવ્યો હોય તો-તો ત્યાં મહાન વિદ્રોહ જાગ્યો હોવો જોઈએ. તે ઉતાવળે બહાર મંત્રણાખંડમાં આવ્યો. થોડી વારમાં જ સેનાપતિ હિમવંતને પ્રવેશ કરતો એણે જોયો. 'આ સેનાપતિ ?' રાધાગુપ્ત કોઈક મહા અનિષ્ટની શંકાથી ધ્રૂજી ઊઠ્યો. હિમવંતને તેણે બોલાવ્યા વિના જ સામે બેસવાની સૂચના કરી. એણે ઉતાવળે અધીરાઈથી પૂછ્યું : 'હિમવંત, શી વાત છે ? તક્ષશિલાના શા સમાચાર છે ? જાલૌક ક્યાં છે ?'

'સમાચાર, પ્રભુ ! સર્વનાશના છે !'

'સર્વનાશના ? એટલે ? કોઈ મહાન વિદેશી આક્રમણ અચાનક આવેલ છે ?'

'વિદેશી આક્રમણ, આપણો નાશ કરે, દેવ! સર્વનાશ નહિ. સર્વનાશ તો સ્વજનો જ કરી શકે!'

'શી વાત છે, હિમવંત?'

હિમવંતે ચારે તરફ એકદૃષ્ટિ કરી. તે ઊભો થયો. કાંઈક આગળ વધ્યો. છેક રાધાગુપ્ત પાસે આવ્યો. રાધાગુપ્ત તેના લુખ્ખા સુક્કા લૂંટાઈ ગયેલા ચહેરા તરફ જોઈ રહ્યો. તેની આંખમાં તેને માનવતેજ લાગ્યું નહિ. ઊંડાણમાંથી પડઘો આવતો હોય તેવો સેનાપતિ હિમવંતનો અવાજ આવ્યો: 'પ્રભુ! પ્રભુ! કુણાલકુમાર તક્ષશિલામાં નથી!'

'હેં?' વજ્રઘાત પડ્યો હોય તેમ રાધાગુપ્ત અવાક્ થઈ ગયો. તેના મનનો મહાન ભય એકદમ આગળ આવી ગયો. તેના મનમાં અજ્ઞાત રીતે જ શબ્દો આવી ગયા: 'અરેરે! અંતે એ જ થયું! મહાલય ભવ્ય છે ને વારસ કોઈ નથી! કોઈ કહેતાં કોઈ હવે રહેતું નથી!'

'તેં કહ્યું કુણાલકુમાર તક્ષશિલામાં નથી, એમ? તો ક્યાં છે?'

'એ પણ કોઈને ખબર નથી!'

'એટલે? વાત બરોબર કહે. તેં છેલ્લે એમને ક્યારે જોયા હતા? ક્યાંય જવાની વાત કરતા હતા? કાશ્મીરથી પ્રદેશપતિ જાલૌકનો કોઈ સંદેશો આવ્યો હતો? ભિખ્ખુપંથે તો નથી વળી ગયા નાં? ક્યારથી દેખાયા નથી? મોટાં બહેન ચારુમતી નેપાલના દેવપાલનગરમાં ભિખ્ખુણી-પંથે વળ્યાં છે એ વાતની તો અસર થઈ નથી નાં? અરે! શું આ રાજવંશમાં બધાં જ ભિખ્ખુ થઈ જશે?'

'પ્રભુ!' હિમવંતનો ચહેરો ફિક્કો થઈ ગયો: 'પ્રભુ! તમને તો ખબર હશે નાં? મહારાજે એમનાં નેત્રો મગાવ્યાં હતાં!'

'હે! અરે! શું કહ્યું તેં? હિમવંત, આ શી વાત છે? કોણે નેત્રો મગાવ્યાં હતાં? મહારાજે? મહારાજ નેત્રોને શું કરે?... ક્યારે મગાવ્યાં હતાં? આ હું શું સાંભળું છું?' અને રાધાગુપ્ત છેલ્લો પ્રશ્ન કરીને સ્તબ્ધ જેવો થઈ ગયો. એના મનમાં એક વિચાર આવી ગયો. મહારાજ અશોક જેવા પણ સંઘ માટે થઈને આટલા બધા... શું... નિષ્ઠુર બન્યા હોય... અને અચાનક જ એના મનમાં વીજળીવેગે એક ખ્યાલ આવી ગયો: 'આહા! અરેરે!...' તે શોકમગ્ન થઈ ગયો. તેના મનમાં વીજળી જેવો ત્વરિત વિચાર ચાલ્યો ગયો હતો. એ કામ તો એ ભયંકર સ્ત્રી... ચોક્કસ એનું. આહાહા નાગિણી! નાગિણી!... તેણે ઉતાવળે જ, હિમવંતને કહ્યું :

'મહારાજે નેત્રો મગાવ્યાં હતાં એમ તેં કહ્યું? કોણ સંદેશો લાવ્યું હતું? શી વાત હતી? પછી તમે શું કર્યું? કુણાલકુમાર હવે ક્યાં છે?'

હિમવંતે અથેતિ વાત કહી. તે સાંભળતાં તો રાધાગુપ્ત દિઙ્મૂઢ જ થઈ ગયો.

મહાભયંકર ઘટના બની ગઈ હતી. તે કાંઈ સમજી શક્યો નહિ. એ વિચારમાં પડી ગયો. હવે કુણાલકુમાર ક્યાં હોઈ શકે?

હિમવંતે આગળ ચલાવ્યું :

'અને, પ્રભુ! એક દિવસ પ્રભાતે હું હંમેશના નિયમ પ્રમાણે એમના ઋગ્ણાલયમાં આદેશ લેવા ગયો, પણ જ્યાં દૃષ્ટિ કરી, ત્યાં કોઈ મળે નહિ, અનુચરોને પૂછ્યું. કોઈ કાંઈ જાણતું ન હતું. અમાત્યને વાત કરી. એને કાંઈ ખબર ન હતી. વાતનો વધારે ઊહાપોહ ભયંકર વિદ્રોહને ઉત્તેજશે એમ માનીને હું એકલો, માત્ર અમાત્યને વાત કરી, ઉપસેનાપતિને સૂચના આપી, આ તરફ દોડ્યો આવ્યો છું. રસ્તામાં મેં જંગલેજંગલ જોયાં. દેવમંદિરો દીઠાં. સાધુવૃંદ તપાસ્યાં. ભિખ્ખુટોળામાં ભળ્યો. ક્યાંય કહેતા ક્યાંય, કુણાલકુમાર દેખાયા નહિ. એટલે હવે આંહીં દોડ્યો આવ્યો છું. કુમાર અંધ થઈ ગયેલ છે. આ વાત હવે કોને કહેવી? શી રીતે કહેવી? શું કરવું? પ્રભુ! મારે પાછું જલદી દોડવું પણ જોઈએ, કારણ કે ત્યાં પણ હજી હવા વિદ્રોહની બરાબર શમી નથી.'

રાધાગુપ્ત આ સાંભળીને ક્યાંય સુધી અવાક્ જેવો બેઠો જ રહ્યો. તે કાંઈ જવાબ આપી શક્યો નહિ. મગધરાજ્યના છેલ્લા દિવસો જાણે આવી પહોંચ્યા હોય તેવું એને લાગવા માંડ્યું. એના મનમાં વિષાદનો પાર ન હતો. પોતે છેલ્લા દિવસો લાવ્યો હતો. પેલી ભયંકર સ્ત્રીનો હવે વેલી તકે નાશ કરી નાખવાનો એને વિચાર આવ્યો. એને હજી આમાં કાંઈ સમજણ પડી નહિ. અશોક મહારાજ હજી આ વિષે કાંઈ જાણતા નહિ હોય – કે પછી પોતાના ધર્મપંથમાં, આ મહાન સ્વાર્પણ કર્યાનો મનમાં તોષ અનુભવતા હશે? શું હશે? શતકોટિ આપી શક્યા નહિ તે માટે તો આ સ્વાર્પણ કર્યું ન હોય? પણ તો કુણાલકુમારનાં નેત્રો જ શા માટે?

અને એકદમ જ એને સ્ફુરણા થઈ આવી. પેલી ઈશાનદેવી પાસે મહારાજે માગવા ધારેલી બે નેત્રરત્નોની વાતનો આ મહાભયંકર સ્ત્રીએ લાભ ઉઠાવ્યો છે.

એ ઉતાવળે ઊભો થયો. તેના શરીરમાં કંપારી આવી ગઈ. તેના નેત્રમાં ક્રોધમાં આંસુ હતાં. તેણે એક તાળી પાડી. એક યવની દોડતી આવી. તેણે કઠોર અવાજે કહ્યું:'મારી સમશેર લાવી દે!'

હિમવંત એ સાંભળતાં ચોંકી ગયો.

હિમવંત એના વિચાર પામી ગયો અત્યારે જ તિષ્યરક્ષિતાને હણવાનો વિચાર મહાઅમાત્યનાં દિલમાં આવ્યો હોવો જોઈએ. હિમવંત સંચિત થઈ ગયો. શું મહારાજ અશોક આ વાત સાંખી લેશે? અથવા તો આ એક જ ઉતાવળિયા પગલાથી શું આખા મગધરાજ્યમાં વિદ્રોહ જાગી નહિ જાય? કારણ કે તક ઝડપી

લેવા માટે તો, ચારે તરફના પ્રદેશપતિઓ તૈયાર ઊભા જ હતા. કાશ્મીર, આંધ્ર, સૌરાષ્ટ્ર, કલિંગ બધાં જ. એ વાત આકળા થવામાં ભૂલી જવાતી હતી. પહેલાં તો ફરીને, એક, સ્થિર, શાંત, દુશ્મનોના પ્રતિકારને જવાબ આપશે જ એવી પ્રતીતિ કરાવતી, દૃઢ સંગીન રાજ્યવ્યવસ્થા થઈ જવી જોઈએ.

તેણે બે હાથ જોડ્યા : 'દેવ ! હું પોતે જ પ્રભુની આજ્ઞા થશે ત્યારે તિષ્યરક્ષિતાને હણી નાખીશ. દેવના મનમાં જે આવ્યું છે, તે જ મારા મનમાં પણ છે. આ કામ એ ભયંકર સ્ત્રીનું છે એ નક્કી છે. પણ અત્યારે તો આપણે પહેલી વસ્તુ આ મેળવવી જોઈએ : કુણાલકુમાર ક્યાં છે ?

એના મળ્યા વિના આ ઉતાવળિયા પગલાનો અર્થ તો શુંનો શું થઈ જશે. પહેલાં આપણે તસુએ તસુ જમીન જોવરાવો. કુણાલકુમાર ક્યાં છે ? એ ન જ મળે, તો-તો આપણે અત્યાર પૂરતી આ આખી વાતને દાટી દેવી પડે.'

'તને શું લાગે છે ? એ ક્યાં હોઈ શકે ?'

'મને લાગે છે, કુણાલકુમાર...' પણ હિમવંતના શબ્દો એના મોંમાં રહી ગયા.

બહારથી એક તીક્ષ્ણ રુદન જેવી સોંસરવું કાળજું વીંધી નાખે તેવી, કોઈ નારીની ચીસ આવી રહી હતી.

'રાધાગુપ્ત ! રાધાગુપ્ત ! ક્યાં છે રાધાગુપ્ત મહાઅમાત્ય ? મારો સ્વામી મને પાછો આપો, અમાત્ય ! અમાત્ય ક્યાં છે ?'

બંને જણા ચીસ સાંભળતાં ચમકી ગયા. પણ એટલામાં જ એમણે એમની સામે વેરવિખેર વાળ, શૂન્ય આંખો, રુદનભર્યો ચહેરો – એવી કાંચનમાલાને જોઈ.

એને પ્રવેશ કરવા માટે રોકવા આવતી યવનીને રાધાગુપ્તે હાથ લાંબો કરીને, ત્યાં બહાર જ રોકી દીધી.

કાંચનમાલાને અત્યારે આમ આવેલી જોઈને રાધાગુપ્ત સ્તબ્ધ થઈ ગયો. એને ફરીને પણ એ જ વિચાર આવી ગયો : 'મહાલય ભવ્ય, વારસ કોઈ નહિ !'

તે કાંચનમાલાની સામે જોઈ રહ્યો. એને શો જવાબ આપવો એની ઘડીભર તો એને સમજણ જ પડી નહિ. એ તદ્દન શૂન્ય જેવો થઈ ગયો. કાંચનમાલાની મુખમુદ્રામાં અસહ્ય વેદના હતી. એની આંખમાં શૂન્યતા-ભરેલી ઘેલછા દેખાતી હતી. તેના કેશ વેરવિખેર હતા. વસ્ત્રાલંકારનું ઠેકાણું ન હતું. મગધની ભાવિ મહારાણીને આ સ્થિતિમાં જોતાં રાધાગુપ્તના દિલમાં અસહ્ય શોક થઈ આવ્યો. તે ધીમેથી, પોતે જ સાંભળે તેમ, પણ અત્યંત ઊંડા દુઃખને વ્યક્ત કરતો બોલી ગયો : 'મહાલય ભવ્ય છે, વારસ કોઈ નથી !'

કુણાલને તક્ષશિલા મોકલવામાં પોતાનો ફાળો જેવો-તેવો ન હતો. રાધાગુપ્ત એટલે તો કાંચનમાલની સામે પણ જોઈ શક્યો નહિ. કાંચનમાલાનો ચહેરો

વેદનાભર્યો હતો, પણ તેના નેત્રમાં તો જાણે અપાર વ્યથા હતી – એવી વ્યથા કે એ નેત્ર ઘેલાં, શૂન્ય, ફિક્કાં, મૃત્યુ પામેલ ન હોય એવા જણાતાં હતાં! એનો શોક બાળી નાખે તેવો હતો. તે તદ્દન શૂન્યમનસ્તક રાધાગુપ્ત સામે જોઈ રહી. તેણે રાધાગુપ્તને કહ્યું: 'મહાઅમાત્ય! અમારે મગધનું રાજ કરવું નથી.' તેણે ઉતાવળે પણ અત્યંત વેદનાભર્યા અવાજે કહ્યું: 'અમારે મગધનું રાજ જ જોઈતું નથી. જેને જોઈતું હોય તે ભલે રાખે, પણ મારા સ્વામી ક્યાં છે એ મને કહો. મને મારા સ્વામી પાછા આપો. એટલું તો સ્પષ્ટ કહેશો, આ હું શું સાંભળું છું? શું બન્યું છે? ઠેરઠેર બહિષ્કૃત સાધુઓ આ શી વાતો કરે છે? મહારાજ શતકોટિ કાર્ષાપણ આપી શક્યા નથી. એમણે રાજકુમારનાં બે નેત્રો પશ્ચાત્તાપના બદલામાં આપ્યાં છે! આ સાચું છે? કાંઈક તો કહો!

તક્ષશિલાના પ્રદેશપતિ રાજકુમારનાં નેત્રો મહારાજે મગાવ્યાં અને શતકોટિ કાર્ષાપણના પ્રાયશ્ચિત્તરૂપે આપ્યાં છે – આ વાત સાચી છે? મહારાજ એવા નિષ્ઠુર કેમ થયા? હાય રે? મગધપતિએ પોતાના જ પુત્રનાં નેત્રો મંગાવ્યાં? મગધ શું આમ વિશ્વશાંતિ મેળવી શકશે – આવા સ્વાર્પણથી? પ્રિયમાં પ્રિય વસ્તુ મહારાજે ધરીને પ્રાયશ્ચિત્ત કર્યું છે રાજનીતિ જવાબદાર છે. તમે જ દશરથકુમારને કહ્યું હતું; એણે મહારાજના શબ્દોની અવહેલના કરી હતી. મને લાગે છે, એનું જ આ પરિણામ છે. પણ અમારે કોઈને હવે મગધમાં રહેવું જ નથી – મારે, મહારાજને, પુત્રોને, કોઈને ! મગધનું રાજ જ અમારે જોઈતું નથી!'

મારા બંને પુત્રોના પિતાને તમે એક વખત પાછા આપો. અમે ભીખ માગતાં વિદિશામાં ચાલ્યા જઈશું. અમારે તક્ષશિલા પણ જવું નથી. અમારે પ્રદેશપતિ થવું નથી. અરે! આ સેનાપતિ હિમવંત પણ આંહીં છે – ને શું? હિંમવંત! હિમવંત! કુમાર પ્રદેશપતિ ક્યાં છે?'

'દેવી!' હિમવંતે બે હાથ જોડ્યા, 'અમે બંને અત્યારે એ જ ચિંતામાં છીએ. મહારાણી! કુણાલકુમાર ક્યાં છે એની હજી અમને પણ ખબર નથી!'

'ખબર નથી? હાય રે! ત્યારે તો પુત્રોને એના અંધ પિતા પણ પાછા નહિ મળે? આહા! રાધાગુપ્ત! ભાઈ! તારે મગધનું ગૌરવ જેમ જાળવવું હોય તેમ તું જાળવ, પણ અમને વિદિશા જવાની વિદાય આપી દે!'

'મહારાણી! મહારાણીબા! તમારા દિલની વ્યથા હું નહિ સમજું તો કોણ સમજશે?' રાધાગુપ્ત શોકભર્યા અવાજે બોલ્યો :

'હું બ્રાહ્મણ ઊઠીને હમણાં જ સ્ત્રીહત્યા કરવા દોડતો હતો – અને કરી પણ નાખત! આપણને સૌને અંધારામાં રાખીને એ ભયંકર તિષ્યરક્ષિતાએ આ કામો કર્યાં છે! અત્યારે એ વિષે બોલાતું પણ નથી, સહેવાતું પણ નથી.

કહેવાતું પણ નથી, અને એને હણી નાખવા માટે પણ દોડાતું નથી. ખરેખર વિચિત્ર – ને અત્યંત વિચિત્ર વાત તો એ છે પહેલાં તો, મહારાણીબા ! અમને હવે કુણાલકુમારની ભાળ મેળવવા દો દેવી ! તે પછી શું કરવું એની ખબર પડે. અમે બંને ઊપડ્યા. તમે શાંત રહો.'

'પણ થયું છે શું ? રાજકુમાર ક્યાં ગયા ? અંધ બન્યા છે એ સાચી વાત હિમવંત ?'

'દેવી ! મહારાજનો આદેશ એવો હતો. દંતમુદ્રાનો સંદેશો હતા. નેત્રો મગાવ્યાં હતાં.'

'....પણ શા માટે ? શી વાત હતી ?'

'સંદેશો તો એવો હતો કે મહારાજનાં જીવનમરણનો પ્રશ્ન છે. રાજુકમારનાં નેત્રો મહારાજ મંગાવે છે ! મહારાજ જીવશે, તો તો દેશ જીવશે, વિશ્વની શાંતિ જીવશે !'

'હાય રે ! આહાહા વિધિની ભયંકર ક્રૂરતા ! ત્યારે તો અમે બધાં જ હણાઈ ગયાં છીએ, મહાઅમાત્ય ! તમારી રાજનીતિના પ્રતાપે!'

કાંચનમાલાને પ્રતીતિ થતાં તે આકુળવ્યાકુળ થઈ ગઈ. તેના અવાજમાં શોકનો સાગર ઉમટ્યો :

'તેં બ્રાહ્મણે ઊઠીને, આવા દેવ જેવા રાજકુમારને નેત્રવિહોણા બનાવ્યા –'

તે રાધાગુપ્ત તરફ ફરીને બોલી. એનું મન વ્યગ્ર થઈ ગયું હતું.

'ધિક્કાર છે તને ! હું કહું છું, તને ક્યાં ય શાંતિ નહિ મળે. તારું એકે સ્વપ્ન નહિ ફળે. તારું મગધ વેરાન – શૂન્ય ખંડેર થઈ જશે. આંહીં બધા જ બુદ્ધિહીનો હવે જન્મશે. ભારતભરના બુદ્ધિહીનો આંહીં ભેગા થશે. તારો પણ નિર્વંશ જશે. તું પણ તારા રાજાની પેઠે નિરાશ થઈને જીવન ગુમાવશે, જા !... મહારાજ રામચંદ્રની એક વચન, એક બાણ, એક સતી સીતા જેવી પ્રણાલિકા રાજાઓએ તોડી, ત્યારથી એ બધા જ હણાઈ ગયા છે !'

'દેવી ! દેવી ! મહાદેવી...'

'હું દેવી પણ નથી, મહાદેવી પણ નથી, મહારાજ્ઞી પણ નથી. જેનાં નસીબ ફૂટ્યાં હોય તે રાજરાણી થાય. મારે તો વિદિશા જવું છે. મને મારા સ્વામી – મારા અંધ સ્વામી – મને પાછા લાવી દે એટલે હું ચાલી જઉં. બસ, હું પણ ગાંધારી પેઠે અંધ થઈને જીવન ગાળીશ.'

રાધાગુપ્ત આગળ વધ્યો. તેણે બે હાથ જોડ્યા : 'મહારાજ્ઞી ! મહાદેવી ! હું મારા અપરાધ માટે તમારાં દેખતાં જલસમાધિ લેવા તૈયાર છું. મેં ધ્યાન ન રાખ્યું, તો

આ થયું. પણ અત્યારે, મહાદેવી! આ હૃદય ફાડી નાખે તેવા શોકને લીધે કે ગમે તે કારણે, પણ જો તમે કોઈ આકરું પગલું લેશો તો આપણું આ મગધ નહિ હોય, આ નગરી નહિ હોય, આ રાજમહાલયો નહિ હોય. અને આ પ્રજા પણ નહિ હોય. બધું જ આકાશના રંગની જેમ ઘડીના છઠ્ઠા ભાગમાં ઊડી જશે. ચારે તરફ સૈન્યો છે. ચારે તરફ વિદ્રોહ છે. આંહીં મહારાજ અશક્ત અને વૃદ્ધ છે. અને વધુમાં ધર્મ વિષે એકધ્યેયી થઈ ગયા છે. અંધ કે નહિ અંધ – મગધનું મહારાજ્ય, કુણાલકુમાર જ સાચવશે. અને તો જ મગધ રહેશે. મારી વર્ષોજૂની ઉપાસનાને, મહારાણીબા! ધૂળમાં મેળવો મા! જે થયું તેની વેદના મારા દિલમાં જેવીતેવી નથી. દિલ દેખાડાતું હોય, તો એમાં બળી રહેલો અગ્નિ તમને બતાવું. પણ હવે, મહાદેવી! શું થાય! અત્યારે તો તમે અમને મદદ કરો. અમે કુણાલકુમારને શોધવા માટે જ આ હમણાં ઊપડ્યા... અમે આવીએ ત્યાં સુધી તમે શાંત રહો, એટલું જ અમે માગીએ છીએ....'

રાધાગુપ્તે એક તાલી પાડી. એક યવની દોડતી આવી.

'બે અશ્વો – વનાયુ હો! – તરત આંહીં લાવો.'

૨૯

અંધ બંસીવાળો

કાંચનમાલા કાંઈક શાંત થતી જણાઈ. તેને લાગ્યું: મહાઅમાત્ય પણ અંધારામાં રહી ગયેલ છે. એનો દોષ નહિ જેવો લાગ્યો. પણ મનમાં ને મનમાં એને ઉગ્ર અગ્નિ બાળી રહ્યો હતો. તેને લાગ્યું: ભયંકર તો પેલી સ્ત્રી હતી, પેલી તિષ્યરક્ષિતા. તેના મનમાં એક જબ્બર આવેગ ઊઠ્યો. તે એકદમ આગળ વધી. તેણે રાધાગુપ્તના પગ પાસે પડેલી તલવાર જ એકદમ ઉપાડી લીધી.

તે વ્યગ્રતાથી – આવેશથી, મોટેથી બોલી ગઈ: 'મહાઅમાત્ય! હું જઉં છું, હું એને જ હણી નાખું છું. મહારાજ ભલે મને હણી નાખે.' અને તેણે ત્વરાથી જવા માટે પગ ઉપાડ્યો.

'અરે! પણ, બા! બા! મહાદેવી!...' રાધાગુપ્ત એના માર્ગ આડે હાથ લાંબા કરીને ઊભો રહ્યો: 'ક્યાં જાઓ છો, મહાદેવી? શી વાત છે? હણવાનું કામ આપણું નથી. એ તો ચાંડાલને માટે છે. પણ આપણે, મહાદેવી! મુખ્ય વાતનો દોર અત્યારે ગુમાવીએ છીએ. પછી કુણાલકુમારનો જ પત્તો નહિ મળે, બા! આપણે અત્યારે પહેલાં કુણાલકુમારને શોધી કાઢીએ, પછી બીજી વાત. પહેલું કામ આપણું એ જ હોઈ શકે. પછી બીજું થઈ રહેશે. થવાનું તે થશે જ, મહાદેવી!'

સેનાપતિ હિમવંતે ધીમેથી કહ્યું: 'એમ કરો, મહાદેવી! તમે પણ અમારી સાથે ચાલો.. આપણે બધાં પહેલાં કુણાલકુમારને તો શોધીએ. એ જ નહિ મળે, તો-તો થઈ રહ્યું!'

કાંચનમાલાના દિલમાં ધ્રાસકો પડી ગયો. આ વાતની અસર એના ઉપર થઈ ગઈ. એ બરાબર હતું. તેણે તરત દૂર ઊભેલી યવનીને નિશાની કરીને બોલાવી. એ પાસે આવતાં જ એને કહ્યું. 'એક ત્રીજો અશ્વ પણ લાવવાનો છે!'

રાધાગુપ્તને જરાક નિરાંત થઈ ગઈ, પણ એનું મનનું મન તો જાણે

અગ્નિકુંડમાં પડ્યું હોય તેમ અત્યારે હજી જળી રહ્યું હતું. આ ઘા કોણે કર્યો– એ વિષે એને હવે શંકા રહી ન હતી. પણ હજી એના મનમાં એક ઢીલો તંતુ હતો. મહારાજ અશોક – એમને કોઈ દિવસ આવી સ્વાર્પણની ધૂન આવે ખરી? આ જાણશે, તો એ શું કરશે?

એનું પોતાનું અંદરનું મન તો દોડીને તિષ્યરક્ષિતાને હણી નાખવા ક્યારનું ધસી રહ્યું હતું. પણ એ સમજતો હતો: વાત એટલેથી પૂરી થતી ન હતી. મગધના પાટનગરમાં આવો આંતરિક ભયંકર વિદ્રોહ જાગ્યો છે એ ખબર ફેલાતાં તો, મોટી હિલચાલ તરત જ ઊભી થઈ જાય તેમ હતી. એ વાત એને દીવા જેવી સ્પષ્ટ દેખાતી હતી. એ સમજી ગયો હતો કે પહેલાં તો જાલૌક જ તરત પોતાનો ધજાગરો ઊભો કરી દે તેમ હતો, અને એને માટે એ સહેલું ને શક્ય હતું. અને એક ધજાગરો ઊભો થયો, પછી તો બીજા ધજાગરા ઊભા થવાના જ. રાધાગુપ્તને ચિંતા આ હતી. ગમે તે એક ઉતાવળા પગલામાંથી જ મગધનો વિનાશપંથ નિશ્ચિત થઈ જતો હતો. મગધની એવી નાજુક પરિસ્થિતિ હતી. હવે કોઈ હતું નહિ! એના મનમાં આ પડઘા ઊઠતા હતા. થોડી વારમાં જ મહારાણી કાંચનમાલા, રાધાગુપ્ત, હિમવંત – ત્રણે જણાં કુણાલકુમારની શોધમાં બહાર નીકળ્યાં.

રાત હજી અંધારી હતી. ત્રણમાંથી કોઈનામાં બોલવાની શક્તિ રહી ન હતી. રાતના જેટલો અંધકાર હતો એટલો તેમનાં દિલમાં પણ હતો. તેઓ શોકના ભારથી મૂંગાં બની ગયાં હતાં. બોલવું એટલે નવો શોક, એ ભય એમને ઘેરી વળ્યો હતો. કુણાલકુમાર મળી જશે એ આશામાં શોક સહી રહ્યાં હતાં.

તેઓ મૂંગાં મૂંગાં આગળ વધી રહ્યાં. પણ ક્યાં જવું છે તે તેમનાં દિલમાં હજી પણ નક્કી ન હતું. અત્યારે તો એમણે અશોકારામ તરફની દિશા પકડી હતી. કદાચ ત્યાંથી પછી સાચી દિશા જડે.

એમ ને એમ એઓ આગળ વધતાં ગયાં. ઠીક આગળ ગયાં. અશોકારામ પણ એટલામાં જ ક્યાંક હતું. એઓ ધીમેથી જઈ રહ્યાં હતાં. એટલામાં રાતનો છેલ્લો અંધકાર વીંધીને આવતો, કોઈની બંસીનો ગજબનો મીઠો, અને દર્દભર્યો સ્વર એમના કાને આવ્યો. તેઓ ચમકી ગયાં. થંભી ગયાં. કાંચનમાલા તરત શોકઘેરા વ્યાકૂળ અવાજે બોલી ઊઠી: 'મહાઅમાત્ય! રાધાગુપ્ત! આ એમની જ બંસી! વેદનાની વાણી એમની છે... એમની છે, મહાઅમાત્ય! આ વાણી બીજું કોઈ બોલી શકે જ નહીં! આપણે આ સ્વર ઉપર જ ચાલો!'

ઉતાવળે એમણે સ્વરની દિશા પકડી, વાંસળીનો મોહક, આકર્ષક, પણ હૃદયને વીંધી નાખે તેવો શોકઘેરો, વેદનાભર્યો સ્વર હજી પણ એમાંથી આવી રહ્યો હતો. જાણે વૃક્ષો રડતાં હોય, પક્ષીઓ ઊંઘમાં હીંબકાં ભરતાં હોય, અંધારું

રડતું હોય. પથરા ઊઠીને આ વેદનાવાણી સમજવા માગતા હોય, એવી ગજબની દર્દવાણી, બંસીમાંથી આવી રહી હતી.

એ દિશા ભૂલી ન જવાય માટે ત્રણે જણાંએ ઉતાવળે-ઉતાવળે અશ્વો ઉપાડ્યા એ જ દિશામાં.

સ્વર અશોકારામના સાન્નિધ્યમાં આમતેમ ફરતો જણાયો. થોડી વારમાં લાગ્યું કે તે ઘણો નિકટ છે.

આગળ જતાં એમને વધુ પ્રતીતિ થઈ. અશોકારામના બહારના ભાગમાં જ કોઈ ફરતુંફરતું આ બંસી વગાડી રહ્યું હતું.

તેમણે હવે અશ્વો ત્યાં ઊભા રાખ્યા. પોતે નીચે ઊતરી ગયાં. અવાજ ન થાય તેમ આગળ વધ્યાં.

એઓ પાંચપચીસ ડગલાં આગળ વધ્યાં હશે, ત્યાં અશોકારામની પાછળના ભાગમાં આવેલી એક નાની પર્ણકુટીમાંથી એમણે કાંઈક અવાજ થતો સાંભળ્યો.

નાનાં સુંદર વૃક્ષો, વેલીઓ, અને હરિયાળી વનસ્પતિઓથી ઢંકાયેલી આ પર્ણકુટી, મહારાજ અશોક પોતાના નિવાસસ્થાન માટે આંહીં રહેતા ત્યારે ઘણી વખત વાપરતા હતા તે રાધાગુપ્તને ધ્યાનમાં હતું.

તેને લાગ્યું કે પર્ણકુટીમાંથી કોઈ દીપકનો પ્રકાશ પણ બહાર આવે છે.

તેણે હિમવંતને ધીમેથી કહ્યું: 'મહારાજ આંહીં જ લાગે છે. આપણે આ તરફ – પેલા ઝુંડમાં ઊભાં રહી જઈએ.'

તરત પાસેના એક ઝુંડના આધારે તેઓ ત્યાં ઊભા રહી ગયા. પર્ણકુટીનું નાનકડું બહારનું દ્વાર પણ ઊઘડતું લાગ્યું. દીપિકાનો પ્રકાશ બધે પથરાયો, પણ અંધ બંસીવાળાનો સ્વર હવે જાણે અંધારામાં લુપ્ત થઈ ગયો હોય તેમ શાંત પડી ગયો હતો.

દ્વારમાંથી કોઈ બહાર આવતું દેખાયું.

મહારાજનો મુખ્ય અનુચર ઇંદ્રાયુ હોવો જોઈએ એમ રાધાગુપ્તે અનુમાન કર્યું. શું થાય છે તે જોવા માટે બધાં એકદૃષ્ટિ થઈ ગયાં.

રાતના અંધકારમાં છેલ્લાં પગલાં પ્રભાતના આછા ઉજાસ તરફ હજી ધીમેધીમે જઈ રહ્યાં હતા, એટલે સ્પષ્ટ નહિ, અર્ધસ્પષ્ટ પણ નહિ, અને છતાં છેક અસ્પષ્ટ નહિ, એમ આકારો જણાતા હતા. પ્રથમ પ્રકાશની પગલીઓ હજી આવી રહી હતી.

મહારાજનો પ્રધાન અનુચર ઇંદ્રાયુ બહાર આવ્યો. શાંત ઊભો રહ્યો. તે કાંઈક ખોળતો લાગ્યો.

એણે ચારે તરફ દૃષ્ટિ કરી, પણ ત્યાં કોઈ હતું નહિ. તે નવાઈ પામ્યો

હોય તેમ જોઈ રહ્યો. તેણે મોટેથી અવાજ આપ્યો:'કોણ છે ત્યાં? બંસી કોણ વગાડી રહ્યું હતું? કોણ છે? જે હોય તે આગળ આવે. મહારાજ અશોક એને સાંભળવા ઇચ્છે છે!'

પણ અનુચરને કોઈએ જવાબ આપ્યો લાગ્યો નહિ.

રાધાગુપ્ત ને બધાં ધ્યાનથી એ તરફ જ જોઈ રહ્યાં હતાં, પણ કોઈ ક્યાંયથી આવતું દેખાયું નહિ.

અનુચરે ફરીવાર મોટેથી બૂમ પાડી:'એ બંસીવાળા! બંસીવાળા હો! મહારાજ અશોક તને સાંભળવા માગે છે.' થોડી વાર શાંતિ રહી ફરીને બંસીનો મધુર, દર્દભર્યો, ગજબની મીઠાશ રેલાવતો સ્વર ક્યાંકથી આવતો જણાયો. એની એ મીઠાશ રૂદનભરી હતી. પણ દર્દ, તો આંખને ખાલી કરી નાખે તેવું વેદનાભર્યું હતું. માણસને લાગે કે જો એ બંસીવાળા સાથે રડશે નહિ, તો જીવનમાં ક્યારેય શાંતિ દેખશે નહિ. રડ્યા વિના શાંતિ જ નથી એવી પ્રતીતિ એને થઈ જાય.

અનુચર તરત એ દિશામાં ગયો. રાધાગુપ્ત, હિમવંત અને કાંચનમાલા પણ જરાક પર્ણકુટી તરફ આગળ આવ્યાં. અને હવે કોણ આવે છે એ અધીરાઈથી જોવા લાગ્યાં.

થોડી વારમાં જ ઇંદ્રાયુ ત્યાં આવતો દેખાયો. તેની પાછળ અત્યંત ધીમેધીમે એક માણસ આવી રહ્યો હતો. હજી એનો આકાર સ્પષ્ટ દેખાતો ન હતો. બધા એકીનજરે એને જોઈ જ રહ્યાં.

'તું જ આ બંસી બજાવી રહ્યો હતો નાં?' અનુચર પૃચ્છા કરતો લાગ્યો.

'હા હું જ.' બંસીવાળો બોલ્યો.

'બંસી ઉપર તો ગજબનો કાબૂ છે! આ તું ક્યાં શીખ્યો? કોણે શીખવાડી? ગુરુનું નામ શું?'

જવાબમાં ધીમું, વેદનાભરેલું, સૂરીલું હાસ્ય સંભળાયું:'આ કોણ શીખવાડે, રાજપુરુષ! આ તો જેને વેદના જડે એને જડે! આ ક્યાં શીખવાની વસ્તુ છે? આ તો શોધવાની વસ્તુ છે!'

'તારું નામ શું?'

'મારે વળી નામ શું હોય?' બંસીવાળો બોલ્યો. 'દરેક મને જે આપે તે મારું નામ. કોઈ બંસીવાળો કહે. કોઈ બંસીધર કહે. કોઈ અંધ કહે. કોઈ આંધળો કહે. કોઈ અંધ બંસીવાળો કહે. જેને જે ગમે, તે નામ મને ભલે આપે!'

રાધાગુપ્તે અવાજ ઓળખ્યો. તેની આંખમાં આંસુ આવી ગયાં. તે ગદ્ગદ થઈ ગયો. એટલામાં કાંચનમાલાનું દબાયેલું રુદન તેના કાને પડ્યું. તેણે ધીમેથી કહ્યું:'દેવી! મહાદેવી! હું તમારી વારંવાર ક્ષમા માંગુ છું. આ કુણાલકુમાર જ

લાગે છે. અનુચર એ જાણી શક્યો નથી.'

પણ એટલામાં પર્ણકુટીના દ્વાર પાસે જ મહારાજ પોતે દેખાયા.

'મહારાજ! આ બંસીવાળો!' ઇંદ્રાયુ બોલ્યો.

'બંસીવાળા!' મહારાજ બોલ્યા:'તું જે વગાડે છે, તે ફરીને વગાડ તો! મારે એ સાંભળવું છે. મને લાગે છે, જાણે એ કોઈક વખત મેં ક્યાં ક સાંભળ્યું છે. તું અંધ છે, ભાઈ?'

પણ જવાબમાં અંધ બંસીવાલાએ બંસી જ વગાડવી શરૂ કરી હતી.

૩૦

પિતા અને પુત્ર

અંધ બંસીવાળો ત્યાં બંસી વગાડતો ઊભો હતો. મહારાજ એ સાંભળતા ત્યાં જ ઊભા રહી ગયા. અંધકાર-ઉજાસની એક એવી તો આછા ઘૂંઘટ સમી, બધું અસ્પષ્ટ રાખતી હવા-પડદી ફેલાઈ ગઈ હતી કે એમાં હજુ કોઈ ને કોઈનો ચહેરો સ્પષ્ટ નજરે પડે તેવું ન હતું.

પણ બંસીવાળાએ જ્યારે બંસી વગાડવી શરૂ કરી અને એ એમાં થોડોક આગળ વધ્યો, અને માણસ તો શું, પણ પશુ, પંખ, વૃક્ષ, વેલી, અને હવા પણ જાણે એને સાંભળવા માટે થંભી ગયાં હોય તેમ બધે જ એક પ્રકારની શાંત ગંભીરતા ફેલાઈ ગઈ, ત્યારે બધાંનાં દિલ ધડકધડક થઈ રહ્યાં હતાં. બધાંને લાગવા માંડ્યું: આ બંસી જાણે બંસી નથી, માણસની કોઈ જીવંત વેદનાવાણી છે. અને એ વગાડતો ગયો, આગળ વગાડતો ગયો. પણ એની બંસી હવે બંસી રહી ન હતી.

એમાંથી તો હવે ગજબની મીઠાશ રેલાઈ રહી હતી. જાણે એ લાકડાનો ચાર તસુનો કકડો આકાશપારથી કોણ જાણે શી ને શી ચીજો લાવતો હોય તેમ એની મીઠાશમાં આખી ધરતી નાહી રહેલી જણાઈ! અને છતાં એમાં દર્દ વીંધી નાખે તેવું હતું. એ દર્દ ન હતું તો જાણે એ બંસી ન હતી. એકરૂપ બધું થઈ ગયું હતું. ક્યાંયથી અવાજ આવતો નથી. કોઈ બોલતું નથી. ક્યાંય ગતિ નથી. કેવળ સ્વરોની મીઠાશ વરસી રહી છે!

મહારાજ તો એના સ્વરે-સ્વરે ડોલી ઊઠ્યા. મહારાજને થયું: આ બંસીવાળો જો ભગવાન તથાગતના વિરહની વેદનાની વાણી ઉપાડે, તો-તો દુનિયા-આખી એ સાંભળીને છક થઈ જાય! સૌને થઈ જાયઃ ભગવાન તથાગત ભલે આ પૃથ્વી ઉપર નથી, પણ એની હવા જાણે હજી જીવંત વહી રહી છે. શાંતિના એ પરમ દેવનો સંદેશો ખૂણે-ખૂણે પહોંચી જાય. આ અંધ જ્યાંજ્યાં જાય ત્યાંત્યાં –

ખૂણે-ખૂણે, ગામડેગામડે, નગરેનગરે, બધે જ એ ફેલાતો રહે. એ જેવીતેવી વાત નથી. મહારાજે એને કહ્યું:'ભણે! અંધ બંસીવાળા! તને ભગવાન તથાગતની વિરહ-વેદનાની કોઈ ગાથા આવડે છે?'

જવાબમાં કાંઈ જ ન બોલતાં, બંસીવાળાએ બંસીમાં જ એનો પ્રત્યુત્તર વાળ્યો. તરત જ જુદા પ્રકારની પણ ગજબની મોહક મીઠાશ એના સ્વરોમાંથી ઊભી થઈ. એક એવી તો પ્રેમવિરહની વ્યથાવાણી જાણે એમાંથી ઊભી થતી કે વૃક્ષો પણ એ સાંભળતાં રડતાંરડતાં ઊભાં રહી જાય!

બંસીવાળાએ હવે હદ કરી નાખી. એણે વિરહવાણીની પ્રેમવ્યથા પ્રગટાવી. મહારાજ પોતે પોતાના ઉપર જાણે કાબૂ ખોઈ બેઠા. તેમણે નેત્રો આડે હાથ દઈ દીધા. બંસીના બોલ હૃદયના ખૂણેખૂણાને સ્પર્શવા માંડ્યા. માણસના દિલમાં જે-જે પ્રિયતમની, મિત્રની, એ બધી જ જુદી- જુદી પ્રેમસૃષ્ટિને, બંસીવાળો પોતાના વિરહ સ્વરમાં ઉપાડી લાવ્યો હતો. જડ જેવાં વૃક્ષોને પણ જાણે થતું હતું કે એમનાં કોઈક સ્વજનો ક્યાં ક છે, અને એમને એ બોલાવી રહ્યાં છે! પશુ, પંખી, પ્રકાશ, હવા, પાણી- બધાં જ પ્રેમમાં – વિરહમાં નાહી રહ્યાં હોય તેમ આંખો મીંચીને સંસ્મરણોની સૃષ્ટિમાં જાણે પડી ગયાં હોય તેવું થઈ ગયું!

બધાંને જાણે સ્વજનો બોલાવતાં હોય, એક પથ્થર બીજા પથ્થર સાથે પ્રેમવાણી કહેવા આતુર હોય, એવી અજબ જેવી વાણી બંસીમાંથી પ્રગટતી મહારાજે અનુભવી – અને એ રહી શક્યા નહિ. તે રોતા-રોતા જ આગળ વધ્યા. તેમણે બંસીવાળાના હાથ ઉપર હાથ મૂક્યો. અત્યંત પ્રેમભરી વાણીમાં પોતે બોલી ગયા:'ભાઈ! ભાઈ! ભણે અંધ બંસીવાળા! તું કોણ છે? ક્યાં નો છે? તારું નામ શું? આ તને શિખવાડ્યું કોણે? એક મારો કુણાલકુમાર માત્ર આવી બંસી વગાડી શકતો, બીજો તું. તારું નામ શું?'

'મહારાજ! હું અંધ બંસીવાળો. મારે બીજું નામ હોય શું? ને મારે દેશ પણ શું? સમગ્ર ધરતી મારો દેશ. મારું નામ મહારાજને જે ગમે તે!'

પણ એનો સ્વર સાંભળતાં જ મહારાજ ચોંકી ગયા. તેઓ એકદમ આગળ વધ્યા. તેની મુખમુદ્રાને ઝીણી દૃષ્ટિથી જોઈ રહ્યા. તેઓ અવાક્ થઈ ગયા. તેમના અવાજમાં રુદન આવી ગયું. ભારે શોકભર્યા અવાજે મહારાજ બોલી ઊઠ્યા :

'અરે! અરે! કુણાલ! કુણાલ! બેટા, તું ક્યાંથી? તું આંહીં ક્યાંથી ? અને અરે! તું આમ ક્યાંથી? તું અંધ છે? હેં? કુણાલ! દીકરા! તું અંધ છે? તું અંધ ક્યાંથી? આ શું થયું? દીકરા, દીકરા, બેટા, કુમાર! તું ક્યાં થી ?'

પણ જવાબમાં પેલો અંધ બંસીવાળો તો મહારાજને ભેટીને એમના હાથના આધારે મુક્તપણે રડી રહ્યો હતો.

૩૧

અસિયષ્ટિ ફરીને તજી

વાતાવરણ ગમગીન બની ગયું. મહારાજ અશોક કાંઈ બોલી શકતા ન હતા. તેઓ પણ છાનાછાના રડી રહ્યા હતા. કુણાલકુમારને પ્રેમથી ગાઢ આલિંગી રહ્યા હતા. રાધાગુપ્ત ખેદ પામીને ધરતીને નિહાળી રહ્યો. મહારાજ આમાંની કાંઈ જ વાત જાણતા ન હતા તે હવે સ્પષ્ટ થતું હતું. 'નિયતિ!' એના મનમાં એક મોટો પડઘો પડ્યો.

નાગણીની ત્વરાથી તિષ્યરક્ષિતાએ ઘા માર્યો હતો એ હકીકત હતી. એની વિષજ્વાલા અત્યારે જ પાટલિપુત્રને ઘેરી વળી હતી ને વધુ તો હવે ઘેરવાની હતી. આ કુણાલકુમાર જેવો કુણાલકુમાર અંધ હોય, પછી નગરીમાં શાસક તરીકે રહ્યું કોણ? બે નાનકડાં શિશુ!

રાધાગુપ્તને લાગ્યું કે એ હવે મગધના છેલ્લા જ દિવસો જોઈ રહ્યો છે. એક મહાન રાજ્યનો અસ્ત એ નિહાળી રહ્યો છે. આ એની શરૂઆત હતી. નિયતિએ એને જ મગધના વિનાશનો સાક્ષી બનાવવા ધાર્યો હતો.

એને ધરતીમાં સમાઈ જવાનું મન થતું હતું. જે ગૌરવશીલ પાટલિપુત્ર એણે જોયું હતું તે હવે વિદાય લઈ રહ્યું હતું. એ ક્ષુલ્લક રૂપ નારીના મોહમાં ગણો તો મોહમાં, આકર્ષણમાં ગણો તો આકર્ષણમાં, અને સ્વચ્છશીલતમાં ગણો તો સ્વચ્છશીલતામાં, પણ પાટલિપુત્રનો વિનાશ એના જ મહાન સર્જન મહારાજ અશોક જેવાને હાથે જાણે સરજાતો હોય એમ જણાતું હતું. મહાનોને હાથે આવું થાય – એ જ નિયતિ નહિ?

વિશ્વશાંતિનો મહાન સંદેશો જેમણે ફેલાવ્યો, જેમણે પ્રદેશમાંથી યુદ્ધને વિદાય દીધી, મહા શાંતિસેના સ્થાપી, જેમણે એ સેનાને હિમવંત-પાર મોકલી, ઘેરઘેર જેમના શાસનશબ્દોએ જાણે માણસનાં દિલ ફેરવી નાખ્યાં, પોતે એક મહાન ભિખ્ખુને શોભે એવી સાધના કરી, એમના હાથે – એમને જ હાથે પાટલિપુત્રનું

ગૌરવ વિદાય લેવાની શરૂઆત કરે – 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી આ વાત તદ્દન નજદીકના ભવિષ્યમાં બનતી રાધાગુપ્ત અત્યારે જ જાણે નિહાળી રહ્યો અને એનું મન ઊંડું-ઊંડું ઊતરી ગયું.

એ પણ મહારાજ અશોકની જેમ 'નિયતિ!' એટલું જ બોલી શક્યો.

પણ નિરાશા એના સ્વભાવમાં ન હતી. તે તરત પાછો સચેત થવા મંડ્યો.

હિમવંત તો સ્તબ્ધ જ થઈ ગયો હતો. મગધના મહાન રાજ્યમાં કોઈ દિવસ નહિ વ્યાપેલી એવી ભયંકર રાજવિરોધી કપટજાળ, એણે પથરાઈ ગયેલી દીઠી.

આ કામ તિષ્યરક્ષિતાનું હતું, એ હવે ચોક્કસ થયું. પણ એને એક બીજો વિચાર આવ્યો : જેણે આ કર્યું, એણે બીજું પણ શું નહિ કર્યું હોય? એણે પાટલિપુત્રને જ ખેદાનમેદાન કરી નાખવાની યોજના શું નહિ ઘડી હોય? એ વૈરથી પ્રેરાયેલી હતી. ભયંકર હતી. એણે મહારાજને જ પદભ્રષ્ટ કરવાનું પણ કપટ રચ્યું હોવું જોઈએ. એને આ પળે જ હણી નાખવી જોઈએ. તક્ષશિલામાં ભવિષ્યમાં જે થવું હોય તે ભલે થાય, પણ અત્યારે તો પહેલાં આંહીં પાટલિપુત્રમાં જ આંતરિક ઘર્ષણની જ્વાળાથી બધું રાખ ન થઈ જાય એ જોવાનું હતું. તેણે મગધસૈન્યની જરૂરિયાત પહેલાં તો આંહીં પાટલિપુત્રમાં જોઈ. પણ અત્યારે એ વિષે હવે વિચાર પણ થાય તેમ ન હતો. એ દેવી કાંચનમાલા તરફ જોઈ રહ્યો. કુણાલકુમાર અંધ હતો. રાજ માટે કદાચ લાયક જ નહિ ગણાય. તો બીજો કોઈ કુમાર હતો નહિ. દેવી કાંચનમાલા જ મગધને રાખે, તો મગધ રહે, નહિતર મહારાજ્યની આ છેલ્લી જ પળો હતી. કુણાલના કુમાર તો નાના હતા. તે પણ રાધાગુપ્તની પેઠે રાજભક્ત હતો. આ વિચાર આવતાં એ ધ્રૂજી ગયો. આ છેલ્લી જ પળો એ જોઈ રહ્યો હતો. પણ એટલામાં પોતાની પાછળથી કાંચનમાલાને એકદમ દોડી જતી એણે જોઈ. કાંઈ સમજે તે પહેલાં તો એને એણે મહારાજનાં ચરણમાં દીઠી. તે મહારાજના પગમાં પડી ગઈ હતી : 'મહારાજ! મહારાજ!' એનો શોકઘેરો અવાજ સંભળાયો : 'મારા સ્વામીને જેણે અંધ બનાવ્યા હોય તેને મહારાજ દેહાંત દંડ આપે! હું પ્રજાજન તરીકે એ માગું છું! મહારાજ એને તત્કાલ શિક્ષા કરે. કોણે એ કામ કર્યું છે તે મહારાજ શોધી કાઢે. મહારાજ! મહારાજ! તમે મગધપતિ છો, હું પ્રજાજન છું. તમે મને ન્યાય આપો!'

પણ મહારાજ અશોક તો હૃદયવિદારી શોકમાં અવાક્ સમા કેવળ છાનાં આંસુ સારતા ઊભા રહ્યા હતા. એઓ કાંઈ જ બોલી શક્યા નહિ. એમને સમજાતું ન હતું કે આ શું થયું હતું અને આ શી રીતે થયું હતું. કોણે એના પ્રિય પુત્રને અંધ કર્યો હતો? શા માટે અંધ કર્યો હતો? કાંઈ મોટી રાજખટપટ ઊભી થઈ હતી કે હતું શું? તેમને કાંઈ જ સમજાતું ન હતું. હેતથી કુણાલના વાંસા ઉપર

એઓ માત્ર હાથ ફેરવી રહ્યા હતા. એમનો ગદ્‌ગદ અવાજ સંભળાયો : 'કુણાલ ! બેટા ! કુમાર ! તને આ અંધતા કોણે આપી ? શી રીતે તું અંધ થયો ? ત્યાં શું કોઈ ભિષગ્વર ન હતો ? તો તેં આંહીં અમને સંદેશો કેમ ન મોકલ્યો ? આ અચાનક શું થઈ ગયું ? કુમાર ? તું મને કહે, આ કોણે કર્યું ? મને કાંઈક સાંત્વન મળે.'

કુણાલે તદ્દન શાંત અવાજે કહ્યું : 'મહારાજ ! આંહીં બધું જ નિયતિ કરે છે. ને નિયતિને, દેવ ! વ્યક્તિ ઘડે છે. એ એની દાસી છે ને વળી એની રાણી પણ છે !'

'પણ તું અંધ કેમ થયો, કુમાલ ? કાંઈ નેત્રરોગ હતો ? શું ઔષધ તેં કર્યું હતું ? અકસ્માત્ આ શી રીતે થયું ? હજી તો તેં તક્ષશિલામાં સ્થાપેલી શાંતિનો અમે આનંદ માણી રહ્યા હતા !'

'મહારાજ ! જે નથી સમજાતું તે અકસ્માત બને છે. પણ જે સમજાય છે તે જ્ઞાન બને છે. આંહીં ક્યાં ય અકસ્માત નથી. બધે જ જ્ઞાન છે. નિયતિ એ શું છે ? અનિવાર્ય જ્ઞાન ! નિયતિની પાછળ, મહારાજ ! વ્યક્તિ છે. વ્યક્તિ વિનાની કોઈ નિયતિ નથી. વ્યક્તિની પાછળ એની વૃત્તિ છે. વૃત્તિ એ જ જીવન છે. એ જ મોક્ષ પણ છે. એ મૃત્યુ પણ છે. એ શાંતિ, અશાંતિ, વૈભવ, સમૃદ્ધિ, દીનતા, પામરતા, હીનતા, ઉદારતા, શ્રેષ્ઠતા, માનવતા – બધું જ એ છે. માનવની વૃત્તિ, એનુ મન, એનું ચિત્ત, એનું મનની અંદર રહેનારું મન, જે પોતે દેખાતું નથી. એ મન, મહારાજ ! મન મહારાજ્યોને સરજે, ઘડે, નાશ કરે. માનવને પણ એ જ ઘડે. આ બધી એની જ વાત છે – મનની.'

'કુણાલકુમાર ! બેટા ! તું તો મગધશાંતિનો સંદેશો વિશ્વમાં લઈ જનારો એક મહાન ભિખ્ખુ પણ હતો. રાજા પણ હતો. વિશ્વશાંતિ માટેની મગધપરંપરાનો વહેનારો તું હતો. આ તેં શું કર્યું ? તેં આંહીંથી, અરે ! કોઈ ભિષગ્વરને પણ બોલાવ્યો નહિ ?'

'ભિષગ્વરને આંહીંથી બોલાવવાનો, મહારાજ ! સમય ક્યાં હતો, દેવ ! મેં પહેલેથી માન્યું છે. મહારાજ રામચંદ્રની જેમ જ કે પિતૃઆજ્ઞા એટલે પિતૃઆજ્ઞા. મહારાજનો મોકલેલો આદેશ હતો !'

'મારો આદેશ ? શાનો આદેશ ? કોણે આદેશ આપ્યો હતો – મેં ? શો આદેશ હતો ? મેં તો કાશ્મીરમાંથી – ઈશાનદેવી પાસેથી નેત્રરત્નો મંગાવ્યાં હતાં... એ આજ્ઞા આંહીંથી ગઈ હતી... અને... તું કહે છે તને આદેશ મળ્યો હતો ? શો આદેશ હતો ? આજ્ઞા તો કાશ્મીર મોકલાઈ હતી – નેત્રરત્નો માટેની, તારા તરફ કોઈ આદેશ મોકલ્યો જ નથી.'

'મહારાજ મગધપતિનો વિજય હો...! હું પોતે એ લઈને આવ્યો પણ છે !.....'

મહારાજની પાસે જ કોઈ ઉતાવળો અસવાર આવીને ઘોડા ઉપરથી નીચે

ઊતરતાં જ, જાણે મહારાજના પ્રશ્નનો પ્રત્યુત્તર વાળી રહ્યો હોય તેમ બે હાથ જોડીને બોલી રહ્યો હતો:'મહારાજનો વિજય હો! હું બે રત્નો લાવ્યો છું. આ રહ્યાં... પણ... મહારાજે જે મગાવ્યાં હતાં તે રત્નો આ નથી, પણ રત્નો છે મહા મૂલ્યવાન.'

આવનાર અશ્વારોહીએ ઉતાવળે જ મૂઠી ખોલી નાખી. એના હાથમાં બે રત્નો પ્રકાશી રહ્યાં હતાં. મહારાજ અશોક કાંઈ સમજતા ન હોય તેમ તેના ચહેરા ઉપરથી કુણાલના ચહેરા ઉપર અને કુણાલના ચહેરા ઉપરથી તેના ચહેરા તરફ વારાફરતી જોતા જ રહ્યા.

'પણ તું કોણ છે?' મહારાજે અંતે પૂછ્યું.

'મહારાજ! હું? મને ન ઓળખ્યો? જરાક ઓછો ઉજાસ છે, એટલે મહારાજે મને ન ઓળખ્યો. મહારાજને એક વખત તો મળ્યો હતો. પ્રભુ! હું જ કાશ્મીરનો પ્રદેશપતિ – કાશ્મીરનો જાલૌક!'

'જાલૌક પ્રદેશપતિ? અરે! અરે! આ બધું હું શું સાંભળું છું? આ બધું શું થઈ ગયું છે? મને આમાં કાંઈ પણ સમજણ પડતી નથી. રાધાગુપ્ત ક્યાં છે? ભણે અનુચર! ઇંદ્રાયુ! દોડ! દોડ! એને બોલાવી લાવ. આમાં મને તો કાંઈ સમજાતું જ નથી. આ બધું છે શું? મેં તો, જાલૌક! ઈશાનદેવી પાસે એની શક્તિદેવીનાં બે નેત્ર રત્નો મંગાવ્યાં હતાં, લોકમાં ભ્રમ ન ફેલાય તે માટે. શું આ એ છે.....?'

'ના, દેવ! એ નથી.' જાલૌકે પ્રત્યુત્તર વાળ્યો, 'પણ એવાં જ મૂલ્યવાન છે. શક્તિદેવીનાં નેત્રરત્નો તો અમારે માટે જીવન – મરણના પ્રશ્ન સમાં છે, દેવ! એ આપવાનાં ન હોય. આ તો મહારાજની આજ્ઞા હતી એટલે હું સ્વયં તરત દોડતો આવ્યો, કારણ કે મારે નેત્રરત્નોનો ખુલાસો પણ કરવો હતો.'

'મહારાજ, એ બે નેત્રરત્નો મેં મોકલ્યાં – મારાં નેત્રરત્નો! મહારાજનો આદેશ મને મળ્યો હતો.' કુણાલકુમાર બોલ્યો.

'અરેરે! ત્યારે તો કુણાલકુમાર! ભારે – અરે... ઓ નિયતિ!' મહારાજના અવાજમાં ભારે વેદના હતી.

રાધાગુપ્ત તરત જ ત્યાં દેખાયો. તેની પાછળ જ હિમવંત હતો. એને લાગ્યું કે આ બધી જ કપટરચના તિષ્યરક્ષિતાની હતી.

'મહારાજ! મને યાદ કર્યો? હું તો આંહીં આવતો જ હતો.' તેણે મહારાજને પ્રણામ કરતાં કહ્યું.

'તે કાંઈ સાંભળ્યું છે, રાધાગુપ્ત?'

'હા, મહારાજ સર્વનાશની વાત મેં સાંભળી છે ને એટલે જ હું દોડતો આવ્યો છું. પણ નિયતિ જેવું આમાં કાંઈ જ નથી, પ્રભુ! આની પાછળ એક

ભયંકર વ્યક્તિ છે. વ્યક્તિ વિનાની નિયતિ મેં કોઈ ઠેકાણે જોઈ નથી.'

'રાજકુમાર!' તેણે વાતનો તાગ લેવા માંડ્યો: 'તમને સંદેશો મળ્યો તે શું મહારાજનો "આદેશ" હતો?'

'હા, મહાઅમાત્યજી! એ આદેશ જ હતો.'

'મહારાજનો આદેશ હતો?'

'બીજા કોનો? મહારાજની પોતાની દંતમુદ્રા હતી. એનો અર્થ એ જ થયો નાં? પછી પળનો પણ વિલંબ એ મારે મન મારી જીવનભરની ઉપાસનાનો નાશ હતો. મારે મન એ જ પિતૃઘાત હતો. આદેશ એટલે આદેશ.'

સૌ સાંભળી રહ્યા.

'ત્યારે જુઓ, મહારાજ! તમે જે નેત્રરત્નો માટે ઈશાનદેવીને આદેશ મોકલેલો, તે એને મળ્યો જ નથી, મળ્યો છે જાલૌક પ્રદેશપતિ?'

'ના, આંહીંનો કોઈ એવો મહારાજની પોતાની દંતમુદ્રાવાળો આદેશ, મળ્યો નથી. અમારો પોતાનો સંદેશવાહક આંહીં આવેલો ત્યારે જે આજ્ઞા, મહારાજે આપેલી, તે મળી છે. હું તો એ ઉપરથી જ મહારાજની એ આજ્ઞા સમજી, દોડતો આવ્યો છું! મારે ખુલાસો પણ કરવો હતો. નેત્રરત્નો – દેવીનાં નેત્રરત્નો ઈશાનદેવી કદાપિ ન આપે, મહાઅમાત્યજી!'

રાધાગુપ્તે ઈશાનદેવીની એ વાત ઉપર અત્યારે બહુ ધ્યાન ન આપ્યું, 'કુણાલકુમાલ! તમારા માટે આ આદેશ કોણ લાવ્યું હતું?'

'એક હતો કોઈ કદંબક!'

'ઇંદ્રાયુ! સેનાપતિ હિંમવંતનો અશ્વ ત્યાં છે –' રાધાગુપ્તે ઉતાવળે કહ્યું, 'તું એકદમ દોડ. મહારાજ્ઞીનો આ કદંબક ક્રીતદાસ હોવો જોઈએ. જ્યાં હોય ત્યાંથી પકડી લાવ! જા, દોડતો જા – એક પળ થોભતો નહિ. કોઈનું કાંઈ માનતો નહિ. એને આંહીં લાવ.'

'શી વાત છે, રાધાગુપ્ત?' મહારાજે કહ્યું.

'મહારાજ! વાત એક જ છે. મગધદેશને આપણે જીવતો રાખવો જોઈએ. તો જ એ વિશ્વશાંતિનો સંદેશો વહે. પણ પહેલાં મગધ પોતે સુવ્યવસ્થિત, બળવાન અને સાર્વભૌમ હોવું જોઈએ. ભલે એ યુદ્ધો ન કરે પણ એના ઉપર કોઈ યુદ્ધો કરી જાય એ પણ એ ન સહે. ભગવાન કૌટિલ્યની પ્રણાલિકા ફરી સ્થાપવી પડશે. નિરાશા સેવવી એ મને ભગવાન કૌટિલ્યનું અપમાન લાગે છે.

મગધદેશનું જો મારા દેખતાં મૃત્યુ થાય, આ વૈભવ, આ મહત્તા, આ ચક્રવર્તીપદ, આ શાસન ન રહે, તો મારે માટે, જલસમાધિ એક જ આશ્વાસન હોય. કુમારનાં આ નેત્ર જેણે મહાન છળથી ખોવરાવ્યાં છે તે કોણ છે, તમે

જાણો છો ?'

'ના, કોણ ?'

'હમણાં ખબર પડશે. પણ, મહારાજ ! તમારે આના પ્રાયશ્ચિત્તરૂપે રાજત્યાગ કરવો પડશે. આ મારો દૃઢ નિર્ણય થઈ ગયો છે. કુણાલકુમાર ! તમને રુચે કે ન રુચે, પિતૃ અવહેલના લાગે તો પણ રાજધુરા તમારે જ વહેવી પડશે – તમે ઇચ્છો કે ન ઇચ્છો. તમે હવે એ છોડી શકતા નથી. નહિતર મગધ નહિ હોય.'

'હું તો અંધ છું, મહાઅમાત્ય ! રાજધુરા હું શું વહેવાનો હતો ? મારે રાજધુરા જોઈતી નથી. મહારાજ પાસેથી તો હું કદાપિ આમ એ ન લઉં ! દશરથકુમાર છે, એ રાજધુરા વહેશે. સંપ્રતિ છે. બંને ભાઈઓ છે.'

રાધાગુપ્તને એ નિર્ણય પણ અત્યારે જ લઈ લેવો હતો... આ જાલૌકને એણે આંહીં જોયો, ત્યારથી જ એને લાગ્યું હતું કે મગધની રાજધુરાનો પ્રશ્ન એના જ સાન્નિધ્યમાં હવે નિર્ણયાત્મક રીતે સ્પષ્ટ કરી નાખવો. કુણાલે કરેલું સ્વાર્પણ એમાં નિશ્ચયાત્મક બનતું હતું. એણે ઉતાવળે આજ્ઞાવાહક સ્વરે કહ્યું : 'રાજધુરા, કુણાલકુમાર ! તમારે જ વહેવી પડશે, એ હું કહું છું, ચંદ્રગુપ્તસભા પણ કહેશે. એ પ્રજા-આજ્ઞા છે. તમારી મહાન ઉપાસના તો જ શોભશે. શાંતિનો મહાન સંદેશો જે મહારાજે મગધ માટે પરંપરારૂપ બનાવ્યો છે, તે તમારા વિના કોણ વહી શકે ? પણ એ વાત પછી થશે. ચંદ્રગુપ્તસભા નિર્ણય કરશે. મહારાજ ! તમારા ઈશાનદેવીના આદેશ ઉપર તમારી દંતમુદ્રા તમે પોતે કરી હતી ? દંતમુદ્રા હતી એનો તો એ અર્થ થયો !'

'દંતમુદ્રા ? મેં તો એ કરી જ નથી. એને મોકલવાનો આદેશ એવો ક્યાં હતો ?'

'થયું ત્યારે. એ દંતમુદ્રા તમારી પાસે કરાવી – તમારી સૌન્દર્યરાણી તિષ્યરક્ષિતાએ... અને એણે આદેશ મોકલ્યો... પહેલી વાત આ છે...'

'અરે, રાધાગુપ્ત ! રાધાગુપ્ત !...'

'દેવ ! રાજાઓ માટે આદર્શ હતો, રામનો, રામરાજનો, એક સતી સીતાનો. તમે એ ન સમજ્યા એનું આ પરિણામ છે...'

'આહા ! અરે ! મેં ભૂલ કરી નાખી... હું થોડીવાર થાકથી ઊંઘી ગયો...'

'મહારાજ ! ત્યારે તમારી દંતમુદ્રા લેવાઈ ગઈ લાગે છે. આજ્ઞાને આદેશ બનાવી દીધી છે. અને કાશ્મીરને બદલે તક્ષશિલા એ મોકલાય છે. દેવીનાં નેત્રરત્નોને બદલે કુણાલકુમારનાં નેત્રરત્નો આંહીં આવે છે... પણ એ નેત્રરત્નો ક્યાં છે ?'

'આહા ! ત્યારે તો મેં એ નેત્રરત્નો સાધુ ઉપગુપ્તના ભિક્ષાપાત્રમાં એમનાં એમ... અરેરે !'

મહારાજ અશોક શોકમાં વિહ્વળ બની ગયા. તેઓ નીચે જ બેસી ગયા.

ક્યાંય સુધી અવાક્ થઈ ગયા. સૌ મહારાજની આસપાસ ગંભીર મૌન જાળવતા ઊભા રહી ગયા. શું બોલવું, શું કહેવું, શું કરવું, તેની કોઈને કાંઈ જ ખબર પડતી ન હતી.

એટલામાં ઇંદ્રાયુ આવી ચડ્યો: 'મહારાજ! કદંબક ક્યાંય નથી. એ તો ભાગી ગયો છે.'

'ભાગી ગયો છે? કોણે કહ્યું?'

'મહારાજ્ઞીએ!'

મહારાજ અશોક એકદમ જ ક્રોધમાં આવી ગયા. એમનાથી જાણે હવે આ સહન થતું ન હતું. તેમણે ઉતાવળા, આકરા, વ્યગ્ર શોકઘેરા મોટા અવાજે કહ્યું: 'ઇંદ્રાયુ! લઈ આવ; દોડ, જા, લઈ આવ – મારી અસિયષ્ટિ લઈ આવ! મારી અસિયષ્ટિ લાવો! મારી સમશેર લાવો! દોડો, જલદી લાવો!' ઇંદ્રાયુ દોડતો અસિયષ્ટિ લાવ્યો હતો. મહારાજે પોતે ઉતાવળે અંદરની પર્ણકુટીમાં જવા માટે પગલું લીધું.

'હું જ અસિયષ્ટિ, જે મેં છોડી છે તે આજે ધારણ કરું છું. મારી અસિયષ્ટિ– એ હણાશે...'

રાધાગુપ્ત એમની આડે ઊભો રહ્યો. તેણે બે હાથ જોડ્યા: 'મહારાજ! તમે જઈ શકતા નથી. તમે અસિયષ્ટિ ધારણ કરી શકતા નથી. વિશ્વશાંતિની મહાન ઉપાસના તમે હવે તજી દઈ શકતા નથી. એ કામ તમારું નથી. એ કામ આનું છે...'

રાધાગુપ્તે હિમવંત સામે અંગુલિનિર્દેશ કર્યો.

પણ મહારાજ અશોકનો ક્ષણિક આવેશ એક જ પળમાં શમી ગયો હતો. તેમની આંખમાંથી વેદનાનાં આંસુ ચાલી નીકળ્યાં. તેઓ ગદ્ગદ અવાજે બોલી ઊઠ્યા: 'રાધાગુપ્ત! રાધાગુપ્ત! તેં મને બચાવી લીધો. મારી ઉપાસના હમણાં એક કોડીની થઈ જાત. પણ અરેરે! આ દુનિયામાંથી વૈર કયારે જશે? એકએક માણસના દિલનું વૈર જો ભેગું કરવામાં આવે, તો આ આખી દુનિયા બળીને રાખ થઈ જાય! એટલાં બધાં વૈર આંહીં છે. કોઈ કારણ વિનાનાં વૈર. દુનિયામાંથી વૈર કયારે જશે...? અને... તેમણે પોતાના હાથની અસિયષ્ટિ આઘે ફેંકી દીધી: 'અને વૈરનું વૈર ક્યારે જશે? દુનિયાને હું શી રીતે સમજાવવાનો હતો કે તમે વૈર તજો, જ્યાં હું પોતે જ હમણાં વૈર લેવા દોડતો હતો. વર્ષોની ઉપાસના ટળી જાત. મગધની સ્થાપવા ધારેલી પરંપરા ધૂળ મળી જાત. કોઈ શાંતિની વાત માનત નહિ. કોઈ શાંતિનો સંદેશો સાંભળત નહિ. બધા જ જાણત કે ભગવાન તથાગત આમ કહે છે ને ભગવાન તથાગત તેમ કહે છે એમ બોલવાનો આને રોગ છે.

બાકી એ પોતે જ જ્યાં વૈર જાળવનારો છે એ વૈરને શું શમાવવાનો હતો? મારે કોઈને હણવું નથી–'

કાંચનમાલાએ બે હાથ જોડ્યા:'મહારાજ! હું ન્યાય માગું છું. હું પ્રજાજન તરીકે એ માગું છુ.'

રાધાગુપ્તે મહારાજની અસિયષ્ટિ ઉપાડી લીધી એટલામાં દશરથકુમાર ત્યાં દેખાયો. તેને જ એણે બોલાવ્યો:'કુમાર! તમે આ ધારણ કરો.' અને તેણે કાંચનમાલા તરફ ફરીને કહ્યું. 'હિમવંત ત્યાં જવાનો જ છે. દેવી! વાત સ્પષ્ટ થઈ ગઈ છે. મહારાજ જેમ પોતાની ઉપાસનાની પ્રણાલિકા તોડી શકતા નથી, તેમ શાસનપ્રણાલિકાને રાજપ્રતિનિધિ દશરથકુમાર તજી શકતા નથી. કુમાર! હિમવંતને આદેશ આપો. તિષ્યરક્ષિતા મહારાણીનો અપરાધ છે. અપરાધીને યોગ્ય દંડ એને આપો. હિમવંત! તું આગળ આવે. કામ તારું છે.'

'પણ, રાધાગુપ્ત! મગધનું શાસન છે. દેહાંતદંડીને પણ ત્રણ દિવસ અપાય છે.'

'તે અપરાધી માટે છે. અપરાધી માટે શાસન છે. મહા અપરાધી માટે અ – શાસન.'

'રાધાગુપ્ત! મારું શાનસ... મેં સ્થાપેલું... પ્રવર્તાવેલું –'

'મહારાજ! તમે હવે રાજપદ છોડી દીધું છે. અસિયષ્ટિ તજી દીધી છે. તમે શાંતિનો સંદેશો આપવા ભિખ્ખુને મોકલી શકો. બાકી દશરથકુમારની આજ્ઞા થઈ ગઈ છે.'

મહારાજ અશોક ખિન્ન વદને ધરતી તરફ નિહાળી રહ્યા. તેઓ મનમાં જ બોલી રહ્યા હતા:'કોણ આને કહે કે ક્ષમા – માત્ર ક્ષમા જ શાંતિ સ્થાપશે? અ – વૈર ક્યારે આવશે?' છેલ્લા શબ્દો એઓ કાંઈક મોટેથી બોલ્યા હતા.

'ક્યારેય નહિ!' રાધાગુપ્તે જવાબ આપ્યો :

'હિમવંત, તું આગળ આવ.'

હિમવંત આગળ આવ્યો.

૩૨

વૈરની રાખ

હિમવંત ઉતાવળે નગરી તરફ ગયો. હજી પાટલિપુત્ર નગરી આળસ મરડીને બેઠી થતી હતી. એને પ્રાતઃસ્નાનવિધિથી પરવારીને એકદમ જ મહારાજ્ઞીના સૌન્દર્યભવન ઉપર પહોંચી જવાનું હતું. એનું કામ ત્વરાનું હતું.

એને જે કરવાનું હતું તે તત્કાળ જ કરવાનું હતું, કોઈ મોટો ઊહાપોહ જાગે તે પહેલાં કરવાનું હતું. રાધાગુપ્તે એના ઉપર વાત છોડી હતી, પણ એના મનથી હજી એ કોઈ નિશ્ચય ઉપર આવી શક્યો ન હતો. એના મનમાં ગડમથલ ચાલી રહી હતી. આ મહારાજ્ઞીનું કરવું શું? રાધાગુપ્તે તો એને હણી નાખવાની જ આજ્ઞા આપી હતી. પણ મગધનું ન્યાયશાસન સ્પષ્ટ હતું. મહારાજ અશોકે જ એ પ્રગટ કર્યું હતું. દેહાંતદંડીને પણ ત્રણ દિવસ તૈયારીના મળતા. તો ત્યાં સુધી એને બંધનમાં મૂકી દેવી? ગુપ્ત આવાસમાં મોકલી દેવી? કે એ સમયમાં જ દેશનિકાલ કરી દેવી? કે પછી રાધાગુપ્ત કહે છે તેમ – સ્ત્રીહત્યા કે ન સ્ત્રીહત્યા, શાસન કે ન શાસન. શાસન પ્રજાજનો માટે છે અને મહાન અપરાધી માટે અ–શાસન છે. તો શું હણી જ નાખવી ? કરવું શું? મગધના રાજવંશમાં સ્ત્રીહત્યાનું આ કલંક પણ યાવચ્ચંદ્રદિવાકરૌ રહી નહિ જાય? આ પરિસ્થિતિમાં મહારાજ અશોકને શું થશે? પણ મહારાજ્ઞીને કાંઈક સમાચાર તો જરૂર મળ્યા જ હોવા જોઈએ. એ માટે તૈયાર હોવી જોઈએ. એનો અપરાધી આત્મા આ વિષે કાંઈક નવી જ કપટરચનામાં પણ પડ્યો હોવો જોઈએ. જેણે કુણાલકુમાર જેવાનાં નેત્રો ઉઠાવી લીધાં એના દિલની ક્રૂરતા જેવી તેવી નહિ હોય. એટલે સૌન્દર્યભવનમાં શું ચાલી રહ્યું હતું તે જોવા એણે એક ચરપુરુષને પહેલાં મોકલી દીધો.

પોતે થોડા ચુનંદા સૈનિકો બોલાવ્યા. એમને રાજમહાલયનાં મુખ્ય દ્વારો ઉપર રક્ષા માટે નીમ્યા. મહારાજ્ઞી ક્યાંક ઉતાવળે છટકી ન જાય એ પણ જોવાનું હતું. એ છટકી જાય તો હવે મગધના કોઈ મહાન વિનાશકને જ નોતરે. એને

આંહીં તળ રાખ્યે જ છૂટકો હતો.

તે સૌન્દર્યભવન તરફ ગયો. બહાર ઊભો. બધું જોઈ રહ્યો. ત્યાં બધું શાંત જણાતું હતું. જાણે હજી કોઈ જાગ્યું જ ન હતું. પણ એટલામાં જ એનો ભ્રમ ભાંગી ગયો. ચરપુરુષ સામેથી આવતો જણાયો.

તે પાસે આવ્યો. તેણે સૌન્દર્યભવન તરફ દૃષ્ટિ કરતાં ધીમેથી કહ્યું:'પ્રભુ! સૌન્દર્યભવનમાં કાંઈક પણ મોટી હિલચાલ થઈ રહી છે.'

'પણ બહારથી તો દેખાતું કંઈ નથી!'

'દેખાતું કંઈ નથી, પણ કાંઈક પદાર્થો બહારથી અંદર પહોંચી ગયા છે. એનો અંદર છૂટોછવાયો વેરાયલો ભાગ મેં લીધો પણ છે. આ રહ્યો!' તેણે મૂઠી ઉઘાડી. હિમવંત સામે ધરી.

હિમવંતે તે તરફ દૃષ્ટિ કરી. તે સ્તબ્ધ થઈ ગયો, ભડકી ગયો શું સમજવું તે કાંઈ સમજ્યો નહિ. ચરપુરુષની મૂઠીમાં રાળ, પરાળ, ઘાસ, ગંધક – તમામ સળગી ઊઠે તેવા પદાર્થો દેખાતા હતા. એનો અર્થ સ્પષ્ટ હતો. મહાલયમાં નીચે, આસપાસ બધે, સળગી ઊઠે તેવા પદાર્થો ભર્યા હતા.

તિષ્યરક્ષિતા મહાલય સળગાવી દઈને છટકી જવાનો પ્રયત્ન કરવા માગતી હોય. શું અત્યારે જ એ છટકી જવાની તૈયારીમાં હશે?

પોતે હવે શું કરવું – એને ભય લાગ્યો. કદાચ જે સમય જાય છે તેમાં મહાલય સળગી પણ ઊઠે.

એને તત્કાલ નિર્ણય કરવાનો હતો. તેણે બે પળમાં જ નિશ્ચય કરી લીધો. કેટલાક સશસ્ત્ર સૈનિકોને સાથે લીધા. તે ઉતાવળો ત્વરાથી સૌન્દર્યભવન તરફ ચાલ્યો. મુખ્ય દ્વાર ઉપર એણે સશસ્ત્ર યવનીઓની હંમેશના કરતાં મોટી સંખ્યા ઊભેલી દીઠી. એની શંકા દૃઢ થઈ. હવે તો પળેપળ કીમતી હતી. હમણાં જ મહાલય સળગે ને આખી નગરી ભડકી ઊઠે, અવ્યવસ્થા, દોડાદોડ, ઘાંટાઘાંટ થઈ પડે, અને એ વખતે જ આ ભયંકર નારીની યોજના હોય – કાં એ છટકી જાય, કાં વિશેષ નાશનો માર્ગ એણે તૈયાર કર્યો હોય તેમાં આગ ફેલાવી દે ને એની જ્વાલાઓ બધાને ભરખી જાય.

એણે યવનીઓનો પૂછ્યું:'મહારાણીબા છે?'

'છે!' તદ્દન ટૂંકો, સુક્કો જવાબ એક યવનીએ આપ્યો.

'ક્યાં છે?'

'અંદર!'

'અંદર એટલે?'

'અંદર એટલે અંદર!' યવની જાણે કાંઈ કહેવા માગતી ન હોય તેમ તદ્દન

ટૂંકા જવાબ વળી રહી હતી.

'તો તું અંદર જા –' હિમવંતે આજ્ઞા કરી:'હું મહારાજ્ઞીને મળવા આવ્યો છું. મારે હમણાં જ મળવું છે. આ મુદ્રા લે... મહારાજે મને મોકલ્યો છે. મારું કામ ત્વરાનું છે.'

યવની અંદર ગઈ. પણ જેવી અંદર ગઈ તેવી જ પાછી ફરી : 'મહારાજ્ઞીબા અત્યારે ભિખ્ખુણીગતિકના ધ્યાનમાં બેઠાં છે. હમણાં નહિ મળે...'

હિમવંતના મનમાં દૃઢ ખાતરી થઈ ગઈ:મહાલય હમણાં જ અગ્નિમાં ભસ્મીભૂત થઈ જશે. મહારાજના મુખ્ય મહાલયથી આ સૌન્દર્યભવન દૂર હતું. આંહીંથી એ થોડા સમયમાં જ ત્યાં પહોંચી જવાની. વખતે એણે ભૂગર્ભમાર્ગ પણ રચ્યો હોય. તેણે ઉતાવળે આકરા આજ્ઞાવાહી સ્વરે કહ્યું:'મહારાજ્ઞીને કહે, મારું કામ ખોટી થાય તેવું નથી. મહારાજની આજ્ઞા લઈને હું આવ્યો છું.'

યવની ઉતાવળે અંદર ગઈ. પણ એ જેવી ગઈ તેવી જ પાછી ફરી. 'મહારાજ્ઞીબાને મહારાજની આજ્ઞા મળી ગઈ. થોડી વાર થોભો. હમણાં મહારાજ્ઞીબા પોતે બહાર આવે છે....'

હિમવંતે હવે પળ ન ખોવામાં જ સાર જોયો. તેણે સાથેના સૈનિકોની સામે દૃષ્ટિ કરી. એક જરા જેટલી નિશાની કરી. તરત તેની સાથેના સૈનિકો તમામ યવનીઓની પાસે ઊભા રહી ગયા. યવનીઓ જ્યાં હતી ત્યાં સ્થિર થઈ ગઈ. તેઓ સ્તબ્ધ બની ગઈ. શું થાય છે એ કાંઈ સમજે તે પહેલાં તેમણે દરેકની પાછળ એકએક સૈનિકને ઊભેલો દીઠો. એમના હાથમાં બંધનપાશ પડતો એમણે જોયો. એમને એક ક્ષણમાં બંધન આપીને હિમવંત આગળ વધ્યો. દ્વાર ઉપર એના સૈનિકો દ્વાર સાચવતા ઊભા રહી ગયા. હવે ત્યાંથી કોઈ જાય તેમ ન હતું.

તે ઉતાવળે એકલો અંદર દોડ્યો ગયો. ખંડ ઉપર ખંડ વટાવતો તે આગળ વધ્યો. એને તિષ્યરક્ષિતા મહારાજ્ઞીને હાથ કરી લેવી હતી. એની દૃષ્ટિ મહારાજ્ઞીના મુખ્ય સૌન્દર્યભવન તરફ હતી. તે ત્વરાથી આગળ વધ્યો. એના હાથમાં ખુલ્લી સમશેર હતી. તેને નવાઈ લાગી. આખા ભવનમાં કોઈ માણસ જ દેખાતું ન હતું એ શું? આખું ભવન જાણે ખાલીખમ પડ્યું હતું!

એને થયું:એને કાં તો યવનીએ મૂર્ખ બનાવ્યો લાગે છે. આંહીં તો કોઈ માણસ જ નથી. કોઈ અનુચર નથી. કોઈ સેવક દેખાતો નથી. કોઈ દાસ નથી. કોઈ યવની પણ ઊભી નથી. આ શું? આખું સૌન્દર્યભવન જાણે એને મશ્કરીમાં હસતું હોય એવું લાગ્યું.

એ વ્યગ્ર થઈ ગયો. કાં તો તિષ્યરક્ષિતા હાથતાળી દઈ ને છટકી ગઈ હોય અને કાં મહારાજના મહાલયમાં જ પહોંચી ગઈ હોય. પોતે આંહીં આંટા મારતો રહે ને થોડી વારમાં જ મહારાજનો મહાલય સળગી ઊઠે, એ કલ્પનાથી

એ ધ્રૂજી ગયો.

મહારાજ ભિખ્ખુગતિક પંથે વળ્યા પછી એમના મહાલયમાં અનુચરો-સેવકો બહુ રહેતા જ નહિ. સૈનિકો પણ બહારના મેદાનના દુર્ગદ્વાર ઉપર બેસતા. આ વિચારે એને વ્યગ્ર કરી દીધો. હિમવંતની દૃષ્ટિએ મહારાણીનો પોતાનો ખંડ પડ્યો.

તેણે અંદર મહારાણીને એકલી ઊભેલી જોઈ. તે કાંઈક વિચારમાં હતી. એ એકલી જ હતી. પણ એનાં વસ્ત્રોનો શણગાર જોઈને હિમવંત આભો બની ગયો. આંહીંથી પણ એનાં મહામૂલ્યવાન રત્નો આંખને આકર્ષી લેતાં હતાં. તેણે જાણે ક્યાંક જવા માટે છેલ્લો શણગાર સજ્યો લાગતો હતો. એના રૂપને એણે એક સહસ્રગણું સુંદર બનાવ્યું હતું. હિમવંત કાંઈ સમજ્યો નહિ. પણ એટલામાં મહારાણીની દૃષ્ટિ એના ઉપર પડી. એના હાથની ખુલ્લી સમશેર એણે જોઈ લાગી. તે ચમકી ગઈ જણાઈ, પણ એણે ત્વરાથી જાણે વાત જાણી લીધી હોય તેમ, એ એકદમ જ ઉપરી ખંડની ચંદ્રશાળામાં પહોંચી જવા માટે પોતાના ભવનમાંથી બહાર નીકળીને દોડી ગઈ.

હિમવંત એનો વિચાર પામી ગયો. ચંદ્રશાળામાંથી કાં એ રજ્જુ દ્વારા કે પછી પાછળની સોપાનપરંપરા દ્વારા પણ બીજી તરફ નીકળી જવાની એ ચોક્કસ. બોલવાનો વખત ન હતો. તેણે તરત એની પાછળ જ દોટ મૂકી. અને જાણે હમણાં એને પહોંચી જશે એમ એને લાગ્યું.

પણ હજી તો એ પાંચ-પચીસ પગલાં આગળ ગયો હશે, ત્યાં ઉપરી ખંડની ચંદ્રશાળામાંથી પર્વતો ધ્રુજાવી દે તેવો એક મોટો ભયાનક અવાજ એના કાને પડ્યો. એ ચમકી ગયો. એને થયું: મહાલય સળગ્યો કે શું? તેણે ત્વરાથી ચમકીને ઉપર જોયું. ઉપરી ખંડ ઉપર એણે તિષ્યરક્ષિતાને ઊભેલી દીઠી. અવાજ ત્યાંથી આવ્યો હતો. એના વસ્ત્રાલંકારનાં મહામૂલ્યવાન રત્નો આંખને ઝંખવી દેતાં હતાં. એનું સૌંદર્ય એનું જ હતું. આટલું રૂપ કોઈ સમયે કોઈ નારીમાં કદાચ આવ્યું નહિ હોય. અત્યારે પણ એનું રૂપ એનું એ આકર્ષણ જમાવતું હતું. એણે ત્યાંથી એક દૃષ્ટિ હિમવંત તરફ કરી.

હિમવંત જ્યાં ઊભો હતો ત્યાં જ ઠરી ગયો. એ રૂપરૂપભરી નારીની દૃષ્ટિમાંથી હલાહલ જ્વાળાઓ જાણે આવી રહી હોય તેમ એને લાગ્યું.

હિમવંત આંહીં આટલે દૂર ઊભો હતો, છતાં એને લાગ્યું કે ક્યાંક એનાં પોતાનાં વસ્ત્રો હમણાં સળગી ઊઠશે! એ દૃષ્ટિમાં જાણે એટલો અગ્નિ દેખાતો હતો. એને ભય લાગતો હતો કે આ નારી હમણાં કાંઈક ભયંકર વાત કરશે! એની ડંખીલી, આગઆગ ભરેલી, ઠંડી, ભયંકર, ક્રૂર દૃષ્ટિમાંથી કોઈક એવી તો હલાહલ ઝેર સમી નજર આવતી હતી કે સેનાપતિ હિમવંત તો એ જોઈને સ્તબ્ધ જ બની ગયો.

એ બળ કરીને એક ડગલું આગળ ભરવા જતો હતો, પણ ત્યાં તો હાડમાત્રને ધ્રુજાવી દે તેવો, સોંસરવો નીકળી જાય એવો, ઝેરભરેલ તીર સમો તીણો, તીખો, વૈર-વૈરનો પોકાર કરતો અવાજ એના કાને અથડાયો.

'મગધના સેનાપતિ!' તિષ્યરક્ષિતા ત્યાં ઊભી બોલી રહી હતી: 'તું કોઈ છોકરીને પકડવા દોડ, છોકરીને! તને ખબર લાગતી નથી, તું કોને પકડવા જાય છે!

એક પણ ડગલું જો તું ત્યાંથી આગળ વધ્યો, તો બીજી જ ક્ષણે આ ચંદ્રશાળા ઉપરથી હું નીચે ખાબકી પડીશ. કોઈ છોકરીને પકડવા દોડ, છોકરીને! અને જા – જેવો તું આવ્યો છે તેવો, તરત નીચે દોડ્યો જા! આ ભવન તો હમણાં બળીને ખાખ થઈ જવાનું છે. જીવવું હોય તો હજી સમય છે – દોડ્યો જા. જા, દોડ, જા, છોકરા! તારાં સ્ત્રી – છોકરાં મફતનાં રડશે – એકદમ દોડતો જા! તને આવો કોઈ અનુભવ કોઈ દિવસ નહિ મળ્યો હોય. જા, સમય છે ત્યાં દોડ્યો જા. તેં જોયાં તે તો હાથી-ઘોડા-ઢીંગલાનાં જુદ્ધ હતાં. મનનાં જુદ્ધ તેં જોયાં નથી, સમજ્યો? મગધના સેનાપતિ! એક વાત સમજતો જા. જીવન જીવનારાં જીવતાં પકડાતાં નથી. જીવતાં તો પકડાય છે છોકરાં, ઢીંગલા, રમકડાં! અને જો, તારા રાજાને કહેજે, દુનિયાભરમાં સૌથી ભયંકરમાં ભયંકર પાપ આ છે. કોઈ નારીના સૌન્દર્યને ખરીદવું તે. પ્રેમનું વૈર, તારા રાજાને કહેજે, યુગયુગાંતરમાં ને યુગાંતરને અંતે પણ આ જ રૂપમાં હંમેશાં પ્રગટે છે ને પ્રગટતું રહેશે ને પ્રગટવાનું છે. પ્રેમનું વૈર-રૂપ આ છે – સર્વનાશ!'

જ્યાંજ્યાં નારી, જે ખરી રીતે મહાન સર્જનની વિધાતા છે, જેના વડે આ રમકડાં-સંસાર ચાલે છે, આગળ વધે છે, એ નારીનાં મૂલ્ય અંકાતાં રહેશે, સત્તાથી, લોભથી, મોહથી, કંચનથી, પ્રેમ – શુદ્ધ પ્રેમ સિવાયની બીજી કોઈ પણ વસ્તુથી, ત્યાંત્યાં, આ આવશે – સર્વનાશ! ઠિંગણાં સર્જનો. ઠિંગણાં માણસો ઠિંગણી પ્રજા – બધું જ ઠિંગુજી – ઠિંગુજી સર્જનની મહાવિધાતા સમી નારીને, અને એની સર્જનસૃષ્ટિને, જે તિરસ્કારશે, ક્ષુદ્ર માનશે, ક્ષુલ્લક ગણશે, એ બધા જ સૌન્દર્યદ્વેષી ઠિંગુજીઓ આત્મદ્રોહને પંથે જતાં આ જ મેળવશે – સર્વનાશની રાખ!

પણ મગધના સેનાપતિ! હવે તું એકદમ પાછો ફરી જા – દોડ્યો જા – નહિતર તારી પણ રાખ થઈ જશે. દોડ, દોડ, દોડ! હજી વખત છે. આંહીં તો બધું રાખ થવાનું છે. મારી રાખનો મને શોક નથી. પણ તું દોડ્યો જા. મારી રાખ તો વૈરની હશે, જે હંમેશાં જીવે છે, તારી તો તારા દાસત્વની, જેનો કાંઈ અર્થ નથી. એટલે કહું છું, દોડ્યો જા – હજી વખત છે.... પછી વખત નહિ હોય.'

અને એટલામાં તો હિમવંતે ત્યાં અગ્નિજ્વાળાઓને નીચેથી ભભૂકતી જોઈ. તે એકદમ જ નીચે દોડી ગયો.

૩૩

સર્વનાશ

હિમવંત એકદમ નીચે દોડ્યો ગયો. એ ઉતાવળે દોડ્યો ન હોત, તો અગ્નિની જ્વાળાઓ એને પણ ઘેરી વળત. તિષ્યરક્ષિતાએ આખા સૌન્દર્યભવનમાં ઠેરઠેર અગ્નિ પ્રગટાવવાની આજ્ઞા કરી હોય એમ જણાતું હતું. એની વાત સાચી હતી. આ અગ્નિ વૈરનો અગ્નિ હતો. એના દિલમાં જીવનભર જે અનુતાપ રહ્યો હતો, અસંતોષ પ્રગટ્યો હતો, જે વૈર હતું, જીવનભરની સૌન્દર્યની વિફળતાનો જે પરિતાપ હતો, પોતાનું સૌન્દર્યજીવન નિષ્ફળ ગયું એ વિષે જે અપાર ક્રોધભરેલી ઈર્ષા હતી, એ બધી જ મનવૃત્તિઓ એણે અત્યાર સુધી દાટી મૂકેલી. અને એ દબાઈ ગયેલી ભૂતાવળ આજે હવે જાણે જાગી ગઈ હતી. ડાહીડાહી, પોતાને કરવી પડતી સાધુતાની વાતોને પણ, હવે એ જલાવી રહી હતી. એને કોઈની લેશ પણ પરવા ન હતી. વધારેમાં વધારે ક્રૂર રીતે પોતાનું જીવન નાશ પામે એ જ જાણે એના મનનો મહોત્સવ હતો.

સૌન્દર્યભવનની તો કેવળ રાખ જ બાકી રહે એ એના દિલની ઊંડામાં ઊંડી ઇચ્છા હતી.

એણે પોતાના તમામ ક્રીતદાસોને રાતદિવસ કામે લગાડ્યા હતા. આ કામ થઈ જાય એટલે બધા જ મુક્ત હતા. એમણે સૌન્દર્યભવનના ખંડેખંડમાં એકદમ સળગી ઊઠે તેવા પદાર્થોના ખીચોખીચ ઢગલા કરી મૂક્યા હતા. વધુ કામ પણ આ સૌન્દર્યભવનમાં કાષ્ઠનું જ હતું, એટલે જ્વાલા ભભૂકતાં જ જોતજોતાંમાં આખું ભવન સળગી ઊઠ્યું, ચારે તરફથી સળગી ઊઠ્યું. એક ક્ષણ મોડો પડ્યો હોત, તો હિમવંત પણ ભરખાઈ જાત.

હિમવંત નીચે દોડ્યો આવ્યો. એણે જોયું તો સૈનિકો ભાગી છૂટ્યા હતા. યવનીઓ પણ વેરવિખેર થઈ ગઈ હતી. ચારે તરફ જ્વાળાઓ ભભૂકતી હતી. એક પછી એક ખંડ સળગતા જતા હતા. બધે અગ્નિ જ અગ્નિ દેખાતો હતો.

છેક ઉપરી તળની ચંદ્રશાળામાં તિષ્યરક્ષિતાને એણે હજી એકલી શાંત અડગ ઊભેલી જોઈ.

હિમવંત એને જોઈ જ રહ્યો. તે જાણે પથ્થરની બની ગઈ હોય તેમ એની મુખમુદ્રા કડક, કઠણ, ક્રૂર બની ગઈ હતી. તે અચળ અને અડગ ઊભી હતી. પણ એના મોં ઉપર જાણે ઊંડો સંતોષ દેખાતો હતો. જીવનભર એણે કેટલી ડાહીડાહી ખોટી વાતો કર્યા કરી હતી! શાંતિ આમ આવે ને શાંતિ તેમ આવે. એની અંતરની સાચી વાત હતી વિલાસભર્યા વૈભવની, મહાન સામ્રાજ્ઞી થવાની, કોઈ સુંદર પુરુષને પોતાનો બનાવવાની. આજ જાણે ઝેરવેરથી પોતાની તમામ ખોટી સાધુડી વાતોને પણ આમાં બળતી જોઈ રહી હતી. એને આજે જ સાચી મુક્તિ લાગતી હતી. હવે આ પળ-બે-પળનું જે જીવન હોય એને એ જીવન માણવાનો જાણે આત્મસંતોષ પ્રગટ્યો હોય તેમ એ અચળ, અડગ, અભય, ખડક સમી, લેશ પણ થડક્યા વિના ત્યાં ઊભી હતી.

નીચેથી દોડી આવતી અગનજ્વાલાઓને એ જાણે નિર્લેપ પથ્થર હોય તેમ જોઈ રહી હતી.

એટલામાં એની દૃષ્ટિ સામે પડી. સામેના મેદાનમાં જ એણે મહારાજ અશોકને જોયા. રાધાગુપ્ત કાંચનમાલા – બધાંને એણે દીઠાં. આંખે પાટા બાંધીને આવતો એક માણસ દીઠો. તેને ઇંદ્રાયુ પોતે દોરી રહ્યો હતો. એ જ કુણાલકુમાર હોવો જોઈએ. તિષ્યરક્ષિતાના રોમરોમમાં ફરીને ઈર્ષાનો અગ્નિ પ્રગટી ગયો. આ એ જ મૂરખ, સાધુડો, ભગતડો, આપઘાતી માણસ હતો, જેનામાં પોતાને મળેલો વારસો ભોગવવાની શક્તિ ન હતી, પોતાને મળેલું સૌન્દર્ય માણવાની ઇચ્છા ન હતી. એવા નિર્બળો પણ થાય છે, જેઓ એમ માને છે કે તેઓ કાંઈ ને કાંઈ તપશ્ચર્યા કરી રહ્યા છે ને કરી રહ્યા હોય છે કેવળ આત્મદ્રોહ, આપઘાત, પોતાના આત્માને લઘુતાને પંથે દોરવાની નિર્બળતા. આ પણ એવો જ એક ભિખાર કંગાલ નિર્બળ હતો.

એની વૈરઝેરથી ભરેલી આંખો એ આંધળાને નિહાળીને આટલે દૂરથી પણ જાણે કાંઈનો કાંઈ આનંદ માણી રહી.

હિમવંત ત્યાં સ્થિર ઊભો રહી ગયો હતો. સૈનિકો દોડાદોડ કરીને જલના કુંભ ઉપર કુંભ લાવી રહ્યા હતા અગ્નિજ્વાલા તો ઉપરના ખંડોમાં ફેલાઈ ગઈ હતી.

મહારાજ અશોક, રાધાગુપ્ત – બધા ઉતાવળા-ઉતાવળા ત્યાં આવ્યા

પણ ઉપર દૃષ્ટિ કરતાં બધા છક થઈ ગયા.

અડગ ખડક સમી ઊભેલી તિષ્યરક્ષિતાએ એક હાથ ઊંચો કર્યો. મોટેથી, તીણા, તીખા, વીંધી નાખે તેવા, ભયંકર ઠંડી ક્રૂરતા ભરેલા અવાજે એણે કહ્યું :

'રાજા અશોક! મારી છેલ્લી વાત હું કહી લઉં. જેમણેજેમણે છેલ્લી પળ સુધી રાજા થવાનો મોહ રાખ્યો છે, શરીરથી, મનથી, સત્તાથી, અરે! ધર્મથી – તમે સંઘપતિ બન્યા છો એટલે આ કહું છું, ધર્મથી – એ સૌ તમારો સર્વનાશ જોવા માટે જ જીવ્યા છે. રસ્તો તો એક જ છે. એ અચળ છે. અમર છે. ઇક્ષ્વાકુવંશના રાજાઓએ બતાવ્યો છે તે. છેવટે વાનપ્રસ્થ થવાનો. આત્મચિંતનનો. જેમણે એક વચનનો, એક બાણનો, એક સીતાનો ધર્મ શાસનમાં ગ્રહ્યો, એઓ બધા તરી ગયા, જેમણે એ તજ્યો તે બધા જ, પછી સમ્રાટ હોય કે સાર્વભૌમ હોય કે ગણતંત્રના મહારથી હોય, પણ એ બધા જ સર્વનાશનો પંથ જોવાના. અતિ હંમેશાં ભયંકર છે, રાજા! અતિ ધર્મ, અતિ હિંસા, અતિ અહિંસા, અતિ મોહ. જે રાજા કે સત્તાધીશ કે ગણતંત્રાધીશ જ્યારે તજવું પડે ત્યારે તજતો નથી, એ છેવટે અગનજ્વાલા દેખે છે – સર્વનાશની, અને સર્વના નાશની. આ તમારો રાધાગુપ્ત, એ સમજે છે. એ જાણે પણ છે. એનામાં કહેવાની હિમ્મત નથી. રાજપદ એ તે કાંઈ સ્મશાનમાં જાય ત્યાં સુધી ચોંટી રહેવાની કોઈ વસ્તુ છે? તમે, મહારાજ અશોક! ડોસલો થયા પહેલાં વનવાસી થયા હોત, તો ભારતવર્ષના રાજા રામની તોલે આવ્યા હોત. પણ એ તમારાથી બન્યું નહિ..... હવે હું જઉં છું.

પણ સૌન્દર્યપ્રણયજીવન જીવવાની તમારામાં જો શક્તિ હોય તો, હે રાજા! હજી આ અગ્નિમાં કૂદી પડો. કોને ખબર છે, અગ્નિમાંથી બહાર નીકળેલા આપણા દેહ સ્વર્ગના દેવતા સમા નહિ હોય?

પણ એ તમારું કામ નથી – તમારું કામ નથી. તમારું કામ ડોસલો થવાનું છે.

જાઓ, હવે તમે સૌ જાઓ. હું ક્ષિતિજમાં મગધનો વિનાશ જોઈ રહી છું. પાંચ વર્ષમાં મગધને છિન્નભિન્ન થતું હું જોઈ રહી છું. મહાન રાજ્યક્રાંતિ આવતી જોઈ રહી છું. જે કોઈ પણ પ્રકારના અતિને સંઘરશે – પછી એ પુણ્યનું અતિ હો, પવિત્રતાનું અતિ હો, અરે ધર્મનું અતિ હો, શાંતિનું અતિ હો – તે તમામ સર્વનાશના અગ્નિને દેખશે...'

'આહા! અરર! અરેરે!' એમ ચારે તરફથી અવાજ આવી રહ્યા.

એક ભયંકર જ્વાલામાં તિષ્યરક્ષિતાનો દેહ ઢંકાઈ ગયો હતો. મહારાજ અશોક ત્યાં નીચે જ બેસી ગયા હતા. તેમની આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં.

રાધાગુપ્ત એમની પાસે બેસી ગયો.

મહારાજ અશોક કાંઈક સ્વસ્થ થતાં બોલ્યા. 'રાધાગુપ્ત! આની રાખ થઈ ગઈ. પણ અરે! આપણે ક્યારે સમજણ મેળવીશું કે સૌથી બળવાન આત્મા વિપંથે ગયેલાઓમાં વસે છે આપણે એ વિપંથે ગયેલાઓને સમજીએ, સમજાવી શકીએ કે વાળી શકીએ કે દોરી શકીએ કે પંથે લાવી શકીએ,

તો દુનિયાની સમૃદ્ધમાં સમૃદ્ધ ને તેજસ્વીમાં તેજસ્વી વ્યક્તિઓનો દુનિયાને પરિચય આપી શકીએ. આપણે એ ક્યારે સમજીશું? એક અંગુલિમાલે શું કરી બતાવ્યું? આપણે શાંતિમાં રહેલી અપાર શક્તિને ક્યારે જાણીશું?

આ તિષ્યરક્ષિતા જો શાંતિનો સંદેશો બોલી શકી હોત – આહા! આખી દુનિયાને એણે ફેરવી નાખી હોત! એ એટલા માટે હતી.'

'મહારાજ! એ તમારી સ્વપ્નશીલતા હતી. કદી ન ફરનારા પણ આ દુનિયામાં વસે છે.'

'પણ એની એક વાત સાચી છે, રાધાગુપ્ત! હું આ પળથી, હવે રાજા નથી. કુણાલકુમારનો રાજ્યાભિષેક કરો. હું હવે રાજા નથી.'

૩૪

કુણાલકુમાર અંધ નથી

જ્વાલાઓથી વીંટળાયેલી તિષ્યરક્ષિતા હજી ક્યારેક દેખાતી હતી, ક્યારેક અદશ્ય થઈ જતી હતી.

પણ એની એ કડક મુખમુદ્રા, અને સીધી અડગ શરીરયષ્ટિ છેવટની ઘડી સુધી રહીરહીને દેખાતી રહી. એમાં ક્યાંય પશ્ચાત્તાપ ન હતો જ્વાલાઓથી જલી જવાનું દર્દ પણ ન હતું.

થોડી વારમાં એ જ્વાલાઓમાં એ તદ્દન અદશ્ય થઈ ગઈ. જાણે કોઈ દિવસ હતી જ નહિ. એના વૈરની રાખ થઈ ગઈ. એની કામના એની સાથે ચાલી ગઈ....

સૌન્દર્યભવનને સળગેલું જોઈને હવે તો ચારે તરફથી માણસો દોડતાં આવી રહ્યાં હતાં. જલકુંભોની હારની હાર આવવા માંડી હતી. સૈનિકોની ધમાલ મચી ગઈ હતી. મોટો કોલાહલ થઈ ગયો હતો. મહાન અકસ્માત થયાની વાત ચાલતી થઈ હતી. એ સાંભળતાં સેંકડો નાગરિકો મદદમાં દોડ્યા આવતા હતા. આવે વખતે દોડતા ન આવનારા માટે, શાસન પ્રમાણે, નગરબહાર રહેવા જવાની શિક્ષા થતી. એટલે પણ બધા દોડતા આવી રહ્યા હતા. રાધાગુપ્તે ધીમેથી મહારાજ અશોકને કહ્યું :

'મહારાજ ! આપણે પણ આ વાતને હવે આંહીં દાટી જ દઈએ છીએ. મહાલયને આગ લાગી ગઈ. અને અકસ્માત્ આ બધું થઈ ગયું – લોકવાયકા એવી ચાલી રહી છે – તેમાં જ આપણે વહેવું એ ઠીક છે. હિમવંતને એ કહેવાઈ ગયું છે. બીજા કોઈએ બીજી કોઈ વાત ચલાવવાની નથી....'

પણ મહારાજ અશોકના દિલમાં અપાર શોક હતો. પોતાના રત્ન જેવા પુત્રને આમ અકાલે અંધ બનેલો જોઈને એમના દિલમાં ભારે વ્યથા આવી ગઈ હતી. તેઓ કુણાલકુમાર સામે પણ જોઈ શકતા ન હતા. 'રાધાગુપ્ત ! કુણાલકુમાર હવે પોતાના મહાલયમાં ભલે જાય. ઇંદ્રાયુ ! તું કુમારને મહાલયમાં લઈ જા. અને

બધી જ યોગ્ય સારવાર માટે આકાશગોત્રને બોલાવ. આંહીં હવે બીજા કોઈનું કામ નથી. આંહીં બધા અગ્નિને શમાવવામાં મદદ કરી રહ્યા છે. જે થવાનું હતું તે થઈ ગયું. કોઈક નિયતિ નામનો પદાર્થ પણ છે, રાધાગુપ્ત !'

ઇંદ્રાયુ કુણાલકુમાર સાથે મહાલય તરફ જવા ઊપડ્યો.

'મહારાજ !' રાધાગુપ્ત છેક તેમની પાસે સર્યો. 'નિયતિ અવશ્ય છે, પણ આ નિયતિ લાવનાર આપણે જ છીએ. આપણા ભારતવર્ષમાં એકચક્રી શાસનવ્યવસ્થા ભગવાન કૌટિલ્યે આણી. એમણે એના નિયમો આણ્યા, એના સંયમો સર્જ્યા. એમણે એ માટે બધી દૃષ્ટિનો વિચાર કર્યો. એમના શાસનમાં શાંતિને સ્થાન અવશ્ય હતું. પરંતુ અશાંતિ એ ઘણાને જાણે લોહીમાં મળેલી વસ્તુ છે, એનો એમાં તદ્દન નકાર ન હતો. એનો પણ વિચાર હતો. માનવવૃત્તિનો એવો વિદ્રોહ પણ એમના ધ્યાનમાં હતો. એ તંતુ શાસનમાંથી ખોવાયો – પ્રભુ! મને તો એનું આ પરિણામ લાગે છે. ભારતીય સંસ્કૃતિના પરિમલ સમી વાનપ્રસ્થાશ્રમની રચના ગુમાવી, એનું આ પરિણામ લાગે છે. એ જે હો તે, મહારાજ! પણ મને એક ભય લાગ્યો છે. ચંદ્રગુપ્તસભા અંધ રાજાને સ્વીકારવાની ના પાડશે તો ? તો હું શું કરીશ ? તમે પણ શું કરશો, મહારાજ ? પછી આંહીં રહેશે કોણ ? બે નાનાં બાળકો ને ચારે તરફના પ્રદેશપતિઓનો વિદ્રોહ ! મહારાજ ! મને ભાવિ અમંગલ ભાસે છે. શાંતિમાં અ–શાંતિ પોષાતી જણાય છે.'

મહારાજ અશોક વધુ વ્યથા અનુભવી રહ્યા. 'રાધાગુપ્ત ! હવે જે થાય તે, પણ હું રાજા નથી, હું સત્તાધીશ નથી. સંઘને પણ મારે એ જ કહેવાનું છે. હું હવે કાર્ષાપણો આપી શકતો નથી. પણ ગમે તે કર, રાધાગુપ્ત ! રાજ તો કુણાલકુમારનું છે અને એને જ એ અપાવું જોઈએ. એ જ રાજા હોઈ શકે. હું હવે રાજા નથી....'

આગની જ્વાલાઓ કાબૂમાં આવતી હતી, એટલે મહારાજ અશોક ભારે હૃદયે કુણાલકુમારના ભવન તરફ ગયા. રાધાગુપ્ત ચંદ્રગુપ્તસભાનો મત મેળવવા મંત્રી ખલ્લાટક તરફ ગયો.

પણ ચંદ્રગુપ્તસભા મેળવવાથી કાંઈ વળવાનું નથી એ વાતની રાધાગુપ્તને સાંજ પહેલાં પ્રતીતિ થઈ ગઈ.

જેને-જેને મળ્યો – બધાની એક જ વાત હતી: 'અંધ રાજા હોઈ શકે નહિ !'

એટલે તે રાતે જ તેણે કુણાલકુમારના મહાલયમાં મહારાજ અશોકને એ વાત પહોંચાડી દીધી.

મહારાજ અશોકની વ્યથા અનેક ગણી વધી ગઈ. એમણે કુણાલકુમારને અન્યાય કર્યો હતો, અને હવે તો એ અન્યાય જીવનભર એને મળતો હતો.

રાધાગુપ્ત મહારાજને મળવા આવ્યો, ત્યારે એમની આ મનોદશા હતી. હવે રાજ કોણ સાચવે – એ મહાન પ્રશ્ન પણ ઊભો થતો હતો.

અધૂરામાં પૂરું, આજે જ આંધ્રમાંથી પ્રદેશપતિ સીમુકનો એક ત્વરિત સંદેશો આવ્યો હતો. સંદેશો મહારાજ ઉપર જ હતો. શો સંદેશો હતો એ હજી ખબર ન હતી, પણ એ સંદેશમાં શું હોઈ શકે એ રાધાગુપ્ત જાણતો હતો. પોતાનો ધજાગરો જુદો એ વાત એમાં હોય. રાધાગુપ્તે મગધમહાલયની ભવ્ય ઇમારત પડવાના ભણકારા સાંભળ્યા.

તે મહાલયમાં આવ્યો. મહારાજ એક તરફ શાંત બેઠા હતા. એમની મુખમુદ્રા ઉપર અપાર વ્યથા હતી. એમની પાસે જ અંધ કુણાલકુમાર શાંત બેઠો હતો. તેની એક બાજુ કાંચનમાલા હતી – બીજી બાજુ બે કુમાર હતા. પણ આ શું ?.....

રાધાગુપ્ત જોઈ ને છક થઈ ગયો. કાંચનમાલાએ પોતાનાં નેત્રો ઉપર બરાબર કસીને શ્યામ વસ્ત્રની પટ્ટી બાંધી દીધી હતી. તે ત્યાં અંધ જેવી બેઠી હતી.

રાધાગુપ્તના મનમાં બીજા અનેક પ્રશ્નો હતા, પણ રાજા કોણ થાય એ મહાન પ્રશ્ન સૌને મોખરે હતો. ચંદ્રગુપ્તસભા અંધ રાજા હોય એને મગધ માટે મહાન અમંગલ ગણતી હતી. રાધાગુપ્ત પાસે એ વાત હતી. એની સાથે પ્રદેશપતિ જાલૌક આવી રહ્યો હતો. વૃદ્ધ મંત્રી ખલ્લાટક પણ સાથે આવ્યો હતો.

તે બધા આવ્યા. થોડી વાર શાંત બેઠા. એટલો ભારે શોક ત્યાં હતો કે કોઈ કાંઈ બોલી શકતું ન હતું.

'રાધાગુપ્ત ! આ દેવી કાંચનમાલા એક શબ્દ સાંભળવાની ના પાડે છે. એને ગાંધારીની જેમ હવે અંધ રહેવું છે.....'

રાધાગુપ્તને શો જવાબ આપવો તે સમજ પડી નહિ. એણે જાલૌક સામે જોયું. એને તક્ષશિલામાં યુવરાજપદે સ્થાપવો એટલે એ દિશા સહીસલામત થઈ જાય, મગધ સાથે છેવટે તો એ રહે, એ વાત એના દિલમાં અત્યારે ચાલી રહી હતી. પણ મગધપતિ કોણ થાય એ વાત થાળે બંધાઈ જાય પછી જ આ વાત ઉપાડવાની હતી.

'મહારાજ ! ચંદ્રગુપ્તસભા એક વાત સ્વીકારે છે, એક વાત નકારે છે.' એ ધીમે રહીને બોલ્યો.

'કઈ વાત સ્વીકારે છે ? અને કઈ વાત નકારે છે ?'

'કુણાલકુમાર રાજપદે આ સ્થિતિમાં આવી નહિ શકે. દશરથકુમાર રાજપદ સાચવે. અને આ જાલૌક એ તક્ષશિલાના પ્રદેશપતિ તરીકે ભલે આવે.'

'પણ, રાધાગુપ્ત ! પ્રણાલિકા તો તેં જ સ્થાપી છે. વર્ષોથી એ પ્રણાલિકા જળવાતી પણ આવી છે. મેં પણ એ જાળવી હતી. તું એ જાણે પણ છે. જે

કુમાર યુવરાજપદે હોય તે તક્ષશિલામાં પ્રદેશપતિ થાય છે એ પ્રણાલિકાનું શું?'

'મહારાજ!' રાધાગુપ્ત બોલ્યો:'એ પ્રણાલિકા પણ જળવાશે જ. ચંદ્રગુપ્તસભાના વર્ચસ્વને આપણે લેશ પણ લઘુતા આપવા માગતા નથી. પણ એ સમય આવ્યે જણાશે. પણ કુણાલકુમાર વિષેનો આ નિશ્ચય થયો છે તેનું શું કરવું છે? મહારાજ આજ્ઞા આપે!'

'હું હવે કોઈ આજ્ઞા આપવા માગતો નથી રાધાગુપ્ત! આજ્ઞામાં હું માનતો પણ નથી. હું તો સમજાવટ માટે આવું. પણ મને એક વાત લાગે છે. સૌ કહે છે: કુણાલકુમારે પ્રકાશ ખોયો છે. હું કહું છું: એણે પ્રકાશ મેળવ્યો છે. અને ખોયો છે આપણે. અંધ આપણે છીએ અને...'

મહારાજનો શબ્દ અધ્ધર જ રહી ગયો. એમના વાક્યનો ઉત્તરાર્ધ જાણે હવામાંથી આવતો જણાયો.

'અને કુણાલકુમાર અંધ નથી, મહારાજ! કોણ કહે છે કુમાર અંધ છે?'

સાધુ ઉપગુપ્ત અચાનક આવીને ત્યાં ઊભો રહી ગયો હતો. તેણે આ વાત સાંભળી અને એ દોડતો આવ્યો હોય તેમ જણાતું હતું. રાધાગુપ્ત તો એની સામે જ જોઈ રહ્યો. આ માણસે મગધને ભિખ્ખુપંથે વાળ્યું હતું. પણ એના મોં ઉપર અપાર શ્રદ્ધા હતી. આંખમાં નિર્મળ પ્રેમ હતો. તે બે ડગલાં આગળ વધ્યો. એની સામે બધા જોઈ રહ્યા. તેણે અડગ નિશ્ચયભરી શ્રદ્ધાથી ફરીને કહ્યું:'કુણાલકુમાર અંધ નથી, મહાઅમાત્ય રાધાગુપ્ત! હું ભગવાન તથાગતના નામે ફરીથી આ કહું છું. કુણાલકુમાર અંધ નથી...'

સાધુ ઉપગુપ્તની વાણીમાં કોઈને કાંઈ સમજાયું નહિ. પણ સાધુના મોં ઉપર અપાર્થિવ તેજ પ્રકાશી રહ્યું હતું. તેની ધીમી, દૃઢ, નિશ્ચળ, સ્પષ્ટ વાણીનો રણકો ફરીને બધાના કાને આવ્યો:'આ એ જ પાટલિપુત્રનગરી છે, જ્યાં મૌદગલ્યાયન જેવાએ ઇચ્છિત મૃત્યુ સર્જ્યું છે, જ્યાં મહાનમાં મહાન ભિષગ્વર જીવકકુમાર થઈ ગયો છે. એણે અશક્ય વાતોને શક્ય બનાવી હતી. મરેલાંઓને પ્રાણ આપ્યા હતા. એણે માણસના મસ્તકને શસ્ત્રો વડે ખોલી જોયાં હતાં. એ મહાન ભિષગ્વરની એ પરંપરા હજી જીવંત છે. જીવકકુમારે આ બધું કર્યું! શી રીતે? એને માટે થઈને ઔષધિઓ વાણી બોલતી થઈ હતી એ ખરું, એ એક મહાન બળ હતું, પણ એક બીજું મહાન બળ એની પાસે હતું. ભગવાન તથાગતની જે અપરા પ્રેમદયા એના દિલમાં વસી રહી હતી એણે તો ઔષધિઓને પણ ભુલાવે એવી વાતો એની પાસે કરાવી હતી. એની એ પરંપરા અમારે ત્યાં સચવાયેલી છે. મહાઅમાત્ય! દેશ જીવે છે, મહાન થાય છે, એક બને છે, યુદ્ધોથી નહિ, અપાર પ્રેમહવાથી. એક પ્રદેશ પોતાની પરંપરાનું તેજ બીજા પ્રદેશને આપે.

બીજો પ્રદેશ બદલામાં એની પરંપરાનું તેજ એને આપે. પ્રદેશો-પ્રદેશો વચ્ચે પ્રેમહવા એમ સ્થપાય છે ને એમ પ્રદેશો જીવે છે, પ્રજાઓ જીવે છે.

ભગવાન તથાગતના નામે હું ફરીને કહું છું, કુણાલકુમાર અંધ નથી. અંધ આપણે છીએ. કુણાલકુમાર! તમે મારી સાથે ચાલો. મહારાજ આજથી આઠમા દિવસે, ચંદ્રગુપ્તસભાને જે નિર્ણય લેવો હોય તે ભલે લે, કુણાલકુમાર આઠમા દિવસે આંહીં પાછા આવશે. ભગવાન તથાગતનો વિજય હો!'

સાધુ ઉપગુપ્તની વાતમાં કોઈને કાંઈ સમજણ પડી નહિ. મહારાજે કુણાલકુમારના હાથને પ્રેમથી ટેકો આપ્યો, અને એનો હાથ સાધુ ઉપગુપ્તના હાથમાં આપ્યો.

સાધુ જેમ આવ્યો હતો તેમ કુણાલકુમાર સાથે ચાલતો થઈ ગયો.

બધા એને જતો જોઈ રહ્યા.

૩૫

પ્રેમનાં આંસુ!

મહારાજ અશોકને સમાચાર મળ્યા અને એઓ કુક્કુટારામ તરફ જવા માટે તરત ચાલી નીકળ્યા. અનુચર ઇંદ્રાયુ એમની પાછળ ચાલતો હતો. એના હાથમાં એક સુવર્ણપાત્ર હતું. રાધાગુપ્તને સમાચાર મળ્યા, એ પણ નીકળ્યો. એના હાથમાં પણ સુવર્ણપાત્ર હતું. સેનાપતિ હિમવંત નીકળ્યો. પ્રદેશપતિ જાલૌક નીકળ્યો. વૃદ્ધ મંત્રી ખલ્લાટક નીકળ્યો. બધાના હાથમાં સુવર્ણપાત્રો હતાં. સ્ત્રીઓ નીકળી. સેંકડો નગરજનો નીકળ્યા. ઠેર ઠેર રાજમહાલયનાં દાસદાસીઓ નીકળ્યાં. એક પ્રવાહ વહી રહ્યો.

એક જ વાત ચાલતી હતી. એક સહસ્ર સાધુઓની ભવ્ય પરિષદ ત્યાં કુકકુટારામમાં બેઠી હતી. મહાન સાધુ ઘોષ તેમના અગ્રપદે હતો. આજે ભગવાન તથાગતની વિદાયવેળાની કથા એ કરવાનો હતો. બધાને સાધુ ઉપગુપ્તે ત્યાં બોલાવ્યા હતા. સેંકડો નગરજનો પણ ત્યાં જઈ રહ્યા હતા.

સાધુ ઘોષની પાસે મહાન ભિષગ્વર જીવકકુમારની સિદ્ધિ હતી. એની પરંપરા એણે જીવંત રાખી હતી. વૃદ્ધ ઉપગુપ્તે કુણાલકુમારની શુશ્રૂષા એને સોંપી હતી. ઘોષ મહાન ભિષગ્વર હતો, મહાન સાધુ હતો, મહાન કથાકાર પણ હતો. એની ગાથાવાણી એક વખત પણ સાંભળનારો એને દિવસો સુધી ભૂલી ન શકે એવી ગજબની મીઠાશ એની વાણીમાં રહેતી. એ એવાં તો ચિત્રો ઊભાં કરતો કે શ્રોતૃગણ દુનિયાને ભૂલી જતો. સંસારને સંસારમાંથી એક પળમાં એ અદૃશ્ય કરી શકતો.

ઘડીના છઠ્ઠા ભાગમાં એ શ્રીમંતને પણ શ્વેત વસ્ત્રો ઉપર અરાગ કરાવી શકતો. એની વાણી સાંભળનારને લાગતું કે જાણે એ પળે જ એ કાષાયવસ્ત્રો ધારણ કરી લે. સેંકડો ને સહસ્રોને એણે કાષાયવસ્ત્રધારી બનાવ્યા હતા. એ એક પળમાં સંસારીને સાધુ બનાવી દેતો. માણસની આંખમાંથી આંસુ વહાવતો.

એની વાણીમાં પ્રેમદયાનો સાગર છલકાવી દેતો. સેંકડો કાર્ષાપણો એનાં ચરણમાં ઢગલો થતા. એ રાગભરી સ્ત્રીઓને એક પળમાં ભિખ્ખુણીના સ્વાંગમાં રાચતી કરી દેતો. એને એવી કોઈ કુદરતી વાણી વરી હતી.

આજે એ કથા કરવાનો હતો. આખી નગરીને સાધુ ઉપગુપ્તે બોલાવી હતી, પણ એમાં નવાઈની વાત આ હતી:સાધુ ઘોષે પ્રતિજ્ઞા મૂકી હતી – કાં એની વાણીથી કુણાલકુમાર નેત્રો મેળવે અને નહિતર એ ગંગાસમાધિ લે. નગરી આ સાંભળીને હાલકડોલક થઈ ગઈ હતી. સહસ્રોની સંખ્યામાં માણસો કુકકુટારામ તરફ જઈ રહ્યા હતા. ઘોષે કહેરાવ્યું હતું એકેએક સુવર્ણપાત્ર સૌ લાવે. દરેકના હાથમાં એકએક સુવર્ણપાત્ર હતું. હરેકના દિલનાં પ્રેમઆંસુ સાધુ ઘોષ ભેગાં કરવાનો હતો. એનાથી કુણાલકુમારનાં નેત્રો ધોવાનાં હતાં. કુણાલને નેત્રો પાછાં ન મળે તો ઘોષ દુનિયા તજી દેવાનો હતો.

કુક્કુટારામમાં સૌ પહોંચ્યાં, ત્યારે ત્યાં મહાન વૃદ્ધ સાધુ ઉપગુપ્તના અગ્રપદે સાધુસંઘ બેસી ગયો હતો. એમાં ઘોષ હતો, બીજા પણ અનેક હતા. હિમાલયપાર જનારા શાંતિના ધર્મમહામાત્રો નજરે પડતા હતા.

મહારાજ અશોક ત્યાં આવ્યા, રાધાગુપ્ત આવ્યો, જાલૌક આવ્યો. બધા ત્યાં શાંત બેઠા. ઘોષ શું બોલે છે તેની રાહ જોતા સૌ સ્થિર થઈ ગયા.

એમની સામે એક ભવ્ય દૃશ્ય ખડું થતું હતું. એક સહસ્ર સાધુઓ ત્યાં સામે બેઠા હતા. એમના હાથમાં કમળપત્રો હતાં. પદ્માસનમાં બેઠેલા એમના અડોલ દેહની સ્થિરતામાંથી એક પ્રકારની અલૌકિક શાંત હવા ઊભી થતી હતી. તમામનાં ગંભીર, પ્રેમભર્યાં નેત્રો નાસિકાગ્રને સ્પર્શતાં ધરતી ઉપર ઢળ્યાં હતાં. દરેકની મુખમુદ્રામાં રાગદ્વેષથી પર એવા મનની એક વિશ્વપ્રેમની ઝલક શોભી રહી હતી. લાગે કે એમને કોઈ પ્રદેશ નહિ હોય; એમનો પ્રદેશ વિશ્વ. એ એક સહસ્ર સાધુઓ ત્યાં કોઈ અસાર, અગમ્ય, અજ્ઞેય એવી દિવ્ય શ્રદ્ધાની કસોટીમાં બેઠા હતા. કાં એમની શ્રદ્ધા ફળે, કાં દેહ ઢળે. કોઈની એક જરા જેટલી પણ ગતિ નજરે પડતી ન હતી. બધા એકધ્યાન, એકકાન, એકનેત્ર, એકમન, બની ગયા હતા.

જાણે કોઈ એક – બીજાથી જુદા જ ન હોય એમ એ કોઈ વ્યક્તિરૂપ જણાતા જ ન હતા. એક જ સમષ્ટિ સમા એ હતા. એમની બધાની વચ્ચે એક જ હવા વહેતી હતી:પ્રેમની શ્રદ્ધા ફળે, કાં દેહ ઢળે. તમામની મુખમુદ્રા ઉપર આ શબ્દો જાણે અંકિત થઈ ગયા હતા. એક સહસ્ર સાધુઓ આજે જીવનનો મહાયજ્ઞ માંડીને બેઠા હતા. ત્યાં અગ્નિ ન હતો, વેદી ન હતી, સમિધ ન હતાં. અચળ શ્રદ્ધાની એક અખંડ જ્યોત જલતી હતી. બધાંની દૃષ્ટિ ત્યાં હતી.

વાતાવરણ પણ પળેપળે કોઈક અનોખી હવામાં પલટાઈ રહ્યું હતું. દરેકને એ અનુભવ થઈ રહ્યો હતો. હવામાંથી જ જાણે પ્રેમનાં આંસુ ઊભાં થતાં હતાં. માનવ-માનવની વચ્ચે એક સુંદર નાની ગુલાબી પ્રેમની પગદંડી વહી રહી હોય, અને એના ઉપર થઈ ને આ બધા જ એકબીજાને મનોભૂમિમાં મળી રહ્યા હોય!

દશ્ય અનુપમ હતું. વાતાવરણ જાણે જોઈ શકાતું હોય તેવું સુંદર પ્રેમભીનું લાગતું હતું. ક્યાંય ગતિ ન હતી, અવાજ ન હતો, સ્પર્શ ન હતો, રૂપરંગ – કાંઈ જ ન હતું. જાણે સંખ્યા પણ રહી ન હતી. એક સહસ્ર હતા, પણ એક સહસ્ર જેવું કાંઈ જ રહ્યું ન હતું. માત્ર એકની જ સંખ્યા દેખાતી હતી. સમય પણ અ-સમયમાં પલટાઈ ગયો હતો. એક અનાદિ અનંત પ્રેમહવાની સરિતા ક્યાંકથી વહેતી હોય અને એમાં બધા જ સાથે વહેતા હોય – જુદીજુદી વ્યક્તિ-વ્યક્તિ-રૂપે નહિ, સમષ્ટિની બની ગયેલી એક વ્યક્તિરૂપે. એવી દિવ્ય વસ્તુ ત્યાં અત્યારે છવાઈ ગઈ હતી. માણસો જુદાં હતાં, દેખાવ જુદા હતા, આકાર જુદા હતા પણ દિલ બધાની પાસે એક જ હતું. એક અવ્યક્ત મૌનના પ્રેમસાગરમાં શ્રદ્ધાની નૌકા વહેતી હતી !

પણ આશ્ચર્યનું આશ્ચર્ય તો ત્યારે થયું, જ્યારે સાધુ ઘોષે પોતાની વાણી પ્રગટાવી. ભગવાન તથાગતની વિદાયવેળા આવી. સાધુ આનંદ ત્યાં શોકભર્યા ઉદાસ ચહેરે એક વૃક્ષના સાન્નિધ્યમાં આંસુ સારતો ઊભો રહ્યો હતો એ વાત આવી, ત્યારે લોકનાં દિલમાં એક એવા મહામાનવનો વિરહ એટલે શું એની એવી તો તીક્ષ્ણશર સમી પ્રેમવેદના ઊભી થઈ ગઈ કે અનાયાસે બધાંનાં નેત્રોમાંથી આંસુ જ વહેવા માંડ્યાં.

માનવ વચ્ચેથી માનવ વિદાય લે, એ કેવો મહાન પ્રસંગ હતો, એ સાધુ ઘોષે જાણે ચિત્રોમાં અંકિત કરી દીધું હતું.

એ આંસુ શોકનાં નહિ, વેદનાનાં નહિ, અનંત પ્રેમવિયોગની વ્યથાનાં હતાં. જાણે એ પ્રેમાશ્રુ ગમે ત્યારે, ગમે તેને, ભૂતકાળમાંથી પાછા બોલાવવાનું સામર્થ્ય ધરાવતાં હોય! એ આંસુ એ હતાં, ભાગ્યે જ આવતાં, કોઈકને જ મળતાં. શ્રદ્ધા એ બીજું કાંઈ નથી, આવાં પ્રેમાશ્રુની નિર્ઝરણી છે. પણ આવાં, બીજાં નહિ.

સાધુ ઘોષ જ્યારે બોલતો શાંત થઈ ગયો, ત્યારે તો મેદની-આખી આંસુ વહાવી રહી હતી.

સાધુ ઉપગુપ્તે કહ્યું હતું: કુણાલકુમારનાં નેત્રો આ માનવદિલનાં પ્રેમઆંસુથી ધોવાશે, અને મને શ્રદ્ધા છે, કુણાલકુમાર અંધ નહિ હોય. અંધતા ત્યાં છે, જ્યાં દિલ નથી.

એક માનવ ધરતી ઉપરથી વિદાય લે એટલે શું?..... એવી પ્રેમભરી

દિલસમજણની વાત પ્રગટતાં, બધાંનાં દિલમાં એ જ હવા આવી ગઈ હતી. એક માનવ વિદાય લે, એને ધરતી પાછો ક્યારે જોવાની હતી? એ ધરતીને ક્યારે જોવાનો હતો? એનો અવાજ ક્યારે સંભળાવાનો હતો? એની પ્રેમવાર્તા પાછી ક્યારે મળવાની હતી? માનવ કેટલો સુંદર છે એ ત્યારે જ સમજાય છે. તમામનાં દિલમાં નિઃસીમ પ્રેમની, વિરહની, પ્રેમવ્યથાની, એકએક માનવથી જુદાઈ થતાં આવતી પ્રેમદુઃખની, વાત આવી ગઈ હતી. મહાન માનવ છે, બીજું કોઈ જ નહિ, એ જ્ઞાન થતાં જે-જે માણસને પોતે ગુમાવ્યાં હતાં – અજ્ઞાનથી, અંધકારથી, દિલના રાગદ્વેષથી એ તમામને પ્રેમાશ્રુની અંજલિ અપાઈ રહી હતી – એક પ્રેમતંતુની કેડી ઊભી કરવા.

આ આંસુ દુઃખનાં ન હતાં, શોકનાં ન હતાં, પ્રેમનાં હતાં.

અપાર પ્રેમથી માનવ માનવને મળે એ જ જીવન હતું. બાકીની બધી જ વાત એ મૃત્યુકથા હતી એવી હવા સાધુ ઘોષે ત્યાં ફેલાવી દીધી.

બધી પ્રેમાશ્રુભીની દૃષ્ટિ જાણે અંતરની આર્દ્રતાથી કુણાલકુમારને આલિંગી રહી હતી.

વિજય પ્રેમનો હતો, અપાર શ્રદ્ધાનો હતો, અતીતમાં જ્યારે સૌ એકબીજાને મળતા હતા તે અતીતનો હતો.

સાધુઓ પ્રેમાશ્રુ વહાવતા ત્યાં શાંત બેઠા હતા. એમનાં નેત્રોમાંથી અનાયાસે આંસુ જ આંસુ વહી રહ્યાં હતાં. કમળપત્રમાં સાચાં મૌક્તિકોની શોભા પ્રગટાવતાં એ ત્યાં ચમકી રહ્યાં હતાં.

હજારો દિલમાંથી જાણે એક જ આર્ત્તસ્વર ઊઠતો હતો. કોઈને કોઈનો વિરહ દુઃખ ન આપો. કોઈ અંગને પ્રાણનો વિરહ ન હો. કોઈ પ્રાણ પ્રેમથી અલગ ન હો. કોઈના રાગદ્વેષ કોઈને અપ્રેમ ન આપો. કોઈના રાગદ્વેષે મળેલો અ-પ્રેમ પ્રેમના રૂપમાં પલટાઈ જાઓ.

અને અશ્રુ વહાવતા એ માનવ સમુદાયના અલૌકિક દૃશ્યને સાધુ ઉપગુપ્ત ક્યાંય સુધી જોઈ રહ્યા, બસ જોઈ જ રહ્યા. હવામાંથી જાણે પ્રગટતો હોય, કંઠમાંથી આવતો જ ન હોય, એવો એનો ધીર, ગંભીર, પ્રેમસાગર સમો, સુંદર, નિષ્કલંક, નીરાગી અવાજ છેવટે આવ્યો :

'હે અતીતના અતીત! હે પ્રેમસાગર! તારી પાસે મહાકાલ પણ શિશુના શિશુ જેવડો છે. તારે ત્યાં એ શિશુની જેમ રમે છે. તારી પાસે માનવ તમામનાં દુઃખ, શોક, વેદના, રાગ, દ્વેષ, અજ્ઞાન, અસમજણ, અંધકાર – બધાં આવીઆવીને પ્રેમમાં પલટાઈ જાય છે. તું તારે ત્યાં બધાંને પ્રેમમાં પલટાવીને, પાછાં માનવજાતની શાંતિ માટે – એમને એક-એક દિલનો પ્રેમપ્રવાસ આપે છે. તારે માટે કાંઈ અશક્ય

નથી, કાંઈ અગમ્ય નથી, કાંઈ અણજાણ નથી, કાંઈ અજ્ઞેય નથી. તું ધારે ત્યારે જે ધારે તે થાય. અમારી તમામની પ્રેમાશ્રુની અંજલિ, હે અતીતના અતીત! તારે ત્યાં વહેતી પ્રેમસરિતામાં વહો! અને તારી પ્રેમાંજલિ અંધકારને પ્રકાશ આપી રહો, અજ્ઞાનને જ્ઞાન આપી રહો, જ્ઞાનને દિલ આપી રહો, અંગઅંગને પ્રાણ આપી રહો, પ્રાણને, પ્રેમ આપી રહો, હે અતીતના અતીત! બધું સફલ સજીવ સચેતન થઈ રહે, ક્યાંય જડતા ન હો. કોઈ અ-પ્રાણ ન હો! તારી અપરા શક્તિમાં, બધાં જ પ્રકાશમય થઈ રહો. કોઈના મનમાં અંધકાર ન હો. કોઈના દિલમાં અંધકાર ન હો. કોઈના ચક્ષુમાં અંધકાર ન હો. અંધકારમાં પણ અંધકાર ન હો! હે અતીતના અતીત! તારી પ્રેમસરિતા આંહીં અમારાં દિલમાં પ્રેમની સરિતા પ્રગટાવો.'

અમારી તમામની આર્ત્ત વેદનામાંથી પ્રકાશ જન્મો!

કારણ કે છેવટે પ્રકાશ એ વેદનાનું શિશુ છે ને વેદના એ પ્રેમનું બાળક છે.

તારું એક પ્રેમનું બાળક, હે અતીતના અતીત! પ્રકાશનું એક કિરણ માગે છે. ને તારે ત્યાં લક્ષાવધિ – કોટ્યવધિ કિરણો પડ્યાં છે.

હે પ્રેમસ્વરૂપ અતીત! તું અમને જાળવે છે, ઘડે છે, પોષે છે, પાળે છે, આગળ વહાવે છે. તારી ઇચ્છા એ વ્યક્તિ છે. તારી પ્રેમાર્દ્ર દયા એ તારી ઇચ્છા છે.

તારી એ પ્રેમસરિતા બધાંને સ્પર્શી રહો!

તારી એ પ્રેમસરિતાનાં જલબિંદુમાંથી પ્રકાશની જ્યોતિ પ્રગટો! હે અતીતના અતીત! તારી પ્રેમાર્દ્ર સરિતા બધાંને અમીછંટકાવ કરો! અમારી શ્રદ્ધાનાં પ્રેમાશ્રુ તારે ત્યાં વહો, ને હે દયામય! તારો જ્યોતિ આંહીં વહો!

કોટ્યવધિ કિરણના હે સ્વામી! તારું એક કિરણ તારા બાળક માટે આંહીં પ્રગટો ને સત્યનો વિજય સ્થાપો!

સાધુ ઉપગુપ્ત શાંત રીતે સાધુસમુદાય તરફ ગયો. તેમનાં કમળપત્રો એક પછી એક એ ઊપડવા લાગ્યાં. પ્રેમાશ્રુઓનો મૌક્તિક-સમુદાય એણે એક કાંચનપાત્રમાં એકઠો કરવા માંડ્યો.

બધાં આશ્ચર્યચક્તિ થઈને જોઈ જ રહ્યાં.

૩૬

કુમાર ઉપરાજ

કુણાલકુમારની અંધતા ગઈ. એ ચમત્કાર હો કે ઘોષની ભિષગ્વિદ્યાનો અપૂર્વ વિજય હો કે મંત્રદ્રષ્ટાની નિષ્ઠાનું ફળ હો કે સાધુ ઉપગુપ્તની ઉપાસનાની સિદ્ધિ હો, ભગવાન તથાગતની શ્રદ્ધાનો વિજય હો, પ્રેમાશ્રુનું ફલ હો કે જાદુની હવા હો કે જે હો તે હો, પણ એણે પ્રજામાં એક મહાન કૌતુક ઊભું કરી દીધું. અને બૌદ્ધ સંઘની પ્રતિષ્ઠાને તો અપૂર્વ માન અપાવ્યું. રાજવંશમાં તો હવે કોઈ એવી વ્યક્તિ ન રહી કે જે સંઘના નામે સર્વસ્વ અર્પણ કરવા તૈયાર ન હોય.

કુણાલકુમારના માનસમાં પણ એ જ વાત હતી – વિશ્વશાંતિની, મહારાજ અશોકના ધર્મવિજયની. એ પરંપરાને જ એ વહેવાનો હતો. ચંદ્રગુપ્તસભાએ તો તાત્કાલિક નિર્ણય લઈ લીધો હતો. મહારાજ અશોક હવે વિદાય લેતા હતા. કુણાલકુમાર ને દશરથકુમાર રાજપદે આવતા હતા. રાજપ્રતિનિધિ દશરથકુમાર બનતો હતો.

મહારાજ અશોક જીવનનાં જાણે છેલ્લાં કામો પતાવવા માટે જ થોભી રહ્યા હતા. એમણે માથેથી ભાર ઉતારી નાખ્યો હતો. કાર્ષાપણો વિષે પણ મનમાં સમાધાન મેળવી લીધું હતું.

પણ તે છતાં રાધાગુપ્તની ચિંતાનો ને વેદનાનો પાર ન હતો. એનું મન વ્યગ્ર હતું. પોતે જીવતાં જ મગધને છિન્નભિન્ન થતું જોશે કે શું – એ ચિંતા રાતદિવસ એને કોતરી ખાતી હતી. હવામાં એ એ જ જોઈ રહ્યો હતો. એ સમજી ગયો : કોઈ ભયંકર રાજ્યક્રાન્તિની આ આગાહી છે. ભલે કોઈ રાજવંશી એ જુએ કે ન જુએ, ભલે કોઈ સેનાપતિ એ નિહાળે કે ન નિહાળે, ભલે પ્રજાજનો બૌદ્ધ સંઘમાં હજારોની સંખ્યામાં દોડતા રહે, પણ હિમાચલપારની હવા રાધાગુપ્તને પળેપળે ભયંકર જણાતી હતી. ત્યાં બધે જ – અને બધાં જ નાનાંમોટા રાજ્યોમાં, અલિકસુંદરના મૃત્યુ પછી જે મહત્ત્વાકાંક્ષા સેવતાં હતાં, તે જ મહત્ત્વાકાંક્ષા પાછી

જાગતી હતી, એમને રોકનાર માત્ર એક જ હતો. કુમાર જાલૌક. રાધાગુપ્ત એને ત્યાં સ્થિર કરી, એ દિશા પૂરતો શાંતિવ્યવહાર સાચવી લેવા માગતો હતો. કારણ કે બીજી રીતે એ સ્પષ્ટ જણાતું હતું કે હવે હિમાચલથી કલંગસમુદ્ર સુધીનો એક સહસ્ર યોજનાનો 'સાર્વભૌમ ભારતવર્ષ' જાણે છિન્નભિન્ન થવાના પંથે પળી રહ્યો હતો. અલિકસુંદરના જમાનામાં જેમ પાર્શવશાસાનુશાસની અપાર સમૃદ્ધિ અને અગણિત કાંચનભંડાર મુક્ત થયાં, અને વ્યાપાર વધ્યો, અનેક ક્ષેત્રો વધ્યાં, અનેક નવાં ક્ષેત્રો જન્મ્યાં, લોકોમાં 'અન્નને બદલે અન્ન,' 'ધાન્યને બદલે ધાન્ય,' 'વસ્તુને બદલે વસ્તુ' – એ પ્રેમસંદેશાના વ્યવહારના સ્થાને ભગવાન કૌટિલ્યે સ્થાપેલો કાર્ષાપણનો વ્યવહાર સ્થિર થઈ ગયો, તો, દેશ-આખાની સંપત્તિરચના સુંદર બની રહી હતી ને વિશ્વવ્યાપારનું કેન્દ્ર ભારતવર્ષ થઈ રહ્યું હતું, તેમજ નાનાંનાનાં વિભક્ત પ્રદેશોની વચ્ચે એક અખંડ પ્રેમતંતુ બાંધવામાં આવે તો એની રાજનૈતિક સ્થિરતા જન્મે, ને દેશને અપૂર્વ ભવ્યતા અપાવે. અને જેમ અલિકસુંદર, તેમ હવે પછી આવનારા અલિકસુંદરો ભારતવર્ષ ઉપર આવતાં પહેલાં હજાર વખત વિચાર કરે.

પણ આ સ્વપ્ન તો ગયું. મહારાજ અશોકે મહાન રાજ્ય સ્થાપ્યું, એને પ્રેમતંતુએ બાંધ્યું. કોઈ વખત પણ આટલી અખંડ પૃથ્વી એક સામ્રાજ્યમાં ન હતી. એમણે વિશ્વશાંતિનું એમનું અભિનવ સ્વપ્ન દેશમાં પ્રગટાવ્યું. અને હિમાચલ-પાર પણ મોકલ્યું. એમણે અદ્ભુત સાંસ્કૃતિક સંબંધો સ્થાપ્યા. એમણે દૂરના માણસોને આંહીં આકર્ષ્યા. એમણે વિશ્વના વિચારમાં પરિવર્તન આણી દીધું. મહારાજ અશોકે શું ન કર્યું? પણ રાધાગુપ્ત એની ઘરઆંગણાની સ્થિરતા વિના આ નબળી કડી જોઈને હતાશ થઈ ગયો.

વિશ્વવિજય મોંઘો પડવાનો હતો, અને પડી રહ્યો પણ હતો. દેશપાર અનેક સાધુઓ જતા, શાંતિનો સંદેશો આપતા, પણ તે છતાં ત્યાંથી આ તરફ આવનારા તો દેશનું બળ માપતા રહેતા. જ્યારે આંહીં વાત જુદી જ ઊભી થતી હતી. આંધ્રપતિ સીમુકનો સંદેશો કુણાલકુમારને મળ્યો હતો. મહારાજે જ મોકલ્યો હતો. મહારાજના મહાલયમાં મગધની ભાવિ રાજનીતિની આ છેલ્લી સભા એટલા માટે મળી હતી. રાધાગુપ્તને પણ લાગતું હતું કે એ જે જોઈ રહ્યો છે તે છેલ્લી જ ભવ્યતા જોઈ રહ્યો છે. ત્યાં મહારાજ હતા, કાંચનમાલા હતી, દશરથકુમાર હતો, સંપ્રતિકુમાર હતો, કુણાલકુમાર હતો, પોતે હતો, સેનાપતિ હિમવંત હતો, જાલૌક હતો. આંધ્રપ્રદેશપતિના સંદેશાનો પ્રત્યુતર આપવાનો હતો. મહારાજ અશોકની પણ આ વિદાયવેળા હતી.

બધા શાંત બેઠા હતા. આંધ્રપ્રદેશપતિ સીમુકે એક જ વાત કહી હતી: મહારાજ એમનાં શાસન ભલે આંહીં મોકલે, ઔષધો માટેની વનસ્પતિઓ ભલે વવરાવે,

ઔષધાલયો પણ ભલે સ્થાપે, પશુશાળાઓ પણ ભલે બાંધે, પણ આંધ્રપતિને હવે મહારાજ પ્રદેશપતિ ન ગણે; એને મહારાજ આંધ્રપતિ કરીને સ્થાપે. અને એને એક મિત્ર, સ્વજન, સ્વતંત્ર પાડોશી રાજ માનીને મહારાજ ભલે ધર્મયાત્રા માટે પણ આવે; પણ આંધ્ર હવે પોતે પોતાનું સંભાળશે – મહારાજ જ એવી આજ્ઞા મોકલે. એમના વિશ્વશાંતિના સંદેશાની પરંપરા સ્થાપે. હવે પછી યુદ્ધ નહિ, સમજણ જ રાજ્ય-રાજ્ય વચ્ચેની મર્યાદા સ્થાપશે.

આંધ્રપતિનો આ સંદેશો સ્પષ્ટ હતો. એને સ્વતંત્ર થવું હતું. એને એનો ધજાગરો ઊંચો કરવો હતો, એનો ધજાગરો જુદો કરવો હતો. એક પ્રદેશપતિ શરૂઆત કરતો હતો. બીજા એને અનુસરવાના એ સ્પષ્ટ હતું.

'પણ આમ થાય તો-તો, મહારાજ! આવતી કાલે ઉજ્જૈન પણ એમ કહે, કલિંગ પણ એમ કહે, સૌરાષ્ટ્ર પણ એમ કહે. અને આ કાશ્મીરના પ્રદેશપતિ જાલૌક પણ એમ કહે! તો પછી આપણે કોને ના કહેવી, કોને હા કહેવી? આ સમજણની મર્યાદા ક્યાં ? શાંતિના સંદેશાની મર્યાદારેખા કઈ ?'

'તો આનો ઉપાય શો, રાધાગુપ્ત? તું શું ધારે છે? મગધ એક પરંપરા સ્થાપી રહ્યું છે, યુદ્ધને તિલાંજલિ દેવાની. એમાંથી આ એક પ્રદેશપતિ માટે થઈને આપણે પાછું હઠવું, એમ?'

'મહારાજ! જે વિદ્રોહનો ઉપાય, તે જ આનો ઉપાય છે. હિમવંત એ તરફ જાય!'

'શું કરવા? યુદ્ધ કરવા?'

'ના, શાંતિનું મહત્ત્વ સમજાવવા.' રાધાગુપ્તે ઉતાવળે કહ્યું, 'યુદ્ધ માટે જવું એ જુદી વાત છે, આ જુદી વાત છે. કેટલાક શાંતિનો સંદેશો કાષાયવસ્ત્રોમાંથી ગ્રહણ કરે છે, કેટલાક ગ્રહણ નથી કરતા. એ ગ્રહણ કરે છે શસ્ત્રોની સજ્જતામાંથી.'

'રાધાગુપ્ત! તું છે, કુણાલકુમાર છે, હિમવંત છે, દશરથકુમાર છે. સૌ નિર્ણય કરો. મેં મગધ-મહારાજ્યની એક અનોખી પરંપરા સ્થાપી છે. તમે એ આગળ ધપાવો છો કે પાછા જૂના યુદ્ધ પંથે – સર્વનાશ તરફ ફરો છો? તમારી રાજનીતિ તમારે ઘડવી રહી. અત્યારે જ ઘડવી રહી. કુણાલકુમાર શું કહે છે?'

'મહારાજ! મેં તો તક્ષશિલામાં જે કહેવાનું હતું તે કહી દીધું. સામાની સમજણ નહિ, આપણી સમજણ યુદ્ધોને અશક્ય બનાવે છે. મગધ માટે મહારાજે સ્થાપેલી એ રાજનીતિ અચળ છે, અને અચળ રહેવાની છે. મહારાજની એ રાજનીતિમાંથી હું એક તસુ પણ ખસવા માગતો નથી. બીજાની શી સમજણ છે તે મારે જોવાનું નથી. મારી સમજણ શી છે, એ એને સમજાવવાનું છે. મુખ્ય તંતુ એ છે. આંધ્રપતિને

આપણે મિત્ર માનીએ તેમાં અને આપણો પ્રદેશપતિ માનીએ એમાં, શો ફેર પડી જવાનો છે? પ્રદેશ આંહીં હોય કે ત્યાં હોય, તેથી શું? એ ભારતવર્ષમાંથી થોડો ભાગી જવાનો છે? પ્રધાન વસ્તુ આ છે. એ પણ શાંતિની જ રાજનીતિ માને છે કે નહિ? આપણે એને આંધ્રપતિ બનાવીને પણ હંમેશાં આપણો બનાવી શકીએ છીએ? જોવાનું એ છે.'

રાધાગુપ્ત કુણાલકુમારની વાણી સાંભળી રહ્યો. તે અવાક્ થઈ ગયો. એને લાગ્યું કે આ પરંપરા જ હવે ચાલવાની છે.

મહારાજ અશોકે તરત હિમવંત તરફ જોયું: 'હિમવંત! તું શું માને છે?'

'મહારાજ! હું તો સેનાપતિ છું. મહારાજ કુણાલકુમારની આજ્ઞા ઉઠાવવી. એટલું જ મારું કામ સમજું છું. આંધ્રપતિ શાંતિની રાજનીતિ ગ્રહણ કરે – એનો અર્થ એ કે બીજો પણ ગ્રહણ કરે ત્રીજો કરે, અનેકો એ ગ્રહણ કરે. શાંતિ એ રાજનીતિ થઈ જાય, પરંપરા થાય યુદ્ધ અકસ્માત કહેવાય. મગધ આ પરંપરા સ્થાપશે તો એ વિશ્વને નવી જ દિશા બતાવશે.'

સેનાપતિ હિમવંત જેવાની આ વાણી એ તો રાધાગુપ્તને ભોંભેગો કરી નાખ્યો. તે મનમાં ને મનમાં સમજી ગયો: એનું કામ પૂરું થયું હતું.

'દાદાજી!' એટલામાં નાનો દશરથકુમાર બોલ્યો. રાધાગુપ્ત આશાભેર એનો શબ્દ સાંભળી રહ્યો: 'દાદાજી! માણસ-માણસ વચ્ચેનાં યુદ્ધ તો માણસ અટકાવી મૂકશે, કારણ કે માણસને વાણી મળી છે. પણ સંપ્રતિકુમાર તો બીજું કહે છે. માણસ અને અબોલ પ્રાણી વચ્ચે પણ નવો સંબંધ સ્થાપો. માણસ શા માટે પ્રાણીને હણે? એ બોલી શકતું નથી માટે? એ બોલી શકતું હોત તો એ કેટલી વેદના ઠાલવત? સંપ્રતિકુમાર તો કહે છે, નિર્ગ્રન્થો બહુ સરસ વાત કહે છે. જે રાજમાં ક્યાંય કોઈ કોઈને હણી જ શકે નહિ, એનું નામ શાસન. મારે તો, દાદાજી! એવું શાસન સ્થાપવું છે.'

'અને મારે પણ!' સંપ્રતિકુમાર બોલી ગયો.

મહાઅમાત્ય રાધાગુપ્ત સમજી ગયો: મગધમાં હવે કોઈ જ રહ્યું નથી. આ ભવ્ય ઇમારતની ભવ્યતા સમજવાની શક્તિ જ કોઈનામાં નથી. પોતે વિદાય લે એ એક જ એનો માર્ગ હતો.

રાજકુટુંબ તમામ ભિખ્ખુપંથે હતું. એમાંથી કોઈ રાજશાસન ચલાવવા માટેની રાજનીતિ સમજે એટલો, વ્યવહારુ રહ્યો જ ન હતો. તે તદ્દન શાંત થઈ ગયો, બોલતો જ બંધ થઈ ગયો. બોલવા જેવું હતું જ નહિ. સૌની પાસે એક જ વાત હતી – ગમે તે ભોગે શાંતિ. અરિદળ પાટલિપુત્ર લૂંટે, તો પણ શાંતિ. કોઈક વખત એઓ પસ્તાશે!

આવી આ ભયંકર અરાજનૈતિક નિર્માલ્યતાને એ શી રીતે સમજાવવાનો હતો ?

એનો સમય જ પૂરો થયો હતો. એ પ્રાચીનતાને વરેલો કાં તો નિષ્ફળ આદમી હતો – અને કાં ઇતિહાસપુરુષની રાજ્યક્રાન્તિની આ પૂર્વભૂમિકા હતી.

એ જે હો તે. એણે પોતાનું છેલ્લું કર્તવ્ય કરી લેવાનો દૃઢ નિર્ણય કર્યો હતો. એણે તે પહેલાં જ જાલૌકને એના વારસાની વાત તો કરી હતી, પણ અત્યારે મગધનું મહારાજ્ય જે અવસ્થામાં હતું તે અવસ્થામાં જાલૌક પ્રદેશપતિ ભલે વધારે મહત્ત્વનો અધિકાર મેળવે, પણ એ અધિકાર હોવો જોઈએ એ દિશા તરફનો જ. તક્ષશિલાની દિશા એ યવન આક્રમણકારો માટેની દિશા જ થઈ ગઈ હતી. જાલૌકકુમાર ત્યાં હોય તો જ એ દિશા સલામત રહેતી હતી. ગ્રીકો – યવનો ત્યાંથી જ આવે.

કુણાલકુમાર એ દિશામાં હોય, એમાં સો ટકા જુદ્ધ ગુમાવવાપણું હતું.

પહેલાં તો એ યુદ્ધનીતિ હવે ધારે જ નહિ. ધારે તો શાંતિની વાતને જ અગ્રપદ આપે. પરિણામ એ થાય કે વારંવાર અહીંના બળનું માપ કાઢવા યોન, ગાંધાર, યવન – બધા આવતા જ રહે. અત્યારે જ ગ્રીકો તો આવતા હતા, ભાગતા હતા, વળી આવતા હતા. કાશ્મીરમાં એ એક પ્રકારનો યુદ્ધવ્યૂહ જ બન્યો હતો. જાલૌકને મહત્ત્વનો 'કુમાર ઉપરાજ' જેવો મહાન અધિકાર ત્યાં મળે તો એને આંહીંનું પ્રલોભન ન કહે.

રાધાગુપ્તે જાલૌકને આ બધી વાત કહી હતી, એનો વિશ્વાસ પણ મેળવ્યો હતો.

'જાલૌકકુમાર !' એણે એને સમજાવતાં કહ્યું હતું, 'મગધનું સાર્વભૌમત્વ ટકશે, તો આખું ભારતવર્ષ ટકશે. તમે તમારી દિશા જાળવીને મગધને મદદ કરો. તમારી દટાઈ ગયેલી વાતને જે મહત્ત્વ મેં આપ્યું હતું ને આપી રહ્યો છું તે તમારા વિશ્વાસે. તમે ત્યાં તક્ષશિલામાં રહો. કુમાર ઉપરાજ જેવા હો તો મગધની સ્થિરતા થઈ જાય.'

જાલૌકે અત્યારે એ વાત સ્વીકારી લીધી હતી.

રાધાગુપ્તે અત્યારે તક લઈ લીધી.

'મહારાજ ! વર્ષો પહેલાંની એક વાત મારી પાસે છે.' તેણે બે હાથ જોડીને મહારાજને કહ્યું : 'આજ મારે એ મહારાજને આપી દેવાની છે.....' તેણે પોતાની પાસેની રત્નમુદ્રિકા મહારાજની સામે મૂકી.

મહારાજ અશોક એ મુદ્રિકાને જોઈ જ રહ્યા. એમને કાંઈક યાદ આવતું લાગ્યું. તેઓ આશ્ચર્યથી બોલી ઊઠ્યા :

'અરે ! રાધાગુપ્ત ! આ તારી પાસે ક્યાંથી ? 'આ તો પદ્મિ... ની...'

હા, મહારાજ! એની આ મુદ્રિકા છે.

મહારાજ! એ મુદ્રિકાંકિત જાલૌકકુમાર તે આ. કાશ્મીરના પ્રદેશપતિ. મહારાજ એમને તક્ષશિલામાં કુમાર ઉપરાજનો અભિનવ અધિકાર આપે તો એ દિશા સચવાઈ રહેશે, પ્રભુ! ને કોઈ દિવસ મગધરાજમાં પણ કલેશ ને ઘર્ષણ નહિ થાય....

'પણ, રાધાગુપ્ત! એ તો યુદ્ધનીતિને અપનાવશે. અને આપણે હવે યુદ્ધ જોઈતું નથી. કલિંગનું યુદ્ધ એ વિશ્વનું છેલ્લું યુદ્ધ હતું....'

'ને એ છેલ્લું જ હશે, દેવ! જાલૌકકુમાર ત્યાં હશે તો યુદ્ધનીતિને વરેલા પણ હજાર વખત વિચાર કરશે. એમની સજ્જતા એ પ્રકારની રહે એ સૌના હિતમાં છે. શાંતિ પ્રજાભ્યુદય માટે છે, મહારાજ! ઘેટાંની પેઠે પ્રજા હોમાતી રહે ને જેઓ કોઈ રીતે શાંતિમાં માનતા નથી, તેમની પાસે શાંતિની વાત થતી રહે એ તો મહાન અશાંતિ છે, દેવ! હું ત્યારે તો એમાં રાજ્યક્રાંતિ જોઈ રહ્યો છું, પ્રભુ! માટે પ્રદેશપતિ જાલૌકને ત્યાં સજ્જ રહેવા પૂરતું સ્વાતંત્ર્ય હો!'

મહારાજ અશોકે તરત જાલૌકકુમારને કુમાર ઉપરાજનો અભિનવ અધિકાર આપ્યો. એ તક્ષશિલામાં કુમાર ઉપરાજ થતો હતો. મહારાજ અશોકનું છેલ્લું કામ પતી ગયું.

તેઓ ઊભા થયા. તેમણે મહાલયને પ્રણામ કર્યા. પોતાનો ધર્મવિજય જ આંહીં સર્વોપરી રહેવાનો છે એની સંતોષઝલક એમની આંખમાં હતી. તેમણે ચારે તરફ એક દૃષ્ટિ કરી, પછી તેઓ બે હાથ જોડીને બધાને નમ્યા અને ધીમાં શાંત પગલે અશોકારામ તરફ ચાલ્યા.

મહારાજ મગધપતિ વિદાય લેતા હતા. સાધુ અશોક જીવનની છેલ્લી પળો અશોકારામને અર્પવા જઈ રહ્યા હતા.

તેમણે દૂરદૂર જઈ ને, એક વખત પાછા ફરીને, મહાલય તરફ દૃષ્ટિ કરી.

અને પછી તેઓ ધીમાં શાંત પગલે પાટલિપુત્રનગરીની બહાર નીકળી ગયા.

રાજમહાલયમાં મૌનભરી ગંભીર છવાઈ ગઈ.

૩૭

શતકોટિનું અર્ધ આમલક

મહારાજ અશોકનો ઘણો સમય હવે અશોકારામમાં જ વ્યતીત થઈ રહ્યો હતો. એઓ રાજા હતા, સત્તાધીશ પણ ગણાતા, એમને મગધપતિ તરીકે જ પ્રજા હજી જાણતી, પણ એઓ પોતે મનથી હવે એકાકી થઈ ગયા હતા. એ કાંઈ ન હતા. હતા તો કેવળ સાધુ, પણ એમના મનમાં એક ઊંડું શલ્ય હજી પણ રહી ગયું હતું.

રાધાગુપ્ત એ જાણતો હતો. કુણાલકુમારથી પણ એ અજ્ઞાત ન હતું. પણ એ શલ્ય દૂર કરવાનું હવે કોઈ રીતે જ શક્ય ન હતું. ચંદ્રગુપ્તસભા એક કાર્ષાપણ સંઘના નામે આપે એ વાતમાં કાંઈ માલ ન હતો. જ્યાં સુધી ચંદ્રગુપ્તસભા હતી, ત્યાં સુધી એ ન બને તેવું હતું. ને રાધાગુપ્ત હતો ત્યાં સુધી ચંદ્રગુપ્તસભાની પ્રણાલિકા અચળ હતી. એક એવી છાની હવા પણ ફેલાતી રાધાગુપ્તે જોઈ કે મહારાજની આ રાજનીતિ ઘણે અંશે પ્રદેશપતિઓની મહત્ત્વાકાંક્ષા જગાડી ગઈ છે. એનું પરિણામ જતે દિવસે સારું નથી. લોકમનમાં પણ એ ભય જાગ્યો હતો. તક્ષશિલામાં કુમાર ઉપરાજ જાલૌક આવ્યો તેથી ઘણાએ છુટકારાનો દમ ખેંચ્યો. પણ રાધાગુપ્ત મૌર્ય મહારાજ્યની ભવ્યતા ટકે એ માટે હજી પણ હરકોઈ ઉપાય શોધવા મથી રહ્યો હતો. એક સહસ્ર યોજનનું ભવ્ય મહારાજ્ય પ્રજા ખોઈ બેસે એ જેવીતેવી કરુણતા ન હતી. પણ એને એના પોતાના માટે હવે લાગવા મંડ્યું હતું – દિલમાં ભણકારા ઊઠતા હતા – કે એ પોતે હવે અતિ ખેંચી રહ્યો છે! કુણાલકુમાર, દશરથકુમાર, સંપ્રતિકુમાર એ બધાની મનોદશા જાણ્યા પછી ખરી રીતે એણે હવે ભગવાન કૌટિલ્યની જેમ જ ઉત્તરાપંથનો હિમાચળમાર્ગ લેવો જોઈતો હતો. એ કુમારો ધર્મવિજયયાત્રા સિવાય બીજો કોઈ જ પંથ લે એ શક્ય ન હતું. પોતાને માટે હિમાચળ હતો. હિમાચળ એ ભારતવર્ષનો એક, અખંડ, અનુપમ, અચળ, અમર સંસ્કારસ્રોત છે. જ્યાં સુધી ભારતવર્ષ હિમાચળને સેવશે, ત્યાં સુધી એને વૃદ્ધત્વ નહિ સ્પર્શે, નિરાશા નહિ સ્પર્શે. એ યુગેયુગે અભિનવ રૂપ

લેશે. રાધાગુપ્તના હૃદયની આ ઊંડી શ્રદ્ધા હતી. કુમાર ઉપરાજ તરીકે જાલૌક તક્ષશિલામાં આવી ગયો હતો. એ હંમેશાં સજાગ સજ્જ હતો. મગધપતિનો એ સહાયક પ્રદેશપતિ હતો. એની વાત મહારાજ પાસે જ પ્રગટ થઈ ગઈ હતી. ભવિષ્યનું ઘર્ષણ એ રીતે અત્યારે તો ટળ્યું હતું ને એ દિશા તો સલામત હતી.

પોતાનું એ છેલ્લું જ કામ હતું એમ એને લાગવા માંડ્યું. એ કામ થઈ ગયું. વિદાયને હવે લટકાવી રાખવી એ અતિ આશા હતી.

પણ એ તો આજન્મ આશાવાદી હતો. મગધનું સાર્વભૌમત્વ ટકે તો જ ભારતવર્ષ ટકે. અને તો જ મહારાજ અશોકનો વિશ્વશાંતિનો અભિનવ પંથ પણ ટકે. એ વિના તો વહેલેમોડે રાજ્યક્રાન્તિ અનિવાર્ય દેખાતી હતી. એ પાટલિપુત્રમાંથી ન જન્મે, તો બહારથી આવે. લોકમાનસ પણ ભયભીત દિલે દિશાઓમાં દૃષ્ટિ કરતાં શીખ્યું હતું.

ભવિષ્યમાં આવી રાજ્યક્રાંતિની કોઈ પળ આવે, તો સેનાપતિ હિમવંત એક જ એવી વ્યક્તિ હવે પાટલિપુત્રમાં ગણાય કે જે એ પળ સાચવી લે, તો મગધ ગૌરવભેર કદાચ ઊભું રહે.

કઈ દિશામાંથી રાજ્યક્રાંતિ આવશે તે જાણવું મુશ્કેલ હતું. આવશે એ નિશ્ચિત હતું. ટૂંક સમયમાં આવશે એ પણ નિશ્ચિત બનતું હતું, કારણ કે મગધપતિઓની જે પરંપરા અત્યારે આંહીં રાધાગુપ્ત સમક્ષ હતી – એમના સમયમાં જ એ આવી જાય એમ એને નિશ્ચિત લાગતું હતું.

એટલે સેનાપતિ હિમવંતને એણે એક દિવસ બોલાવ્યો. એ પોતે હવે વિદાય લે એમાં જ ગૌરવ હતું. એના દિવસો પૂરા થયા.

હિમવંત તો રાધાગુપ્તને જોઈ ને આશ્ચર્ય જ પામી ગયો. એણે વિદાય-વેળાની તમામ તૈયારી કરી હતી. ત્યાં એક કમંડળ પડ્યું હતું. ભગવાં વસ્ત્રો હતાં. માળાઓ હતી. અલ્પ આવશ્યક સાધનોનું એક પોટલું પણ દેખાતું હતું. ગમે તે પળે તે હિમાચળની દિશામાં ચાલ્યો જવા માટે તૈયાર હતો.

પોતે પણ અર્ધ-સંન્યસ્ત અવસ્થામાં જ ત્યાં બેઠો હતો. એક સાદી ઘાસની ચટાઈ ત્યાં પડી હતી. હિમવંત આશ્ચર્ય પામતો એના ઉપર બેઠો.

રાધાગુપ્ત તેને નિહાળી રહ્યો. એની દૃષ્ટિ સ્થિર, શાંત, ચિંતનભરી હતી. પોતાની વિશ્રમ્ભકથા માંડી હોય એવા ધીમા, શાંત, ઘેરા, ગંભીર, શોકભાર વહેતા અવાજે એ બોલ્યો:'હિમવંત! ભગવાન તથાગતે જ કહ્યું છે:પ્રિયમાં પ્રિય વસ્તુનો પણ વિયોગ અવશ્ય હોય છે. મને આ પાટલિપુત્ર નગરી સ્વર્ગથી અધિક પ્રિય હતી અને છે. પણ હું હવે એક સપ્તાહમાં આંહીંથી વિદાય લઉં છું. મેં તને બોલાવ્યો છે જ એટલા માટે, થોડી દિલની વાત કહેવા. મને થયું કે અત્યારે જે પરંપરા મગધપતિઓની આંહીં છે, આપણી સમક્ષ છે, મેં એમને

રમાડ્યા છે. એ બધા જ મારા તો બાળક છે. એ મારી વાત હવે માને તેમ લાગતું નથી. રાજવંશી બીજું કોઈ આંહીં છે નહિ. તમામ ભિખ્ખુપંથે વળી ગયા છે. આ બાળકોનો દ્રોહ કરવા કરતાં તો હું જલસમાધિ લઉં. એમને વાળવા શક્ય નથી. એમને ન વાળવા ને આંહીં રહેવું એનો અર્થ મગધનાં ખંડેર જોવાં, એટલો જ થાય છે. એમ ન પણ બને. પણ એ જે બને તે – હું તો હવે વિદાય લઉં છું. મારા દિવસો પૂરા થયા છે. પણ તું આંહીં રહે છે. તારે આ બધું સંભાળવાનું છે એ તને કહેવા માટે મેં બોલાવ્યો હતો. હિમવંત! તું બ્રાહ્મણ છે. બ્રાહ્મણ સેનાપતિ મગધમાં આજે પ્રથમ વાર તું છે. એટલે તું મગધનું મહાન ગૌરવ થઈ જા એવી પ્રણાલિકા સ્થાપવાનું મારે તને કહેવાનું હતું. તું એવી પરંપરા સ્થાપજે. અડગ ખડક સમો આ શિશુઓની આડે તું ઊભો રહેજે.

પણ એ બધું તો તું કરશે જ. પણ હું દૂરદૂર ક્ષિતિજમાં જે નિહાળી રહ્યો છું તે તું પણ નિહાળતો રહે એ મારે તને કહેવાનું છે. કાં આંધ્ર, કાં કલિંગ, કાં સૌરાષ્ટ્ર – નહિતર છેવટે કાશ્મીર – મગધને ગળી જશે. તમારા બધા શાંતિ સંદેશા છતાં એ ચિહ્ન હું જોઈ રહ્યો છું. એ વખતે દેશપતિ જાય તો ભલે એ જાય, વંશપલટો થઈ જાય તો ભલે થઈ જાય, પણ દેશ રહે એ તું જોજે. મારે તને ખાસ આ કહેવાનું હતું. દેશની ભવ્યતા ખંડિત ન થાય એવું કાંઈક કરજે. આજે હવા જુદી છે. સૈન્ય સરજવું શક્ય નથી. દોરવું પણ શક્ય નથી. યુદ્ધ તો શક્ય જ નથી. પણ એના પ્રત્યાઘાતરૂપે જ આ દેશ ઉપર એક વખત મહાન આક્રમણ ચોક્કસ આવશે જ આવશે એ હું જોઈ રહ્યો છું. શાંતિસંદેશો ન સમજનારો કોઈક તો હશે જ. તું તે વખતે આ દેશને પડવા ન દેતો. તું સજ્જ રહેજે. સૈન્ય વ્યવસ્થા કરજે. લોક માનસને જુદો પંથ બતાવજે, પણ દેશને ટકાવજે. દેશ જો ટકશે તો એક સહસ્ર યોજનનું ભવ્ય ભારતવર્ષનું સ્વપ્ન તો બીજો કોઈ ને કોઈ શક્તિમંત પાછું સજીવન રાખશે. પણ દેશ છિન્નભિન્ન થવો ન જોઈએ, વિભક્ત ન થવો જોઈએ. રાજા ગમે તે હોય, એની પરવા નહિ. દેશને ટકાવવા તું પણ રાજા થઈ શકે. એ અનિવાર્ય હોય તો એ પણ કરજે, પણ ભવ્યતાને ખંડિત ન કરતો. એકતાને જવા ન દેતો. એ ખંડિત થઈ, પછી એ નહિ સરજાય. જો દેશ ટકશે, તો બધું જ ટકશે. એક બીજી વાત પણ છે.

તું હો ન હો, આ આપણું સ્વપ્ન તારા પછીના સેનાપતિને તું આપતો જાય. એ એના પછીનાને આપે. પરંપરા સર્જે છે અચળ શક્તિ. કોને ખબર છે, તારા વંશમાં જ કોઈ એવો આવે, જે દેશને કાયાપલટના પંથે લઈને, આક્રમણમાંથી બચાવી લે. એટલે પરંપરા આપતો જજે.

કારણ કે છેવટે સિદ્ધાંતો તો રહે છે, જો પ્રજામાં જીવન ટકે છે તો.

છિન્નભિન્ન પ્રજાને સિદ્ધાંતો શું? એને માટે તો એ સિદ્ધાંતો જ વિતંડાવાદ લાવે, દંભ જન્માવે, સર્વનાશ કરે. સિદ્ધાંતો વડે પ્રજા જીવતી નથી. પ્રજા વડે જ્યારે સિદ્ધાંતો જીવે છે, ત્યારે એ ખરું જીવન હોય છે. ઘણી વખત સિદ્ધાંતોની ગોખણપટ્ટી એ તકવાદીઓની એક ભયંકર રાજનીતિ જ હોય છે. મહારાજ અશોકે કેટલા બધા ગોખણિયા કાષાયધારીઓને સંઘમાંથી દૂર કર્યા! જે ત્યાં થયું તે આંહીં રાજનીતિમાં થશે, શાંતિસ્થાપનામાં થશે, શાંતિના સંદેશામાં હશે. માટે તું વ્યવહારુ રાજનીતિના પંથે હંમેશાં સજ્જ રહેજે ને દેશને બચાવજે... આ ભવ્ય દેશનો વારસો જો છિન્નભિન્ન થઈ ગયો તો થઈ રહ્યું. એક હજાર વરસે પણ એ પછી પાછો નહિ ફરે.'

રાધાગુપ્તનો અવાજ ધીમો થઈ ગયો. એમાં આર્દ્રતા આવી ગઈ: 'આંહીંથી હું આજે જ મહારાજ અશોકની વિદાય લેવા જઉં છું.' તે ધીમેથી બોલ્યો:'પછી ચંદ્રગુપ્તસભાની વિદાય. પછી નગરીની વિદાય. અખંડ સાર્વભૌમ ભારતવર્ષનો વિજય હો! હિમવંત! આ વાત તું હમણાં તારા દિલમાં રાખજે. હજી બહાર પાડવાની નથી.'

હિમવંત તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયો હતો. પોતાની જવાબદારીનું ભાન આવતાં તે ગદ્‌ગદ થઈ ગયો:'પણ, પ્રભુ!...'

'બધી વાત મેં વિચારી લીધી છે, હિમવંત! તારે કહેવું છે ના કે મારે ન જવું? પણ, હિમવંત! સમયે ન જનારા પછી પસ્તાય છે.'

રાધાગુપ્ત ઊભો થઈ ગયો. તેણે હિમવંતના ખભા ઉપર વહાલભર્યો હાથ મૂક્યો, 'બ્રાહ્મણશ્રેષ્ઠ! હું દેશમાં અભિનવ પ્રકાશ આવતો જોઈ રહ્યો છું. એમાં તું તારું કર્તવ્ય બજાવ. તું જુવાન છે, હું વૃદ્ધ છું.'

રાધાગુપ્તે હિમવંતને વિદાય આપી. તે ભારે હૈયે ત્યાંથી ગયો.

રાધાગુપ્ત તરત જ મહારાજ અશોકને અશોકારામમાં મળવા ચાલ્યો.

ત્યાં એ પહોંચ્યો તો ત્યાંનું દૃશ્ય જોઈને એ પોતે પણ આભો થઈ ગયો. મહારાજ અશોક શય્યામાં હતા, અસ્વસ્થ જણાતા હતા. તેમની મુખમુદ્રામાં ખિન્નતા હતી. તેમની સામે દસપંદર કાષાયધારી સાધુઓ ઊભા હતા. તેઓ જાણે ક્યાંક જવા માટેની વિદાય લેવા સારુ આવ્યા હતા. એ મહારાજના ધર્મમહામાત્રો જેવા હતા. વિશ્વશાંતિનું અભિનવ દર્શન તેમની મુખમુદ્રામાંથી આવી રહ્યું હતું. એક નિર્મળ પ્રેમ સંદેશો તેમની આંખમાં બેઠો હતો. એ બધા દૂરદૂર – ગમે તેટલે દૂર – હિમવંતની પાર, સમુદ્રની પાર, રણની પાર ગમે ત્યાં, માનવજાતને આ સંદેશો આપવા માટે જન્મમરણ ખેલતા વીર યોદ્ધાની અદાથી ત્યાં ઊભા હતા. એ તેજ ત્યાં હતું. એ ત્યાગ ત્યાં હતો. ત્યાં આસપાસની હવામાં રાધાગુપ્તે એક અનોખી શાંતિ અનુભવી. તેણે ત્યાં દૃષ્ટિ કરી. કેવા-કેવા મહારથીઓ ત્યાં હતા!

સાધુરક્ષિત, મહાધર્મરક્ષિત, માધ્યમિક, મહારક્ષિત, કાશ્યપ, અને બીજા અનેક. સંઘના શ્રેષ્ઠ પુરુષો ત્યાં હતા.

રાધાગુપ્ત આ દશ્ય જોઈ જ રહ્યો. એને આશ્ચર્ય થયું. દરેકના હાથમાં આમલક હતું. એનો અર્થ શો? આમલક તો નિષ્ફળતા દર્શાવે.

એટલામાં તો કાશમીરપંથે પળનારો માધ્યમિક બોલ્યો: 'મહારાજ! ખિન્નતા ને ગ્લાનિ મહારાજના અંતરમાં હવે ન હો! દરેક શરૂઆતને અંત હોય છે. હરેક સમૃદ્ધિને તળિયું હોય છે. મહારાજે આજે જે ખિન્નતાથી સાધુસંઘને શતકોટિ કાર્ષાપણને બદલે "આ અરધું આમલક મોકલું છું," એમ કહીને અરધું આમલક મોકલ્યું, એ આમલકે તો સહસ્રકોટિ કાર્ષાપણને પણ ઝાંખા પાડી દીધા છે. અમને એ નિષ્ફળતાસૂચક લાગ્યું જ નહિ. અમને એણે જ ધર્મમંગલનો પંથ બતાવ્યો. સાધુ ઉપગુપ્તે કહ્યું છે, ચલતા સાધુને આખી પૃથ્વી સત્કારવા તૈયાર છે. મહારાજનો સંદેશો હિમવંત પાર, સમુદ્રપાર લઈ ચાલો. આમલકને જ સત્કારો. સ્વીકારો. આજે અમે સૌ મહારાજનો શાંતિસંદેશ આપવા ઊપડીએ છીએ. એ આમલકનો અંશાંશ અમને સુવર્ણમેરુ તુલ્ય લાગ્યો છે, મહારાજ! ખિન્નતા ક્યાં ય ન હો! ગ્લાનિ ક્યાંય ન હો! મહારાજનું વચન પરિપૂર્ણ થયું છે. આજે એમનો સંદેશો છસો-છસો જોજન દૂર લઈ જવા માટે અમે ઊભા છીએ. મહારાજના વિશ્વશાંતિધર્મને વિજય હો!

મહોદસ્યાપિ જિન્નસ કડ્ઢનં,
વિહાય પત્તં અમતિં સુખમ્પિ તે,
કરિંસુ લોકસ્ય હિતં તહિં તહિં,
ભવેય્ય કો લોકહિતે પમાદવા.

લોકકલ્યાણને માટે વ્યક્તિગત તમામ સુખસાધનોના ત્યાગની જે મહાન ભાવના ભગવાન તથાગતે કથી હતી, તે મહા ભાવનાનો 'ધમ્મમંગલ' દશે દિશામાં લઈ જવા માટેની, સાધુઓની ધર્મઘોષણાના પડછંદા ચારે તરફથી ઊઠ્યા. સાધુઓનો શાંત સ્વર શમ્યો-ન-શમ્યો, ત્યાં ચારે તરફથી મહાન સાધુ સમુદાયે ઘોષ કર્યો :

'ભગવાન તથાગતનો વિજય હો!'

'વિશ્વશાંતિ વિધાયક મહારાજ પ્રિયદર્શી અશોકનો વિજય હો!'

'સંઘપતિ સાધુ અશોકનો મહાવિજય હો!'

'नस्ति हि क्रनतर सत्र लोकहितेन ।'

● ● ●

[અનુસંધાન માટે વાંચો 'સેનાપતિ પુષ્યમિત્ર']

Dhūmaketu, 1892-1965
Priyadarśī
samrāta Aśoka : (

02/09/18

Somerville Public Library
...rary35 W. End Ave.
Somerville, NJ 08876
...76 908-725-1336

CoLibrì
COVER SYSTEM ®
Made in Italy
03-16 MIN12
8 032919 992956
www.colibrisystem.com

નવલકથાઓ
ગુજરાતીપણાનું
ગૌરવ

એવી કોઈ ગુજરાતી વ્યક્તિ જવલ્લે જ મળશે, જેને 'ધૂમકેતુ'ના નામ અને કામની જાણ ન હોય. 'ધૂમકેતુ' એ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (૧૮૯૨ – ૧૯૬૫)નું ઉપનામ છે. ધૂમકેતુ (Comet) તો આવે ને જાય, આ ધૂમકેતુ ગુજરાતી સાહિત્યના આકાશમાં કદી ન આથમનાર સૂર્યની જેમ ઝળહળે છે.

કલાત્મક આધુનિક નવલિકાના વીસમી સદીના સર્વોત્તમ અને સૌથી મોટા સર્જક તરીકે તો એમની નિરપવાદ પ્રતિષ્ઠા છે જ; ચૌલુક્યયુગ નવલકથાવલિની ૧૬ તથા ગુપ્તયુગ નવલકથાવલિની ૧૩ અને સમકાલીન સમાજનિરૂપણની ૭ નવલકથાઓ, એમ ૩૬ નવલકથાગ્રંથો વડે પણ એ અમર છે, એકએક યુગની આટઆટલી નવલકથાઓ અન્ય કોઈ લેખકે સર્જી નથી. એ માટે એમણે કેટલું બહોળું વાચન-સંશોધન કર્યું હશે એ કલ્પના કરતાં જ મસ્તક સન્માનમાં ઝૂકી જાય છે.

ચૌલુક્યયુગની અને ગુપ્તયુગની આ નવલકથાવલિઓમાં જે-તે યુગ, એનાં પ્રતિભાવંત નર-નારી પાત્રો, એમની દિલેરી – કુરબાની – શૌર્ય, એ સમયની સંસ્કૃતિ જીવંત બનીને આપણી સમક્ષ આવે છે. સૌથી વિશેષ તો એ યુગોનાં નારીરત્નો – આમ્રપાલી, કુમારદેવી, ધ્રુવદેવી, ચૌલાદેવી, વાચિનીદેવી, મીનળદેવી – નો પરિચય વાચકને ગુજરાતના અપ્રતિમ ગૌરવની પ્રતીતિ કરાવે છે. જે વાચકો ધૂમકેતુનું સાહિત્ય વાંચશે તેમને મહાન બનવાનું સ્વપ્ન લાધશે.

9 789351 622895
₹ 250